
ભારત
ના
વફાદારો
અને ગદ્દારોનો
ઈતિહાસ
લેખક : અલ્લામા હમદાની પોરબંદર

# ભારત ના વફાદારો અને ગદ્દારો નો ઇતિહાસ

-: લેખક :-

ખલીફ-એ-મુફ્તી આઝમે હિન્દ, મુનાઝિરે અહલે સુન્નત,

અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાની "મસ્રૂફ" (બરકાતી - નૂરી)

-: પ્રકાશક :-

મરકઝે અહલે સુન્નત બરકાતે રઝા

ઇમામ અહમદ રઝા રોડ, મેમણવાડ.

પોરબંદર - ૩૬૦૫૭૫ (ગુજરાત)

Web :- www.markazahlesunnat.in - Email :- hamdani78692@gmail.com



www.markazahlesunnat.in





સર્વે હક પ્રકાશક ને આધિન.

કિતાબ નું નામ : "ભારત ના વફાદારો અને ગદ્દારો નો ઇતિહાસ."

લેખક : ખલીફ-એ-મુફ્તી આઝમે હિન્દ, મુનાઝિરે અહલે સુન્નત, અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાની "મસ્રૂફ" (બરકાતી - નૂરી)

કમ્પોઝિંગ : હાફિઝ ઇમરાન હબીબી (મરકઝ - પોરબંદર)

પ્રુફ રિડીંગ : હાજી શબ્બીર અબ્દુસ્સત્તાર હમદાની.

આવૃતિ : પહેલી

પ્રત : ૧૧૦૦

પ્રકાશન વર્ષ : માર્ચ - ૨૦૧૯

-: પ્રાપ્તિ સ્થાન :-

(૧) દારૂલઉલૂમ ગૌષે આઝમ - ઇમામ અહમદ રઝા રોડ-પોરબંદર

(૨) દારૂલ મુસ્તફા, S.V.P. રોડ, મનોજ સ્વીટ ની સામે - પોરબંદર

(૩) મક્તબ-એ-રઝા, હઝરત ખ્વાજાદાના દરગાહ ની પાસે-સૂરત

(૪) કલીમ બુક ડીપો, અલીફ ની મસ્જિદ ની પાસે-અહમદઆબાદ

(૫) મોહસીન વ્હોરા, ઝકરિયા મસ્જિદ પાસે, પોલસન ડેરી રોડ - આણંદ

# અનુક્રમિકા


| નં. | શિર્ષક | પેઇજ નં. |
|---|---|---|
| ૧ | અનુક્રમિકા | 3 |
| ૨ | આધારભૂત કિતાબોના હવાલા. | 8 |
| 3 | અભિપ્રાય - જનાબ સુમનસિંહ ગોહિલ સાહેબ. | 14 |
| ૪ | પ્રસ્તાવના. | 9 |
| ૫ | ભારત ના વફાદારો અને ગદ્દારો નો ઇતિહાસ. | 17 |
| ૬ | ભારત ઉપર થએલા વિદેશી આક્રમણો. | 19 |
| ૭ | ઇસ્લામ નો ઉદય અને વિજયો ની આગેકૂચ. | 20 |
| ૮ | ભારત માં પ્રથમ મુસ્લિમ તરીસેના. | 22 |
| ૯ | ભારત ઉપર પ્રથમ મુસ્લિમ આક્રમણ. | 23 |
| ૧૦ | ભારતીયો અને આરબો ના સબંધો. | 25 |
| ૧૧ | મલબાર ના રાજા નો ઇસ્લામ સ્વીકાર અને ઇસ્લામ નો ફેલાવો. | 26 |
| ૧૨ | પ્રજાનો સ્વભાવિક અને સ્વેચ્છાએ ઇસ્લામ નો સ્વીકાર. | 28 |
| ૧૩ | ભારત માં મુસ્લિમ શાસન ની સ્થાપના. | 31 |
| ૧૪ | સુલ્તાન મહેમૂદ ગઝનવી. | 32 |
| ૧૫ | શહાબુદ્દીન ઘોરીના આક્રમણો. | 33 |
| ૧૬ | ભારત માં છસ્સો પચાસ(૬૫૦) વર્ષ ના ઇસ્લામી શાસન ની સંક્ષિપ્ત વિગત. | 34 |
| ૧૭ | પરંપરાગત મુસ્લિમ શાસન નું કોષ્ટક. | 35 |
| ૧૮ | ભારતની આર્થિક સધ્ધરતા અને ઇંગ્લાંડ ની આર્થિક કંગાળતા. | 36 |
| ૧૯ | ભારતમાં વેપાર કરવાની અંગ્રેજોની તાલાવેલી. | 39 |
| ૨૦ | અંગ્રેજો દ્વારા લૂંટફાટ અને ભારત નો માર્ગ જડ્યો. | 40 |




www.markazahlesunnat.in




| | | |
|---|---|---|
| ૨૧ | ભારત માં પહેલો અંગ્રેજ. | 41 |
| ૨૨ | વેપાર ક્ષેત્રે ભારતની પ્રગતિ અને ઇંગ્લાંડ ની કંગાળતા. | 42 |
| ૨૩ | ભારતના અને ઇંગલેન્ડ ના વેપારીઓમાં તફાવત. | 44 |
| ૨૪ | ભારત ના શોષણ નું અંગ્રેજો દ્વારા આરંભ. | 45 |
| ૨૫ | ભારતના વેપાર-ધંધાને ભાંગી નાંખવાનું અંગ્રેજોનું ષડયંત્ર. | 47 |
| ૨૬ | ભારત ની પ્રજાનું અંગ્રેજ સૈન્ય - ખતરનાક પ્રપંચ. | 50 |
| ૨૭ | લોઢું લોઢાને કાપે ની ભ્રષ્ટ અંગ્રેજ નિતી. | 53 |
| ૨૮ | મોગલ સામ્રાજ્ય ની પડતી અને રજવાડાઓની આંતરિક લડાઈઓ. | 57 |
| ૨૯ | ઓરંગઝેબ ના અવસાન પછી મોગલ શાસન ની પકડ ઢીલી પડી. | 59 |
| ૩૦ | અંગ્રેજો ની કપટલીલા અને દેશ માં અંધાધૂંધી નું વાતાવરણ. | 62 |
| ૩૧ | મોગલ શાસન ની કુલ મુદ્દત ની વિગત નું કોષ્ટક. | 63 |
| ૩૨ | દેશી રજવાડાઓ ની એકતા નું નિકંદન અને અંગ્રેજી શાસન નું વિસ્તરણ. | 66 |
| ૩૩ | બંગાળ પ્રાંત નો કબ્જો. | 66 |
| ૩૪ | પ્લાસી નું યુધ્ધ. | 68 |
| ૩૫ | પ્લાસી ના યુધ્ધ નો ટુંકસાર. | 70 |
| ૩૬ | નવાબ સિરાજુદ્દોલા ની હત્યા - મીરજાફર સત્તારૂઢ. | 73 |
| ૩૭ | નવાબ ના મહેલ અને મુર્શિદાબાદ માં અંગ્રેજો દ્વારા લૂંટફાટ. | 74 |
| ૩૮ | લૂંટેલી સંપત્તિ અંગ્રેજો એ લંડન મોકલી આપી. | 74 |
| ૩૯ | લૂટેલી સંપતિ નો આંકડો ત્રણ અબજ, ચોર્યાસી કરોડ થી વધુ. | 78 |
| ૪૦ | સમગ્ર ભારત માં અંગ્રેજ શાસન નો ફેલાવો અને આતંક. | 82 |
| ૪૧ | રોહિલ ખંડ નો કિલ્લો. | 82 |
| ૪૨ | બનારસ શહેર નો કબ્જો. | 82 |

| | | |
|---|---|---|
| ૪૩ | ગોરખપૂર અને બહેરાઇચ. | 83 |
| ૪૪ | મરાઠા રાજ્યની સંક્ષિપ્ત જાણકારી. | 83 |
| ૪૫ | પાણીપતનું અંતિમ યુધ્ધ. | 84 |
| ૪૬ | વડોદરા, ભરૂચ, ચિખલી વગેરે ઉપર અંગ્રેજો નો કબ્જો. | 85 |
| ૪૭ | મૈસૂર, કર્ણાટક - હૈદરઅલી અને ટીપૂ સુલ્તાન. | 86 |
| ૪૮ | ટીપૂ સુલ્તાન ની હત્યા. | 87 |
| ૪૯ | ટીપુ સુલ્તાન ના મહેલમાં થી બાર કરોડ ની લૂંટ. | 88 |
| ૫૦ | શિયાળ ની સો(૧૦૦) વર્ષની ઝિંદગી અને સિંહ નો એક દિવસ. | 90 |
| ૫૧ | ટીપૂ સુલ્તાન પછી અંગ્રેજો બેફામ બની ગયા. | 91 |
| ૫૨ | અયોધ્યા અને ફર્રૂખાબાદ. | 91 |
| ૫૩ | દક્ષિણ ભારત નું તાંજોર રાજ્ય. | 92 |
| ૫૪ | સૂરત(ગુજરાત) ના કિલ્લા નો કબ્જો. | 93 |
| ૫૫ | મરાઠા સામ્રાજ્ય ની રાજધાની પૂના. | 93 |
| ૫૬ | યુ.પી. તથા અન્ય પ્રાંતો ઉપર અંગ્રેજ નો કબ્જો. | 96 |
| ૫૭ | કોએલ, અલીગઢ, આગ્રા તથા અન્ય શહેરો પર કબ્જો. | 97 |
| ૫૮ | ૬૦, વર્ષમાં પંદર હજાર અબજ રૂપિયા અંગ્રેજો લંડન લઈ ગયા. | 98 |
| ૫૯ | ભારત ને આર્થિક ક્ષેત્રે કંગાળ બનાવવાની અંગ્રેજો ની નિતી. | 101 |
| ૬૦ | ઇ.સ. ૧૮૧૩ નો ચાર્ટર એક્ટ - રેશમ ઉદ્યોગ. | 102 |
| ૬૧ | ભારતના રેશમ ઉધોગ નો વિનાશ. | 102 |
| ૬૨ | કાપડ ઉધોગ ના કારીગરો ઉપર અત્યાચારો. | 102 |
| ૬૩ | ભારતીય ઉધોગો ના વિનાશ ની પોલીસી. | 103 |
| ૬૪ | ભારતીય બનાવટ ની વસ્તુઓનું ઇંગ્લેન્ડ માં બહિષ્કાર. | 104 |
| ૬૫ | ભારતીય વસ્તુઓ ઉપર ત્રણ હજાર ટકા જકાત. | 104 |
| ૬૬ | ભારતીય કેળવણી નો વિનાશ. | 105 |
| ૬૭ | શિક્ષણના બહાને ઈસાઈ ધર્મનો પ્રચાર. | 107 |




www.markazahlesunnat.in




| | | |
|---|---|---|
| ૬૮ | લશ્કર માં ઈસાઈ ધર્મ નો પ્રચાર. | 108 |
| ૬૯ | શરાબ તથા અન્ય બદી ભારતીય પ્રજામાં ફેલાવી. | 109 |
| ૭૦ | કચેરીઓમાં થી દેશી ભાષાના સ્થાને અંગ્રેજી ભાષા. | 110 |
| ૭૧ | જાગીરો જપ્ત કરીને સમૃદ્ધ કુટુંબોને નિરાધાર બનાવ્યા. | 111 |
| ૭૨ | પઢ કર દાસ્તાં મુલ્ક કી આપ ક્યૂં રોએ ? | 113 |
| ૭૩ | પાડોશી રાષ્ટ્રો ને ઓહિયાં કરી જવાની અંગ્રેજોની નિતી. | 115 |
| ૭૪ | અફઘાન યુદ્ધ સંક્ષિપ્ત માં. | 117 |
| ૭૫ | કાશ્મીરી પંડિત મોહનલાલ મુન્શી ની અંગ્રેજ ગુલામી. | 121 |
| ૭૬ | અંગ્રેજો ની પાશવી મનોવૃત્તિનું નગ્ન નૃત્યુ. | 122 |
| ૭૭ | અફઘાનીઓનો વળતો પ્રહાર અને અંગ્રેજ સેનાનું નિકંદન. | 123 |
| ૭૮ | શાહશુજા નું ખૂન. | 123 |
| ૭૯ | અંગ્રેજ રાજદૂત લોર્ડ બર્નસ ની હત્યા. | 124 |
| ૮૦ | અંગ્રેજ એલચી મેકનોટન નો કરૂણ અંજામ. | 124 |
| ૮૧ | સોળ હજાર ની અંગ્રેજ સેના માંથી ફક્ત એક જ બચ્યો અને અફઘાન થી ભારત પાછો આવ્યો. | 126 |
| ૮૨ | અંગ્રેજોનું અફઘાન ઉપર બીજું આક્રમણ. | 128 |
| ૮૩ | ક્ષમા યાચના. | 130 |
| ૮૪ | ઈ.સ. ૧૮૫૭ નો વિપ્લવ (બળવો). | 131 |
| ૮૫ | પ્લાસી યુધ્ધનો બદલો. | 132 |
| ૮૬ | બદલાની આગના લબકારા. | 133 |
| ૮૭ | ઈ.સ. ૧૮૫૭ પહેલાં પણ અંગ્રેજો વિરૂધ્ધ બે(૨) બળવા થએલા. | 136 |
| ૮૮ | પહેલો બળવો. | 136 |
| ૮૯ | બીજો બળવો. | 137 |
| ૯૦ | અયોધ્યાના નવાબ વાજીદઅલી શાહ નું રાજ્ય અયોધ્યા ખાલસા કર્યું. | 138 |

| | | |
|---|---|---|
| ૯૧ | લેપ્સ નીતિ ના બહાને રાજ્યો ખાલસા કરવા. | 138 |
| ૯૨ | સતારા અને નાગપૂર રાજ્યો ખાલસા કરી લૂંટયા. | 139 |
| ૯૩ | ઝાંસીનું રાજ્ય ખાલસા કર્યું. | 140 |
| ૯૪ | લેપ્સની નીતિ અનૂસાર ખાલસા કરેલા રાજ્યો. | 140 |
| ૯૫ | મુસ્લિમ રાજ્યો પચાવી પાડવાનું પ્રપંચ. | 141 |
| ૯૬ | અયોધ્યા નું રાજ્ય. | 142 |
| ૯૭ | ઈનામ-કમિશન દ્વારા એકવીસ હજાર જાગીરો ખાલસા. | 144 |
| ૯૮ | મોગલ સમ્રાટ ની સલ્તનતના વળતા પાણી. | 146 |
| ૯૯ | વિપ્લવનું કારણ ઈસાઈ ધર્મના પ્રચારની અત્યુક્તિ. | 147 |
| ૧૦૦ | પેશવા રાજા ધૂંધાપંત નાના સાહેબ નું “બિઠૂર” વિપ્લવની ચળવળ નું કેન્દ્ર. | 149 |
| ૧૦૧ | બિઠૂરમાં વિપ્લવની યોજના. | 150 |
| ૧૦૨ | વિપ્લવનું સાચું સ્વરૂપ. | 151 |
| ૧૦૩ | વિપ્લવ (બળવો) નું ગુપ્ત સંગઠન અને તૈયારી. | 152 |
| ૧૦૪ | વિપ્લવ માટે સોગંદ ઉપર બધા કટિબદ્ધ. | 154 |
| ૧૦૫ | વિપ્લવ ના કેન્દ્રો, ગુપ્તતા અને પ્રચાર. | 155 |
| ૧૦૬ | નાના સાહેબ અને અઝીમુલ્લાહખાં પ્રચાર પ્રવાસે. | 156 |
| ૧૦૭ | વિપ્લવનો પ્રચારક મોલ્વી અહમદ શાહ. | 157 |
| ૧૦૮ | વિદ્રોહનો વાવટો ફરકાવવાની નકીકી કરેલી તારીખ. | 157 |
| ૧૦૯ | બની-બનાવેલી બાજી બગડી ગઈ. | 160 |
| ૧૧૦ | વિપ્લવ વહેલો શરૂ થઈ જવાના મુખ્ય બે(૨) કારણો. | 160 |
| ૧૧૧ | વિપ્લવનો આરંભ - જવાળામુખી ફાટી નીકળ્યો. | 163 |
| ૧૧૨ | ભારતીય સુબેદાર ફાંસીને માચડે. | 164 |
| ૧૧૩ | મેરઠ ની લશ્કરી છાવણી ની ઘટના. | 165 |
| ૧૧૪ | ઇ.સ. ૧૮૫૭ નો બળવો. | 167 |
| ૧૧૫ | હવે પછીના બે(૨) સંયોજિત પુસ્તકો વિષે. | 168 |




www.markazahlesunnat.in

www.markazahlesunnat.in

**“આ કિતાબ લખવામાં નિમ્નલિખિત આધારભૂત કિતાબો ના હવાલાઓ રજૂ કર્યા છે.”**


| નં. | પુસ્તક નું નામ | ભાષા | લેખક/અનુવાદક |
|---|---|---|---|
| ૧ | ભારત માં અંગ્રેજી રાજ્ય (અનુવાદ) | ગુજરાતી | પંડિત સુંદરલાલ અલ્હાબાદી<br>અનુવાદકઃ- ભાસ્કરરાવ વિદ્વાંસ |
| ૨ | The Preaching of Islam | અંગ્રેજી | T.W. Arnold. |
| ૩ | Asian and Europe, London-1911 | અંગ્રેજી | T.M.Townsend. |
| ૪ | The Intellectual Development of Europe | અંગ્રેજી | Johan William Draper |
| ૫ | કિતાબ - ઇ.સ. ૧૮૫૭ | ઉર્દુ | મુહમ્મદ શફી મિયાં |
| ૬ | હિંદ નો ઇતિહાસ | ગુજરાતી | પોપટલાલ અંબાણી અને મોહનલાલ બારોટ |
| ૭ | Bengal Recorols - Vol. No. 3 | અંગ્રેજી | Jin Law. |
| ૮ | History of Indostan - Vol. No. 2 | અંગ્રેજી | Mr. Orme |
| ૯ | History of Afghan War - Vol. 1 | અંગ્રેજી | Mr. Kaye |
| ૧૦ | Kaye's Lives of indian Offices | અંગ્રેજી | Sir John K. |
| ૧૧ | Life of Dost Mohammad Khan | અંગ્રેજી | Pandit Mohanlal |
| ૧૨ | Empire in india | અંગ્રેજી | Mejor ivance Bele |
| ૧૩ | History of the sepoy war | અંગ્રેજી | Sir John Kaye. |
| ૧૪ | My Diary in india in the Year 1858-59 | અંગ્રેજી | Sir William |
| ૧૫ | બરતાનવી મઝાલિમ કી કહાની | ઉર્દુ | અબ્દુલ હકીમ ખાન “અખ્તર”શાહજહાંપૂરી |
| ૧૬ | S.Kanara, Madras District Manuals | અંગ્રેજી | Sturrock |

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

અસ્સલાતો-વસ્સલામો-અલયકા-યા-રસૂલલ્લાહ

સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ

# "પ્રસ્તાવના"

ઉર્દુ ભાષાના એક શાઇરે કહ્યું છે કે :-

યાદે માઝી અઝાબ હૈ યા રબ,
છીન લે મુઝ સે હાફેઝા મેરા.

ઉપરોક્ત શેઅર કવીએ ભૂતકાળમાં થયેલા કડવા અનુભવો, ભૂતકાળમાં ભોગવેલા અત્યાચારો, કુટુંબ, સમાજ, જ્ઞાતિ, શહેર, દેશ અને ધાર્મિક માન્યતાઓ બલ્કે ખુદ મઝહબ ઉપર થએલા ઝુલ્મો-સિતમ ની યાદો અને સ્મરણો થી વ્યાકુળ અને વ્યથિત થઈને શાઇરે ઉચ્ચારેલ હોય, તેવું બની શકે છે. પણ એ હકીકત સચોટ સ્વરૂપે પુરવાર થઇને રહેશે કે આ પુસ્તક નો દરેક વાંચક પુસ્તકનું વાંચન પૂર્ણ કર્યા બાદ ચોક્કસ આ શેઅર મોટા સ્વરે નહીં તો મનમાં દુ:ખી વદને જરૂર ગણગણશે. કેમકે:-

ઉપરોક્ત શેઅરમાં શાઇર બારગાહે ખુદાવંદી માં એ દુઆ કરે છે કે **એ મારા રબ !** ભૂતકાળની યાદો અને સ્મરણો એટલા વિશેષ પ્રમાણમાં દુ:ખ દાયક અને કષ્ટ સભર છે કે તે યાદો અને સ્મરણો થી એટલો બધો દુ:ખી અને વ્યથિત બની જાઉં છું કે તે પીડા સહન કરવાની મારામાં લેશમાત્ર શકતી નથી. વારંવારની આવી પીડાથી મને કાયમી ધોરણે મુક્તિ અને છુટકારો આપવા માટે મારી સ્મરણ શક્તિ છીનવી લે.

**ખ્વાજા નો હિન્દુસ્તાન** એટલે કે મહાન દેશ અખંડ ભારત નો ઇતિહાસ અનેક વિટંબણાઓ અને સમશ્યાઓથી ગૂંથાએલો છે. દરેક



www.markazahlesunnat.in



દેશનો એક ઇતિહાસ છે. ભૂતકાળ છે, ભૂતકાળની ખાટી-મીઠી તથા કડવી-ખારી યાદો છે. શાસકોના ઝુલ્મોની દાસ્તાનો છે. હિંસા, અત્યાચાર તથા અનેક પ્રકારના ઝુલ્મો-સિતમ ની ઘટનાઓની હારમાળાઓ છે. જેને દરેક દેશની પ્રજા યાદ કરે છે અને વિવિધ લાગણીઓથી વાગોળે છે.

વિશ્વના દેશોમાં એવી અનેક ઘટનાઓ બની છે કે કોઈ દેશનો શાસક પોતાની જ પ્રજા ઉપર અત્યાચાર આચરે અથવા પોતાના દેશમાં બહારથી આવીને વસેલા અને સ્થાયી થઈને રહી રહેલા વિદેશીઓ સાથે ઘાતકી વલણ અપનાવી તેમનું જીવતર ઝેર બનાવી નાખે અને ઝુલ્મો-સિતમની પરાકાષ્ટા પણ ઓળંગી જાય. પણ... પણ એવું તો ભાગ્યે જ બને કે વેપાર કરવા માટે બહારથી આવેલા ધંધાર્થીઓ શાસનની ધૂરા પોતાના હાથમાં લઈ લે અને સ્થાનિક પ્રજાને ગુલામ બનાવીને સિતમગર શાસક તરીકે સદીઓ સુધી અત્યાચારનો અતિરેક આદરે.

## વેપાર અર્થે અંગ્રેજો નું ભારત માં આગમન અને વહીવટી ક્ષેત્રે પગપસેરા ની શિયાળ વૃત્તિ

ઇ.સ.૧૬૦૦, માં બ્રિટન ના અંગ્રેજ વેપારીઓ ભારત વેપાર અર્થે આવ્યા અને બંગાળના કલકત્તા શહેરમાં **"ઈસ્ટ ઈન્ડિયા કંપની"** નામે પેઢી શરૂ કરી. શાંત, સુશીલ, નમ્ર, વહેવારિક, પ્રમાણિક, નિતી ના સિદ્ધાંતોના આગ્રહી અને વહીવટી ક્ષેત્રે કપટ રહિત, નિઃસ્વાર્થ તથા સંસ્કારિક તરીકેની પોતાની છાપ ઊભી કરીને સ્થાનિક પ્રજાજનોનો વિશ્વાસ જીતી લીધો. માન, આદર અને સન્માન દ્વારા સ્થાનિક લોકોએ તેઓને આવકાર્યા. દેશ અને વિદેશના ભેદભાવની લાગણીને તિલાંજલી આપીને ભારતની ભોળી પ્રજાએ કપટી અને દુષ્ટ અંગ્રેજોના સમર્થક અને સહાયક તરીકેનું નિખાલસ વલણ અપનાવ્યું. ભારતની ભોળી અને ગભરૂ પ્રજાની નિખાલસતાને બેવકૂફી, લાચારી અને કાયરતાની

નબળાઈ માં ખપાવીને દુષ્ટ અંગ્રેજોએ વેપારના ક્ષેત્રમાં થી બહાર નિકળીને રાજકારણમાં પણ ઝંપલાવ્યું અને લુચ્ચા શિયાળ ની વૃત્તિ અપનાવીને ધીરે ધીરે રાજકીય સ્તરે પોતાના મૂળિયા એટલા બધા ઊંડા અને મજબૂત કરી લીધા કે સમગ્ર ભારતની શાસન ધૂરા આંચકી લીધી અને અત્યાચારનો એટલો વિપુલ પ્રમાણમાં ઉપયોગ કર્યો કે વિશ્વસ્તરે અંગ્રેજોના અત્યાચારોનું દ્રષ્ટાંત ક્યાંય નથી મળતો. ભારતના શાસક મોગલ સામ્રાજ્ય ઉપરાંત દેશી રજવાડાઓ, નવાબો, જમીનદારો, સૂબેદારો, ખેડૂતો, ઉદ્યોગકારો, કારીગરો, શ્રમિકો અને અન્ય વ્યવસાય સાથે સંકળાએલા પ્રમાણિક વેપારીઓ અને સામાન્ય પ્રજા ઉપર દમનનો કોરડો વીંઝીને એવી દયનીય સ્થિતિમાં મુકી દીધા કે તેઓની કથની સાંભળી ને ચક્ષુઓથી અશ્રુઓની વણથંભી વણઝાર વહે છે. ઉપરાંત, સમૃધ્ધ ભારતનો આર્થિક ક્ષેત્રે શોષણ કરીને હજારો અબજ રૂપિયાની રોકડ સંપતિ અને સોના-ચાંદી સ્વરૂપની સંપતિ લંડન મોકલીને કંગાળ, ભિખારી અને નાદાર ઇંગ્લેન્ડ ને સમૃદ્ધ બનાવી દીધો અને ભારત ને કંગાળતાના ખપ્પરમાં હોમી દીધો.

અંગ્રેજોએ ઉપરોક્ત બાબતો ઉપરાંત ભારતીય સંસ્કૃતિ નો વિનાશ અને ઈસાઈ ધર્મનો પ્રચાર કરવામાં પણ કશી કચાશ રાખી નહીં. જેની વિસ્તૃત માહિતી આધારભૂત પુસ્તકોના હવાલાઓ દ્વારા પ્રદાન કરવામાં આવી છે.

છેક વિલાયત થી રોજી-રોટી અને ધંધો-રોજગાર શોધવા ભારત આવેલા ગરીબ અને કંગાળ અંગ્રેજો ટૂંક સમયમાં જ **બેટો મટીને બાપ બની ગયા** અને સમગ્ર દેશના શાસક તરીકે સત્તારૂઢ થયા, તેની પાછળ એટલે કે અંગ્રેજોની સિધ્ધી, સફળતા અને પ્રગતિમાં ભારતમાં જ જન્મેલા, ભારતનું ધાન-જલ આરોગીને સજીવ રહેલા અને ભારત બંધુઓના સાથ-સહકાર ના સહારે અને માતૃભૂમિ ભારતનું નમક ખાઈને ઉછરેલા અમુક નમક હરામો, એહસાન ફરામોશો, ગદ્દારો અને દેશદ્રોહીઓએ અંગ્રેજોના કપટ અને કાવાદાવામાં સંપૂર્ણ સાથ અને સહયોગ આપીને અંગ્રેજોના કદમ જમાવવવામાં મહત્વની



www.markazahlesunnat.in



ભૂમિકાઓ ભજવી છે. માદરે વતન ભારતના ગદ્દારો એ જે હલકટ પ્રવૃત્તિઓ કરીને દેશને જે નુકશાન પહોંચાડે છે. તેના કારણે તે ગદ્દારો ના અશુભ નામો ઇતિહાસમાં કાળા અક્ષરોથી કલંકિતોની નામાવલી માં હમેંશા ક્ષોભ, શરમ અને લાઅનત ના શાપિત હકદાર તરીકે કલંક સ્વરૂપે અંકિત રહેશે.

ઉપરાંત અંગ્રેજોના અત્યાચારો ના અતિરેકથી દેશ અને દેશબંધૂઓને મુક્તિ અને આઝાદી અપાવવા માટે અને અંગ્રેજોને ભારતમાંથી ખદેડી મૂકવા માટેના અભિયાન ના મુખ્ય પાત્રો કે જેમણે માતૃભૂમિનું ઋણ ચૂકવવા માટે પોતાના તન-મન-ધન ની આહુતિ આપીને સાચા દેશપ્રેમી અને વફાદાર તરીકે જે વીરતા, બહાદૂરી, શોર્ય, દિલેરી, ન્યોછાર ભાવના અને કુરબાનીની સાચી ભાવના સાથે પોતાનું સર્વત્ર લૂંટાવી દેવાની જે ખુમારી બતાવી છે, તેના કારણે તેઓ સાચા દેશપ્રેમી અને વફાદાર તરીકે અમર બની ગયા છે. તેઓના મુબારક નામો ઇતિહાસના પૃષ્ઠોમાં સોનેરી અક્ષરોથી કયામત સુધી ઝળહળતા રહેશે.

વફાદારો અને ગદ્દારોની પોતપોતાના ક્ષેત્રની કામગિરી અને ભૂમિકા નું સચોટ વર્ણન આ પુસ્તકમાં કોઈપણ જાતના પૂર્વગ્રહ કે ભેદભાવ વગર બિનપક્ષપાતી પ્રમાણિકતા ના સંયમ અને રાગદ્વેષ કે જુઠાણા થી અલિપ્ત રહીને તટસ્થ સ્વરૂપે રજૂ કરવામાં આવેલ છે.

વિશેષત વર્તમાન યુગના એક મહાન અનિષ્ટનું પણ આ પુસ્તકમાં ચીર હરણ કરવામાં આવ્યું છે અને તે એ છે કે દુનિયાના ઐશો આરામની લાલસા અને સત્તા-સંપતિ ની પ્રાપ્તિ ની લાલચ માં અંગ્રેજોના હાથની કઠપૂતળી બનીને ખુલ્લમ ખુલ્લા દેશની સાથે ગદ્દારી કરનારા અંગ્રેજોના ગુલામોના વંશજો અને અનુયાયીઓ પોતાના કલંકિત પૂર્વજોના કપાળે લાગેલી ગદ્દારી ની કાળી ટીલ્લી ભૂંસી નાખવાની ધૃણાસ્પદ ચેષ્ટાઓ કરે છે. ઈતિહાસમાં અંકિત સચોટ વાસ્તવિકતા ને બદલી નાખીને અસત્ય અને હળાહળ જુઠાણાંનો આશરો લઈને એક નવો બલ્કે વિકૃત ઇતિહાસ રચી રહ્યા છે અને

દેશની સાથે ઉઘાડી ગદ્દારી કરનારાઓને દેશભક્ત, દેશપ્રેમી, અંગ્રેજ વિરોધી અને દેશદાઝની ભાવના થી પ્રેરાઈને પોતાના પ્રાણની આહુતિ આપીને શહીદ થનારા તરીકે રજૂ કરવાની કુઃચેષ્ટા કરી રહ્યા છે.

તેવા વર્તમાન યુગના વિકૃત ઇતિહાસકારોની ભ્રામક અને પ્રપંચી જાળના તાર પણ આ પુસ્તકમાં વિખેરી નાખવામાં આવ્યા છે. જેનો અંદાજો વાંચક મિત્રોને પુસ્તકના આરંભ થી અંત સુધીના વાંચન દ્વારા આવી જશે. **આ પુસ્તક લખવાનો મુખ્ય આશય એ છે કે હાલમાં મોટા ભાગના રાજદ્વારી નેતાઓ અને કાર્યકર્તાઓ "દેશદાઝ" ની ફક્ત વાતો જ કરે છે અને નર્યો દંભ જ આચરે છે. સાચી દેશ દાઝ ફક્ત અલ્પ સંખ્યાના દેશપ્રેમીઓ માં જ ઉપલબ્ધ છે. માટે આ પુસ્તક દ્વારા મારા દેશબંધુઓને ફક્ત એક જ પૈગામ આપવાનો છે કે વર્તમાન પરિસ્થિતિમાં દેશને સાચા "પ્રેમીઓ" ની આવશ્યકતા છે. ડંભ, આડંબર અને ખોટો દેખાવડો અને રાજકીય લાભ મેળવવા દેશપ્રેમ અને દેશ માટે કુરબાન થઈ જવાની ગુલબાંગો અને ડંફાશો મારવી વ્યર્થ છે. આજે જરૂરત છે સાચા અર્થની દેશદાઝ અને દેશ માટે કુરબાન થઈ જવાની નિઃસ્વાર્થ ભાવના ની.**

અપેક્ષા છે કે વાંચક મિત્રો આ પુસ્તકના વાંચન થી બોધપાઠ ગ્રહણ કરીને સાચા અર્થની દેશપ્રેમની ભાવનાને ભૂતકાળના દેશબંધુઓની જેમ પુઃન જીવંત અને બળવંત બનાવશે.

વિશ્વના સર્જક, ખાલીકે કાએનાત,ખુદા-એ-તઆલા ની જનાબ માં દુઆ છે કે દરેક ભારતીય નાગરિકને સાચા દેશપ્રેમ, દેશદાઝ અને નિખાલસ ભાવનાની પ્રેરણા અર્પે અને આપણા મહાન દેશ ભારત, **ખ્વાજા ના પ્યાર હિન્દુસ્તાન** ને દરેક ક્ષેત્રે સમૃધ્ધ, બળવંત અને શક્તિશાળી બનાવીને વિશ્વના દેશોમાં મોખરાનું નહીં બલ્કે પ્રથમ અંક નું સ્થાન અર્પી ઉજ્જવલ કિર્તિમાન અર્પે.

ભવદીય - લેખક.



www.markazahlesunnat.in



# "સ્નેહ ઊજમ અભિપ્રાય"

અભિપ્રાયક :- પ્રખર સાહિત્યકાર, ઇતિહાસ સંશોધક, જ્ઞાન ભંડાર ના અવિકલ સમુદ્ર, **આદરણીય અને સન્માનીય જનાબ સુમન સિંહજી ગોહિલ સાહેબ - પોરબંદર**

**અલ્લામા અબ્દુલ સત્તાર હામદાણી "મસ્રૂફ"** દ્વારા **"ભારતના દોસ્ત અને દુશ્મન"** ની સંવર્ધિત આવૃત્તિ ગુજરાતી અને હિન્દી ભાષામાં તેઓના દ્વારા પ્રસિદ્ધ અને પ્રસારણ થવાથી લોકોમાં સત્યનો જ્ઞાન પ્રકાશ સંવર્ધિત અને આદરણીય સ્થાન પામ્યો છે. ત્યારબાદ તાજેતરમાં તેઓની નવી કૃતિ **"ભારતના વફાદારો અને ગદ્દારો નો ઇતિહાસ"** અલૌકિક અલંકારોના આભૂષણોથી અલંકૃત બનીને પ્રકાશનની ક્ષિતિજ મા ટૂંક સમયમાં જ જ્ઞાન પ્રકાશ રેલાવવા માટે સુસજ્જ છે. જ્ઞાન તરસ્યાઓની તૃષ્ણાની તૃપ્તિ માટે વન-વગડાની મીઠી વિરડી સમાન આ પુસ્તક ભારતના એકવીસમી(૨૧) સદી પ્રત્યેના અભિગમ સમયે ખૂબ જ અનિવાર્ય છે. આજની નવી પેઢી અને અગાઉ જેઓને સત્યનો પ્રકાશ ન હતો, તેમના માટે આ પુસ્તક દ્વારા એક નવો રાહ અને સીધો પંથ ચિંધાયો છે.

**અલ્લામા અબ્દુલ સત્તાર હામદાણી** પાસે વૈકલ્પિક શબ્દોનો સ્ત્રોત અનુભવાય છે અને તે સુજ્ઞ વાંચકને તમામ પ્રકારે સંતોષ પ્રદાન કરીને તથા શંકા-કુઃશંકાઓ નો નાશ કરીને સત્ય પ્રત્યેનો

અભિગમ વધારે છે. હામદાણી સાહેબ પાસે શબ્દો નો ધોધ વહે છે. તેઓ **"રેડી-રેકનર-વોકેબ્યુલર"**, ગુજરાતી ભાષાના શબ્દ ભંડોળ **"ભગવદ ગો મંડલ"** અને અંગ્રેજી લેંગ્વેજ ના **"ઈન્સાઈક્લોપિડીયા ઓફ બ્રિટાનિકા"** જેવા અનુભવાય છે. આ સાહિત્યકાર ને એકસો સાઇઠ (૧૬૦) કરતાં વધુ સાહિત્યિક પ્રકાશન-સંશોધન-સંવર્ધન-વૈજ્ઞાનિક-સાર્વનિક-સાબિતી-પુરવાઓ-આધારોની **સચોટ રજૂઆતને ધ્યાને લઈને યુનિવર્સિટીઓ એ પી.એચ.ડી. ના સંશોધન પત્ર તરીકે માન્ય ગણીને માનદ ડિગ્રી/ઉપાધી પ્રદાન કરવી જોઈએ. તેમાં કોઈ બે મત નથી.** "Doctor of Literature" **વિદ્યાવાચસ્પતિ એનાયત કરવી જોઈએ.**

ભારતની યુનિવર્સિટીઓમાં **"ઇતિહાસ અને પુરાતત્વ"** વિભાગના ડિપાર્ટમેન્ટમાં હામદાણી સાહેબે લખેલા પુસ્તકોનો "સંદર્ભગ્રંથો" માં સમાવેશ થવો જોઇએ અને નવા આંગતૂકો-અભ્યાસીઓના હાથમાં આ સંદર્ભ ગ્રંથો આવવા જોઈએ. ઇતિહાસ સંશોધન ના અભ્યાસીઓના હાથમાં આ ગ્રંથો આવવાથી સાચા ઇતિહાસની સંશોધિત આવૃત્તિઓમાં સત્યનો પ્રકાશ પથરાશે અને તે જ ભારતની સાચી સેવા ગણાશે અને ઇતિહાસના આ અભ્યાસીઓ ભારતમાતા ના ધરતી ના પનોતા પુત્રો છે, તેવું સાબિત કરશે.

અંતમાં આ પુસ્તક ના લેખક હામદાણી સાહેબ "મસ્રૂફ"ને ખરા અંતકરણ થી અભિનંદન આપું છું અને વિશ્વના સર્જનહાર ની સેવામાં નમ્ર પ્રાર્થના કરૂ છું કે લેખકની તેજાબી કલમ થી દેશદાઝ અને દેશપ્રેમની સાચી ભાવના ને બળવંત બનાવનારા



www.markazahlesunnat.in



પ્રકાશનોની હારમાળા અવિરત અને અવિચ્છેદ સર્જાતી રહે.

ઈશ્વર આપણે સૌને ભારતના સાચા નાગરિક અને સાચા દેશપ્રેમી બનીને રાષ્ટ્ર માટે સર્વત્ર ન્યોછાવર કરવા માટે સતત સતર્ક રહેવાની પ્રેરણા અર્પે.

ભવદીય

**પોરબંદર**<br>**તા. ૫-૩-૨૦૧૯**<br>**સોમવાર**

સહી :- [signature]

**(સુમન સિંહ જી. ગોહિલ)**

**સુમનસિંહ જી. ગોહિલ** (સામાજિક કાર્યકર)

(એમ.એસ. (ઇકો.) હિન્દી, વિનીત, G.C.C.Hp.)

- ભૂતપૂર્વ મંત્રી :- પુરાતત્વ સંશોધન મંડળ - પોરબંદર
- ભૂતપૂર્વ મંત્રી :- સૌરાષ્ટ્ર ઇતિહાસ સંશોધન સભા - જુનાગઢ
- માજી ઉપપ્રમુખ :- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, (એ. એન. ટી. એ.) રાજકોટ
- માજી સુપ્રિન્ટેન્ડેન્ટ :- માધવાણી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ - પોરબંદર
- સહમંત્રી :- લય સાંસ્કૃતિક સંસ્થા - પોરબંદર
- પૂર્વ પ્રમુખ :- સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો.ઓપરેટીવ. સોસાયટી - પોરબંદર
- પ્રાઇવેટ સેક્રેટરી :- રાજકુંવર શ્રી, હુઝૂર પેલેસ ઓફ મહારાજા - પોરબંદર
- પૂર્વ પ્રમુખ :- સાગર સર્વોદય કો.ઓ.સોસાયટી-પોરબંદર

# ભારત ના વફાદારો અને ગદ્દારો નો ઇતિહાસ

હા, આજે આપણે વાત કરીશું તેવા લોકોની કે જેઓ પ્યારા માદરે વતન ભારત પ્રતેયેની વફાદારી કાજે લાખોની સંપત્તિ, દમદમાટ સુખ સાહેબી અને અમર્યાદિત સત્તા ના ફળ સ્વરૂપે પ્રાપ્ત થનાર વૈભવ અને વિલાસ ભર્યા સુખમય જીવન ને પગ ની ઠોકર મારીને ઠુકરાવી દીધું અને દુઃખ, ભૂખ, દરિદ્રતા, જેલવાસ, શિક્ષા, દંડ, અત્યાચાર, ઝુલ્મો-સિતમ અને અસહ્ય યાતનાઓ ભોગવી, પોતાનું સર્વત્ર કુરબાન કરીને બલ્કે પોતાના પ્રાણો ની આહુતિ આપી ને દેશ ભક્તિ, દેશ પ્રેમ અને વફાદારી ની શાનો-શૌકત વધારી. હસતા મુખે અનેક યાતનાઓ ભોગવી બલ્કે ફાંસી ના માચડે ચડી જઈને દેહત્યાગ કરીને ઇતિહાસ માં અમર થઈ ગયા. આવા વીરગતો ને દેશબંધુઓ કયામત સુધી આદર અને સન્માન ની ભાવના સાથે યાદ કરતા રહેશે અને તેઓના જીવન વૃતાંત થી દેશપ્રેમ ની સાચી ભાવનાની કેળવણી ના ઉચ્ચ સંસ્કારો ગ્રહણ કરતા રહેશે.

હા, આજે આપણે તેવા નપાવટ લોકોનું ગંદુ જીવન ચરિત્ર પણ ઘૃણા અને નફરત ની લાગણી સાથે ચર્ચા માં લાવશું કે જેમણે ક્ષણિક ભૌતિક સુખ, સાહેબી, નષ્ટ જ થઈ જનારી વાસના વિલાસ ની દેહ લાલસા હંગામી ધોરણ ની નઠારી સત્તા, આયુષ્યની અવધિ પૂરી થતાં જ શાનદાર અને વૈભવી હવેલી, સોના-ચાંદી અને હીરા મોતી તથા મુલ્યવાન ઝવેરાત થી છલોછલ



www.markazahlesunnat.in



તિજોરી, નઝર ની હદ સુધી વિસ્તરેલી જમીન અને અન્ય સંપત્તિ પ્રાપ્ત કરવાની લાલસા અને લાલચ માં પ્યારા માદરે વતન સાથે ગદ્દારી કરીને દેશ અને દેશ ની પ્રજા નું અહિત કરીને કલંકિત અને ગદ્દાર તથા દેશદ્રોહી ના લાંછન ની લઅનત અને નફરત ની ઘૃણાસ્પદ નામોશી સાથે ઇતિહાસ માં કુઃખ્યાત અને બદનામ થઈ ગયા.

દેશ ના વફાદારો અને ગદ્દારો ની વ્યક્તિગત જીવન કથની નું વર્ણન અહીં શક્ય નથી. બલ્કે વફાદારો ની વીરગાથા અને ગદ્દારો ની કપટ, પ્રપંચી અને બે-વફાઈ ની દાસ્તાન પણ વિસ્તાર પૂર્વક વર્ણન કરવી અશક્ય છે. ભારત ની પ્રજા માંહે ની હિન્દુ, મુસ્લિમ, શીખ તથા અન્ય કૌમો માં વફાદારો અને ગદ્દારો બન્ને પ્રકાર ના લોકો થઈ ગયા છે. પણ આ પુસ્તક માં ફક્ત એવા વફાદારો અને ગદ્દારો નો જ ઉલ્લેખ કરવાનો છે કે, જેઓનો સીધો અને સ્પષ્ટ સબંધ મુસ્લિમ સમુદાય સાથે હતો. બલ્કે આજે પણ ભૂતકાળ ના તે થઈ ગએલા દેશના ગદ્દારો ના અનુયાયીઓ નો એક મોટો વર્ગ દેશ માં અસ્તિત્વ ધરાવે છે. તેનાથી વધુ ગંભીર અને અફસોસ ની વાત એ છે, કે તેવા દેશ ના ગદ્દારો ને **'શહીદે-વતન'** ના માનવંતા દેશ પ્રેમી ના ખિતાબ થી નવાઝવામાં આવી રહ્યા છે અને લોકોને **ઊંધા ચશ્મા પહેરાવવાની** ચેષ્ટા કરીને એવું જુઠાણું ચલાવવા માં આવે છે કે, તેઓ દેશ કાજે અંગ્રેજો સામે લડતાં લડતાં શહીદ થયા છે. પણ હકીકત એ છે કે, તેઓ દેશ માટે નહીં બલ્કે અંગ્રેજો ની ગુલામી અને વફાદારી નો હક અદા કરવાના દ્રુષ્ટ આશય થી અંગ્રેજો માટે દેશ બંધુઓ સામે લડતાં લડતાં સરહદ પ્રાંત ના સુન્ની મુસ્લિમ પઠાણોં ના હાથે કમોતે મર્યા છે.

હળાહળ જુઠાણા ઉપર આધારિત આલેખવા માં આવતા વિકૃત ઇતિહાસ નું આ પુસ્તક માં સચોટ સ્વરૂપે ખંડન કરીને

એવા સબળ દસ્તાવેજી પુરાવાઓ સંદર્ભ પુસ્તકો ના વિશ્વસનીય અને પ્રમાણિત હવાલાઓ દ્વારા મધ્યાંહન ના પ્રકાશિત સૂર્ય ની જેમ પુરવાર કરવામાં આવ્યું છે, કે વર્તમાન યુગના વહાબી-દેવબંદી વર્ગના ભૂતકાળ માં થઈ ગએલા પેશ્વાઓ **દેશ માટે હરગિઝ શહીદ નથી થયા, બલ્કે અંગ્રેજો ના વફાદારો તરીકે અંગ્રેજો માટે લડીને કપાઈ મુઆ છે.**

કોઈપણ પ્રકાર ના વ્યક્તિગત પુર્વગ્રૃહ કે હઠાગ્રહ થી અલિપ્ત રહીને સત્ય હકીકત વાંચકો સમક્ષ રજૂ કરવામાં આવી છે. કોઈપણ પ્રકાર ની અંગત શત્રુતાની ઉર્મિલતા થી પ્રેરિત થયા વગર ઇતિહાસ ના વિશ્વાસપાત્ર પુસ્તકોના હવાલા ટાંકીને વાસ્તવિકતા નો સાચો ચેહરો બે-નકાબ કરવા માટે દંભ અને જુઠાણા ના પડદા નું ચીરહરણ કરવામાં આવ્યું છે. જેથી કોઈ એ પણ રાગદ્વેષ થી પ્રેરાઈને **બંધ બેસતી પાઘડી પહેરી લેવી નહીં.**

ભારત રાજ્ય માં અંગ્રેજી સામ્રાજ્ય નો ઇતિહાસ બરાબર સમજવા માટે આદિ કાળ થી અંગ્રેજો ના આગમન સુધી માં દેશ ઉપર થએલા વિદેશી આક્રમણો ની ઝાંખી અતિ સંક્ષિપ્ત સ્વરૂપે અને ઉડતી નજરે જોઈ લેવું આવશ્યક છે.

## “ભારત ઉપર થએલા વિદેશી આક્રમણો”

મહાન દેશ ભારત કે જેનું અસ્લી નામ **“આર્યાવૃત”** છે તેના ઉપર અનેક વિદેશી હમલા થયા છે. જેમકે :-

- સૌથી પહેલું આક્રમણ **આર્યો** નું માનવામાં આવે છે. પ્રાશ્ચાત્ય (Western) વિદ્ધાનો ના મતે આ આક્રમણ નો સમય ઇ.સ. પૂર્વે ૨૫૦૦ હતો.
- આસીરિયાની જંગ પ્રસિધ્ધ મહારાણી **સેમિરામિસે** ઇસ્વી સન પૂર્વે-૪૦૦ પહેલાં બલુચિસ્તાન ની સરહદે થી પ્રવેશી ને ભારત જીતવાનો પ્રયત્ન કરેલો પરંતૂ તેણી ને સફળતા મળી નહીં.
- ઇસ્વી સન પૂર્વે ૩૨૬ માં વિશ્વ વિજેતા **સિકંદર** ભારત ઉપર ત્રાટક્યો. સરહદ ની **ઝેલમ નદી** ની પેલે પાર આવેલા **તક્ષશિલા** અને ત્યાંથી પંજાબ અને મગધ નું રાજ્ય જીતી લીધું. સંપૂર્ણ ભારત ઉપર વિજય ઝંડો ફરકાવવાના સ્વપ્ન ને અધુરૂં મુકીને તે “બિયાસ” નદી થી પાછો ફર્યો.
- ત્યારબાદ **સેલ્યૂકસ** અને **એન્ટિઓકસ** એમ બે (૨) જણા એ પણ ભારત ઉપર આક્રમણ કર્યું છે. બન્ને અસફળ રહ્યા.
- **બખ્તિયારી યુનાની, શકસિથિન** અને **હૂણ** નામ ની મધ્ય એશિયા ની અર્ધ સભ્ય જાતિઓ એ પણ અર્થહીન હુમલા કર્યા.
- સિકંદર પછી અનેક મુસ્લિમ આક્રમણ થયા. તેમાંથી અમુક સફળ થયા અને કેટલાક નિષ્ફળ રહ્યા.

**(હવાલો :-** The Combridge History of India
વોલ્યુમ નં.૧, પેઇજ નં.૩૩૦ થી ૩૬૧ સુધી
સંદર્ભ :- ભારત માં અંગ્રેજી રાજ્ય, લેખક :- પંડિત સુંદરલાલ.
પ્રકાશક :- ચર્તુભુજ વિઠલદાસ જસાણી, ગોંદિયા (છત્તીસગઢ)
**પુસ્તક પહેલું, પ્રસ્તાવના નું પેઇજ નં. ૩૩ થી ૩૭)**

## “ઇસ્લામ નો ઉદય અને વિજયો ની આગેકૂચ”

ઇસ્લામ ના મહાન નબી અને રસૂલ, અલ્લાહ તઆલા ના પ્યારા મહેબૂબ, **હઝરત મુહમ્મદ** (સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ) ની વિલાદતે-બા-સઆદત (જન્મ) **ઇ.સ. ૫૬૯** અને ઇસ્લામ ધર્મ ના પ્રચાર નો આરંભ (પૈગામે-તૌહીદ) **ઇ.સ. ૬૦૯**



www.markazahlesunnat.in

માં થયો. **હઝરત મુહમ્મદ** સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમે **ઈ.સ. ૬૩૨** માં દુનિયા થી પર્દો કર્યો. (ઇન્તેકાલ)

ઇસ્લામ ના ઉચ્ચ આદેશો અને સંસ્કારો નો પ્રભાવ ધાર્મિક, સામાજિક અને રાજનૈતિક ક્ષેત્રો ઉપર સમાન અને એટલો બધો પ્રબળ હતો કે અરબ નિવાસી અલગ અલગ અને ભિન્ન-ભિન્ન પ્રજા ઇસ્લામ ના નેજા હેઠળ એક અને સંયુક્ત બની ને મુર્તિ પૂજા, અંગત વેરઝેર ની વસૂલાત અને હળાહળ અજ્ઞાનતા અને સંસ્કાર વિહોણા કુ:રિવાજો ને સદંતર તિલાંજલી આપીને માનવતા ના ઉચ્ચ સંસ્કારો ના આગ્રહી બની ગયા. ઇસ્લામ ના ઉપદેશો અને આદર્શોએ અરબ જાતિ માં નવા પ્રાણ નું સિંચન કર્યુ અને અરબ જાતિ ના લોકો અતિ ઝડપ થી વિશ્વના મહત્વના દેશો માં ઇસ્લામ ના પૈગામ સાથે પોતાનું સામ્રાજ્ય સ્થાપિત કરી દીધું. બલ્કે વિશ્વના એક મોટા ભાગ ઉપર પ્રભુત્વ જમાવી દીધું. જેમકે:-

- ⊙ ઇ.સ. ૬૩૬ માં **ઇરાક** અને **મુલ્કેશામ** (સીરિયા) જીતી લીધા.
- ⊙ ઇ.સ. ૬૩૭ માં **બયતુલ મુકદ્દસ** (જેરૂસલમ) ઉપર વિજય મેળવ્યો.
- ⊙ ઇ.સ. ૬૩૭ થી ઇ.સ. ૬૫૧ સુધી માં સમગ્ર **ઇરાન** નો પ્રદેશ અરબો ના શાસન તળે આવ્યો.
- ⊙ ઇ.સ. ૭૦૧ થી ઇ.સ. ૭૧૫ માં **પૂર્વચીન** ની સરહદ ના વિસ્તારો માં પ્રવેશી ગયા.
- ⊙ ઇ.સ. ૭૧૦ માં ચીન ની પડખે આવેલું **તાતાર** (ચંગેઝખાન નું વતન) પણ જીતી લીધું.
- ⊙ ઇ.સ. ૭૧૫ માં **તુર્કિસ્તાન** ઉપર વિજય નો ઝંડો ફરકાવ્યો.
- ⊙ ઇ.સ. ૬૪૦ માં વિશ્વનો પશ્ચિમ વિભાગ એટલે કે **આખું મિસર** (ઇજિપ્ત) ફતેહ કરી લીધું.



www.markazahlesunnat.in

www.markazahlesunnat.in

- ⊙ ઇ.સ. ૬૪૭ થી ઇ.સ. ૭૦૯, સુધી ના સમયગાળા માં **કાર્થેજ** અને **ઉત્તર આફ્રિકા** ના અનેક દેશો સર કરી લીધા.
- ⊙ ઇ.સ. ૭૦૦ થી ઇ.સ. ૭૧૩ સુધી ના અરસા માં અતિ લાંબા અંતરે અને દૂર આવેલો દેશ **સ્પેન** પણ જીતી લીધું.
- ⊙ ઇસ્લામ ધર્મ ની પ્રથમ શતાબ્દિ પછી ના કાળ માં એટલે કે ઇ.સ. ૭૧૦ પછી ◈ **આખું રશિયા** ◈ **યુનાન** ◈ **બાલ્કન** ◈ **પોલેન્ડ** ◈ **દક્ષિણ ઇટાલી** ◈ **સિસિલી** વિગેરે માં એટલે કે ◈ **અર્ધા યુરોપ** માં મુસ્લિમ શાસન સ્થાપિત થયું અને સેંકડો વર્ષો સુધી ટકી રહ્યું
- ⊙ શાસન સ્થાપિત કર્યા વગર **સ્વીકૃત ધર્મ** સ્વરૂપે ઇસ્લામ વિશ્વ ના ખૂણે ખૂણા સુધી પ્રસરિત થયો અને સમગ્ર વિશ્વમાં ઇસ્લામ નો **“તોહીદ નો કલ્મો”** (એકેશ્વર નો નાદ) ઘણા જ આદર ની સાથે ગુંજી ઉઠ્યો.

## “ભારત માં પ્રથમ મુસ્લિમ તરીસેના”

ઇ.સ. ૬૩૬ માં આજ ના મુંબઈ શહેર પાસે આવેલા **“તાના”** નામ ની જગ્યાએ દરિયાઈ માર્ગે આવેલી મુસ્લિમો ની જલસેના એ દેખા દીધી. આ સેના **“બેહરૈન”** (ઇરાક) ના મુસ્લિમ શાસક **“સકફી”** ની આજ્ઞા થી મોકલવા માં આવેલી. તે સમયે **મદીના શરીફ** માં ઇસ્લામ ના બીજા ખલીફા, અમીરૂલ મોઅ્મેનીન **હઝરત ઉમર ફારૂકે આઝમ** (રદીઅલ્લાહો તઆલા અન્હો) સત્તારૂઢ હતા. જલસેના ના ભારત પ્રયાણ અંગેની કોઈ મંજૂરી કે સમંતિ બેહરૈન ના શાસક ‘સકફી’ એ હઝરત ઉમર પાસે થી નહોતી લીધી. જ્યારે **ખલીફા હઝરત ઉમર** ને આ બાબત ની જાણ થઈ, તો આપ બેહરૈન ના ગર્વનર ઉપર સખ્ત ખફા અને નારાજ થયા અને

ભારત ખાતે મોકલવામાં આવેલી જલસેના ને તરત પાછી બોલાવી લેવાનો આદેશ જારી ફરમાવ્યો. જેથી કોઈ પણ યુધ્ધ કે લડાઈ કર્યા વગર ભારત ના સમુદ્ર કાંઠે પહોંચી ચુકેલી જલસેના ને પરત બોલાવી લેવામાં આવી. **હઝરત ઉમર ફારૂકે** વિશેષ માં એવો ફરમાન અને હુકમ જારી કર્યો કે હવે પછી થી જો કોઈ ફરી વખત હિન્દુસ્તાન ઉપર ચઢાઈ કરશે તો **હિન્દુસ્તાન ઉપર ચઢાઈ કરનારાઓ ને સખ્ત અને કડક શિક્ષા કરવામાં આવશે.**

આ એક નાની ઘટના થી તે સમય ના મુસ્લિમ આરબો અને ભારતવાસીઓ વચ્ચે કેવો આદર અને પ્રેમ હતો, તે જાણી શકાય છે.

(**હવાલો :- "ભારત માં અંગ્રેજી રાજ્ય"**, લેખક :- પંડિત સુંદરલાલ. **પુસ્તક પહેલું, પ્રસ્તાવના નું પેઇજ નં. ૪૮**)

## "ભારત ઉપર પ્રથમ મુસ્લિમ આક્રમણ"

ભારત નો ઇરાન, અફઘાન, આફ્રિકા અને યુરોપ ના જુદા જુદા દેશો સાથે નો મોટા ભાગ નો વેપાર આરબ અને ઈરાની સોદાગરો ના હાથ માં હતો. **રોમ** અને **ગુનાન** ના માલ વાહક વહાણો તે દિવસો માં ભારત આવ-જા કરતા હતા. તેના નાવિકો મોટા ભાગે આરબો જ હતા. ભારત અને **ચીન** વચ્ચે જે વેપાર ચાલતો હતો, તેનો સારો એવો ભાગ અને વહીવટ આરબો ના હાથ માં હતો. જેથી ભારત ના ઘણાં કાંઠા ના વિસ્તારો થી તેઓ પરિચિત હતા અને આવા અનેક પરિચિત વિસ્તારો માં આરબો એ વસવાટ શરૂ કરેલો અને પોતાના કુટુંબ-કબીલા સાથે ત્યાં કાયમી ધોરણે ઠરીઠામ થએલા.



www.markazahlesunnat.in



ભારત માં વસવાટ કરનારા આરબો અત્યંત સરળ સ્વભાવ ના અને ઉદાર મન ના હતા. ભારત વાસીઓ સાથે તેમનો સબંધ મીઠો, મધૂર, નમ્ર અને સહકાર ભર્યો હતો. ભારત ની ભૂમી ને પોતાની માતૃભૂમિ સમજીને ત્યાંના દરેક નાગરિકો સાથે વાત્સલ્ય અને વહાલ ભર્યું તથા એકતા ની લાગણી નું સુખી, સમૃધ્ધ અને શાંત જીવન તેઓ જીવતા હતા.

ઇ.સ. ની આઠમી સદીના આરંભ માં ભારત ના સિંહલદ્વીપ વિસ્તાર માં વસતા અમુક આરબો અસાધ્ય રોગના કારણે મૃત્યુ પામ્યા. દયા અને કરૂણા ને અનુલક્ષીને **સિંહલદ્વીપ** ના રાજાએ અવસાન પામેલા આરબો ની વિધવા પત્નિઓ અને અનાથ પુત્રીઓને એક વહાણ માં બેસાડીને તેઓ ના વતન ભણી આરબ શાસક **હિજાજ** પાસે મોકલવા રવાના કરી. માર્ગ માં **કચ્છ** ના કેટલાંક ચાંચિયા લૂટેરાઓ કે જેમને **બાવરીજ** કહેવામાં આવતા હતા, તેમણે આ જહાજ ને આંતરી ને લૂંટી લીધો અને જહાજ માં સવાર સ્ત્રીઓને પોતાની વિકૃત વાસના ની તૃપ્તિ માટે અપહરણ કરી ગયા. અરબ શાસક હિજાજે સિંધ ના **રાજા દાહિર** પાસે અપહરણ થએલી મહિલાઓ ને પરત મોકલી આપવાની વિનંતી સાથે માંગણી કરી. જેનો રાજા દાહિરે ઇન્કાર કર્યો. જેથી રોષે ભરાઈને હિજાજે ઇ.સ. ૭૧૨ માં એક સેના બલુચિસ્તાન ના જમીન માર્ગે **મુહમ્મદ બિન કાસિમ** ની સરદારી હેઠળ ભારત ઉપર હુમલો કરવા મોકલી. મુહમ્મદ બિન કાસિમે **સિંધ** અને **મુલ્તાન** જીતી લીધા અને ત્યાં પોતાનું શાસન સ્થાપિત કર્યું.

મુહમ્મદ બિન કાસિમ થી લઈને સુલ્તાન મેહમૂદ ગઝનવી સુધી ના ત્રણસો (૩૦૦) વર્ષ ના સમયગાળા વચ્ચે ભારત ઉપર એક પણ મુસ્લિમ આક્રમણ થયું નહીં. તેમજ મુસ્લિમ સામ્રાજ્ય પણ સિંધ અને મુલ્તાન થી આગળ વધ્યું નહીં.

# "ભારતીયો અને આરબો ના સબંધો"

આશરે પાંચસો (૫૦૦) વર્ષો થી વેપાર અને વહાણવટા ની પ્રવૃતિ ના કારણોસર આરબો ભારત ના લોકો સંસર્ગ માં આવ્યા હતા. ઇસ્વી સન ના પ્રારંભિક સૈકાઓ થી જ અનેક આરબ સોદાગરો ભારત ના પશ્ચિમ અને પૂર્વ કાંઠા ના બંદરો ઉપર આવતા અને ઉતરતા હતા. મુખ્યત્વે પશ્ચિમ માં **ચૌલ, કલ્યાણ, સોપારા** અને **મલ્બાર** કિનારા ઉપર અનેક આરબો રહેતા હતા. બલ્કે ઇતિહાસ માં એવું વર્ણન મળે છે કે **લંકા** અને **દક્ષિણ ભારત** માં અનેક આરબો અને ઈરાનીઓ વસવાટ કરતા હતા.

તે સમયે આરબો નો ધર્મ પ્રાચિન સંસ્કૃતિ ઢબ નો મૂર્તિ પૂજક ધર્મ હતો. પોતાના અને વિવિધ પરિવારો ના અનેક દેવી દેવતાઓને માનતા હતા અને તેમની મૂર્તિઓની પૂજા કરતા હતા. ત્યારબાદ ઇસ્લામ ધર્મ નો ઉદય અને આગમન થતાં ઇસ્લામી સંસ્કૃતિનો વિશ્વસ્તરે વ્યાપક પ્રચાર થયો. આરબો અને ખાસ કરીને આરબ વેપારીઓ ભૂતકાળ ની જેમ જ ભારત માં આવ-જા કરતા હતા. તફાવત એટલો જ હતો કે પહેલાં ના મૂર્તિ પૂજક આરબો ના બદલે ન્યુ-મુસ્લિમ આરબો ભારત માં આવવા લાગ્યા. તેઓ ની સાથે સાથે ઇસ્લામ ધર્મ ના વિચારો, આદર્શો, સંસ્કારો અને નિયમોએ પણ ભારત માં પ્રવેશ કર્યો. આદર્શો અને ઉચ્ચ સિધ્ધાંતો ના ગુણો સાથે ભારત માં પ્રવેશનાર **ઇસ્લામ ધર્મ ને સૈનિક આક્રમણ કે શાસકીય અત્યાચાર સાથે કશો સબંધ ન હતો.**

ઇતિહાસ ના સંશોધન નાં તારણ થી એ હકીકત પણ ફલિત થાય છે, કે સેંકડો વર્ષો થી ભારતે જે રીતે આરબ સોદાગરો નું સ્વાગત કર્યું હતું, તેવી જ રીતે મહાન ઇસ્લામ ધર્મ નું પણ



www.markazahlesunnat.in



અનેરૂં અને ભવ્ય સ્વાગત કર્યું. જેથી જ શાંતિ, સદભાવના અને શુભેચ્છા સાથે ઇસ્લામે ભારત માં પ્રવેશ કર્યો.

પ્રસિધ્ધ ઇતિહાસ લેખક **સ્ટરરોક** (Sturrock) પોતાના પુસ્તક "S.Kanara, Madras District Manuals" ના **પેઇજ નં. ૧૮૦** માં લખે છે કે :-

**"સાતમી સદીના અંત થી ઈરાની અને આરબ સોદાગરો ભારતના પશ્ચિમ કિનારા ના જુદા જુદા બંદરો માં વસવા લાગ્યા. આ લોકો તે વિસ્તાર ની સ્ત્રીઓ સાથે પરણતા હતા. આ લોકોની મહત્વની અને મોટી વસ્તી મલબાર કિનારા ઉપર હતી. કારણ કે બંદરી વેપાર માં વેપારીઓ ને ખાસ સગવડો આપીને ઉત્તેજન આપવાની પ્રથા આ રાજ્યો માં જૂના જમાના થી હતી."**

(**અનુવાદ ગ્રહણ :- "ભારત માં અંગ્રેજી રાજ્ય"**, લેખક :- પંડિત સુંદરલાલ, **પુસ્તક પહેલું, પ્રસ્તાવના નું પેઇજ નં. ૫૪**)

આ રીતે ભારત માં વસી ગએલા આરબો એ ભારત માં કાયમી ધોરણે વસવાટ કરવાનો સંકલ્પ કરી લીધો અને અહીંના નાગરિક તરીકે રહેવા લાગ્યા. બલ્કે સંપૂર્ણ વફાદારી અને સંસ્કાર ના ઉચ્ચ મુલ્યોના જતન સાથે ભારતીય નાગરિક તરીકે જ સમાજ માં **દૂધ માં સાકર** ની જેમ એવા ભળી ગયા કે દેશી અને વિદેશી નો ભેદભાવ જ ન રહ્યો અને તેઓ એક સામાન્ય ભારતીય નાગરિક તરીકે નું પ્રસંશનીય જીવન જીવવા લાગ્યા.

# "મલબાર ના રાજા નો ઇસ્લામ સ્વીકાર અને ઇસ્લામ નો ફેલાવો"

ઇસ્લામના સરળ અને સ્પષ્ટ સિધ્ધાંતો અને તેમાં રહેલી માનવમાત્રની સમાનતાના વિચારો તરફ સ્થાનિક લોકોમાં વધુ પડતું આકર્ષણ થયું. નવમી સદીના પ્રારંભમાં જ મલબાર નાં

**હિન્દુ રાજા ચેરામન પેરૂમલે** ઇસ્લામ ધર્મ અંગિકાર કર્યો અને ઇસ્લામી નામ **"અબ્દુર્રહમાન ષાની"** ધારણ કર્યુ. આ રાજાની રાજધાની **કોડંગલૂર** શહેરમાં હતી.

અબ્દુર્રહમાન **મક્કા** અને **મદીના** ની ઝિયારત અર્થે અરબસ્તાન ગયો. ત્યાં ચાર (૪) વર્ષ સુધી રહ્યો. તેણે ઇસ્લામના અનેક મહાન વિદ્વાનો અને પ્રચારકો ને ભારત મોકલ્યા અને પોતાના ઉત્તરાધિકારીઓને તે પ્રચારકોને પૂરતી સહાય અને સંપૂર્ણ સહકાર આપવાની સુચનાઓ મોકલી. રાજા ચેરામન પેરૂમલના ઉત્તરાધિકારીઓએ આરબ વિદ્વાનોનું ઉમળકા ભર્યું સ્વાગત કર્યું અને તે વિદ્વાનો ની સલાહ સુચનો ને અનૂસરીને મલબાર માં **અગિયાર (૧૧) મસ્જિદો બંધાવી. કાલીકટ** ના સામુરી રાજા તથા **ત્રાવનકોર** ના મહારાજા વર્ણનીય રાજા ચેરામન પેરૂમલના વંશજો અને ઉત્તરાધિકારીઓ છે.

અરબસ્તાન અને ઈરાન થી સમુદ્ર રસ્તે અનેક મુસ્લિમ સૂફી-સંતો અને વિદ્વાન આલિમો પ્રસંગોપાત ભારત આવતા ગયા અને અનેક સ્થાનોએ વસતા ગયા. દરેક સ્થળે તેઓનો સ્થાનિક લોકો દ્વારા ખૂબ આદર સત્કાર થતો. સંયમી અને ત્યાગી સૂફી-સંતોના સહવાસ માં આવનારા અસંખ્ય લોકો તેઓનું સાદું, નિર્મળ અને સ્વચ્છ ચારિત્ર જીવન જોઈને એવા પ્રભાવિત થયા કે સ્વેચ્છાએ અને આકર્ષાઈ ને ઇસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો. તે સમયે ભારત વર્ષ ઉપર મુસ્લિમો નું રાજકીય પ્રભુત્વ શરૂ થયું નહોતું.

અગિયારમી તથા બારમી સદી માં **મદૂરા** અને **ત્રિચિનાપલી** ના ઇલાકાઓ માં અનેક લોકોએ ઇસ્લામ નો સ્વીકાર કર્યો. તેઓ એક સૂફી-સંત **નઝર વલી તુર્કી** ના સદાચાર અને પવિત્ર ચારિત્ર્ય થી પ્રભાવિત થએલા. આ સૂફી સંત અરબસ્તાન, ઈરાન અને ઉત્તર ના રસ્તે છેક **ત્રિચિનાપલી** (ત્રિસૂર) સુધી પહોંચેલા.



www.markazahlesunnat.in



ઉપરાંત સૂફીસંત **સૈયદ ઇબ્રાહીમ શહીદ, બાબા ફખરૂદ્દીન** વિગેરેના પ્રભાવ થી અસંખ્ય લોકો ઇસ્લામ માં દાખિલ થયા. **પેન્નુકાંડા** નાં હિન્દૂ રાજાએ પણ ઇસ્લામ નો સ્વીકાર કર્યો.

મુસ્લિમો અને આરબો ની સહાય, સહકાર, સદભાવ, સાથ અને સન્મિત્રતા ના ફળ સ્વરૂપે ભારતમાં અને ખાસ કરીને દક્ષિણ ભારતમાં વેપાર અને સમૃદ્ધિ માં એક અનેરી ક્રાંતિ અને વૃધ્ધિ થઈ. નિકાસ ની ઊજળી તકો ઊભી થઈ. વેપાર વાણિજ્ય ના ક્ષેત્રે અનેક દેશો સાથે સંબંધો સ્થાપિત થયા. દક્ષિણ ભારતના હિન્દુ રાજાઓ પોતાના ધંધાકીય પ્રતિનિધી (Business Representative) ની હૈસિયત થી છેક **ચીન** સુધી ના દૂરદૂર ના અંતર ના દેશો માં મુસ્લિમો ને મોકલી વેપાર-ધંધાનો વિકાસ કરતા હતા. મુસ્લિમો ને વિદેશો માં પોતાના એલચી અને રાજદૂત તરીકે પણ હિન્દુ રાજાઓ મોકલતા હતા. ઉપરાંત હિન્દુ રાજાઓ પાસે પોતાના રાજ્ય ના રક્ષણ માટે મોટી મોટી મુસ્લિમ સેનાઓ પણ હતી.

## "પ્રજાનો સ્વભાવિક અને સ્વેચ્છાએ ઇસ્લામ નો સ્વીકાર"

ભારત માં ઇસ્લામ ધર્મ ફેલાયો તેનું મુખ્ય કારણ ઇસ્લામ ના પ્રચારકોનો ત્યાગ, શુધ્ધ ચારિત્ર્ય, શુધ્ધ અને સાદું ડાઘ રહિત નું પવિત્ર જીવન તથા ઇસ્લામ ના સ્પષ્ટ, સરળ અને સીધા સાદા નિયમો છે. જે સામાન્ય જનતા માટે વધારે હિતકારક, ક્રિયાત્મનક અને સ્વીકાર્ય હતા. જેથી વર્ણવ્યવસ્થા અને સંકુચિત દ્રષ્ટિ ની આભડછેટ નો ભોગ બનેલી નાની અને નિમ્ન જાતિઓના લોકોએ ઇસ્લામ પ્રત્યે વિશેષ સ્વરૂપે આકર્ષાઈ ને ઇસ્લામ નો અંગીકાર કર્યો. નિઃસંદેહ ઇસ્લામ હરગિઝ તલવાર ના જોરે નથી

ફેલાયો બલ્કે માનવતા ના મુલ્યોનું જતન કરનારા સીધા, સાદા અને સરળ નિયમો, ભાઈચારા ની ભાવના અને નિઃસ્વાર્થ માનવતા ની લાગણી ના ઉચ્ચ સિધ્ધાંતો ના કારણે ફેલાયો છે. કોઈ પણ પ્રકાર ની જબરદસ્તી, ધાક-ધમકી, આર્થિક લાભ, ભૌતિક સુખ સાહેબી ની લાલચ, રાજકીય દબાણ અથવા અન્ય પ્રકારે જોર ઝુલ્મને તેમાં દખલ નથી, આ બાબત ની સત્યતા અને વિશ્વસનીયતા ના પુરાવા સંદર્ભ માં અત્રે સુપ્રસિધ્ધ ઇતિહાસકારો ના અભિપ્રાયો વાંચકો ની સેવામાં પ્રસ્તુત છે :-

▣ મશ્હૂર ઇતિહાસ લેખક આર્નોલ્ડ લખે છે કે :-

**"By far the mejority of them entered the pale of Islam of their own free will"**

(હવાલો :- "**The Preaching of Islam**" લેખક :- **T.W. Arnold, 1913, Page No. 255**)

**-: અનુવાદ :-**

"આમાં એક મોટો વર્ગ તો એવો છે, જેમણે પોતાની સ્વતંત્ર ઇચ્છા થી ઇસ્લામ નો સ્વીકાર કર્યો છે."

▣ ટાઉન્સેન્ડ નામનો એક અન્ય ઇતિહાસકાર લખે છે કે :-

**"Its spread as a faith is not due mainly to compulsion"**

(હવાલો :- "**Asian and Europe, London**" **1911,** લેખક :- **TM. Townsend, Page No. 44**)

**-: અનુવાદ :-**

"ઇસ્લામનું અહીં ફેલાવવાનું મુખ્ય કારણ જબરદસ્તી નથી."

▣ આ ટાઉન્સેન્ડ એક બીજી જગ્યાએ ભારતીય મુસ્લિમો ના અનુસંધાને ત્યાં સુધી લખે છે :-



www.markazahlesunnat.in

www.markazahlesunnat.in

**"Ninty percent of the Whole body of the muslims are Indians by blood, as much children of the soil as the Hindoos. retaining many of the old pagan superstitions, and only Mussalmans because their ancestors embraced the faith of the creat Arabian"**

(હવાલો :- "**Ibid**", **by M. Townsend, Page No. 43.**

**-: અનુવાદ :-**

"આ બધા મુસ્લિમો માં નેવું (૯૦) ટકા તો એવા છે જેમના માં ભારતીય લોહી વહે છે, અને જેમ હિન્દુઓ આ દેશના પુત્રો છે, એવાજ તેઓ પણ છે. તેમના માં જૂના હિન્દુઓ નો અંધવિશ્વાસ પણ હજી મૌજૂદ છે. માત્ર તેમનાં પૂર્વજોએ અરબસ્તાન ના એ મહાપુરૂષ નો મત સ્વીકાર્યો માટે જ તેઓ મુસ્લિમો છે."

▣ હિન્દી ભાષાના પ્રસિધ્ધ ઇતિહાસ લેખક પંડિત સુંદરલાલ અલ્હાબાદી લખે છે કે :

**"ઇતિહાસ જોતાં બહુજ સ્પષ્ટ રીતે સિધ્ધ થાય છે. કે ભારતીય મુસલમાનોના ૯૦, ટકા એ જ નહીં પણ ૯૯, ટકાના મુસલમાનોએ એ (ઇસ્લામ) ધર્મ સ્વીકાર્યો, તેના મૂળ માં તે સમયના અસંખ્ય મુસલમાન ફકીરો, પીરો અને દરવેશોનું ઉચ્ચ ચારિત્ર્ય તેમજ ઇસ્લામ માં રહેલી સામાજિક તથા બીજી વિશિષ્ટતાઓ હતી."**

(હવાલો :- **"ભારતમાં અંગ્રેજી રાજ્ય"** લેખક :- પંડિત સુંદરલાલ, ગુજરાતી અનુવાદક :- ભાસ્કર રાવ વિદ્રાંસ, પ્રકાશકઃ- ચતુર્ભુજ વિઠલદાસ જસાણી (MLA) ગોંદિયા (સી.પી.), પ્રકાશન વર્ષ :- નવેમ્બર-૧૯૩૮, **પુસ્તક પહેલું, પેઈજ નં. ૬૧**)

ભારત માં ઇસ્લામ ધર્મ નું આગમન, પ્રચાર, પ્રસાર, સ્વીકાર, આવકાર, સહકાર, આદર, અંગિકાર વિગેરેની ચર્ચા અહીં સ્થગિત કરીને ભારત માં મુસ્લિમોના રાજકીય શાસન ની સ્થાપના અંગેની ચર્ચાનો આરંભ કરીએં.

# "ભારત માં મુસ્લિમ રાજકીય શાસન ની સ્થાપના"

ભારત ઉપર અનેક વિદેશી લોકોના આક્રમણો થયા છે. તે આક્રમણો કરનારાઓ માં ◈ **મુસ્લિમો** ◈ **પોર્ટુગીઝો** ◈ **હોલેન્ડ ના ડચો** મુખ્યત્વે છે. અન્ય લોકોને બાકાત રાખીને સંક્ષિપ્ત માં તેવા આક્રમણકારો નો ઉલ્લેખ કરશું જેમનો સબંધ મુસ્લિમ સમુદાય અને ઇસ્લામ ધર્મ સાથે હતો.

અહીં એક મહત્વની બાબત નો ઉલ્લેખ અત્યંત આવશ્યક બલ્કે અનિવાર્ય છે, કે અગાઉ ભારત ઉપર હુમલો કરનારા મુસ્લિમ આક્રમણકારો એ હુમલા કરેલા તેમાંના અનેક મુસ્લિમો ભારત માં જ વસી ગયા અને પોતે પણ ભારતીય બની જઈને ભારતીય નાગરિક તરીકે ભારત માં જ કાયમી ધોરણે ઠરી-ઠામ થઈને સ્થાયી થઈ ગયા.

ભારત માં મુસ્લિમ રાજ સત્તા સ્થાપિત થઈ તે અગાઊ લાખો ભારતવાસીઓ ઇસ્લામ ધર્મનો અંગીકાર કરી ચુક્યા હતા અને તેઓના મન માં ઇસ્લામ પ્રત્યે જે આદર ઉત્પન્ન થયો હતો, તેના કારણે આ આંગતુક મુસ્લિમ આક્રમકો ને ભારત માં સ્થાયી બની વસવા માં અને હળી-મળી જવામાં ઘણી સરળતા થઈ. ફક્ત એક જ પેઢી માં જ આ બધા મુસ્લિમ આક્રમકો સંપૂર્ણપણે ભારતવાસી બની ગયા. સ્થાનિક દેશવાસીઓના હિત અને સુખમાં જ પોતાનું હિત અને સુખ છે, તેનું અનુશીલન ભાન તેઓને થવા લાગ્યું.



www.markazahlesunnat.in



એવા અનેક ઉદાહરણો મળે છે, કે બહારથી હુમલો કરવા આવતા મુસ્લિમ આક્રમકો નો ભારત માં સ્થાયી થએલા મુસ્લિમોએ વીરતા પૂર્વક મુકાબલો કર્યો છે અથવા ભારત ની સીમાઓની બહાર આવેલા મુસ્લિમ પ્રદેશો ઉપર વિજય મેળવીને તેને ભારતીય સામ્રાજ્ય ના ભાગ તરીકે ઉમેરી દીધા છે અને ક્યારેક તેવા ઉમેરાએલા પ્રદેશોના શાસકો તરીકે હિંદુ રાજાઓને નીમી દીધા છે.

## ▣ સુલ્તાન મહેમૂદ ગઝનવી :-

મુહમ્મદ બિન કાસિમે સિંધ ઉપર હુમલો કર્યા પછી ત્રણસો (૩૦૦) વર્ષ બાદ ગઝનવી હુમલાઓ નો કાળ આવ્યો. **બોખારા** ના સુલતાન ના ગુલામ **અલપ્તગીને** પોતાના માલિકના અવસાન બાદ **ગીઝની** નો પ્રદેશ જીતી લઈ, ત્યાં પોતાની સ્વતંત્ર ગાદી સ્થાપી. ઇ.સ. ૯૭૭ માં તેના અવસાન બાદ તેનો જમાઈ **સબકતગીને** શાસન ની ધૂરા સંભાળેલી. સબકતગીન ઈ.સ. ૯૭૭ માં અવસાન પામ્યા બાદ તેનો પુત્ર મુહમ્મદ ગાદી ઊપર બેઠો. જે **સુલતાન મેહમૂદ ગઝનવી** ના નામે પ્રખ્યાત થયો.

સુલતાન મેહમૂદ ગઝનવીએ ભારત ઉપર કુલ સત્તર (૧૭) ચઢાઈઓ કરી. પહેલી ચઢાઈ ઈ.સ. ૧૦૦૧ માં **લાહોર** ના શાસક રાજા **જયપાળ** ઉપર કરી તેને યુધ્ધ માં પરાજય આપ્યો.

સુલતાન મેહમૂદ ગઝનવી ની સેના માં હજારો હિંદુ સૈનિકો હતા. **તિલક** નામ નો હિંદુ કમાન્ડર તેના લશ્કર નો સેનાપતિ હતો. છેલ્લી એટલે કે સત્તરમી (૧૭) ચઢાઈ હાલના સૌરાષ્ટ્ર અને તે સમયના કાઠિયાવાડ ની દક્ષિણે આવેલા **પ્રભાસ પાટણ** ખાતે **"સોમનાથ મહાદેવ"** નામ ના દેવળ ઉપર ઈ.સ. ૧૦૨૪ માં કરેલી.

ગુજરાત ના **રાજા ભીમદેવ,** મંદિર ના પુજારીઓ અને જાત્રાળુઓએ જોરદાર ટક્કર લીધી. ત્રણ (૩) દિવસ સુધી ઘમસાણ ના યુધ્ધના અંતે તેઓ પરાજિત થયા. સુલતાને દેવળ માં પ્રવેશી ને મહાદેવ નું મોટું લિંગ ખંડિત કરવાની તૈયારી કરી. તે વખતે બ્રાહ્મણો એ તેમ ન કરવા બદલ પાંચ કરોડ રૂપિયા (રૂા. ૫,૦૦,૦૦,૦૦૦/-)ની ઓફર કરેલી. જેનો સુલતાને અસ્વીકાર કરીને મૂર્તિ ખંડિત કરી. મૂર્તિ માં થી સોનું, ચાંદી, ઝવેરાત, આભૂષણો મળીને કુલ **આઠ કરોડ રૂપિયા** નો માલ નિકળ્યો. જેને લઈ સિંધના રણના માર્ગે સ્વદેશ પાછો ફર્યો. ઈ.સ. ૧૦૩૦ માં સુલતાન નો ઇન્તેકાલ થયો.

સુલતાનના ઉપરોક્ત આક્રમણ નો ભારત ની પ્રજા ઉપર કોઈ પ્રકાર નો સ્થાયી પ્રભાવ ન પડયો, એક ધનલોલુપ આક્રમણ કરતાં વધુ મહત્વ તે સમય ની પ્રજા એ ગણ્યો નહીં અને ઇતિહાસકારો ના અભિપ્રાય મુજબ ભારત ઉપર તેની અસર ક્ષણભંગૂર હતી.

## ▣ શહાબુદ્દીન ઘોરીના આક્રમણો :-

શહાબુદ્દીન ઘોરીએ પણ ભારત ઉપર કુલ નવ (૯) આક્રમણો કરેલા. આ આક્રમણો સુલતાન મુહમ્મદ ગઝનવીના આક્રમણોની પૂર્ણાહૂતિ પછી એક સો (૧૦૦) થી પણ વધુ વર્ષો પછી થયા. ઈ.સ. ૧૧૭૬ માં પંજાબ ઉપર ચઢાઈ કરીને **મીટનકોટ** નજીક નું એક શહેર જીતી લીધું. છેલ્લી અને નવમી (૯) ચઢાઈ **કનોજ** ઉપર કરીને ત્યાંના રાજા **જયચંદ્ર** નો વધ કર્યો. ત્યાર બાદ ઈ.સ. ૧૧૯૫ માં શહાબુદ્દીન ના સુબેદાર **સરદાર કુત્બુદ્દીને** "ગુજરાત" જીત્યું. શહાબુદ્દીન ના બીજા સુબેદાર **બખ્તિયાર ખીલજી**



www.markazahlesunnat.in



એ ઈ.સ. ૧૧૯૯ માં **બિહાર** અને **અયોધ્યા** જીત્યું અને ત્યાર બાદ બંગાળ ના રાજા **લક્ષ્મણસેન** ઉપર ઈ.સ. ૧૨૦૩ માં છાપો મારી, તેને નસાડી બંગાળ માં મુસ્લિમ સામ્રાજ્ય ની સ્થાપના કરી. ભારતથી સ્વદેશ અફઘાનિસ્તાન પરત ફરતી વખતે પંજાબ ની **ગક્કર** જાતિના એક શખ્સે માર્ગ માં તેને આંતરીને મોતને ઘાટ ઉતાર્યો. ઈ.સ. ૧૨૦૬ માં.

## ▣ ભારત ઉપર સાડા છસ્સો (૬૫૦) વર્ષો સુધીના ઇસ્લામી શાસન ની સંક્ષિપ્ત વિગત :-

શહાબુદ્દીન ઘોરી પછી તેનો સુબેદાર **કુત્બુદ્દીન ઐબક** દિલ્હી ની ગાદીએ આરૂઢ થયો. કુત્બુદ્દીન મૂળ સ્વરૂપે ગુલામ હતો, જેથી તેના વંશજો ને **ગુલામવંશી** કહેવામાં આવે છે. કુત્બુદ્દીન આ વંશ નો પહેલો બાદશાહ હતો. દિલ્હી માં તેણે **'કુતુબ મીનાર'** નામે એક મોટો અને ઊંચો મિનારો ચણાવવો શરૂ કર્યો પણ મિનારા નું કામ પુરૂં થાય તે પહેલાં. ઈ.સ. ૧૨૧૦ માં અવસાન પામ્યો. મિનાર નું અધૂરૂં કામ તેના ઉત્તરાધિ અને જમાઈ **અલ્તમશે** પુરૂં કરાવ્યું. ત્યાર બાદ, ક્રમાનૂસાર અને વંશ પરંપરાગત એક પછી એક ગુલામ વંશ ના શાસકો સત્તારૂઢ થતા ગયા અને છેવટે ઈ.સ. ૧૨૯૦ માં અંતિમ ગુલામ બાદશાહ કૈકોબાદ ના મૃત્યુ થી આ વંશ પૂરો થયો.

## ▣ પરંપરાગત મુસ્લિમ શાસન :-

ઇ.સ. ૧૨૦૬ થી ઇ.સ. ૧૮૫૮ સુધી એટલે કે **૬૫૨ વર્ષ** (છસ્સો બાવન) વર્ષો સુધી મુસ્લિમો એ ભારત ઉપર શાસન કર્યું છે. જેની જાણકારી ફક્ત **"એક નઝર મેં"** માટે નીચે ના કોષ્ટક ને જુઓ :-

| નં. | શાસક વંશ | ક્યાં થી | ક્યાં સુધી | શાહકો ના નામો |
|---|---|---|---|---|
| ૧ | **ગુલામ વંશ**<br>શાસન સમય :-<br>૮૪ વર્ષ | ઇ.સ. ૧૨૦૬ | ઇ.સ. ૧૨૯૦ | ① કુત્બુદ્દીન<br>② અલ્તમશ<br>③ રઝિયા સુલ્તાના<br>④ અલાઉદ્દીન<br>⑤ ગ્યાસુદ્દીન<br>⑥ આરામ<br>⑦ ફકરૂદ્દીન<br>⑧ મજાઉદ્દીન<br>⑨ નાસીરૂદ્દીન<br>⑩ કૈકોબાદ |
| ૨ | **ખિલજી વંશ**<br>શાસન સમય :-<br>૩૦ વર્ષ | ઇ.સ. ૧૨૯૦ | ઇ.સ. ૧૩૨૦ | ① જલાલુદ્દીન<br>② અલાઉદ્દીન<br>③ ઉમર<br>④ મુબારક<br>⑤ ખુશરૂ |
| ૩ | **તઘલખ વંશ**<br>શાસન સમય :-<br>૯૪ વર્ષ | ઇ.સ. ૧૩૨૦ | ઇ.સ. ૧૪૧૪ | ① ગયાસુદ્દીન<br>② ફિરોઝુદ્દીન<br>③ અબુબકર<br>④ મુહમ્મદ (બીજો)<br>⑤ સરદાર દોલત ખાં<br>⑥ મુહમ્મદ તઘલખ<br>⑦ ગ્યાસુદ્દીન<br>⑧ નાસિરૂદ્દીન |
| ૪ | **સૈયદ પઠાણ વંશ**<br>શાસન સમય :-<br>૩૬ વર્ષ | ઇ.સ. ૧૪૧૪ | ઇ.સ. ૧૪૫૦ | ① ખીજર ખાં<br>② મુબારક<br>③ મુહમ્મદ<br>④ અલાઉદ્દીન |
| ૫ | **લોધી વંશ**<br>શાસન સમય :-<br>૭૬ વર્ષ | ઇ.સ. ૧૪૫૦ | ઇ.સ. ૧૫૨૬ | ① બેહલોલ ખાં લોદી<br>② સિકંદર લોદી<br>③ ઇબ્રાહીમ લોદી |
| ૬ | **મોગલ વંશ**<br>શાસન સમય :-<br>૩૩૨ વર્ષ | ઇ.સ. ૧૫૨૬ | ઇ.સ. ૧૮૫૮ | ① બાબર<br>② હુમાયું<br>③ અકબર<br>④ જહાંગીર<br>⑤ શાહજહાં<br>⑥ ઓરંગઝૈબ<br>⑦ બહાદૂરશાહ (પહેલો)<br>⑧ જહાંદાર શાહ<br>⑨ ફર્રૂખસિયાર<br>⑩ મહમ્મદશાહ<br>⑪ અહમદશાહ<br>⑫ ઓરંગઝૈબ<br>⑬ શાહઆલમ<br>⑭ અકબર (બીજો)<br>⑮ બહાદૂરશાહ ઝફર |

**નોટ :-** ઉપરોક્ત કોષ્ટક ના હિસાબે ભારત ઉપર ઇ.સ.૧૨૦૬ થી ઇ.સ.૧૮૫૮ એટલે કે **કુલ : ૬૫૨ વર્ષ** સુધી મુસ્લિમ શાસકો એ રાજ કરેલું અને પ્રજા સુખી અને સલામત હતી.



www.markazahlesunnat.in



ઉપરોક્ત વંશો નં.૧ થી નં.૬ માં થી આપણે ફક્ત નં.૬ એટલે કે મોગલવંશ ના સમયકાળ ની ભારત ની રાજકીય પરિસ્થિતિ અંગે જ હવે ચર્ચા કરશું. કેમકે મોગલ શાસન નો સમય ત્રણસો (૩૦૦) વર્ષો થી વધુ છે અને તે સમય દરમિયાન જ અંગ્રેજો નું ભારત માં આગમન થયું છે અને ત્યારબાદ આરંભ થયો ભારત માં રાજકીય, સામાજિક, વાણિજ્ય, ધાર્મિક અને શાસકીય ઉથલ પાથલ નો દૌર અને ભારત ની નિર્દોષ અને ભોળી પ્રજા ઉપર અંગ્રેજો ના ઝુલ્મો-સિતમ નો લોહીયાળ યુગ. જેનું વર્ણન લખતાં કલમ ધ્રુજશે અને વાંચતી વખતે વાંચક મિત્રો ની આંખો થી અશ્રુઓ ની ધારા વહેશે. ઉપરાંત, પ્યારા માદરે વતન સાથે ગદ્દારી કરનારાઓ પ્રત્યે નફરત, લઅનત, ધૃણા, તિરસ્કાર અને ફિટકાર ની લાગણી ના ધગધગતા વિધાનો અને ઉદગારો ની વણથંભી વણઝાર પણ મુખે થી કતારબંધ નિકળશે.

## અંગ્રેજોના ભારત આગમન વખતે
## “ભારતની આર્થિક સધ્ધરતા અને ઇંગ્લાંડ ની આર્થિક કંગાળતા”

સોળમી અને સત્તરમી સદીના ઇંગ્લાંડ ની આર્થિક અને સામાજિક અવ્યવસ્થતા નું વર્ણન પ્રસિધ્ધ ઇતિહારકાર મિસ્ટર **ડ્રેપર જોહન વિલિયમ** (Johan William Draper) પોતાના આધારભૂત અંગ્રેજી પુસ્તક “The Intellectual Development of Europe ” વોલ્યુમ નં.૧૧, પેઈજ નં. **૨૩૦** થી **૨૪૪** એટલે કે કુલ ચૌદ (૧૪) ફુલ સાઇઝ ના પેઈજ માં કર્યો છે. જેના અમુક અંશો અને સારાંશ સંક્ષિપ્ત માં રજૂ છે :-

● ખેડૂતો ની ઝુંપડીઓ બરૂની કે લાકડીઓની બનેલ હતી, તેના ઉપર ગાળો લીપવામાં આવતો. ● અંગ્રેજ ખેડૂત ના ઘર માં જે પ્રકારની ચીજો હતી અને તે જે રીતે જીવન વ્યતીત કરતો હતો, તેના ઉપરથી એવું લાગતું કે નદી કિનારે જે રીતે જંગલી બિલાડી (Beaver) રહે છે, તેની અને આ ખેડૂત ની અવસ્થા માં વધારે ફરક નહોતો. ● સડકો ઉપર ડાકૂઓ ફરતા હતા અને નદીઓ ઉપર ચાંચિયા હતા. ● સમસ્ત અંગ્રેજ જાતિ એટલી અશિક્ષિત હતી કે પાર્લામેન્ટ ના ઘણા લોર્ડ મેમ્બરો ને લખતાં-વાંચતા પણ નહોતું આવડતું. ● એટલી ભયંકર હદે દુરાચાર ફેલાએલો હતો કે ઇંગ્લાંડ માં એક લાખ સ્ત્રીઓ એવી હતી, કે જેને પાદરીઓ એ ભ્રષ્ટ કરી હતી અને જાહેર માં કહેવા માં કોઈ લજ્જા કે શરમ ન અનુભવવા માં આવતી કે તે બધી સ્ત્રીઓ સાથે પાદરીઓ એ વ્યભિચાર કરેલા. ● સત્તરમી સદીનાં અંત માં **લંડન** શહેર ગંદુ હતું. મકાનો માં કોઈ સગવડ કે વ્યવસ્થા ન હતી. સ્વચ્છતા નો કોઈ પ્રબંધ ન હતો. ● દરેક જગ્યાએ જંગલી જાનવરો ફરતા હતા. ● લંડન શહેર માં મોટા ભાગના મકાનો લાકડાના અથવા તો પ્લાસ્ટરના હતાં ● ગલીઓ એટલી બધી ગંદી હતી કે જેનું વર્ણન કરવું મુશ્કેલ છે. ● રાત પડતાં ડરના માર્યા કોઈ ઘરની બહાર નિકળતા નહીં ● લંડન ની ગલીઓ માં સ્ટ્રીટ લાઈટ નું નામો-નિશાન નહોતું. ● અઢારમી સદીની શરૂઆત સુધી ઇંગ્લાંડ ના સામાન્ય લોકો ભયંકર ગરીબાઈ માં ડુબેલા હતા ● મોટા જમીનદારો અને રાજાઓ ને બાદ કરતાં નેવું (૯૦) ટકા ઇંગ્લાંડ ના લોકોની અવસ્થા અનેક બાબતો માં ગુલામો કરતાં વિશેષ સારી ન હતી.

તેનાથી ઉલ્ટું તે સમયે ભારત ની જાહોજલાલી અને આશ્ચર્યજનક કલા-કૌશલ્ય સમસ્ત વિશ્વને ચકિત કરતાં હતાં.



www.markazahlesunnat.in

www.markazahlesunnat.in

❖ડઝનબંધ શહેરો ભવ્ય, સુંદર અને પાકા બાંધકામ વાળી ઇમારતો થી સુશોભિત હતા. ❖ શહેરો માં લોકોની વસ્તી સારા પ્રમાણ માં દષ્ટિગોચર થતી હતી. ❖ મોગલ સંસ્કૃતિના અજોડ અને સુંદર માં સુંદર નમૂના રૂપે બાંધવામાં આવેલા દિલ્હીના તથા આગ્રા ના ભવ્ય લાલ કિલ્લાઓ બંધાઈ ચૂક્યા હતા. ❖ વિશ્વની એક અજાયબી રૂપે બાંધવામાં આવેલો તાજમહાલ સમગ્ર વિશ્વના સહેલાણીઓ ના આકર્ષણ નું કેન્દ્ર બની પ્રસિધ્ધી પામી ચુકેલો. ❖ કાશ્મીર થી કન્યાકુમારી તથા કાઠીયાવાડ થી કલકત્તા સુધીના સમગ્ર ભારત નાં દરેક શાસનકાળ માં પ્રજાના અલૌકિક સુખ અને સમૃધ્ધિના સાધનો ઉપલબ્ધ હતાં. ❖ કાયદો અને વ્યવસ્થા પ્રશંસનીય હતા ❖ ચોરી, લૂંટફાટ, ધાડ, હત્યા કે અન્ય અપરાધો નું પ્રમાણ ઘણું ઓછું હતું. ❖ આર્થિક સમૃધ્ધિ, ધન-દૌલત ની ઉપલબ્ધી, સુખ-સાહેબી થી સંપન્ન રહેણી-કરણી જ લોકોની શ્રીમંતાઈ ની છડી પોકારતી હતી. ❖ ધંધા રોજગાર તથા આવક ના સાધનો સહેલાઈ, સરળતા અને વ્યાપક રીતે પ્રાપ્ય હતા. ❖ ખેડૂતો સુખી, સમૃધ્ધ અને માલેતુજ્જાર હતા. ❖ સુખી અને શાંતિમય જીવન લોકો જીવતા હતા અને પોતાની, પરિવાર ની અને સંપત્તિ ની સુરક્ષા નો અહેસાસ કરતા હતા.

ટૂંક માં તે સમયે ભારત ની સરખામણી માં ઇંગ્લાંડ આર્થિક, સામાજિક અને સુરક્ષા ના મૂલ્યો ની ઉપલબ્ધિતી ના ક્ષેત્રે ઘણું પછાત અને કંગાળ હતું. દારૂણ ગરીબી અને ભુખમરા ના કષ્ટ થી છુટકારો મેળવવા માટે સમૃધ્ધિ ની લાલસા અને ધન પ્રાપ્તિ ની લાલચ માં હવાંતિયા મારતા હતા. કંઈક કમાઈ લેવા અને મેળવી લેવાની હોડ માં આંધળી દોટ મુકતા હતા. ગમે ત્યાં જવા અને ગમે તે કરી છુટવા અધિરા બન્યા હતા. ધન-દૌલત અને સંપત્તિ પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા માં વલખા મારતા હતા. નીતિ અને સદાચાર

ના મૂલ્યો તથા નિયમો ને અભેરાઈએ ચડાવી ને દરિદ્રતા ની સાંકડી અને બંધિયાર કોટડી થી છુટકારો મેળવી સમૃધ્ધિ ભર્યું જીવન જીવવા માટે વલખાં મારતા હતા. આર્થિક સુખ થી સંપન્ન જીવન શૈલીની જિજીવિષા માં બેબાકળા અને રઘવાયા બન્યા હતા અને નસીબજોગે તેઓને **"સોને કી ચિડીયા"** સમાન સમૃધ્ધ દેશ ભારત માં પગપેસારો કરવાનો અવસર પ્રાપ્ત થઈ ગયો અને જે કંઈ પણ બન્યું તેની વિગતવાર માહિતી હવે પછીના પૃષ્ઠો માં પ્રદાન કરવામાં આવશે.

## "ભારતમાં વેપાર-ધંધો કરવાની અંગ્રેજોની તાલાવેલી"

અંગ્રેજો ના આગમન પહેલાં પોર્ટુગીઝ લોકો ભારત માં વેપાર ધંધા માટે આવેલા. ભારત ના ધન-વૈભવ ની માહિતી વિશ્વના અનેક દેશોને પ્રાપ્ત થએલી. પણ ભારત ક્યાં આવેલું છે ? ભારત સુધી પહોંચવાનો કયો માર્ગ છે ? એ બધી હકીકત થી તેઓ સંપૂર્ણ અજાણ હતા. અલબત્ત, ભારત નામ ના દેશ ને શોધી કાઢવા સૌ અથાગ પ્રયત્નો કરતા હતા.

ભારત આવવાનો સમુદ્રી જળમાર્ગ શોધવામાં સૌથી પહેલી સફળતા પોર્ટુગલ ના રહેવાશી **વાસ્કો-ડી-ગામા** ને મળી. વાસ્કો-ડી-ગામા નું જહાજ આફ્રિકા ની દક્ષિણે આવેલા **"કૈપ-ઓફ-ગુડ-હોપ"** નામનાં સ્થળ ફરતું ચક્કર લગાવી, હિંદી મહાસાગર માં થઈને **તા. ૨૨, મે-૧૪૯૮** ના દિવસે ભારત ની પશ્ચિમે આવેલા મલબાર (કેરાળા) ના કિનારે કાલીકટ બંદરે પહોંચ્યું. તે સમય ના કાલીકટ ના હિન્દુ રાજા ઝામોરીને પોર્ટુગીઝ લોકોને પ્રેમપૂર્વક



www.markazahlesunnat.in



આવકાર્યા અને ભારત માં રહેવાની અને વેપાર-ધંધો કરવાની પરવાનગી આપી. ખૈર ! પોર્ટુગીઝોએ ભારત માં સ્થાયી થઈને બિઝનેસ કર્યો, રાજનિતી માં ચાંચ ડુબાડવાના પ્રયત્નો કર્યા, અન્ય યોગ્ય કે અયોગ્ય પ્રવૃત્તિઓ આચરી, તે બધી બાબતો ની અહીં ચર્ચા નથી કરવી.

પોર્ટુગીઝ લોકોએ ભારત માં વેપાર ધંધો કરીને અઢળક કમાણી કરી, સોના-ચાંદી ના સિક્કાઓ ના કોથળા ભરી ભરી ને ભારત માં કરેલી કમાણી પોતાના વતન માં મોકલતા રહ્યા. આ રીતે સોળમી સદીની શરૂઆત માં પોર્ટુગીઝો નો વેપાર ખૂબ વધી ગયો.

### ▣ અંગ્રેજો દ્વારા લૂંટફાટ અને ભારત નો માર્ગ જડ્યો :-

ભારત સાથે નો વેપાર ખૂબ જ વધવાના કારણે પોર્ટુગીઝ ના **લિસ્બન બંદર** નું મહત્વ તેમજ વૈભવ દિવસે દિવસે અતિ ઝડપ થી વધતા જતા હતાં, જેથી અંગ્રેજો ઈર્ષ્યા ની આગ માં સળગવા લાગ્યા. તે સમયે ઇંગ્લાંડ નું **બ્રિસ્ટલ બંદર** આગળ પડતું હતું પણ પોર્ટુગલ ના લિસ્બન બંદર ની સરખામણી માં ત્યાં **કાગડા ઉડતા હતા.** ઈરોપિયન (અંગ્રેજ) પ્રજાએ વેપાર ની મંદી ની કડકાઈ ની આર્થિક ભીંસ ભાંગવાના વિકલ્પ સ્વરૂપે બીજી પ્રજા ના માલ થી ભરેલા વહાણો પકડીને લૂંટી લેવાનો ધંધો આરંભી દીધો અને આવી ચાંચિયાગિરી ને તેઓ યોગ્ય અને ન્યાયિક સમજતા હતા. તદુપરાંત તેઓ ભારત અને એશિયાઈ સમુદ્રો માં પણ આ પ્રકારે લૂંટફાંટ ચલાવતા હતાં. બ્રિસ્ટલ બંદર (ઇંગ્લાંડ)ના નાવિકો કુઃખ્યાત ચાંચિયાઓ તરીકે ખૂબ જ બદનામ હતા.

જો કે ભારત નો જળમાર્ગ શોધવાના પ્રયત્નો તો છેલ્લા પચાસ વર્ષથી તેઓ કરી રહ્યા હતા. ઇંગ્લાંડ ના મોટા નાવિકો એ

ઉત્તર-પશ્ચિમ માં થી પસાર થઈને ભારત પહોંચવાના અનેક નિષ્ફળ પ્રયત્નો કરેલા. બ્રિસ્ટલ બંદર ના એક વેપારીએ પોર્ટુગલ ના સત્તાધીશ **હેનરી આઠમા** ને ભારત નો જળમાર્ગ શોધી કાઢવાની સલાહ આપેલી.

ઈ.સ. ૧૫૭૮ માં ઇંગ્લાંડ નાં એક નાવિક **સર ફ્રાંસિસ ડ્રેકે** ભારત થી લિસ્બન (પોર્ટુગલ) જતા એક વહાણ ને લુંટ્યું અને આ લૂંટ માં તેને **ભારત પહોંચવાના નકશા હાથ લાગ્યા.**

## ▣ ભારત માં પહેલો અંગ્રેજ :-

નકશા મળ્યા પછી ત્રીસ (૩૦) વર્ષે **ઈ.સ. ૧૬૦૮** માં પહેલું અંગ્રેજ વહાણ ભારત પહોંચ્યું. આ વહાણ નું નામ **'હેક્ટર'** હતું. આ વહાણ ભારતીય વેપાર ના મોટા મથક **સૂરત** (ગુજરાત) આવીને નાંગર્યું. ભારત ની ધરતી ઉપર પગ મુકનાર પ્રથમ અંગ્રેજ નું નામ **હોકિન્સ** હતું. જે હેક્ટર વહાણ નો કપ્તાન (ટંડેલ) હતો. હોકિન્સ પોતાની સાથે ઇંગ્લેન્ડ ના કીંગ (રાજા) **જેમ્સ પહેલો** દ્વારા દિલ્હી ના મોગલ બાદશાહ ને સંબોધી ને લખવામાં આવેલો પત્ર લાવ્યો હતો. આ ભલામણ પત્ર તેણે **આગ્રા** જઈને મોગલ બાદશાહ **જહાંગીર** ને આપ્યો. પત્ર આપતી વખતે હોકિન્સ મોગલ બાદશાહ જહાંગીર ને ઘૂંટણીએ પડીને જમીન ને ચૂમી રહ્યો હતો.

મોગલ બાદશાહ જહાંગીર નો શાસન કાળ **ઈ.સ. ૧૬૦૫** થી **ઈ.સ. ૧૬૨૭** સુધી છે.

ઈ.સ. ૧૬૧૩ ના ફેબ્રુઆરી માસ ની છઠ્ઠી (૬) તારીખે જહાંગીરે **'શાહી ફરમાન'** દ્વારા વેપાર કરવા માટે અંગ્રેજો ને **સૂરત** માં કોઠી સ્થાપવાની પરવાનગી આપી. ઉપરાંત **કાલીકટ** અને **મછલી પટ્ટમ** માં કોઠી સ્થાપવાની પરવાનગી અંગ્રેજો ને **ઈ.સ. ૧૬૧૬** માં આપવામાં આવી.



www.markazahlesunnat.in



સૂરત, કાલીકટ અને મછલી પટ્ટમ એ ત્રણ (૩) સ્થળોએ કોઠી સ્થપાઈ ગયા બાદ અંગ્રેજો ભારત માં ઠરીઠામ થઈને વેપાર ધંધા ની વ્યવસાયિક પ્રવૃત્તિ માં લીન થઈ ગયા.

**"વેપાર ક્ષેત્રે ભારત પ્રગતિ ના સોપાનો સર કરવાની સ્થિતી માં અને ઇંગ્લાંડ નો વેપાર કંગાળતા ના ખપ્પર માં હોમાએલો."**

તે દિવસો માં ઇગ્લેન્ડ ના વેપાર કરતાં ભારત નો વેપાર હજાર ગણો સમૃધ્ધ અને વિસ્તૃત હતો. તેમ છતાં પણ વેપાર ને જીવન ના મૂલ્યો માં એટલું બધું મહત્વ નહોતું આપવામાં આવતું. ભારત ની પ્રજા ધર્મ ના ઉચ્ચ સિધ્ધાંતો, નિયમો અને આદેશો ના નિઃસ્વાર્થ પાલન ને જ અગ્રતા આપતા હતા. વેપાર-ધંધા માં અતિ વ્યસ્ત હોવા છતાં માનવતા ના મૂલ્યો, પ્રમાણિકતા, નિતી, પાપ રહિત વહેવાર તથા છળ, કપટ અને વહીવટ માં વિશ્વાસઘાત તથા છેતરપિંડી જેવા દૂષણો થી દૂર રહીને શુધ્ધ અને સ્વચ્છ કાર્ય પધ્ધતિ ના આગ્રહી હતા. અને :-

**"પૈસા બહોત કુછ હૈ, લૈકિન સબ કુછ નહીં."**

એ નિયમ ને ચુસ્ત પણે વળગી રહીને વેપાર દ્વારા ધન પ્રાપ્તિ ની પ્રવૃત્તિ ને ભારતના વેપારીઓ મામૂલી અને ગૌણ કાર્ય સમજતા હતા. તેમ છતાં પણ પવિત્ર નિતી ના સુખદ અને મીઠા ફળ સ્વરૂપે તેઓને હંમેશા પૈસાની રેલમ-છેલમ રહેતી. માલ ની ગુણવત્તા, વ્યાજબી અને પોસાય તેવો ભાવ, કોઈ જાતના ભેળસેળ વગર ની શુધ્ધ ક્વોલિટી તથા ક્ષતિ રહિત ઉત્પાદન ના કારણે ભારત માં ઉત્પાદિત માલ ની આંતરરાષ્ટ્રીય સ્તરે અત્યંત માંગ રહેતી. એક હવાલો રજૂ છેઃ-

**"ઇંગ્લિસ્તાન મેં જો રેશમી કપડા ફ્રાન્સ ઔર ઇટલી સે દરઆમદ** (આયાત) **હોતા થા, વો બિલ્કુલ બંધ હો ગયા હૈ. ઇસ લિયે કે બંગાલ કા રેશમી કપડા ફ્રાન્સ ઔર ઇટલી કે કપડોં સે આધી કીમત પર પહોંચ જાતા હૈ ઔર દોનોં સે બહેતર** (ઉત્તમ) **હૈ."**

હવાલો :- કિતાબ **"ઈ.સ. ૧૮૫૭"**, લેખક : મુહમ્મદ શફી મિયાં, ડેપ્યુટી કમિશનર, પ્રકાશક :- અશરફ પ્રેસ - લાહોર (પાકિસ્તાન), આવૃત્તિ :- પહેલી, પ્રકાશન વર્ષ :- ઈ.સ. ૧૯૫૭, **પેઈજ નં. ૧૦૧**

અંગ્રેજી થી ઉર્દૂ ભાષા માં અનુવાદિત થએલા ઉપરોક્ત શબ્દો ઇંગ્લેન્ડ ના અર્થ શાસ્ત્રી **મિસ્ટર શેલ્ડન** ના છે. જેના થી અંદાજો આવી જશે કે ભારતીય બનાવટ નું રેશમી કાપડ ઇન્ટરનેશનલ માર્કેટમાં ભાવ અને ક્વૉલિટી ના મામલા માં ફ્રાન્સ અને ઇટાલી ના રેશમી કાપડ ને હરિફાઈ માં ટક્કર લઈને માત આપી મરણતોલ ફટકો મારે છે.

ફક્ત ભારત નું રેશ્મી કાપડ જ નહીં, બલ્કે ભારતીય બનાવટ નું સુતરાઉ કાપડ અને તેમાંય બંગાળ ના **ઢાકા નું મલમલ** એક હૈરત પમાડનાર કારીગરી ના ઉત્તમ દ્રષ્ટાંત સ્વરૂપે એટલું બધું પ્રખ્યાત થએલું કે તેને ખરીદવા લોકો પડાપડી કરતા હતા. ઢાકા ના મલમલ વિષે એવું કહેવાતું કે કાપડ નો આખો તાકો બન્ને હાથ ની મુઠ્ઠી ની અંદર સમાઈ જાય એટલો બધો નરમ, મુલાયમ અને કોમળ હતો. ભારત ના સુતરાઈ કાપડ ના બારા માં ઉપરોક્ત અર્થ શાસ્ત્રી **મિસ્ટર શેલ્ડન** સદર પુસ્તક ના સદર પાના ઉપર જ આગળ લખે છે કે.



www.markazahlesunnat.in



**"હિન્દુસ્તાન કી જિસ ચીઝ ને સબ સે ઝ્યાદા તબાહી મચાઈ હુઈ હૈ, વો સૂતી કપડા હૈ, હમારા** (બરતાનવી) **ઊની કપડા ઉસકે સામને બે-કદર હો ગયા હૈ."**

## ▣ ભારત અને ઇંગ્લેન્ડ ના વેપારીઓ માં તફાવતઃ-

અંગ્રેજ કોમ મૂળ સ્વરૂપે વેપારી હતી. ઇંગ્લેન્ડ ના મોટા મોટા અમીર ઉમરાવો વેપારી પેઢીઓ માં રોકાણ કરીને કમાઈ લેવાની વૃત્તિ ધરાવતા હતા. વેપાર કેવો છે ? યોગ્ય છે કે અયોગ્ય? ધર્મ અને સમાજ ની દ્રષ્ટિએ સંસ્કારી છે, કે નહીં ? માનવતા ના મૂલ્યો ને અનુરૂપ છે, કે નહીં ? એ બધી બાબતો અંગ્રેજ વેપારીઓ માટે ગૌણ હતી. તેઓ ફક્ત કમાણી કરવાના દ્રષ્ટિ બિન્દુ થી ગમે તેવા પ્રકાર નો ધંધો કરી લેતા. પોતાના સામાજિક માન-મોભા ને પણ નેવે મુકીને નીચ અને હલ્કી કક્ષા નો ધંધો કરી લેવા માં ક્ષોભ કે શરમ અનુભવતા નહીં. સત્તાધારી લોકો પોતાના રાજકીય હોદ્દા અને અધિકારો નો દુરૂપયોગ કરીને નીચ અને હલ્કા ધંધા માં વગર રોકાણે મફત માં ભાગ પડાવતા હતા. ત્યાં સુધી કે ખૂદ ઇંગ્લેન્ડ ની મહારાણી ગુલામો ના વેપાર જેવા અત્યંત નીચ ધંધા માં મફત નો ભાગ લેતી હતી. જ્યારે ભારત માં કોઈ પણ રાજા, નવાબ કે જમીનદાર કોઈના પણ વેપાર માં કોઈ પણ ભાગ લેતા નહીં. ઉલ્ટાનું કોઈપણ જાતના વળતર ની અપેક્ષા વગર વેપાર ધંધા ને સહકાર આપી પોતાનું યોગદાન આપતા. રાજ દરબાર, ઉચ્ચ અધિકારીઓ અને સત્તાધીશો સાથે સંકળાએલા તથા રાજકારણ માં આગવું સ્થાન ધરાવનારા લોકો કદી પણ અન્ય કોઈ ના ધંધા માં રોકાણ કરી કમાણી કરીલેવી કે અન્ય રીતે મફત માં ભાગ પડાવવાની હલ્કી વૃત્તી નહોતા ધરાવતા. વેપાર-ધંધા માં થી ધન હણી લેવું ભારત માં ગૌણ અને મામૂલી કાર્ય ગણવામાં આવતું

હતું. જ્યારે અંગ્રેજો ધન પ્રાપ્તિ ની લાલસા માં ગમે તે કરી છુટતા. કેમ કે વેપાર ધંધા માં નિતી-અનિતી અને પાપ-પુણ્ય ને અંગ્રેજો ગૌણ સમજતા અને તેના પ્રત્યે લેશમાત્ર લક્ષ આપતા નહીં.

## "સોને કી ચિડિયા ભારત નું અંગ્રેજો દ્વારા નિર્દયપણે શોષણનો આરંભ"

અગાઉ વર્ણન કર્યા મુજબ અંગ્રેજો એ ઈ.સ. ૧૬૧૩ માં સૂરત અને ઈ.સ. ૧૬૧૬ માં કાલીકટ તથા મછલીપટ્ટમ માં કોઠીઓ ની સ્થાપના કરી. ઇંગ્લાન્ડ ના દરિદ્ર, કંગાળ, ભૂખ્યા તરસ્યા, નિર્ધન અંગ્રેજો ભારત માં વેપાર કરવાના આશય થી આવેલા. ઈંગ્લેન્ડ ના ઉજ્જડ વિસ્તારો, કાચા મકાનો, ખરબચડા, અસમતલ અને ખાડા ખડબાવાળા ભંગાર રસ્તાઓ ના ઠેલા અને હડસેલા ખાઈ ખાઈને ખોંખરા થઈ ગએલા અંગ્રેજો ભારત ની હરિયાળી ધરતી ની મહેક થી ડોલી ઉઠ્યા. અહીં ભૌતિક સુખ ની તમામ સગવડો ઉપલબ્ધ હોવાની સાથે અઢળક ધન અને વિપૂલ સંપત્તિ રળી લેવાની ઊજળી તકો જોઈને આનંદ વિભોર બની ગયા. આ ભારત વાસ્તવ માં **"સોને કી ચિડિયા"** છે. સાથે સાથે પ્રજા ભોળી અને ગભરૂ છે. કાવાદાવા અને પ્રપંચોની ઊંડી જાણકારી નથી. ચક્રવ્યૂહ માં સરળતા થી આબાદ ફસાઈ જાય તેવી છે. વેપાર ના નામે ઉઘાડી લૂંટ ચલાવીને બને તેટલું ધન ઘર ભેગું કરવામાં કોઈ અડચણ આવે તેમ નથી. માટે વેપાર-ધંધા નો વ્યાપ સમગ્ર ભારત માં પ્રસારીને ઇંગ્લેન્ડ ની ભૂખ ભાંગવાની ઉજળી તકો સામે આવી છે. આવી તકો ને ઝડપી લઈ વધુ માં વધુ લાભો મેળવી લેવા જોઈએં.



www.markazahlesunnat.in



ઈ.સ. ૧૬૦૦ માં રાણી એલીઝાબેથ ની સંમતિ અને આશિર્વાદ થી સ્થપાયેલી **"ઈસ્ટ ઇન્ડિયા કંપની"** નામ ની વેપારી પેઢી ના નામે અંગ્રેજો એ વેપાર શરૂ કર્યો. વેપાર અતિ ઝડપે બલ્કે વિજળી વેગે ફેલાવ્યો, વિકસાવ્યો, પ્રસાર્યો અને વિસ્તાર્યો, જેમ કેઃ-

- ઈ.સ. ૧૬૧૩ - **સૂરત** માં કોઠી સ્થાપી.
- ઈ.સ. ૧૬૧૬ - **કાલીકટ** અને **મચ્છલીપટ્ટમ** માં કોઠીની સ્થાપના.
- ઈ.સ. ૧૬૨૨ - **આગ્રામ** માં કોઠી નાખી.
- ઈ.સ. ૧૬૩૯ - **મદ્રાસ** - આગ્રામની કોઠીના ઉપરી **ફ્રાન્સિસ ડે** નામ ના અંગ્રેજે **ચંદ્રગિરી** ના રાજા પાસે થી જમીન ખરીદી ત્યાં **ફોર્ટ સેન્ટ જ્યોર્જ** નામે કિલ્લો બાંધીને મદ્રાસ શહેર માં કોઠી સ્થાપી આબાદ કર્યો.
- ઈ.સ. ૧૬૪૦ - **હુગલી** (બંગાળ) માં કોઠી સ્થાપી.
- ઈ.સ. ૧૬૪૨ - **બાલાસોર** (બંગાળ) માં કોઠી સ્થાપી.
- ઈ.સ. ૧૬૮૭ - **મુંબઈ** માં કોઠી નાંખી.
- ઈ.સ. ૧૭૦૦ - **કલકત્તા** - હાલ નું કલકત્તા નું એક પરૂં **સુટાન્ટી** માં જમીન ખરીદી, ત્યાં **ફોર્ટસેન્ટ વિલિયમ** ના નામે કિલ્લો બાંધ્યો. ત્યારબાદ **કાલીઘાટ** અને **ગોવિંદપુર** ગામ ખરીદયા અને ત્યાં કોઠી સ્થાપી. **કાલીઘાટ** નું નામ પાછળ થી **કલકત્તા** પડ્યું.

ઉપરોક્ત સ્થળોએ કોઠીઓ સ્થાપી ને અંગ્રેજો એ સમગ્ર ભારત ઉપર વેપાર નું વર્ચસ્વ અને પ્રભુત્વ સ્થાપિત કરી દીધું. જુદા જુદા નામે અનેક અંગ્રેજ પેઢીઓ વેપાર કરવા માટે ભારત આવી પહોંચી અને **સન ઈસ્વી ૧૭૦૮-૦૯** માં એ બધી કંપનીઓ અને ઇ.સ. ૧૬૦૦ ની જુની પેઢી **"ઇસ્ટ ઇન્ડિયા કંપની"**

એ સુલેહ-સંપ થી બધી કંપનીઓ વિખેરી નાંખી અને તે બધી કંપનીઓ નું એકજ અંગ્રેજ કંપની માં વિલિનીકરણ કરી નાંખ્યું અને **"યુનાઈટેડ ઈસ્ટ ઇંડિયા કંપની"** અસ્તિત્વમાં આવી. આ કંપની એ વેપારી પેઢીની પ્રવૃત્તિઓની સાથે સાથે સ્થાનિક રાજકારણ માં દરમિયાનગિરી અને દખલગિરી શરૂ કરી અને ધીરે ધીરે રાષ્ટ્રીય સ્તરે રાજનિતી અપનાવીને વિશાળ ભારત દેશ ઉપર રાજકીય પ્રભુત્વ સ્થાપિત કરીને લગભગ બસ્સો (૨૦૦) વર્ષ થી પણ વધુ સમયગાળા સુધી ભારત ની પ્રજા ઉપર શાસન કર્યું. બલ્કે લુંટફાટ, અત્યાચારો, કથિત કાનૂન ના નામે જેલ, ફાંસી, મારપીટ, હત્યાઓ, બળાત્કારો અને અન્ય પ્રકાર ના ત્રાસ દ્વારા ઝુલ્મો સિતમ નો જે અતિરેક કર્યો છે, તેની દુઃખદ અને દારૂણ દાસ્તાન ઇતિહાસ ના પાનાઓ માં **"અંધકાર યુગ"** ના ક્રુર, દુષ્ટાચરણ અને માનવતા વિહોણા શાસન તરીકે લોહીયાળ અક્ષરો થી અંકિત છે. જેના વાંચન માત્ર થી શરીર માં કંપારી છૂટે છે અને ચક્ષુઓથી લોહી ના આંસૂઓ ની વણથંભી વણઝાર વહેતી થાય છે.

## "ભારતના વેપાર-ધંધા ને ભાંગી નાંખવાનું અંગ્રેજો નું ષડયંત્ર"

ભારત ઉપર ધંધા અને વાણિજ્ય નું આધિપત્ય અને વર્ચસ્વ સ્થાપિત કર્યા પહેલાં અંગ્રેજો કેટલા કંગાળ અને દરિદ્ર હતા તથા ઇંગ્લેન્ડ કેવી દારૂણ આર્થિક કટોકટી અને પછાતપણા માં સપડાએલા હતું, તેનું વર્ણન અગાઉના પ્રકરણો માં આપણે જોયું અને જાણ્યું. હવે, **સોના ની ચિડિયા** હાથ લાગી હતી. ભાગ્ય ના બંધ દરવાજાઓ જાણે ખુલી ગયા હતા. નાણાં ની ટંકશાળ બલ્કે



www.markazahlesunnat.in



ધન સંપત્તિ નો ધોધ ધસમસતો વહેતો અને વરસતો થયો. ભારત ની ભોળી અને ગભરૂ પ્રજા ની બાપ-દાદા ની અઢળક સંપત્તિ બલ્કે ખજાનાઓ વ્યાપક રૂપે અંગ્રેજો ના કબ્જા માં આવવા લાગ્યા. સોના-ચાંદી અને ચલણી સિક્કા ની સોના મહોરો ના ઢગલે ઢગલા એકત્રિત થવા લાગ્યા. જે બધો માલ વહેલી માં વહેલી તકે અંગ્રેજો ઇંગ્લેન્ડ ધકેલતા રહ્યા.

ભારત માં થી એકત્રિત થઈને ઇંગ્લેન્ડ પહોંચેલું ધન ઇંગ્લેન્ડ ના કથળેલા અને ભાંગીને ભુક્કો થઈ ગએલા બલ્કે મૃત્યુ સમીપ પહોંચી ગએલા અર્થતંત્ર માટે જીવન રક્ષક પ્રાણવાયુ પુરવાર થયું. ઇંગ્લેન્ડ ની કાયાપલટ થઈ ગઈ. વેપાર અને ઔદ્યોગિક ક્ષેત્રે હરિયાળી ક્રાંતિ આવી ગઈ. ઉજ્જડ અને વેરાન ખેતરો ના સ્થાને ફેક્ટરીઓ ની ચિમનીઓના ધુમાડા નિકળતા દ્રષ્ટિગોચર થવા લાગ્યા. ખખડધજ અને ઝીર્ણ થઈ ગએલા મકાનો આલિશાન અને ભવ્ય ઈમારતો માં રૂપાંતર થઈ ગયા. સુમસાન બજારો માં જાણે માનવ મહેરામણ ઉભરાવવા લાગ્યો. ઇંગ્લેન્ડ દેશ અતિ ઝડપ થી આર્થિક, ઔદ્યોગિક, વૈપારિક, સામાજિક, શૈક્ષણિક અને કૃષિ ક્ષેત્રે કિર્તી અને પ્રગતિના સોપાનો સર કરતો થઈ ગયો અને વિશ્વના નકશા માં બદલાઈ ગએલા સ્વરૂપે ઇંગ્લેન્ડ ની ગણના આધૂનિક, પ્રગતિશીલ, નિકાસકાર અને ધૂરંધર વાણિજ્ય દેશ તરીકે પ્રસિધ્ધી થવા લાગી.

દુષ્ટ અને કપટી અંગ્રેજો એ ભારત ની પ્રજા નું લોહી ચુસી ચુસીને ઇંગ્લેન્ડ ના નિર્બળ અને અશક્ત આર્થિક દેહ ને ટૂંક સમય માં સ્વસ્થ, સાજો, હૃષ્ટપૃષ્ટ બલ્કે અતિ બળવાન બનાવી દીધો, ભારત ના અર્થતંત્ર ને વૃધ્ધાવસ્થા ની અસ્વસ્થ દશા માં ધકેલી ને રોગિષ્ટ અને મૃતઃપ્રાય સ્થિતી ના બિછાને પહોંચાડી દીધો.

અંગ્રેજો ભારત માં વાણિજ્ય ક્ષેત્રે વર્ચસ્વ સ્થાપિત થઈ ગયા બાદ ભારત માં ઉત્પાદન થએલો માલ પાણી ના ભાવે ખરીદી ને દરિયાઈ માર્ગે લંડન અને બ્રિસ્ટન બંદરે મોકલી આપતા. લંડન થી તે માલ ફ્રાન્સ, ઇટાલી તથા વિશ્વના અન્ય દેશો માં **ચામડા ઉતરડી નાંખે તેવા ઊંચા ભાવે** નિકાસ કરતા અને અકલ્પનીય હૂંડિયામણ અને નફો રળી ખાતા. ઇંગ્લેન્ડ નો આંતર રાષ્ટ્રીય સ્તર નો વેપાર હવે ફક્ત ભારત માં ઉત્પાદન થતી આઈટમો સુધી મર્યાદિત અને નિર્ભર રહેવાના બદલે લંડન અને અન્ય શહેરો ના ઔદ્યોગિક એકમો ના પ્રોડકશનો ધીરે ધીરે કવોલેટીની ગુણવત્તા ના સંયમ (કન્ટ્રોલ) ના કરાણે વિશ્વના બજારો માં નામના મેળવતા ગયા.

ઇંગ્લેન્ડ દરેક ક્ષેત્રે પ્રગતિ, આધુનિકતા અને આર્થિક સધ્ધરતા ના શિખરો સર કરી રહ્યો હતો, પણ સમૃધ્ધ ભારત વેપાર ઉદ્યોગ ના ક્ષેત્રે પછાત બની, પતન અને નિષ્ફળતા ની ઊંડી ખીણ માં ધકેલાઈ રહ્યો હતો. સાધારણ બનાવટ ની પાવરલુમ મશીન ઉપર ભારતીય કારીગરો ની કુશળતા થી વણવામાં આવેલો સુતરાઉ કાપડ કે જે **"ઢાકાના મલમલ"** તરીકે પંકાઈને ફ્રાંસ અને ઇટાલી ના કાપડ ઉદ્યોગ ને બેકારી ના ખપ્પર માં ધકેલી દીધેલો, તે સુતરાઉ અને રેશમી કાપડ નો ભારત નો મોનોપોલી (ઈજારા) ઉદ્યોગ ભાંગી ગયો. અંગ્રેજોએ ઈ.સ. ૧૮૫૦ સુધી માં ભારત ના સમગ્ર ઉદ્યોગોને અધોગતિ અને પતન ની ઘંટી માં પીસી નાખ્યા. ઉદાહરણ સ્વરૂપે કાપડ ઉદ્યોગ ના ઉત્પાદકો અને કારીગરો ને ટેકનીકલ મુદ્દાના કાયદાકીય સકંજા માં સપડાવીને અતિ ભારે દંડ ફટકારવા માં આવતો. દંડ ન ભરી શકનાર ને જેલ ના સળિયા પાછળ ધકેલી દઈને કોરડા મારવા જેવી અતિ ક્રુર યાતનાઓ આપીને શારિરીક અને માનસિક રીતે ભાંગી નાખવા



www.markazahlesunnat.in



માં આવતા. હવે આ ઉદ્યોગ નહીં ચલાવું તેવા દસ્તાવેજી સોગંદનામા ઉપર જબરદસ્તી સહીઓ લીધા બાદ જેલ મુક્ત કરવામાં આવતા. જેલ માં મુક્ત થએલા સંચાલકો અને કારીગરો બેકારીના ખપ્પર માં એવા સપડાતા કે બે (૨) ટંક ના ભોજન અને પરિવાર નિર્વાહ માટે ફાંફા મારવા પડતા. કાપડ ઉદ્યોગ ના યુનીટ (કારખાના) અંગ્રેજો ના ત્રાસ ના પ્રતાપે બંધ થઈ ગયા બાદ કારખાના ની ઇમારત પાણી નાં ભાવે અને પાવરલુમ મશીનો ભંગાર ના ભાવે વેચી નાખવા પડતા, આવું દરેક ઉદ્યોગ સાથે વર્તન કરવામાં આવતું.

પરિણામ એ આવ્યું કે હવે સુતરાઉ કાપડ માટે પણ ભારત ની પ્રજા ને ઇંગ્લેન્ડ ઉપર નિર્ભર રહેવું પડતું. સમગ્ર ભારત માં ઉત્પાદન પ્રક્રિયા ઠપ્પ થઈને રહી ગઈ. ત્યાં સુધી કે સિલાઈ કામ ની સોય (Niddle) માટે પણ લંડના ના મોહતાજ બનવું પડતું.

## ▣ ભારતીય પ્રજા ના બનેલા અંગ્રેજી સૈન્ય ને બનાવવા નું અંગ્રેજો નું ખતરનાક પ્રપંચ અને કપટ :-

કોઈ પણ ઉદ્યોગ કે ફેકટરી બંધ થાય તો તેની સાથે સંકળાએલા સંચાલકો, રોકાણકારો, કારીગરો, કર્મચારીઓ, કોન્ટ્રાક્ટરો, સપ્લાયરો, ડીસ્ટ્રીબ્યુટરો (વિત્રકો), ટ્રાન્સપોર્ટરો, ડીલરો, સબ ડીલરો, એજન્સીઓ, સ્ટોકીસ્ટો, તેનાથી સંબંધિત નાના વેપારીઓ, ફેરીયાઓ, પ્રોડક્ટ વહન કરતા મજૂરો વગેરે અનેક ના વેપાર ધંધાને અલીગઢી તાળા લાગે. આજીવિકા અને રોજી રોટી ની ગંભીર સમસ્યાઓ ઉત્પન્ન થાય. ટૂંક માં એક ઝાટકે સેંકડો અને હજારો લોકો બેકાર બને.

આવા બેકાર બનેલા લોકો રોજી રોટી ની તલાશ માં સર્વત્ર ભાટકે અને ફાંફા મારે, પણ ક્યાંય પણ કંઈ કામ ધંધો, નોકરી બલ્કે મજૂરી નું કામ પણ ન મળે. કેમકે મજૂરો નો એક મોટો વર્ગ

પહેલેથી જ મજૂરી કામની અપેક્ષા માં બાઝ નજરે ટાંપી ને બેઠો હોય. રોજી રોટી ની તલાશ માં આખો દિવસ રખડી રખડીને સાંજે ઘરે આવે, તો શું જુએ કે પરિવાર ના સભ્યો ખાધા-પીધા વગરના બેઠા છે. તાવડી તડાકા દે છે અને હાંડલા કુસ્તી કરે છે. જેવી પરિસ્થિતી નિર્માણ હોય છે. વૃધ્ધ માં-બાપ અને નાના બાળકો ભૂખે ટળવળે છે. પત્નિ ને સખ્ત તાવ છે. દવા લેવા માટે ઘર માં એક ફદીયું પણ નથી. શું થશે ? શું કરૂં ? ક્યાં જાઉં ? જેવા નિરૂત્તર પ્રશ્નો મન ની સ્થિરતા ને હચમચાવી નાંખે છે. પરિવાર ના સભ્યો ના ચેહરા ના નૂર હણાઈ ચુક્યા છે. નિરાશા અને ભૂખ થી હવે શારિરીક અને માનસિક શક્તિ અંતિમ તબક્કા માં છે. શું મારા વ્હાલા પરિવારજનો આમ રીબાઈ રીબાઈને મોત ના ખપ્પર માં હોમાઈ જશે ? હું આમ જ જોતો રહીશ ? તેઓ માટે કંઈજ નહીં કરી શકું ? તે ઘર ના માલ સામાન ઉપર દ્રષ્ટિપાત કરે છે, તો ઘર માં હવે ફક્ત દિવાલોજ બાકી છે અને હવે તે દિવાલો પણ કરડવા દોડે છે. નહીં... નહીં..... હું એટલો કાયર તો નથી. મારા હાથ પગ હજી સલામત છે. પરિવાર પ્રત્યેનો પ્રેમ તેને ઉશ્કેરે છે, બલ્કે ઝનૂન ની કક્ષાએ પ્રેરે છે. સડસડાટ આંગણું ઓળંગીને ઘરની બહાર નિકળી જાય છે. રસ્તા ઉપર આવી જાય છે. મગજ ભમી રહ્યું છે. શું કરૂં અને શું ન કરૂં ની ગતાગમ નથી પડતી. અચાનક તેમાં એક અનેરા ઉત્સાહ નું સીંચન થાય છે. સીધી આંગળીએ નહીં તો ત્રાંસી આંગળીએ પણ ઘી કાઢીને રહીશ. અને શરૂ થાય છે, તેના જીવન નું નવું પ્રકરણ, અપરાધી જીવન નું પ્રકરણ શરૂ થાય છે. લૂંટફાટ, ધાડ, ચોરી-ચપાટી, હત્યા, મારા મારી, છીનાઝૂં જેવા અનેક અપરાધો ની હારમાળા તેના જીવન માં સર્જાય છે.

આવું થાય તો અંગ્રેજો ને **એક કાંકરે બે(૨) પક્ષી** ની જેમ ડબલ ફાયદો થાય. પહેલું એ કે આવા બેકારો ના કારણે



www.markazahlesunnat.in



અપરાધો માં અનેક ગણો વધારો થાય. જે વિસ્તાર કે પ્રાંત માં આવા અપરાધોના કારણે ક્રાઈમ રેટ નું સ્તર વધે, તો ત્યાંનો રાજા, નવાબ, સુબેદાર, જાગીરદાર કે અન્ય પ્રકારે જે શાસક કે વહીવટદાર હોય તે બદનામ થાય ઉપરાંત કાયદો અને વ્યવસ્થા ની જાળવણી કરી ગુનાહિત અંધાધૂંધી દૂર કરવાની પ્રવૃત્તિ માં એવો ઓતપ્રોત થઈ જશે કે તેને આપણા પ્રત્યે લક્ષ આપવાનો અવકાશ કે અવસર નહીં મળે. ભારત ને આર્થિક રીતે કોરી ખાવાની તથા આપણી રાજકીય ખટપટો અને કાવાદાવા તેની નજરે નહીં ચડે. આપણા પ્રજા ઉપર ના અત્યાચારો અને ઝુલ્મો-સિતમ સામે પ્રજા ને સુરક્ષા નું કવચ પુરૂં પાડવા માં સરિયાળ નિષ્ફળ જશે. દિલ્હી ના બાદશાહ ના દરબાર માં તેના વિરૂધ્ધ ફરિયાદોનો તાંતો બંધાશે અને તે અળખામણો થશે. પરિણામે તે શાસન માં આપણી ખટપટો અથવા હુમલાઓ સામે તેને દિલ્હી થી લશ્કરી કે અન્ય સહાય નહીં મળે. એકલો પડી જશે અને તેવા એકલા પડી ગએલા શાસક ને દબોચી તેનું રાજ્ય કે વિસ્તાર હડપ કરી લેવામાં સરળતા રહેશે અને ઘણી જ આસાની થી આપણા સામ્રાજ્ય નો વિસ્તાર વધશે.

બીજો ફાયદો એ કે ભારતીય સૈનિકો ને અંગ્રેજ સેના માં ભરતી કરવા માટે સરળતા રહેશે. ઈ.સ. સત્તરમી સદી ના અંત અને અઢારમી સદી ના પ્રારંભ માં અંગ્રેજોએ હજારોની સંખ્યા માં ઇંગ્લાન્ડ નિવાસી લોકોને ઢગલાબંધ ભારત બોલાવી લીધેલા. કેમકે ભારત માં અંગ્રેજ શાસન નો વિસ્તાર દિન પ્રતિદિન વિસ્તરતો અને વિકાસ પામતો હતો. નવા નવા રાજ્યો, રિયાસતો અને પ્રાંતો કબ્જા માં આવતા હતા. ત્યાંનું વહીવટી કારભાર સંભાળવા માટે વહીવટી ક્ષેત્ર ના કુશળ કર્મચારીઓને બોલાવી લીધા હતા અને ત્યાંના સ્થાનિક ભારતીય પ્રજાજનો કે અંગ્રેજોનો વિરોધી

શૂરવીર, ભારત પ્રત્યે ની ભાવના અને પ્રેમ ના આવેશ માં માથું ઉંચકે, અંગ્રેજો ઉપર હુમલો કરે કે અંગ્રેજો ની સામે મેદાન માં આવીને ટક્કર લે, તો તેવા દેશ પ્રેમીને બળપ્રયોગ દ્વારા કચડી નાખવા હજારો ની સંખ્યા માં લંડન થી સૈનિકો બોલાવી લીધા હતા. પણ ભારત જેવા વિશાળ સંખ્યા ના દેશ ને અંકુશ માં રાખવા માટે હજારોની સંખ્યા માં અંગ્રેજ સૈનિકો પૂરતા નહોતા. અનેક એવી ઘટનાઓ બનેલી કે અંગ્રેજો ને લશ્કરી સેના ના જવાનો ની શોર્ટેજ (કમી) સ્પષ્ટ રીતે મહેસૂસ થએલી.

સૈનિકો ની આવી કમી ની પુરવણી માટે ઇંગ્લાન્ડ થી અન્ય વિશેષ સૈનિકો બોલાવવા અતિ ખર્ચાળ હતા. ઉપરાંત અતિદૂર ના અંતરે થી વિપુલ સંખ્યામાં સૈનિકો ને અહીં ભારત લાવવા માટે સમજાવી અને તૈયાર કરવાનું શક્ય ન હતું. જેથી અંગ્રેજોએ પોતાની સેના માં ભારતીય લોકોની ભરતી કરવાનું અભિયાન ચલાવેલું.

## ▣ લોઢું લોઢાને કાપેની ભ્રષ્ટ અંગ્રેજ નિતી :-

ભારત ના વેપાર ધંધા ને ભાંગી નાંખવાના ફળ સ્વરૂપે હજારો અને લાખોની સંખ્યા માં લોકો બેકાર બનેલા. તેવા બેકાર બનેલા લોકોએ પોતાના અને પરિવાર ના નિર્વાહ માટે બલ્કે એમ કહો કે બે (૨) ટંક ના ભોજન માટે લૂંટફાટ અને અન્ય અપરાધોનો આશરો લીધો હતો. તેવા બેકાર બનેલા લોકો ભલે અપરાધી જીવન જીવીને જ્યાં ત્યાં હાથ મારીને બે(૨) ટંકનું નહીં તો એક ટંક નું જમવાનું મેળવી લેતા હતા. તેમાં પણ એક બાબત એ હતી કે તે આવક કાયમી ધોરણે ની ન હતી. ક્યારેક મળે અને ક્યારેક ફક્ત બગાસા ખાવાના. તેમાં પણ અપરાધ કરતાં પકડાઈ જવાની સ્થિતી માં જેલ, કોર્ટ તથા પોલીસ નો માર તથા અન્ય કાનૂની પ્રક્રિયા માં થી પસાર થવું પડે. તેવા લોકોને સરળતા થી



www.markazahlesunnat.in



લશ્કરના સિપાઈ તરીકે ભરતી કરી શકાય. અંગ્રેજો એ આવા બેકાર લોકો નો પોતાના દલાલો મારફત સંપર્ક સાધીને સમજાવ્યા કે હાલની તમારી અપરાધી જીવન ની અસ્થિર પરિસ્થિતી નું કોઈ ભવિષ્ય નથી. કાયમી આવક નથી. સમાજ માં આબરૂ નથી. ક્યારેક જેલ માં તો ક્યારેક મહેલ માં, જેવી હુસાંતુસી ભરી જીવન શૈલી કરતાં કાયમી આવક, પ્રતિષ્ઠતા અને ઉજ્જવળ ભાવીની સફળતાઓ ઉપર આધારિત અંગ્રેજી સેના માં ભરતી થઈ જવું, એક એવી ઉજળી તક છે, કે તેનો ઇન્કાર કરવા થી પસ્તાવવાનો અવસર આવશે. માટે અમારી એક નિઃસ્વાર્થ હિતેચ્છુ તરીકે તમને સલાહ છે, કે ઊંચા પગાર ની લશ્કર ના સૈનિક તરીકે ની નોકરી સ્વીકારી લેવા માં જ ભલાઈ છે.

બેકાર યુવાનો હોંશે હોંશે અંગ્રેજો ના લશ્કર માં ભરતી થવા લાગ્યા. અંગ્રેજો ની ડબલ પોલીસી હતી કે જો ભારત ના લોકો અંગ્રેજો વિરૂધ્ધ આંદોલન ચલાવે, સ્વતંત્રતા ની ચળવળ ચલાવે કે અન્ય કોઈ પ્રકારે બળવો કરવા સંગઠિત બને. દેશી સેના બનાવે, તો તેવા બળવાખોરો સામે લડવા માટે અંગ્રેજ સેના માં ભરતી થએલા ભારત ના લોકોને આગળ કરીને **બલી ના બકરા** બનાવી દેવા. જો યુધ્ધ કે અથડામણ થાય, તો અંગ્રેજ સૈનિકો સુરક્ષિત રહેશે કેમકે ભારતીય સેના સામે લડવા આપણા **કાળા અંગ્રેજ ભારતીય સૈનિકો** જ બાથ ભીડશે. બંને પક્ષે લડનારા સૈનિકો ભારતીય જ હશે.

અંગ્રેજોએ એક પોલીસી એ પણ અપનાવેલી કે જે પ્રાંત અને પ્રદેશ માં આપણી કોઠી અને કિલ્લાઓ સ્થપાય, ત્યાં ના લોકોને લશ્કર ની નોકરી માં અગ્રતા આપવી, કે જેથી એવો મેસેજ બધે જાય કે અંગ્રેજો જે વિસ્તાર ઉપર કબ્જો જમાવે છે ત્યાંનાં બેકારો ને નોકરી અને કામધંધો આપે છે. જો આપણા

વિસ્તાર નો પણ અંગ્રેજો કબ્જો કરી લે, તો તે આપણા માટે લાભકર્તા છે. કેમકે અત્યારે આપણે કામધંધા વગર ના નવરા અને બેકાર બેઠા છીએં. ખાવા ના સાંસા છે, ખિસ્સા માં ફદીયું પણ નથી. જો અંગ્રેજો આપણા વિસ્તાર નો કબ્જો કરશે, તો ચોક્કસ આપણ ને પણ લશ્કર માં સૈનિક તરીકે ભરતી થવાની સોનેરી તક મળશે. આહા... આહા... પછી તો જલ્સા જ છે. સૈનિક નું યુનીફોર્મ, આધુનિક બનાવટ ના હથિયાર, ઊંચો પગાર, ખાવા પીવા રહેવાની ઉમદા સગવડ ઉપરાંત લશ્કર ના જુદા જુદા હોદ્દાઓ ઉપર નિમણુંક પામીને ધન્ય થઈ જશું.

ઉપર વર્ણવેલા મુદ્દાઓ તથા અન્ય કપટો ને અનુલક્ષી ને **લોઢું લોઢા ને કાપે** ની નીતિ અપનાવીને હજારો ની સંખ્યા માં મૂળ ભારતીય કૂળના બેરોજગાર અને બેકાર યુવાનો ને અંગ્રેજ સેના ના સૈનિક તરીકે ભરતી કરીને પોતાની લશ્કરી તાકાત માં ધરખમ વધારો કર્યો, અંગ્રેજ લશ્કર માં ભરતી થએલા સૈનિકો પાસે થી યુધ્ધ ની કામગિરી ઉપરાંત **જાસૂસી** નું પણ મહત્વ નું કામ લેવામાં આવતું. કેમકે અંગ્રેજો પોતાની સેના માં સ્થાનિક લોકોને જ ભરતી કરતા. ભરતી થનારો સૈનિક ત્યાંનો સ્થાનિક રહેવાશી હોવાના કારણે દરેક સ્થાનિક લોકો થી સારી પેઠે વાકેફ હતો. કોણ શું છે ? શું કરે છે ? અંગ્રેજો વિરૂધ્ધ કયા પ્રકાર ની ચળવળ કરે છે ? તેનું વર્ચસ્વ અને સામાજિક કે ધાર્મિક માન મોભો કેવો છે ? પ્રજા ને કેટલી હદે ઉશ્કેરી શકે છે ? તેના ખાસ વિશ્વાસુ માણસો કોણ કોણ છે ? અંગ્રેજો વિરૂધ્ધ ની ચળવળ માં તેઓની શું પ્રવૃત્તિઓ છે ? સ્થાનિક સ્તરે સ્વાતંત્રીય દળ ઊભું કર્યું છે, તેની જન સંખ્યા કેટલી છે ? શું શું હથિયારો એકત્રિત કર્યા છે ? વગેરે ની રજેરજ ની માહિતી ઘણી જ સરળતા થી એકઠી કરીને ઉપરી અંગ્રેજ અધિકારીઓ ને પહોંચાડી દેતો.



www.markazahlesunnat.in



બદલા માં અંગ્રેજ ના વિશ્વાસુ અને વફાદાર તરીકે પ્રોત્સાહન ની શુભેચ્છા, શાબાશી, રોકડ ઈનામ, નોકરી માં હોદ્દા ની બઢતી તથા અન્ય લાભો મળતા.

ઉપરાંત તે જાસૂસો સ્થાનિક હોવાના કારણે ત્યાંની ભૌગોલિક પરિસ્થિતી પણ સારી પેઠે જાણકાર હોવાના કારણે, જો હુમલા કરવાની આવશ્યક્તા ઉભી થાય, તો કઈ દિશા માં થી હુમલો કરવો, અંગ્રેજો ના આક્રમણ ની ઝીંક ઝીલી ન શકનાર અને ભાગી જનારા ભાગેડુઓ ને ક્યાંથી શોધીને પકડી પાડવા, તેઓના આશ્રય સ્થાનો ક્યાં ક્યાં છે ? કોણ તેઓને આશરો આપે તેમ છે? હથિયાર, દારૂ ગોળો તથા અન્ય શસ્ત્ર સરંજામ ક્યાં છુપાવીને રાખ્યો છે ? તે સઘળી માહિતી **ભારત ના ગદ્દાર જાસૂસો** પોતાના ઉપરી અંગ્રેજ અધિકારી ને પૂરી પાડવાને પોતાની હોંશિયારી, કુનેહ, ચાલાકી, બુધ્ધીમતા, સતર્કતા અને ચપળતા ના વિશેષ ગુણ તરીકે ખપાવીને માદરે વતન સાથે ખુલ્લમ ખુલ્લા બેવફાઈ ની ગધ્ધાપચીશી કરવામાં લેશમાત્ર શરમ, ક્ષોભ કે હિચકિચાટ ની લાગણી નહોતા અનુભવતા.

મહાન દેશ ભારત ની ગરિમા અને પ્રતિષ્ઠા ના બે-ડાઘ લલાટે ગદ્દારી ની કાળી ટીલી લગાડનારા ગદ્દારો ને દેશની પ્રજા **"રહેતી દુનિયા તક"** માફ નહીં કરે, બલ્કે ઇતિહાસ ના પૃષ્ઠો પણ તેવા **ગદ્દારો ના કાળા ડાચાઓ** ઉપર નફરત અને લઅનત ના ફડાકા મારતા રહેશે. આવા ગદ્દારો ને હવે પછી ના પૃષ્ઠો માં **"કાળા અંગ્રેજો"** ના નામે સંબોધન કરવામાં આવશે. આવા કાળા અંગ્રેજો ના કાળા કરતૂતો ના કારણે જ ભારત જેવા મહાન, સમૃધ્ધ અને સંસ્કારી દેશ ના ગળા માં સદીઓ ના લાંબા કાળ સુધી અંગ્રેજો ની ગુલામી નો તોક પડ્યો અને ભારત ની નિર્દોષ અને ગભરૂ પ્રજાએ અસહ્ય યાતનાઓ ભોગવી.

હવે આપણે આપણા મુખ્ય વિષય તરફ ધ્યાન કેન્દ્રીત કરીએ છીએં અને **દેશ ના વફાદારો** અને **ગદ્દારો** ની દાસ્તાન ની કહાણી ભારે હૃદયે અને ધ્રુજતા હાથે વર્ણન કરવાનો યથાશક્તિ પ્રયત્ન કરીએં અને એવી અપેક્ષા રાખીએં કે આ પુસ્તક નું વાંચન કર્યા બાદ દરેક ભારતીય ખરા અંતકરણ થી નિઃસ્વાર્થ દેશ પ્રેમ ની ભાવના ને જવલંત સ્વરૂપે જીવન ના અંતિમ શ્વાસ સુધી જીવંત રાખશે અને તેની સાચા અર્થ માં અમલવારી કરશે.

આજે દેશ પ્રેમ અને દેશ પ્રેમ ની ભાવના ની વાતો કરનારા **પાવલી ના કિલો** ના હિસાબે મળી રહેશે. રાજકીય પ્રભાવ, સત્તા, હોદ્દો, અનૈતિકતા નું ધન, વગેરે ની લાલશા માં છડેચોક દેશ પ્રેમ ની વાતો અતિ ઉત્સાહ પૂર્વક બલ્કે ઝનૂન ના આવેશ માં કરશે. પણ તેઓનું આચરણ જોતાં શરમ થી માથું ઝુકી જાય છે. દેશ પ્રેમ અને દેશ દાઝ તો દરેક વ્યક્ત કરે છે પણ ખરા અર્થ માં જેને દેશ પ્રેમ અને દેશ દાઝ કહેવામાં આવે તેવા દેશ પ્રેમીઓ બહુજ અલ્પમાત્રા માં ઉપલબ્ધ છે.

## સતરમી સદી ની ભારત ની રાજકીય પરિસ્થિતી - મોગલ સામ્રાજ્ય ની પડતી નો આરંભ અને દેશી રજવાડા ની આંતરિક લડાઈ

ભારત માં મોગલ શાસન નું સામ્રાજ્ય સ્થાપિત થયું, ત્યારથી રાજકીય વહીવટ નું નિયંત્રણ એ પ્રમાણે હતું, કે કેન્દ્ર (દિલ્હી) માં મોગલ બાદશાહ સર્વ સત્તાધિશ અને સર્વેસર્વા ની હૈસિયત થી બિરાજમાન રહે. સમગ્ર ભારત ના રાજા તરીકે મોગલ સમ્રાટ સર્વમાન્ય સર્વોચ્ચ સત્તાધારી તરીકે દિલ્હી માં શાહી તખ્ત ઉપર બિરાજી ને સમગ્ર ભારત ઉપર શાસન કરે અને સમગ્ર ભારત ની



www.markazahlesunnat.in



રાજકીય પરિસ્થિતી ઉપર નઝર રાખે, કાયદો અને વ્યવસ્થા ની જાણકારી, પ્રજા ના પ્રશ્નો ના સુખદ ઉકેલ, દેશી રજવાડાઓ ની અંદરો અંદર ની લડાઈ નું નિરાકરણ, રાજ્ય ના કારભાર નું દર વર્ષે ઓડિટ, વહીવટી બાબતો ઉપર કડક નિરીક્ષણ અને અવલોકન (Observation) કરે. ભૂલ, ક્ષતી, ભ્રષ્ટાચાર, અત્યાચાર, અન્યાય તથા અપરાધી બાબતો માં કડક શિક્ષા અને દંડ કરે. ટૂંક માં સમગ્ર ભારત ના રજવાડાઓ, નવાબો, સુબેદારો, જાગીરદારો અને વહીવટદારો બધા દિલ્હી ના મોગલ સમ્રાટ ના સીધા અને પ્રત્યક્ષ નિયંત્રણ અને અંકુશ હેઠળ હતા. પછી તે હિન્દુ રાજ્ય હોય, શીખ સંપ્રદાય નો પ્રદેશ હોય કે મુસ્લિમ નવાબ ની રિયાસત હોય. સમગ્ર ભારત ની પ્રજા અને પ્રજા ઉપર ના સ્થાનિક શાસકો અને વહીવટદારો દિલ્હી ના મોગલ સમ્રાટ ના તાબે અને આધિન હતા. ઉપરાંત તે બધા દિલ્હી ના મોગલ સમ્રાટ ને પોતાની આવક ને અનુલક્ષીને વેરો કે ટેક્ષ ભરતા. જેને દેશી ભાષા માં **"ખંડણી"** કહેવામાં આવતી.

મોગલ સમ્રાટ ના શાસન દરમિયાન સમગ્ર ભારત ના દરેક રાજ્ય, પ્રાંત, રિયાસત કે પ્રદેશ ઉપર એટલો બધો અંકુશ હતો અને એટલી બધી ધાક તથા પકડ હતી કે સ્થાનિક લેવલ ના વાદ-વિવાદ માં દરેક દિલ્હી ની કેન્દ્ર સરકાર થી થરથર કાંપતા. પોતાની કોઈ ભૂલ કે ક્ષતી કે જે શાસન કે વહીવટ ને લગતી હોય, તેમાં પોતે અપરાધી કે દોષિત પુરવાર ન થાય, તે માટે દરેક શાસક મોગલ શાસન ના પ્રજા લક્ષી હિત અને માનવતા ના કલ્યાણ ને અનુરૂપ જ આચરણ કરતા અને પોતે ક્યાંય વાંક માં ન આવી જાય, તેની સંપૂર્ણપણે તકેદારી અને ચીવટ રાખતા.

ઉપરાંત, દિલ્હી ની સરકાર ને દર વર્ષે ભરવાનો વેરો પણ સમયસર ભરી દેવા માટે દરેક શાસક સતર્ક અને જાગૃત રહેતો. કેમકે ખંડણી સમયસર ન ભરનાર ને મોગલ લશ્કર ના આક્રમણ

નો ભય રહેતો. ટૂંક માં દિલ્હી માં બિરાજીત મોગલ સમ્રાટ ની વહીવટી ક્ષેત્રે એટલી હાંક, ધાક, બીક, અંકુશ અને દબદબો હતો, કે દિલ્હી થી હજારો માઈલ દૂર ના અંતરે બેઠેલો સ્થાનિક શાસક કે વહીવટદાર સતત માનસિક તાણ અને ડર ના ઓથાર હેઠળ રહેતો કે મારા થી કોઈ ભૂલ કે ક્ષતિ ન થઈ જાય અને મને હાઈ કમાન્ડ તરફ થી પાણીચું આપીને મને હોદ્દા થી ક્યાંક બરતરફ કરી નાખવામાં ન આવે.

મોગલ સમ્રાટ ના આવા વિરાટ વર્ચસ્વ ના પરિણામે સમગ્ર દેશ વહીવટી ક્ષેત્ર ના નિયમો, આદેશો, પરિપત્રો, પરિશિષ્ટો, અનુસંધિત પ્રણાલિકાઓ, સંલગ્ન ઠરાવો, પ્રાયોગિક સુચનો વગેરે નું ચુસ્તપણે પાલન કરીને પોતાની વફાદારી અને દેશપ્રેમ ની ભાવના ને પૂરી પાડવામાં કશી કચાશ કે ઢીલ રાખતો નહીં, બલ્કે સંપૂર્ણપણે પ્રમાણિક બનીને પ્રપંચ, છળકપટ કે દગલબાજી મુક્ત વહેવાર કરવાને પોતાની નૈતિક ફરજ સમજતો.

## સુલતાન ઓરંગઝેબ ના ઇન્તેકાલ પછી મોગલ સામ્રાજ્ય ની પકડ ઢીલી પડી.

સુલતાન ઓરંગઝેબ મોગલ બાદશાહ નું ઇ.સ. ૧૭૦૭ માં ઇન્તેકાલ (અવસાન) થયું. ત્યારબાદ મોગલો ના શાસન નું આસન ડામાડોળ થવા માંડ્યું, ફક્ત બાર(૧૨) વર્ષ ના ટુંકા ગાળા માં ચાર શાસકો બદલાયા. સુલતાન ઓરંગઝેબ નું શાસન **ઇ.સ. ૧૬૫૮** થી **૧૭૦૭** એટલે કે પૂરા **ઓગણ પચાસ(૪૯) વર્ષ** સુધી રહ્યું. પણ ત્યારબાદ શાસન ની સ્થિરતા હાલકડોલક બની ગઈ અને :-



www.markazahlesunnat.in



- બહાદૂર શાહ - ઇ.સ.૧૭૦૭ માં દિલ્હી ની ગાદીએ બેઠો.
- જહાંગીર શાહ - ઇ.સ.૧૭૧૨ માં દિલ્હી ની ગાદીએ બેઠો.
- ફખરૂસિયાર - ઇ.સ.૧૭૧૩ માં દિલ્હી ની ગાદીએ બેઠો.
- મહમ્મદ શાહ - ઇ.સ.૧૭૧૯ માં દિલ્હી ની ગાદીએ બેઠો.

ઉપરોક્ત ગણતરીએ ફક્ત બાર(૧૨) વર્ષ ના ગાળા માં દિલ્હી માં ચાર(૪) મોગલ સમ્રાટો બદલાયા. જે મોગલ સામ્રાજ્ય ની પડતી, નબળાઈ અને શાસન ની અસ્થિરતા બતાવે છે.

અગાઉ વર્ણન કર્યા મુજબ જ્યારે સમગ્ર ભારત ઉપર મોગલ શાસકો ની જબરી પકડ અને ધાક હતી, ત્યારે પણ લુચ્ચા અને શિયાળવૃતિ વાળા અંગ્રેજો દેશી રજવાડા અને નવાબો ને દિલ્હી ની કેન્દ્ર સરકાર વિરૂદ્ધ ખટપટ દ્વારા ઉશ્કેરતા હતા. કેન્દ્ર સરકાર નું મહત્વ ઘટાડવા ચૈનકૈન પ્રકારે પ્રયાસો કરતા હતા. અંગ્રેજો નો મુખ્ય આશય એ હતો, કે જો દિલ્હી નું કેન્દ્ર શાસન નબળું પડે, તો ભારત નું રાજકીય સંગઠન છિન્નભિન્ન કરી નાખવા માં ઘણી જ સરળતા રહે. નાના અને નબળા દેશી રજવાડા ને ભીંસ માં લઈને દબોચી નાખવા. ગેરકાયદેસર રીતે તેઓના પ્રદેશ નો કબજો કરી લેવો. તે નબળો રાજવી આપણી સામે બાથ ભીડી નહીં શકે અને દિલ્હી ની સેના તેની મદદ માટે આવી નહીં શકે. આમ ધીરે ધીરે નાના નાના, પછી મધ્યમ અને અંતે મોટા મોટા રાજ્યોને અલગ અલગ પાડી દેવા અને ત્યાં અંગ્રેજો નું સામ્રાજ્ય સ્થાપિત કરી દેવું. આમ કરવામાં હવે આપણને કોઈ પણ રોકી નહીં શકે. કેમકે દિલ્હી નું સ્થાનિક રાજકીય વાતાવરણ એટલું બધું ડહોળાઈ ગએલું હશે કે દિલ્હી ની સેના આપણું કંઈ બગાડી નહીં શકે.

આવા ષડયંત્ર ને અનુસંધાને અડધી સદી થી દિલ્હી મોગલ

સલ્તનત ની વિરૂદ્ધ ની ખટપટો અને આયોજનો ધીમા અને મીઠા ઝેર સ્વરૂપે અંગ્રેજો ફેલાવી રહ્યા હતા. દા.ત. બે નજીક ના રાજ્યો ના રાજાઓ વચ્ચે રાજ્ય ના સીમાડા ની હદ ના કારણે વાંધો પડ્યો અને વાત વણસી ને યુધ્ધ ની પરિસ્થિતી સુધી પહોંચી ગઈ. જ્યારે પણ આવો મામલો બનતો ત્યારે બન્ને પક્ષો દિલ્હી ના મોગલ શાસક નું શરણ લેતા અને વિવાદ ના ઉકેલ માટે મોગલ બાદશાહ નો ચુકાદો બન્ને પક્ષો શિરોમાન્ય રાખીને વિવાદ નો અંત આણતા. પણ છેલ્લા પચાસ વર્ષો થી જ્યારે કોઈ સ્થળે આવો વિવાદ સર્જાતો, ત્યારે અંગ્રેજો ત્યાં પહોંચી જતા. વિવાદ ના ઉકેલ માટે બન્ને પક્ષકારો ને દિલ્હી જતાં અટકાવતા અને તેમાં અંગ્રેજો દખલગિરી અને દરમિયાનગિરી કરીને પોતાની કુનેહ અને હોશિયારી થી સુખદ ઉકેલ લાવી, બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન કરાવી આડકતરી રીતે દિલ્હી ના મોગલ શાસક થી વિમુખ અને વિખોટો પાડી દેતા. ત્યારબાદ તે રાજવીઓ ને ખંડણી ની રકમ દિલ્હી ન મોકલવાનું પ્રોત્સાહન આપતા. આ રીતે દિલ્હી ના મોગલ શાસક ને આર્થિક ફટકો પણ મારતા. અંગ્રેજો મોગલ શહેનશાહ ઓરંગઝેબ ના ડર થી આવી પ્રવૃતિ ઘણી જ ગુપ્તતા જાળવી ને કરતા હતા અને વાત વહેતી વહેતી દિલ્હી ન પહોંચે તેની ખાસ તકેદારી રાખતા.

મોગલ સમ્રાટ હઝરત ઓરંગઝેબ નું ઇ.સ.૧૭૦૭ માં અવસાન થતાં ઓરંગઝેબ ના **ઓગણ પચાસ(૪૯)** વર્ષ ના કડક અને ચાંપતા શાસન ના યુગ નો અંત આવ્યો અને **અંગ્રેજો ને મોકળું મેદાન મળી ગયું.**



www.markazahlesunnat.in



## અંગ્રેજો ની કપટલીલા પૂર બહાર માં ખિલી અને દેશ માં અંધાધૂંધી નું વાતાવરણ

સુલતાન ઓરંગઝેબ ના શાસન કાળ માં મોગલ સામ્રાજ્ય બળ, ધાક, સંચાલન, વહીવટ, સુરક્ષા, વ્યવસ્થા તથા વિસ્તાર માં સરળતાની ટોચે પહોંચ્યું હતું. પણ ત્યારે પણ અંગ્રેજો ની ખટપટો, વટાળ પ્રવૃતિ અને ષડયંત્રો ના કારણે મોગલ સામ્રાજ્ય ના નાશ ના બીજ રોપાઈ ગયા હતા. બાદશાહ ઓરંગઝેબ પછી દિલ્હી ના શાહી દરબાર નો દબદબો ઘટવા લાગ્યો હતો. ચારેય તરફ એટલે કે ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમના ભારત ના નાના રાજ્યો બાદશાહત ના તાબા થી અલગ થઈ સ્વતંત્ર થવા લાગ્યા હતા. જુદા જુદા પ્રાંતો ના સુબેદારો પણ બાદશાહ ને નામ પૂરતા જ આધીન રહ્યા હતા, પરંતૂ ખરી રીતે તો તે બધા સુબેદારો પોત પોતાના પ્રાંતો માં સ્વતંત્ર રાજા જેવા જ બની ગયા હતા. દેશ માં હવે કોઈની એવી સર્વોપરી સત્તા જ ન હતી, જે બધાને અંકુશ માં રાખે. એવો પ્રબળ શાસક ન હતો જે પ્રજાલક્ષી અને માનવતા ના મુલ્યો ના જતન રૂપી સુશાસન ની પુનઃસ્થાપના કરે. ચૌમેર અંધાધૂંધી નું વાતાવરણ હતું. કાયદો અને વ્યવસ્થા નું નામ-નિશાન ન હતું.

આવી પરિસ્થિતી માં અંગ્રેજો ને મનફાવતું અને મન ગમતું મળી ગયું. અંગ્રેજો એ પોતાની હીન પ્રવૃત્તિઓ વેગવંતી બનાવી. અંગ્રેજો ના અત્યાચારો એ ગંભીર અને ભયંકર રૂપ ધારણ કર્યુ. ભારત ના પૂર્વ અને પશ્ચિમ કિનારા ઉપર ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ અનેક નવી કોઠીઓ સ્થાપી. અનેક કિલ્લાઓ બાંધ્યા. વેપાર ના ક્ષેત્રે અંગ્રેજો સર્વેસર્વા બની ગયા. ફક્ત અંગ્રેજો જ વેપાર કરે, તેવી સ્થિતી નિર્માણ થઈ ગઈ. ભારતીયો પાસે માલ ખરીદે તો પાણી ના મુલ્યે ખરીદે અને જો ભારતીયો ને માલ વેચે તો ચામડા

ઉતરડી નાખે તેવો ભાવ લે. વેપાર અને વાણિજ્ય ક્ષેત્રે સમગ્ર ભારત ઉપર અંગ્રેજો છવાઈ ગયા. પ્રજા ની સાથે ઉઘાડી લૂંટ આદરી. કંપની ના શેર હોલ્ડરો અને નોકરો પોતાના બાપ ની જાયદાદ હોય, તેમ કોરી કોરીને ભારતના અર્થતંત્રને ખાવા લાગ્યા.

આ ચર્ચા પૂર્વે મોગલ સામ્રાજ્ય ના શાસકો ની પ્રમાણિત નામાવલી અને તેઓના શાસન વર્ષ અને શાસન ની કુલ મુદ્દત ની વિગત દર્શાવતું કોષ્ટક અત્રે રજૂ છે :-

| નં. | શાસક નું નામ | ક્યાં થી | ક્યાં સુધી | કેટલા વર્ષ | ★ |
|---|---|---|---|---|---|
| ૧ | બાબર | ઇ.સ.૧૫૨૬ | ઇ.સ.૧૫૩૦ | ૪, વર્ષ | |
| ૨ | હુમાયું | ઇ.સ.૧૫૩૦ | ઇ.સ.૧૫૫૬ | ૨૬, વર્ષ | |
| ૩ | અકબર | ઇ.સ.૧૫૫૬ | ઇ.સ.૧૬૦૫ | ૪૯, વર્ષ | |
| ૪ | જહાંગીર | ઇ.સ.૧૬૦૫ | ઇ.સ.૧૬૨૭ | ૨૨, વર્ષ | |
| ૫ | શાહજહાં | ઇ.સ.૧૬૨૭ | ઇ.સ.૧૬૫૮ | ૩૧, વર્ષ | |
| ૬ | ઓરંગઝેબ | ઇ.સ.૧૬૫૮ | ઇ.સ.૧૭૦૭ | ૪૯, વર્ષ | |
| ૭ | બહાદૂરશાહ (પહેલો) | ઇ.સ.૧૭૦૭ | ઇ.સ.૧૭૧૨ | ૫, વર્ષ | |
| ૮ | જહાંદાર શાહ | ઇ.સ.૧૭૧૨ | ઇ.સ.૧૭૧૩ | ૧, વર્ષ | |
| ૯ | ફર્રૂખસિયાર | ઇ.સ.૧૭૧૩ | ઇ.સ.૧૭૧૯ | ૬, વર્ષ | |
| ૧૦ | મહમ્મદશાહ | ઇ.સ.૧૭૧૯ | ઇ.સ.૧૭૪૮ | ૨૯, વર્ષ | |
| ૧૧ | અહમદશાહ | ઇ.સ.૧૭૪૮ | ઇ.સ.૧૭૫૪ | ૬, વર્ષ | |
| ૧૨ | આલમગીર | ઇ.સ.૧૭૫૪ | ઇ.સ.૧૭૫૮ | ૪, વર્ષ | |
| ૧૩ | શાહઆલમ | ઇ.સ.૧૭૫૮ | ઇ.સ.૧૮૦૬ | ૪૮, વર્ષ | |
| ૧૪ | અકબર (બીજો) | ઇ.સ.૧૮૦૬ | ઇ.સ.૧૮૩૭ | ૩૧, વર્ષ | |
| ૧૫ | બહાદૂરશાહ ઝફર | ઇ.સ.૧૮૩૭ | ઇ.સ.૧૮૫૮ | ૨૧, વર્ષ | |

**ટોટલ ⟶ ૩૩૨, વર્ષ**

હવાલો :- **"હિંદ નો ઇતિહાસ"**, લેખકો :- પોપટલાલ અંબાણી અને મોહનલાલ બારોટ. પ્રકાશક :- ઠા. બેચર મેઘજી એન્ડ સન્સ - રાજકોટ, આવૃતિ નં.૩૦, પ્રકાશન વર્ષ :- ૧૯૯૭, **પેઇજ નં. ૮૮**



www.markazahlesunnat.in



ઇ.સ. ૧૭૦૭ માં મોગલ સમ્રાટ ઓરંગઝેબ ની વસમી વિદાય પછી પણ મોગલ સામ્રાજ્ય નું અસ્તિત્વ બાકી હતું અને મોગલ સમ્રાટ તરીકે ઓરંગઝેબ ના વંશજો ગાદી ઉપર આરૂઢ થયા પણ તે ફક્ત એક પ્રણાલિકા ની પુર્ણાહુતી જ હતી. દિલ્હી નો મોગલ સમ્રાટ ફક્ત નામનો જ હતો. તેનું વર્ચસ્વ, સત્તા, હાક, ધાક, ઇઝ્ઝત, આબરૂ, માન-મરતબો વગેરે નું છડે ચોક લીલામ થઈ ગએલું. સમગ્ર દેશ ઉપર જે રાજકીય પકડ હતી, તે નાશ પામી. દેશી રજવાડા, નવાબો, સુબેદારો, જાગીદારો અને અન્ય સત્તાધિશો પોતાના શત્રુઓને ધોઈ પીવા માટે અધીરા બનીને ફૂંફાડા મારવા લાગ્યા. વેર ની વસૂલાત માં ઉતાવળા બની ગયા. હવે, લડી લેવું છે. દુશ્મન ને પૂરો જ કરી નાખવો છે. એવા ક્રોધિત વિધાનો, પડકારો, ચેલેંજો અને ધમકીઓ હવે બિલ્કુલ સામાન્ય બાબત બની ગઈ હતી. કેમકે હવે કોઈને દિલ્હી ના સમ્રાટ ની બીક ન હતી. અધૂરા માં પૂરૂં એવા વાંધા-વચકા વાળાઓ ને એક-બીજા સામે યુધ્ધે ચડવા માટે અંગ્રેજો પાનો ચડાવતા હતા. દરેક ને એવો વિશ્વાસ પ્રદાન કરતા હતા, કે અમો તમારી સાથે છીએં. તમારા દુશ્મન સામેની લડાઈ માં અમો તમને દરેક પ્રકાર ની મદદ અને લશ્કરી સહાય કરીશું. દિલ્હી ના મોગલ સમ્રાટ ની બીક ન રાખો. હવે તેનું વર્ચસ્વ બાકી નથી રહ્યું. માટે તેને જે ખંડણી આપો છો, તે બંધ કરો અને તમારા દુશ્મન ને બરાબર નો પાઠ ભણાવો. અમો જાહેર માં નહીં બલ્કે "પીઠ પાછળ" તમારી સાથે છીએં. દુશ્મન ને માત કરી તેનો પ્રદેશ કબ્જે કરી લો, તેનો પ્રદેશ પણ તમારા પ્રદેશ માં ભેળવી લો. અને તેના માલિક બની જાઓ. આ રીતે દેશી રજવાડાઓ અને નવાબો ને અંદરો અંદર લડવા માટે અંગ્રેજો પ્રોત્સાહિત બલ્કે ઉત્સુક કરતા અને બન્ને ને લડાઈ ની આગ માં હોમી દેતા. લડાઈ માં બન્ને પક્ષે ખુવારી થવાની અને બન્ને આર્થિક અને સેન્ય ની

શક્તિ ના મામલા માં નબળા પડવાના અને આ રીતે નબળા પડેલા બન્ને રાજવીઓને અલગ અલગ પીસી નાખવા સહેલા રહેશે. એવી ભ્રષ્ટ અને કપટ નિતી ના વ્યવસ્થિત ષડયંત્ર ને અનુલક્ષી ને અંગ્રેજો એ દેશી સત્તાધિશો ની એકતા અને સંગઠનની ભાવના ના ચુરે ચુરા કરી નાખ્યા અને અંદરો અંદર લડનારા રાજવીઓ ને સત્તા, બળ, લશ્કર, ધન ભંડોળ વગેરે ક્ષેત્રે નબળા બલ્કે કંગાળ અને માયકાંગલા બનાવી નાખ્યા અને ત્યાર બાદ તેઓને અલગ અલગ એટલે કે એક પછી બીજા નો વારો અને બીજા પછી ત્રીજો. એ યુક્તિ દ્વારા બધાના પ્રદેશો કબ્જે કરી લીધા અને યૈનકૈન પ્રકારે પોતે સર્વ સત્તાધિશ બની ગયા.

આ રીતે ભારત ની આંતરિક રાજકીય વ્યવસ્થા ને એટલી હદે છિન્ન ભિન્ન કરી નાખી, કે પ્રજા ને એ ખયાલ જ નહોતો આવતો કે ભારત માં કોનું શાસન છે. મોગલ બાદશાહ નું રાજ છે કે અંગ્રેજો નું ? દિલ્હી ની કેન્દ્ર સત્તા એટલી હદે નબળી અને કંગાળ બની ગઈ હતી, કે સમગ્ર ભારત ના વિવિધ પ્રાંતો ના શહેરો અને ગામડાઓ ની સમસ્યા ઉકેલવાનો સમય પણ નહોતો અને શક્તિ પણ ન હતી. આવી પરિસ્થિતી માં અંગ્રેજો આવા વિવાદો ના ઉકેલ માટે મધ્યસ્થી બનતા. પ્રશ્નો ઉકેલતા અને પોતે સ્વંય સર્વેસર્વા અને ઉચ્ચ સત્તાધિશ તરીકે શાસક બની જતા. દેશી રજવાડાઓ મોગલ શાસક ને દર વર્ષે જે ખંડણી આપતા, તે ખંડણી ની રકમ હવે અંગ્રેજો વસૂલ કરવા લાગ્યા. **રાંડી રાંડ નું ખેતર અને બાવો રખોલીયો** એ કહેવત ને સાર્થક બનાવી અંગ્રજો એ પોતાનું શાસન સ્થાપિત કરીને સમગ્ર ભારત ઉપર કબ્જો જમાવી, સમગ્ર ભારત માં સર્વ સત્તાધિશ બની જવાના ષડયંત્ર ને વ્યવસ્થિત અને ગતિમાન બનાવીને નિર્દયતા, અન્યાય, ખટપટ, જોર-જુલ્મ અને અનિતી ની આંધીઓ ની જે હારમાળા સર્જી છે, તે ઇતિહાસ ના પૃષ્ઠો માં અંકિત છે.



www.markazahlesunnat.in

www.markazahlesunnat.in

# અનિતી, ખટપટો અને અત્યાચારો દ્વારા દેશી રજવાડાઓ ની એકતા નું નિકંદન અને અંગ્રેજી સામ્રાજ્ય નું વિસ્તરણ.

અંગ્રેજોએ પોતાના મન ની મેલી મુરાદ પૂરી પાડવાના દૃષ્ટ આશય થી જે હિચકારા અને ધૃણાસ્પદ ષડયંત્રો નું આચરણ કરેલું છે, તેની વિસ્તાર પુર્વક ની છણાવટ સ્થળ સંકોચ ના કારણે અહીં શક્ય નથી. જેથી સંક્ષિપ્ત માં અમુક મહત્વ ની અને અનિવાર્ય માહિતી રજૂ કરવામાં આવે છે.

## ▣ બંગાળ પ્રાંત નો કબ્જો :-

ઇ.સ. ૧૭૦૭ માં મોગલ બાદશાહ ઓરંગઝેબ ના ઇન્તેકાલ (અવસાન) વખતે બંગાળ નો સૂબેદાર **નવાબ અલી વર્દી ખાં** હતો. બંગાળ, બિહાર અને ઓરિસ્સા એ ત્રણેય પ્રાંતો નવાબ અલી વર્દી ખાં ના નિયંત્રણ હેઠળ હતા. અંગ્રેજો એ સૌ પ્રથમ બંગાળ ઉપર પોતાનો ડોળો જમાવ્યો. કેમકે ભારત ના પશ્ચિમ ના પ્રાંતો ની સરખામણી માં બંગાળ સૌથી વધુ ફળદ્રુપ અને ધનવાન પ્રાંત હતો.

નવાબ અલી વર્દી ખાં ની રાજધાની બંગાળ ના મશહૂર શહેર **મુર્શિદાબાદ** હતી. નવાબ અલી વર્દી ખાં પાસે તે સમયે **ત્રણ (૩) કરોડ પાઉન્ડ** એટલે કે આજ ના હિસાબે રૂા. ૨,૫૮,૦૦,૦૦,૦૦૦/- (રૂપિયા બે અબજ, અઠાવન કરોડ) નો ખજાનો હતો. ઇ.સ. ૧૭૫૬ ના એપ્રિલ મહિના ની ૧૦, મી તારીખે નવાબ અલી વર્દીખાં નું અવસાન થયું. મુર્શિદાબાદ ની ગાદી ઉપર નવાબ અલી વર્દી

ખાં નો નવાસો (દિકરી નો દિકરો) આરૂઢ થયો. તેનું નામ **સિરાજુદ્દોલા** હતું. અંગ્રેજો એ મર્હૂમ નવાબ અલીવર્દી ખાં ના બીજા નવાસા **"શૌકત જંગ"** નો સંપર્ક સાધીને તેને નવાબ સિરાજુદ્દોલા વિરૂધ્ધ બળવા માટે ઉશ્કેર્યો અને દરેક પ્રકાર ની લશ્કરી સહાય નું વચન આપી ને છેક **મદ્રાસ** થી અંગ્રેજ સેના બોલાવીને આક્રમણ કર્યું. અંગ્રેજ સેનાપતિ **લોર્ડ કલાઈવ** સામે સિરાજુદ્દોલા એ **માણેકચંદ** નામ ના અફસર ને સૈન્ય આપી લડવા મોકલ્યો પણ માણેકચંદ કોઈ પણ પ્રકાર ની યુધ્ધ ની કામગિરી અંજામ આપ્યા વગર નાસી ગયો અને અંગ્રેજો એ કોઈ પણ જાત ની મહેનત વગર કે અડચણ વગર **કલકત્તા** અને **હુગલી** નો કબ્જો લઈ લીધો અને કલકત્તા માં સાત(૭) દિવસ સુધી ઉઘાડી લૂંટફાટ કરી.

સિરાજુદ્દોલા નો એક દીવાન **રાજવલ્લભ** ઢાંકા માં રહેતો હતો. અંગ્રેજો એ તેનો સંપર્ક સાધીને પોતાના પક્ષ માં લઈ લીધો. ઉપરાંત નવાબ સિરાજુદ્દોલા ના લશ્કર ના સેનાપતિ **મીરજાફર** અને લશ્કર ના જનરલ **માણેકચંદ** ને પણ ફોડી નાખ્યા.

**પૂર્ણિયા** ના નવાબ **શૌકત જંગ** મર્હૂમ નવાબ અલી વર્દી ખાં નો નવાસો હતો, તેણે ફરી બળવા નો ઝંડો ફરકાવ્યો અને તા.૧૬-૧૦-૧૭૫૬ ના દિવસે શૌકતજંગ અને સિરાજુદ્દોલા ની સેના વચ્ચે યુધ્ધ થયું. જેમાં શૌકત જંગ મરાયો અને સિરાજ વિજયી થયો. સિરાજે પૂર્ણિયા ના સુબેદાર તરીકે **રાજા યુગલસિંહ** ની નિમણુંક કરી અને મુર્શિદાબાદ પરત આવ્યો.

નવાબ સિરાજુદ્દોલા એ **તાન્નાહ** કે જે કલકત્તા થી પાંચ માઈલ ના અંતરે આવેલું છે. ત્યાંનો અંગ્રેજો નો કિલ્લો જીતી લીધો અને ત્યારબાદ કલકત્તા નો કબ્જો પણ લઈ લીધો.

અંગ્રેજો ને જ્ઞાન થયું કે સિરાજુદ્દોલા ની સામે ફક્ત લશ્કર થી લડી ને જીતી નહીં શકાય. લશ્કરી યુધ્ધ કરતાં પણ વધુ



www.markazahlesunnat.in



અસરકારક **ગદ્દારો ની બે-વફાઈ** ઉપયોગી નિવડશે. ઉચ્ચ અધિકારીઓ અને ગર્ભ શ્રીમંતો ને ગદ્દારી માટે શોધો અને તૈયાર કરો. આ પ્રયાસ માં અંગ્રેજો સફળ થયા અને સિરાજુદ્દોલા ના મંત્રી મંડળ નો એક મંત્રી **અમીચંદ** નામ નો ગદ્દાર નમક હારમ આવા દેશદ્રોહી ના પાપ નું કામ કરવા માટે અંગ્રેજો ના હાથે વેંચાઈ ગયો. ઉપરાંત **બે(૨) જૈન શેઠીયાઓ** અને **રાજા દુર્લભરામ** પણ ગદ્દારો ની ટોળકી માં શામેલ થઈ ગયા. ઉપરાંત નવાબ સિરાજુદ્દોલા ના લશ્કર ના અનેક સૈનિકો અને મહત્વ ના હોદેદારો પણ નમક હરામી નું દ્રષ્ટાંત પૂરૂં પાડીને નવાબ સિરાજુદ્દોલા ની વિરૂધ્ધ લશ્કરી કાર્યવાહી અને અંગ્રેજો ની ગુલામી ના કલંક નું કાળું ટીલું પોતાના કપાળે ચોંટાડવા કટીબધ્ધ થઈ ગયા.

## ▣ પ્લાસી નું યુધ્ધ :-

નવાબ સિરાજુદ્દોલાએ ૨૦/૦૬/૧૭૫૬ ના દિવસે કલકત્તા ઉપર ફરી કબ્જો કરીને અંગ્રેજો ને હાંકી કાઢેલા, તે વાત ની ખબર મદ્રાસ ખાતેની અંગ્રેજ કોઠીએ પહોંચી. જેથી ઇ.સ. ૧૭૫૬ ના ઓક્ટોબર માં ૨૧૦૦, સૈનિકો ઉપર આધારિત અંગ્રેજ સેના મદ્રાસ થી કલકત્તા રવાના થઈ. જેમાં ૮૦૦, યુરોપિયન અને ૧૩૦૦, હિન્દી સૈનિકો હતા. આ સેના ડિસેમ્બર ૧૭૫૬ માં કલકત્તા ની સમીપ આવેલા **ફલ્ટા** નામ ના સ્થળે પહોંચી.

કલકત્તા પ્રાંત માં અંગ્રેજી સેના ધીરે ધીરે જમાવટ કરતી ગઈ અને આસપાસ ના નાના કિલ્લાઓ કબ્જે કરતી ગઈ. જેમાં **બજબજ** નો કિલ્લો ખાસ ઉલ્લેખનીય છે. ત્યારબાદ **હુગલી** નો અતિ મજબૂત કિલ્લો પણ અંગ્રેજો એ કબ્જે કરી લીધો. તા.૧૧, જાન્યુઆરી ઇ.સ.૧૭૫૭ થી લઈને તા. ૧૮ જાન્યુઆરી ઇ.સ.૧૮૫૭ એમ કુલ **આઠ(૮) દિવસ** સુધી અંગ્રેજો ના લશ્કરે હુગલી ના

કિલ્લા ની નજીક ના મકાનો અને હુગલી શહેર ની આસપાસ ના વિસ્તાર ની નિર્દોષ પ્રજા ને લુંટવામાં ગાળ્યો અને આ સમયગાળા દરમિયાન અસંખ્ય નિઃશસ્ત્ર અને નિરપરાધી લોકોની નિર્દયતા ભરી કત્લે આમ કરવામાં આવી.

આ રીતે નાના-મોટા છમકલાઓ અને યુધ્ધો સતત જારી હતા. અંગ્રેજો એ **ચંદ્રનગર** જીતી લીધું. અંગ્રેજો નો આત્મ વિશ્વાસ આ પ્રકાર ના વિજયો થી વધી રહ્યો હતો. અંગ્રેજો એ નવાબ સિરાજુદ્દોલા ને પણ ધમકી મોકલવી આરંભી દીધી. અંગ્રેજો એ લશ્કરી તાકાત વ્યવસ્થિત રીતે વધારી લીધા ની સાથે સાથે **ગદ્દારો ની ફોજ** પણ ઉભી કરી લીધી હતી. ખૂદ અંગ્રેજ ઇતિહાસ લેખક **જીન-લો** લખે છે કે :-

**“નવાબ ની સેના ના બધા મુખ્ય અમલદાર મીરજાફર, અલીખાં, ખુદાદાદ ખાં લટ્ટી, અન્ય ઘણા જૂના દરબાર ના બધા વજીરો, લગભગ બધા મંત્રીઓ, દરબાર ના હમાલ અને જનાન ખાના ના સેવકો સુધી ના બધા માણસો અંગ્રેજો ના પક્ષ માં હતા.”**

(“Bengal Recorols” Vol. No. 3, Page No. 191)

છળકપટ, લાંચ રૂશ્વત, ખોટા વચનો, સંપત્તિ અને સત્તા ની લાલચ તથા અન્ય મોહજાળ ની માયાજાળ માં સપડાવીને અનેક **ગદ્દારો નું લશ્કર** તથા રણ મેદાન માં યુધ્ધ કરનારૂં લશ્કર એ બન્ને પાસાઓ અતિ વ્યવસ્થિત પણે મજબૂત, સુઘડ, કાર્યદક્ષ, સતર્ક અને સમર્થ બનાવી લઈને અંગ્રેજો એ નવાબ સિરાજુદ્દોલા ની સામે **કાંટે કી ટક્કર** સમી આરપાર ની લડાઈ લડવાના દ્રુષ્ટ આશય થી યુધ્ધ ના મેદાન માં આવ્યા અને પ્લાસી નું યુધ્ધ થયું.



www.markazahlesunnat.in

www.markazahlesunnat.in

## ▣ પ્લાસી ના યુધ્ધ નો ટુંકસાર :-

બંગાળ ના મશ્હૂર શહેર અને બંગાળ ના નવાબ ની રાજધાની **મુર્શિદાબાદ** થી ૨૦, માઈલ દૂર ખાખરા ના વૃક્ષો નું વન છે. તે વન ને **“પલાશીબાગ”** કહેવામાં આવે છે. તે પલાશી બાગ ની નજીક **“પ્લાસી”** નામ ના ગામ માં તા. ૨૩-૦૬-૧૭૫૭ ના દિવસે નવાબ સિરાજુદ્દોલા અને અંગ્રેજો ની સેના વચ્ચે યુધ્ધ થએલું. નવાબ સિરાજુદ્દોલા ના લશ્કર માં કુલ ચાર(૪) સેનાપતિઓ હતા. તેઓની સરદારી હેઠળ નીચે મુજબ સૈનિકો હતા.

| નં. | સેનાપતિ નું નામ | સૈનિકો ની સંખ્યા |
|---|---|---|
| ૧ | મીરજાફર (મુખ્ય સેનાપતિ) | ૧૫,૦૦૦ (પંદર હજાર) |
| ૨ | યાર લુત્ફખાન | ૧૫,૦૦૦ (પંદર હજાર) |
| ૩ | રાજા દુર્લભરામ | ૧૫,૦૦૦ (પંદર હજાર) |
| ૪ | મીર મુઈનુદ્દીન (મીર મદન) | ૧૨,૦૦૦ (બાર હજાર) |
| | ટોટલ ⟶ | ૫૭,૦૦૦ (સતાવન હજાર) |

યુધ્ધ નું રણશીંગુ ફુંકાયું. ઘોડાઓ ની હણહણાટી, સૈનિકો ની કિકિયારી, તલવારો ની ટક્કર થી ઉડતા તણખા, ઝખ્મી સૈનિકો ની ચીંખો, માનવ તથા જાનવર ના ધમસાણ ના કારણે ધૂળ ની ઉડતી ડમરીઓ, મારી નાખું અને કાપી નાખું એવા સિપાઈઓ ના પડકારો વગેરે દ્વારા વાતાવરણ ધૂંધળું, ડરામણું અને અંધકારમય ભાસતું હતું. **અંગ્રેજ સેનાપતિ ક્લાઈવ** પોતાની સેના ને ભાવી ભૌતિક સુખ ની લાલચો આપીને પાનો ચડાવતો હતો. અંગ્રેજ સૈનિકો પૂરા જોશ અને ઝનૂન થી નવાબ સિરાજ ના લશ્કર ઉપર તૂટી પડેલા પણ નવાબ સિરાજ ની ફૌજ ના જાંબાઝ સૈનિકો માદરે વતન ની રક્ષા માટે જાન ની બાજી લગાવી દઈને વીરતા, શૌર્ય, બહાદુરી અને જાંફિશાની વ્યક્ત કરી અંગ્રેજ સેના

ના હુમલા નો વળતો જવાબ આપીને તેઓને છક્કા છોડાવી રહ્યા હતા. યુધ્ધ ની અગ્નિ પરાકાષ્ટાએ પહોંચી હતી અને નવાબ સિરાજુદ્દોલા ના લશ્કર ના **"કફ્ન-બર-દૌસ-મુજાહિદો"** યુધ્ધ ના મેદાન માં છવાઈ ગએલા અને એવું લાગતું હતું કે અંગ્રેજ સેના ના કાયર, નામર્દ અને બાયલા સૈનિકો ઘોર પરાજય વેઠીને **ઊભી પૂંછડીએ** નાસી જશે. પણ આ શું થયું ? આંખ ઉપર વિશ્વાસ ન આવે તેવી ઘટના બની ગઈ. નવાબ સિરાજુદ્દોલા ના લશ્કર ના ત્રણ(૩) સેનાપતિઓ પોતાના હાથ નીચેના (તાબાના) સમગ્ર સૈનિકો ને લઈને અંગ્રેજો ની સેના માં ચાલ્યા ગયા.

મુખ્ય સેનાપતિ મીરજાફર, યારલુત્ફખાન અને રાજા દુર્લભરામ ત્રણેય સેનાપતિઓ કુલ - ૪૫,૦૦૦ (પીસ્તાલીસ હજાર) સૈનિકો ને લઈ અંગ્રેજો સાથે ભળી ગયા અને અંગ્રેજો સામે લડવાના બદલે હવે નવાબ સિરાજુદ્દોલા સામે લડવા લાગ્યા. યુધ્ધ નું પાસું પલ્ટાઈ ગયું. નવાબ સિરાજ ના કુલ સત્તાવન (૫૭) હજાર સૈનિકો માં થી કુલ પીસ્તાલીસ(૪૫) હજાર સૈનિકો **અંગ્રેજો ના ખોળે બેસી ગયા.** આટલી મોટી સંખ્યા ના લોકો એક સામટા પોતાના માલિક ની સાથે ગદ્દારી કરે, તેવું દ્રષ્ટાંત ઇતિહાસ માં શોધ્યું જડે તેમ નથી.

ફક્ત ગદ્દારી જ નહીં બલ્કે ચાલુ લડાઈ માં યુધ્ધ ના મેદાન માં દુશ્મન ના લશ્કર માં ભળી જઈને ખુલ્લમ ખુલ્લા ગદ્દારી, દગાખોરી અને બેવફાઈ કરનારા ગદ્દારો ની સંખ્યા નો આંકડો જોઈ ને કમકમાટી અને નફરત ની ધ્રુજારી ના આઘાત નો આંચકો અનુભવાય છે. **મીરજાફર, યાર લુત્ફખાન** અને **રાજા દુર્લભરામ** ને ભારત નો સાચો પ્રેમી નાગરિક કયામત સુધી ક્ષમા નહીં અર્પે.

ખૈર ! નવાબ સિરાજ ના લશ્કર ના લગભગ ૮૦% જેટલા સૈનિકો ચાલુ લડાઈ માં શત્રુ ના લશ્કર માં ભળી જવાના કારણે



www.markazahlesunnat.in



એ વાત પુરવાર થાય છે કે સિરાજુદ્દોલા ની સેના માં ફક્ત એક મીરજાફર જ વિશ્વાસઘાતી ન હતો, બલ્કે આખી સેના આવા વિશ્વાસઘાતીઓ થી ભરપૂર હતી. બરાબર અણીને વખતે કે જ્યારે સિરાજુદ્દોલા ને અંગ્રેજો ઉપર ઝળહળતો વિજય મળવાની પૂરી તૈયારી હતી. ત્યારે સેના ના ત્રણ(૩) સેનાપતિઓ પોતાના તાબા હેઠળ ના ૪૫,૦૦૦ સૈનિકો સહિત અંગ્રેજો ના લશ્કર માં ભળી ગયા.

નવાબ સિરાજુદ્દોલા નો એક જ વફાદાર સેનાપતિ **મીરમદન** (મીર મુઈનુદ્દીન) એવો વફાદાર હતો, કે ફક્ત બાર હજાર (૧૨,૦૦૦) ની બાકી બચેલી ફક્ત વીસ ટકા (૨૦%) સેના થી અંગ્રેજ સેના અને ત્રણેય વિશ્વાસઘાતીઓ ની સેના સામે બહાદુરી પૂર્વક ઝઝુમ્યો અને રણ મેદાન માં તલવારબાઝી અને ઘોડે સવારી ની કળા ના એવા દાવપેચ અજમાવ્યા કે શત્રુઓ ને **આંખે અંધારા આવી ગયા.** નવાબ સિરાજ નો આ **વફાદાર સેનાપતિ મીરમદન** જીવન ના અંતિમ શ્વાસ સુધી અડીખમ ઉભો રહીને એવો મુકાબલો કર્યો, કે અંગ્રેજો તેની સામે ટક્કર લઈને પોતાના પગ ખોડી શકે તે કઠીન બલ્કે અસંભવિત હતું. નમક હલાલી અને વફાદારી ની આબરૂ ને ચારચાંદ લગાડનાર સેનાપતિ મીરમદન તેના જીવ માં જીવ હતો ત્યાં સુધી અડીખમ યોધ્ધા ની શાનો-શૌકત થી વીરતા અને મર્દાનગી નું પ્રદર્શન કરીને લડતાં લડતાં શહીદ થઈ ગયો. સલામ છે તેની વીરતા ને..... સલામ છે તેની દેશભક્તિ ને.... સલામ છે તેની વફાદારી ને.... સલામ છે તેની નમક હલાલી ને.

જ્યાં સુધી ધરતી ઉપર આકાશ નો માંડવો બંધાએલો બાકી રહેશે, ત્યાં સુધી ભારત ની ધરતી ની માટી માં થી તેની વીરગાથા ની સોડમ ની મહેક ઉઠતી રહેશે અને ભારત જેવા મહાન દેશ ની આબરૂ અને રક્ષા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરી દેવાનો સંદેશો દેશ વાસીઓને આપશે.

મીર મદન ની શહાદત અને વસમી વિદાય થી નવાબ સિરાજુદ્દોલા લાચાર બની ગયો. તેનું દિલ ભાંગી ગયું. દુશ્મનો એ ચારેય તરફ થી ઘેરી લીધો, પણ સદનસીબે તે પોતાના હાથી ઉપર બેસીને યુધ્ધ ના મેદાન માં થી સહી સલામત નિકળી ગયો અને મુર્શિદાબાદ ચાલ્યો ગયો. બહુ જ ઓછા રક્તપાતે ફક્ત એક જ દિવસ માં એટલે કે તા. ૨૩-૬-૧૭૫૭, ગુરૂવારે જ **"પ્લાસી ના યુધ્ધ"** નું પરિણામ આવી ગયું. અંગ્રેજ સેનાપતિ **ક્લાઈવ** અને નમક હરામ, ગદ્દાર **મીરજાફર** કપટ દ્વારા જંગ જીત્યા.

## ▣ સિરાજુદ્દોલા ની હત્યા તથા મીરજાફર સત્તારૂઢઃ-

નવાબ સિરાજુદ્દોલા મુર્શિદાબાદ આવ્યો. જોયું કે હવે કોઈ સાથ આપે તેમ નથી, જેથી અઢળક સંપત્તિ નો ખજાનો જેમ નો તેમ પડ્યો રહેવા દઈ પોતાના ત્રણ(૩) વફાદાર સાથીઓ ના સંગાથે મહેલ ની બારી માં થી ફકીરવેશ માં નિકળી **ભગવાનગોલા** નામ ના નગર તરફ ચાલ્યો ગયો. થોડાજ દિવસો માં જાસૂસો એ પૂરી પાડેલી માહીતી ના આધારે પકડાઈ ગયો. તા.૨,જુલાઈ ૧૭૫૭ ના દિવસે મુર્શિદાબાદ લાવવામાં આવ્યો. મુર્શિદાબાદ માં તેને નજર કેદ રાખવામાં આવ્યો. રાત ના સમયે ગદ્દાર મીરજાફર ના ગદ્દાર દિકરા **મીરન** પોતાના અંગત વિશ્વાસુ **મુહમ્મદ બેગ** ની સાથે મળીને સિરાજુદ્દોલા ની હત્યા કરી નાખી. બીજા દિવસે તેના કપાએલા મસ્તક ને હાથી ઉપર રાખીને મુર્શિદાબાદ શહેર માં ફેરવવા માં આવ્યો.

નવાબ સિરાજુદ્દોલા ના ખાલી પડેલા સિંહાસન ઉપર ગદ્દાર મીરજાફર ને અંગ્રેજો એ બેસાડ્યો અને ત્યાર થી ભારત ના ઉજળા ભાવી ઉપર અત્યાચાર ના અંધકાર ના કાળા વાદળો છવાઈ ગયા.



www.markazahlesunnat.in

www.markazahlesunnat.in

## ▣ સિરાજુદ્દોલા ના મહેલ અને મુર્શિદાબાદ માં લૂંટફાટઃ-

નવાબ સિરાજુદ્દોલા ની રાજધાની મુર્શિદાબાદ ના મહેલ નો ખજાનો લૂંટવા અંગ્રેજો મહેલ માં ઘૂસ્યા. ખજાનો કેટલો છે ? તેની તપાસ કરવાની અને ખજાના ની ગણતરી કરવાની કામગિરી અને જવાબદારી અંગ્રેજો દ્વારા પોતાના ખાસ પીઠુ **અમીચંદ** ના મળતીયા અને વિશ્વાસુ એવા **જૈન જગતશેઠ** નામ ના **"ગદ્દાર"** ને સોંપવામાં આવી. ગણતરી કર્યા બાદ ખજાનો લૂંટી લેવામાં આવ્યો. ત્યારબાદ મુર્શિદાબાદ શહેર ના નગરજનો ને પણ લૂંટી લેવામાં આવ્યા.

તે સમયે મુર્શિદાબાદ શહેર ના લોકો એટલા બધા સુખી અને સમૃધ્ધ હતા, કે લંડન શહેર જેટલું મુર્શિદાબાદ શહેર લાંબું, પહોળું, આબાદ અને ધનવાન હતું. બલ્કે લંડન ની સૌથી ધનવાન વ્યક્તિ પાસે જેટલી સંપત્તિ હશે, તેના કરતાં અનેક ગણી વધારે સંપત્તિ મુર્શિદાબાદ માં વસતા અનેક લોકો પાસે હતી.

**"મુર્શિદાબાદ અને અન્ય સ્થળે થી લૂંટેલી સંપત્તિ અંગ્રેજો એ વહાણો ભરીને લંડન મોકલી દીધી"**

અંગ્રેજો નું ભારત માં આગમન વેપાર-ઉદ્યોગ માટે જ થયો હતો, પણ થોડાજ સમય માં તેમણે રાજકારણ માં રસ લઈને એવું વર્ચસ્વ જમાવી લીધું, કે તેઓ શાસક બની ગયા. શાસક નહીં બલ્કે એક નંબર ના ડાકૂ અને ખતરનાક લૂટેરા બની ગયા. ઇંગ્લેન્ડ થી આયાત કરેલ ગોરા સૈનિકો નું લશ્કર તથા અહીં ઉભુ કરેલું સ્થાનિક ભારતીય કાળા અંગ્રેજો નું લશ્કર, એ બન્ને દ્વારા તેઓ ભારત દેશ માં પોતાના શાસન ને વધુ માં વધુ વિસ્તારતા

ગયા. એક સ્વતંત્ર દેશ ના રાજા પાસે શાસન ના વહીવટ ના કર્મચારીઓ અને જંગી લશ્કર તથા લશ્કર માટેની અનિવાર્ય શસ્ત્ર-સરંજામ ની સામગ્રી દ્વારા ગમે તેવા બળવાન નવાબ કે રાજા ની સામે યુધ્ધ કરી લેતા. યુધ્ધ માં વિજય થતાં ત્યાંના નવાબ કે રાજા ની હત્યા કરી નાખીને અથવા તો તેને પદભ્રષ્ટ કરીને તેની જગ્યાએ પોતાના પીઠ્ઠુ અને ચમચા ને સત્તારૂઢ કરીને, તેને ફક્ત **કઠપૂતલી** અથવા **રબ્બર સ્ટેમ્પ** જેટલું જ મહત્વ આપીને શાસન ની સમગ્ર ધૂરા પોતાના હાથમાં જ રાખતા.

સૌથી પહેલું કામ અંગ્રેજો એ કરતા કે કબ્જે કરેલા પ્રદેશ ના નવાબ કે રાજા નો ખજાનો ખાલી કરી નાખવો અને સાથે સાથે કબ્જે કરેલા પ્રદેશ માં વસતા ધનવાનો ને લૂંટી લેવા અને તે બધી સંપત્તિ વહેલા માં વહેલી તકે લંડન મોકલી આપવી. અંગ્રેજ સરસેનાપતિ કલાઈવ નો પરમ મિત્ર અને અંગ્રેજ ઇતિહાસકારક **મિસ્ટર ઓર્મ (**Orme**)** આ હકીકત નો સ્વીકાર કરતાં લખે છે કેઃ-

"The Committe by tht 6th July, 1757 Recieved in Coined Silver 72,71,666/- Rupees. This treasure was Packed up in 700, chests and Loaded in 100, boats, which proceeded under the care of Soldiers to Nadiya, from whence they were escorted by all the boats of the squadron and many of hers proceeding with bannours displayed and music sounding, of triumphal procession........ Never before did the English nation at one time obtain such a prize in solid money"

**હવાલો :-** "History of Indostan", **લેખક :-** Mr. Orme, Volume No. 2, Page No. 187 **અને** 188



www.markazahlesunnat.in

www.markazahlesunnat.in

**▣ ઉપરોક્ત અંગ્રેજી ફકરા નો અનુવાદ ગુજરાતી ભાષા માં :-**

**"૬ ઠ્ઠી જુલાઈ - ૧૭૫૭ સુધી માં (કલકત્તા ની અંગ્રેજ) કમિટી પાસે ૭૨,૭૧,૬૬૬ /- રૂપિયા ના ચાંદી ના સિક્કા પહોંચી ગયા. આ ખજાનો ૭૦૦, પેટીઓ માં ભરવા માં આવ્યો, અને સો (૧૦૦) જેટલી કિશ્તીઓ (હોડકાઓ) માં લાદવામાં આવ્યો, સૈનિકો ના પહેરા વચ્ચે આ કિશ્તીઓ "નદિયા" પહોંચી. ત્યાં થી જંગી (મોટા અંગ્રેજી) વહાણો માં તે કિશ્તીઓ નો તથા અન્ય સામાન ભરીને ઝંડા ફરકાવતા અને વાજતે ગાજતે સરઘસ સ્વરૂપે આગળ વધ્યા..... આ અગાઉ આટલું બધું રોકડ ધન કદી પણ અંગ્રેજો ને એકી સાથે મળ્યું નહોતું."**

**★ ગુજરાતી ભાષાંતર સૌજન્ય :-**

**"ભારત માં અંગ્રેજી રાજ્ય"**, (ગુજરાતી અનુવાદ) લેખક :- પંડિત સુંદરલાલ અલ્હાબાદી, અનુવાદક :- ભાસ્કરરાવ વિદ્રાંસ, પ્રકાશક :- ચતુર્ભુજ વિઠલદાસ જસાણી, ગોંદિયા (છત્તીસગઢ) પ્રકાશન વર્ષ :- નવેમ્બર - ૧૯૩૮, **પુસ્તક પહેલું,** (ભાગ-૧) **પ્રકરણ નં.૨, પેઇજ નં. ૬૮**

વાંચક મિત્રો થી નમ્ર વિનંતી કે ઉપરોક્ત હવાલો બહુ જ ધ્યાનપૂર્વક વાંચો. તેમાં લખ્યું છે, કે ૬,જુલાઈ-૧૭૫૭ ના દિવસે મુર્શિદાબાદ નો ખજાનો કલકત્તા પહોંચી ગયો. પ્લાસી નું યુધ્ધ ૨૩-૬-૫૭ ના દિવસે થયું. તા. ૨૪-૬-૫૭ ના દિવસે મુર્શિદાબાદ નો અંગ્રેજો એ કબ્જો લીધો. કબ્જો લીધા ના બાર(૧૨) દિવસ માં ખજાનો કલકત્તા ની અંગ્રેજો ની કોઠી માં પહોંચી ગયો. જરા વિચારો ૨૪ મી તારીખે મુર્શિદાબાદ નો કબ્જો લીધો. ત્યારબાદ

શહેર માં લૂટફાટ કરી. સ્વભાવિક રીતે તેમાં ઓછા માં ઓછા બે(૨) દિવસ નિકળી ગયા. બાકી રહ્યા ફક્ત દસ(૧૦) દિવસ. કલકત્તા થી મુર્શિદાબાદ ૧૪૯, માઈલ ના અંતરે આવેલું શહેર છે. ત્યાંથી જંગી રકમ નો ખજાનો દોઢ સો માઈલ (૨૩૮, કિ.મી.) નું અંતર કાપીને કલકત્તા પહોંચાડવું કંઈ સહેલું કામ નથી. તે સમય માં માલ પરિવહન (ટ્રાન્સપોર્ટ) ની આજ જેવી સુવિધાઓ ન હતી. બળદ ગાડા, છકડા, ઊંટ કે અન્ય જાનવરો ની પીઠ ઉપર સામાન લાદીને એક સ્થળે થી બીજા સ્થળે વહન કરવામાં આવતો. મુર્શિદાબાદ માં થી લગભગ રૂા. ૭૨, ૭૨,૦૦૦/- (બોંત્તેર લાખ બોંત્તેર હજાર) ના ચાંદી ના સિક્કા મળેલા. આવી જંગી રકમ કાગળ ની નોટ સ્વરૂપે ન હતી કે એક શુટકેસ માં સમાઈ જાય. બલ્કે લગભગ તોંતેર(૭૩) લાખ નંગ ચાંદી ના ખણખણતા નક્કર સ્વરૂપે સિક્કાઓ હતા. તે સિક્કાઓ એક અઠવાડિયા માં મુર્શિદાબાદ થી કલકત્તા પહોંચી ગયા. કલકત્તા માં તે સિક્કાઓ ને વ્યવસ્થિત પેક કરવામાં આવ્યા તો સાત સો (૭૦૦) પેટીઓ ભરાઈ, જે તાત્કાલિક એકસો (૧૦૦) નાના હોડકાઓ મારફત 'નદિયા' નામ ના સ્થળે મોકલી દેવા માં આવી. ત્યાં થી મોટા માલવાહક જહાજો દ્વારા આ ખજાનો લંડન મોકલી દેવામાં આવ્યો.

વાંચક મિત્રો ઠંડા કલેજા થી વિચારો. ફક્ત એક સ્થળ મુર્શિદાબાદ થી રૂા. ૭૨, ૭૧, ૬૬૬ = ૦૦ ના ચાંદી ના સિક્કા ની જંગી રકમ અંગ્રેજો એ લૂંટી. તે રકમ આજ ના હિસાબે કેટલી થાય, તે જોઈએં :-

ઇ.સ. ૧૭૫૭ - ૧૭૬૦ ના અરસા માં ચાંદી ના સિક્કા નું ચલણ હતું. તે એક સિક્કા નું **વજન :- ૧૨.૩૨ ગ્રામ** થતું હતું. જે વાંચક મિત્રોને તે અંગે ના પુરાવા ની આવશ્યકતા હોય, તેઓ ઇન્ટરનેટ ઉપર "http://coinindia.com/galleries-bengalpresidency.html" સર્ચ કરીને જોઈ શકે છે.



www.markazahlesunnat.in





**Gold mohur in the name of Shah Alam II (1759-1806), Murshidabad, RY "19"**
Weight: 12.32 gm. Diameter: 26 mm Die axis: 12 o'clock
Legend, *sikka zad bar haft kishwar saya fazl ilah hamiiud-d muhammad shah alam badshah*
(Defender of the religion of Muhammad, Shah Alam, Emperor, shadow of the divine favor, put his stamp on the seven climes), and frozen AH date 1202
Legend, *zarb murshidabad sanat 19 julus maimanat manus*
(struck at Murshidabad in the 19th year of his reign of tranquil prosperity), regnal year "19" frozen
Reference: Pridmore 83, KM 103.1 (was 779.2)

**હવે આપણે હિસાબ કરીએં.**

**કુલ સિક્કા નંગ :-**

**૭૨,૭૧,૬૬૬ (બોંત્તેર લાખ, એકોત્તેર હજાર છસ્સો છાસઠ)**

× ૧૨.૩૨ ગ્રામ એક સિક્કા નું વજન

= **૮,૯૫,૮૬,૯૨૫ - ગ્રામ** (કુલ ગ્રામ વજન)

÷ ૧૦૦૦ કિલો માં રૂપાંતર કરવા ભાગાકાર

= **૮૯,૫૮૭** - K.G. (કુલ વજન કિલો માં)

× રૂા.૪૨,૯૦૦/- આજે તા. ૧૮-૧૧-૨૦૧૭ ના રોજ એક કિલો ચાંદી નો ભાવ.

= **રૂા. ૩,૮૪,૩૨,૮૨,૩૦૦/-** (કુલ કિંમત રૂપિયા માં)

(અંકે રૂપિયા ત્રણ અબજ, ચોર્યાસી કરોડ, બત્રીસ લાખ, બ્યાંસી હજાર ત્રણ સો)

Say **રૂાં. ૩.૮૪ અબજ** (ત્રણ અબજ ચોર્યાસી કરોડ)

વાંચકો ની જાણકારી માટે ૧,કિલો ચાંદી ના ભાવનો પુરાવો નેટ થી:-

**Silver Price in India** (18nd November 2017)
**Silver Price in India** is determined by international prices, which move in either direction. Other then that it also depends on currency movement of the rupee against the dollar. If the rupee falls against the dollar and international prices remain stable, silver will become more expensive.

**Indian Major Cities Silver Rates Today**

| City | 10 gram | 100 gram | 1 Kg |
|---|---|---|---|
| Chennai | □ 429 | □ 4,290 | □ 42900.00 |
| Mumbai | □ 429 | □ 4,290 | □ 42900.00 |
| Delhi | □ 429 | □ 4,290 | □ 42900.00 |
| Kolkata | □ 429 | □ 4,290 | □ 42900.00 |

ફક્ત એક સ્થળ "મુર્શિદાબાદ" (બંગાળ) થી અંગ્રેજો ને આજ ના હિસાબે **રૂપિયા ત્રણ અબજ ચોર્યાસી કરોડ** જેટલી રકમ જંગી રકમ નો દલ્લો હાથ લાગેલો. જે અંગે અંગ્રેજ ઇતિહાસકાર **મિ.ઓર્મ** (Orme) લખે છે, કે **"આ અગાઉ આટલું, બધું રોકડ ધન કદી પણ અંગ્રેજો ને એકી સાથે મળ્યું નહોતું"** સાત સો (૭૦૦) પેટી કે, જે એક સો (૧૦૦) હોડીઓ માં ભરીને લંડન મોકલવા માં આવી અને તેની કીંમત ત્રણ અબજ, ચોર્યાસી કરોડ જેટલી હતી. તે ખજાનો લંડન પહોંચ્યો અને અંગ્રેજો ની જીવન શૈલી બદલાઈ ગઈ. કંગાળ, ભૂખ્યા, પછાત, અજ્ઞાન, જંગલી, ગંદા અને મેલા હવે આધૂનિક, અપ-ટુ-ડેટ અને ફોરવર્ડ બની ગયા. ઇંગ્લાંડ ની આર્થિક દરિદ્રતા દૂર થઈ ગઈ અને આર્થિક સધ્ધરતા આવી.

ફક્ત એક બંગાળ માં થી અંગ્રેજો ને એટલી બધી સંપત્તિ પ્રાપ્ત થઈ, કે તેઓ ન્યાલ થઈ ગયા બલ્કે એટલા બધા માલેતુજાર થઈ ગયા, કે વિશ્વસ્તરે શક્તિશાળી દેશ તરીકે ઇંગ્લાંડ ની ગણના થવા લાગી. બંગાળ દેશ ઢગલાબંધ ગદ્દારો ના કારણે અંગ્રેજો ના હાથે તબાહ અને બરબાદ થયો. આ બધા ગદ્દારો માં **મીરજાફર** અને **અમીચંદ** મુખ્ય હતા. મીરજાફર ની નમક હરામી અને ગદ્દારી ની સંક્ષિપ્ત ઝલક "પ્લાસી ના યુધ્ધ" ના અનુસંધાને રજૂ થઈ. અમીચંદ માટે પ્રખર ઇતિહાસકાર **પંડિત સુંદરલાલ અલ્હાબાદી** પોતાના પુસ્તક માં લખે છે કે :-

> **"અમીચંદ ન હોત તો અંગ્રેજી વેપાર અને અંગ્રેજી સત્તા બન્ને માં થી કોઈનો પગ બંગાળ ની ભૂમી પર કોઈ રીતે જામી શકત નહીં."**

હવાલો :- "ભારત માં અંગ્રેજી રાજ્ય", ભાગ નં. ૧, પેઇજ નં.૩૨)



www.markazahlesunnat.in

www.markazahlesunnat.in

પ્લાસી ના યુધ્ધ માં નવાબ ના પરાજય ની જાણ સમગ્ર દેશ માં ફેલાઈ ગઈ અને અંગ્રેજો ની શક્તિ ની ધાક બેસી ગઈ. પરિણામે અતિ ઝડપ થી અંગ્રેજો નું વર્ચસ્વ અને શાસન સમગ્ર ભારત માં પ્રસરતું અને સ્થાપિત થતું ગયું અને સાથો સાથ અંગ્રેજો ના અત્યાચારો જેમકે લૂંટફાટ, હત્યાઓ, ફાંસી આપવી, મિલ્કતો અને જાયદાદો જપ્ત કરવી, વેપાર-ધંધા ભારતીયો ના હાથ માં થી પોતાના હાથ માં લઈ લેવા અને તેના જેવા અનેક અન્યાયી અને અમાનવીય ઝુલ્મો સિતમ ની પરંપરા ની વણથંભી વણઝાર નો યુગ શરૂ થયો.

બંગાળ ના પ્રકરણ ના અંત માં બે-ચાર બાબતો વર્ણન કર્યા બાદ સંક્ષિપ્ત માં ભારત ના અન્ય પ્રાંતો ની ચર્ચા કરશું.

- બંગાળ માં નવાબ સિરાજુદ્દોલા ના શાસન નો અંત આણી તેની જગ્યાએ પોતાના પિઠ્ઠુઓ ને સત્તા સ્થાને બેસાડ્યા. મીરજાફર (મુર્શિદાબાદ), ખુદ્દામ હુસૈન (પૂર્ણિયા), મીર જાફર નો પુત્ર મીરન (બિહાર), મીર કાસિમ, ફરી બીજી વખત મીરજાફર, શુજાઉદ્દોલા, નજમુદ્દોલા જેવાઓ ને ગાદીએ બેસાડવા માટે સૌ પ્રથમ મોટી રકમ પડાવતા. તેને ગાદીએ બેસાડ્યા બાદ તેની પાસે થી સતત મોટી રકમો પડાવતા. તેમાં જો આનાકાની કરે, તો કમર ના નીચે ના ભાગે લાત મારી પદભ્રષ્ટ કરી નાખે અને તેની જગ્યાએ અન્ય ને બેસાડી દે.
- દરેક વેપાર-ધંધા ઉપર અંગ્રેજો એ જબરદસ્તી થી પોતાનો અધિકાર જમાવ્યો. જેમકે મીઠું (નમક), સોપારી, ઇમારતી લાકડું, અનાજ, તમાકુ, સૂકી માછલી, સુતરાઉ અને રેશમી કાપડ જેવા પ્રજા ની આજીવિકા ના મહત્વ ના બધા ધંધા સ્થાનિક ધંધાર્થીઓ પાસે થી ઝુંટલી લીધા.

- અંગ્રેજ ગવર્નર **વોરન હેસ્ટિંગ્સે** નવાબ શુજાઉદ્દોલા ને **અલ્હાબાદ** તથા **કરા** પ્રાંતો **રૂા. ૫૦,૦૦,૦૦૦/-** (પચાસ લાખ) માં વેંચ્યા.
- નવાબ સિરાજુદ્દોલા પાસે થી લશ્કરી ખર્ચ પેઠે **રૂા. ૬૦,૦૦,૦૦૦/-** (સાઇઠ લાખ રૂપિયા) દર વર્ષે લેવામાં આવતા.
- **ફૈઝાબાદ** ના મહેલ ની બેગમો પાસે થી અંગ્રેજો એ સોનું, ઝવેરાત, ચાંદી અને રોકડ મળીને કુલ **રૂા. ૧,૨૦,૦૦,૦૦૦/** (એક કરોડ, વીસ લાખ રૂપિયા) ની લૂંટ કરી. જે રકમ આજ ના હિસાબે **૬,(છ) અબજ રૂપિયા** જેટલી અંદાજે થાય.
- નવાબ સિરાજુદ્દોલા ની હત્યા કરાવ્યા બાદ અંગ્રેજો એ ફક્ત **૩, વર્ષ** માં એકલા બંગાળ પ્રાંત માં થી **પચાસ લાખ પાઉન્ડ** એટલે કે આજ ના હિસાબે અંદાજે **રૂપિયા વીસ અબજ** થી વધારે કીંમત નું સોનું, ચાંદી અને રોકડ લંડન મોકલ્યું.
- દર વર્ષે મોટા માલ વાહક વહાણો ભરી ભરીને અંગ્રેજો એ રોકડ નાણું ભારત થી ઇંગ્લાંડ મોકલવાનું ચાલુ રાખ્યું.
- ભારત ના જે ઉધોગો અને ધંધાઓ પોતાની ક્વોલિટી અને કિફાયતી ભાવ ના કારણે નિકાસ ક્ષેત્રે સમગ્ર વિશ્વ ના દેશો ને ચકિત કરતા હતા, તે બધા ઉધોગ-ધંધા ધૂળધાણી થઈને ભાંગી ગયા. પરિસ્થિતી એટલી બધી વણસી ગઈ, કે બજાર માં રૂપિયા જેવી વસ્તુ દેખાવવી દુર્લભ બની ગઈ. ચાંદી ના સિક્કા સ્વરૂપે ચલણ માં જે રૂપિયા હતા તેમાં થી મોટા ભાગ ના લંડન પહોંચી ગયા. બંગાળ માં બેકારી, કંગાળતા, બેરોજગારી અને ભૂખમરા જેવી હાલત થઈ ગએલી.



www.markazahlesunnat.in



ગદ્દારો, ધન વાંછુકો, સત્તા લાલચુ અને નમક હરામો ના પાપે અખંડ ભારત નો સમૃધ્ધ, હર્યોભર્યો, લીલોછમ, હરિયાળો અને આર્થિક સધ્ધરતા થી છલોછલ પ્રાંત બંગાળ તબાહ અને બરબાદ થઈ ગયો. **બંગાળ નો ખેલ ખતમ થઈ ગયો** અને અંગ્રેજો ની ગુલામી ની ઝંઝીરો માં જકડાઈ ગયો. **હાય અફસોસ.....**

## "સમગ્ર ભારત માં અંગ્રેજ શાસન નો ફેલાવો અને આતંક"

બંગાળ નું નખ્ખોદ વાળી નાખ્યા પછી અંગ્રેજો એ ભારત ના વિવિધ પ્રાંતો કબ્જે કરી ત્યાં ની સંપત્તિ લૂંટીને લંડન ભેગી કરવા માં અત્યાચારો નો જે અતિરેક કરેલો, તેનું દ્રષ્ટાંત વિશ્વ નાં અપરાધ ક્ષેત્રે શોધ્યું જડે તેમ નથી.

### ◈ રોહિલ ખંડ :-

અંગ્રેજ ગવર્નર જનરલ **વોરન હેસ્ટિંગ્સ** ની પહેલી નજર **રોહિલખંડ** ઉપર પડી. અયોધ્યા ની ઉત્તર-પશ્ચિમ સરહદે રોહિલા પઠાણો નું એક સ્વતંત્ર રાજ્ય રોહિલખંડ હતું. રોહિલખંડ જેવા ફળદ્રુપ પ્રદેશ ને અંગ્રેજો એ ઉજ્જડ બનાવી નાખ્યું. ત્યાંના મોટા ભાગ ના લોકોને વીણી વીણીને મારી નાખ્યા. ઉઘાડી લૂંટફાટ કરી અને **રૂપિયા ચાલીસ લાખ** જેવી જંગી રકમ ની લૂંટ ચલાવી.

### ◈ બનારસ :-

બનારસ નો **મહારાજા બલવંતસિંહ** આસપાસ ના

રાજ્યો માં સૌથી વધારે ધનવાન હતો. અંગ્રેજ કંપની એ બલવંતસિંહ ના પુત્ર **ચૈતસિંહ** ને ગાદીએ બેસાડ્યો. ઇ.સ.૧૭૭૮ માં વહીવટી બાબત નું બહાનું કાઢીને વોર્ન હેસ્ટિંગ્સે બનારસ ઉપર હુમલો કર્યો. ચૈતસિંહ પોતાના સમગ્ર પરિવાર સાથે બનારસ થી **ગ્વાલીયર** નાસી ગયો અને ત્યાં જ ઘરબાર વિનાના ભટકતા માણસ તરીકે બાકી નું જીવન વિતાવ્યું. ચૈતસિંહ ની જગ્યાએ તેના જ કુટુંબ ના એક ૧૯, વર્ષ ના છોકરા ને ગાદીએ બેસાડીને તેની પાસે થી વાર્ષિક **રૂપિયા વીસ લાખ** ખંડણી તરીકે લેવાનું નક્કી કર્યું.

## ◈ ગોરખપૂર અને બેહરાઈચ :-

ઇ.સ.૧૭૭૮ માં અંગ્રેજો એ **ગોરખપૂર** અને **બેહરાઈચ** પોતાના શાસન હેઠળ લઈ લીધા. ત્યાંના સ્થાનિક લોકો ઉપર અસહ્ય કરવેરા તથા જમીનદારો પાસે થી મરજી પડે તેટલું મહેસૂલ વસૂલ કરીને પાયમાલ કરી નાખ્યા. કરવેરા ન ભરી શકનાર ને જેલ અને કોરડા મારવાની યાતનાઓ આપવામાં આવતી. લોકોને પોતાના છોકરાં વેંચી દેવા પડ્યા અને પોતાનાં ઘરબાર અને ગામ છોડી અન્ય સ્થળે નાસી જવું પડ્યું.

## ◈ મરાઠા સામ્રાજ્ય :-

**છત્રપતી શીવાજી** ના મૃત્યુ ના ૭૫, વર્ષ ની અંદર એટલે કે ૧૮, મી સદી ના મધ્ય માં મરાઠાઓ ની સત્તા ટોચ ઉપર હતી. મરાઠા સામ્રાજ્ય ના સર્વોચ્ચ નેતા ને **“પેશ્વા”** કહેવામાં આવતું. તે સમયે પેશ્વા ની ગાદીએ **બાલાજી વિશ્વનાથ** બિરાજીત હતો. પેશ્વા ના હાથ નીચે ચાર(૪) સભાસદો મુખ્ય સ્તંભ તરીકે હતા. જે **સિંધિયા, હોલ્કર, ગાયકવાડ** અને **ભોંસલે** હતા. આ ચારેય જણા મોટા મોટા રાજ્યો ના શાસક હતા પરંતૂ બધા પેશ્વા ને પોતાનો અધિરાજ ગણતા હતા અને તેને જ ખંડણી આપતા હતા.



www.markazahlesunnat.in



મરાઠા સેના નું સેના-બળ એટલું મજબૂત હતું કે ઇ.સ. ૧૭૬૧ માં અફઘાન બાદશાહ **અહમદશાહ અબ્દાલી** નો પ્રાંત **પંજાબ** પેશ્વા રઘૂનાથરાવે જીતી લીધેલો. પણ મરાઠા સામ્રાજ્ય નો આ વૈભવ લાંબો સમય ટકી શક્યો નહીં. મરાઠા સરદારો ની પરસ્પરની ઇર્ષા, હરિફાઈ અને અંદરો અંદર ની લડાઈ ના કારણે મરાઠા સામ્રાજ્ય નો પ્રભાવ નબળો પડ્યો. (૧) **ગ્વાલિયર** નો શાસક સિંધિયા (૨) **માળવા** નો શાસક હોલ્કર (૩) **વડોદરા** નો શાસક ગાયકવાડ અને (૪) **વરાડ** નો શાસક ભોંસલે, દરેક પેશ્વા ની આધીનતા થી મુક્ત થઈને પોત પોતાને સ્વતંત્ર માનવા લાગ્યા. આ પરિસ્થિતી અંગ્રેજો ની ખટપટ અને કપટ નિતી ના કારણે સર્જાએલી.

## ◈ પાણીપત નું અંતિમ યુધ્ધ :-

ઇ.સ.૧૭૬૧ માં અહમદશાહ અબ્દાલી પાંચમી(૫) વખત ભારત ઉપર ચડી આવ્યો. **પાણીપત** ના મેદાન માં ઘમસાણ નું યુધ્ધ થયું. બે લાખ નું વિશાળ મરાઠા સૈન્ય હોવા છતાં મરાઠાઓ ની હાર થઈ. જેના આઘાત માં થોડા અઠવાડિયા માં જ **પેશ્વા બાલાજી બાજીરાવ** મૃત્યુ પામ્યો. મરાઠા સામ્રાજ્ય નું મુખ્ય મથક (હેડકવાર્ટર) **પુના શહેર** હતું. પેશ્વા ના મૃત્ય બાદ તેના સગીરવય ના દિકરા **માધવરાવ** ને અંગ્રેજો એ ગાદીએ બેસાડ્યો અને વહીવટદાર તરીકે તેના કાકા **રઘુનાથરાવ** કે જે ઇતિહાસ માં **“રાઘેબા”** ના નામે પ્રખ્યાત છે, તેને નિમયો. **રાઘેબા** અંગ્રેજો નો ખાસ એજન્ટ અને દેશ નો ગદ્દાર હતો.

ઇ.સ.૧૭૭૨ માં ફક્ત ૨૮, વર્ષ ની યુવાન વયે માધવરાવ નું મૃત્યું થયું. જે અંગે એવી લોક વાયકા પ્રચલિત છે, કે અંગ્રેજો એ દગા થી તેને મરાવી નાખેલો. માધવરાવે પોતાના ઉત્તરાધિકારી તરીકે પોતાના ભાઈ **નારાયણરાવ** ને મરતાં પહેલાં જ પેશ્વા નિમી

દીધેલો. કેમકે માધવરાવ ને કોઈ સંતાન ન હતું. ઇ.સ. ૧૭૭૩ માં રાઘેબા એ પેશ્વા નારાયણરાવ ને અંગ્રેજો ની મદદ થી મરાવી નાખ્યો. નારાયણરાવ પછી પેશ્વા ની ગાદી ઉપર રાઘેબા બેઠો અને અંગ્રેજો તેને જેમ નચાવતા તેમ તે નાચતો. મહાન દેશભક્ત **"નાના ફડનવીસ"** અને તેના સાથીઓ જોઈ રહ્યા હતા, કે રાઘેબા અંગ્રેજો ના તાલે નાચે છે અને મરાઠા સામ્રાજ્ય ના પાયા ખોદે છે.

## ◈ વડોદરા, ભરૂચ, ચિખલી વગેરે :-

ઇ.સ.૧૭૬૮ માં ગુજરાત ના શાસક અને **વડોદરા** ના રાજવી **દામાજી ગાયકવાડ** નું અવસાન થયું. તેની ત્રણ(૩) રાણીઓ હતી અને તે ત્રણ રાણીઓ દ્વારા કુલ ચાર(૪) પુત્રો પેદા થએલા. (૧) **સંયાજી** (૨) **ગોવિંદરાવ** (૩) **માણેકજી** અને (૪) **ફતેહસિંહ.** વર્ણનીય ચાર(૪) પુત્રો પૈકી ના નં.૧ અને નં.૨ એટલે કે સંયાજી અને ગોવિંદરાવ વચ્ચે રાજગાદી માટે તકરાર ચાલતી હતી. ઉપરાંત, વર્ણનીય ચાર ભાઈઓ પૈકી ના નં.૪ ફતેહસિંહ બધા ભાઈઓ થી બુધ્ધી, ચાલાકી, રાજકીય દાવપેચ અને હોશિયારી માં ચડિયાતો હતો.

મરાઠા સામ્રાજ્ય ની પૂના ની પેશ્વા તરીકે ની ગાદી વધુ પડતા લોક વિરોધ ને કારણે રેઢી મુકીને **પેશ્વા રાઘેબા** પૂના થી નાસી જઈને વડોદરા માં ગાયકવાડ ના આશ્રિત તરીકે સ્થાયી થએલો. તેને ઠપકાવવા, ઠમઠોરવા અને ઠપકારવા **અંગ્રેજ કર્નલ કટિંગ** સેના લઈને મુંબઈ થી વડોદરા આવ્યો અને સંયાજી ની તરફેણ કરી અને અંતે સંયાજી ગાયકવાડ અંગ્રેજો ની મદદ થી વડોદરા ની ગાદી એ બેઠો અને અંગ્રેજો સાથે કરેલી સંધિ અનુસાર ગાયકવાડ કાયમ માટે મરાઠા મંડળ માં થી છૂટા પડ્યા અને કોઈ પણ જાત ની લડાઈ વગર **ભરૂચ, ચિખલી, વરિયાવ** અને **કોરલ** તાલુકા અંગ્રેજો ને મળ્યા અને ગુજરાત માં અંગ્રેજો જામી ગયા.



www.markazahlesunnat.in

www.markazahlesunnat.in

## ◈ મૈસૂર, (કર્ણાટક), હૈદરઅલી, ટીપૂ સુલ્તાન :-

કર્ણાટક રાજ્ય માં અંગ્રેજો એ પગપસારો કરીને પોતાનું શાસન સ્થાપિત કરી દીધેલું. સેંકડો કિલ્લાઓ કબ્જે કરી લીધા. અનેક મુસ્લિમ નવાબ શાસકો ને પદભ્રષ્ટ કરીને તેના સ્થાને પોતાના ચમચાઓ ને સત્તા ના સિંહાસને બેસાડી દીધેલા. દરેક પાસે થી લાખો ની ખંડણી લેવાનું નક્કી કર્યું. ઉપરાંત કર્ણાટક રાજ્ય માં પોતાની સેના દ્વારા ઉઘાડી લૂંટફાટ, વેપાર-ધંધા, ખેતી ની ઉપજ તથા શાસકો પાસે થી લશ્કર ના નિભાવ ખર્ચ ના બહાને કરોડો રૂપિયા વસૂલવા શરૂ કરી દીધેલા.

**હૈદરઅલી** (ઇ.સ. ૧૭૨૦ થી ઇ.સ. ૧૭૮૨) તથા તેના સપુત ફતેહઅલી ટીપુ સુલ્તાન (ઇ.સ. ૧૭૪૯ થી ઇ.સ. ૧૭૯૯) બન્ને બાપ-દિકરા એ સાચી દેશ ભાવના થી અંગ્રેજો એ કબ્જે કરેલા કિલ્લાઓ, પ્રદેશો અને શહેરો પરત લીધા. લડાઈ ના મેદાન માં અંગ્રેજો સામે એવી ટક્કર લીધી કે અંગ્રેજો ના દાંત ખાટા થઈ ગયા.

❊ મેંગલોર ❊ બારા મહલપ્રાંત ❊ કાવેરી પટ્ટમ ❊ કુર્ગ ❊ મહેમૂદ બંદર (પોર્ટોનોવો) ❊ પુરિમપાક ❊ તરકાર પલ્લી ❊ ગંજી ❊ મનીયારગુડી ❊ વનિયમવાડી ❊ ધર્મપૂરી નો કિલ્લો ❊ અર્કાટ ❊ મહીમંડલગઢ ❊ કૈલાસગઢ ❊ સાતગઢ ❊ આંબૂરગઢ ❊ મદ્રાસ થી પાંચ માઈલ દૂર સેંટ થોમસ ની ટેકરી વગેરે કિલ્લાઓ અને તેની આસપાસ ના વિસ્તારો અંગ્રેજો પાસે થી છીનવી લીધા.

હૈદરઅલી અને ટીપુ સુલ્તાન બન્ને બાપ-દિકરા ની અંગ્રેજો ઉપર એવી ધાક અને હાંક હતી, કે તેઓનું નામ સાંભળી ને અંગ્રેજો ભય ના માર્યા થરથર ધ્રુજતા હતા. હૈદરઅલીએ અંગ્રેજો સામે લડવા માટે જે સેના, શસ્ત્ર સરંજામ અને પશુઓ એકત્રિત કર્યા હતા, તેની વિગત નીચે મુજબ છે.

❖ કુલ સેના ત્રણ લાખ, ચોવીસ હજાર (૩,૨૪,૦૦૦)
❖ બંદુકો :- છ લાખ ❖ તલવારો :- બે લાખ ❖ તોપો :- બાવીસ હજાર ❖ હાથી :- સાત સો (૭૦૦) ❖ ઊંટ :- છ હજાર (૬૦૦૦) ❖ ઘોડા :- અગ્યાર હજાર (૧૧,૦૦૦) ❖ ગાય અને બળદ :- ચાર લાખ ❖ ભેંસ :- એક લાખ ❖ ઘેટા બકરા :- સાઇઠ હજાર.
★ ખજાનો :- જવેરાત અને રોકડ નાણું તથા **રૂપિયા ઍંસી કરોડ (રૂા. ૮૦,૦૦,૦૦,૦૦૦/-) ની સિલિક.**

**પણ અચાનક..............**

૬ ઠ્ઠી ડિસેમ્બર - ઇ.સ.૧૭૮૨ ના દિવસે કમર માં ગુમડું અને તેમાં સેફટીક થઈ જવાના કારણે હૈદરઅલી નું અવસાન થયું. તેના સ્થાને તેનો દિકરો ફતેહઅલી ટીપુ સુલ્તાન મર્હુમ બાપ ની પગદંડી ઉપર ચાલીને અંગ્રેજો ની સામે જોરદાર ટક્કર લઈને અંગ્રેજો ને **ધોળા દિવસે તારા દેખાડી દીધા.**

લડાઈ ના ખુલ્લા મેદાન માં સામ-સામી ફાઇટ માં અંગ્રેજો ટીપુ સુલ્તાન સામે સતત પરાજય ની નામૌશી વેઠતા રહ્યા. ટીપુ ને મ્હાત કરવા માટે અંગ્રેજો એ પોતાની અસ્લિયત એટલે કે છળકપટ અને ખુટામણ ની પધ્ધતી અપનાવી. **કમરૂદ્દીન ખાં, મીર સાદિક, પૂર્ણિયા, મીર ગુલામ અલી** તથા અન્ય ગદ્દારો અણી ના સમયે ચાલુ યુધ્ધ માં દગો દઈને અંગ્રેજો સાથે ભળી ગયા અને તે ગદ્દારો ના પાપે **ભારત ની આઝાદી નો રાજ રતન** ફતેહઅલી ટીપુ સુલ્તાન અંગ્રેજો સામે **શ્રીરંગપટ્ટમ** ના કિલ્લા માં લડતાં લડતાં શહીદ થઈ ગયો. તા. ૪ થી મે. ઇ.સ.૧૭૯૯ ના દિવસે ટીપુ સુલ્તાન નો ઇન્તેકાલ થયો અને તા.૫-૫-૧૭૯૯ ના દિવસે ટીપુ ને તેમના વાલિદ (પિતા) હૈદરઅલી ના મકબરા "લાલબાગ" માં દફનાવવા માં આવ્યો. ટીપુ સુલ્તાન ના પરાજય માટે નિમિત્ત બનેલા ગદ્દારો ના નામો આ ફકરા ના શરૂ માં લખ્યા છે. પણ



www.markazahlesunnat.in





ઘોર અન્યાય ગણાશે જો ટીપુ ના વફાદાર **સૈયદ અબ્દુલ ગફાર** નું વર્ણન અને સ્મરણ તજી દેવામાં આવે.

સૈયદ અ.ગફાર શ્રીરંગપુરમ ના કિલ્લા ની ચાવી સમાન **મહેતાબ બાગ** નો સંરક્ષક હતો. અન્ય ગદ્દારો ની જેમ સૈયદ અ. ગફાર ને અંગ્રેજો એ ફોડી નાખવા મોટી મોટી લાલચો આપેલી પણ તેમણે ગદ્દારી ના પુરૂસ્કાર સ્વરૂપે મળતી અઢળક સંપત્તિ ને પગ ની ઠોકર થી હુકરાવી દીધી. અંગ્રેજો એ અનેક પ્રયત્નો કરી જોયા. છેવટે ટીપુ સુલ્તાન ના જ લશ્કર ના વિશ્વાસઘાતીઓ દ્વારા સૈયદ અ.ગફાર ની હત્યા કરાવી નાખી અને ટીપુ સુલ્તાન ની કમર ભાંગી નાખી.

## ◈ ટીપુ ના મહેલ માં થી બાર કરોડ ના ખજાના ની લૂંટ :-

ટીપુ સુલ્તાન શહીદ થઈ ગયા બાદ અંગ્રેજો **શ્રીરંગપટ્ટમ** શહેર માં પ્રવેશ્યા. શહેર ની દરેક દિવાલ અને દરવાજા માં થી લોહી ની નીકો વહેવા લાગી. કત્લેઆમ, લૂંટ અને સ્ત્રીઓ ઉપર કરવામાં આવેલા બળાત્કારો એટલી હદે વધુ પ્રમાણ માં થએલા કે જેનું વર્ણન અશક્ય છે.

ત્યારબાદ અંગ્રેજ સેના ટીપુ ના મહેલ માં ઘૂસી. ટીપુ ના ભાઈ કરીમ સાહેબ, ટીપુ ના પુત્રો અને પત્નીઓ સહિત સમગ્ર પરિવાર ને બંદીવાન બનાવી ને **રાયવેલોર** ના કિલ્લા માં મોકલી આપ્યા. ટીપુ ના મહેલ ની તિજોરી રોકડ ધન, ઝવેરાત, સોનું, ચાંદી અને હીરામોતી થી છલોછલ હતી. તે બધી માલમત્તા જેની કીંમત **રૂા.૧૨,૦૦,૦૦,૦૦૦/= (બાર કરોડ રૂપિયા)** હતી. તે ખજાનો લૂંટી લીધો. મહેલ માં કીંમતી ચીઝ વસ્તુઓ અને ટીપુ નું વિશાળ પુસ્તકાલય લંડન મોકલી આપ્યું. શ્રીરંગપટ્ટમ ખાતે ના ટીપુ ના શાહી મહેલ **"દરિયા દોલત"** માં ટીપુનો હીરામોતી જડેલો

તખ્ત હતો, તે તખ્ત ને તોડી ફોડી ને હીરા અને ઝવેરાત, મોતી ની માળાઓ લિલામ કરીને ઉપજેલી રકમ ચાંઊ કરી ગયા.

ટીપુ સુલ્તાન જીવન ના અંતિમ શ્વાસ સુધી અંગ્રેજો ની સામે ઝઝુમ્યો અને ક્યાંય પણ કાયરતા નું પ્રદર્શન કર્યું નહીં. ટીપુ સુલ્તાન હમેંશા એક વાક્ય વારંવાર ઉચ્ચારતા કે :-

**“લોમડી કી સદ સાલા ઝિન્દગી સે શૈર કી**
**એક દિન કી ઝિન્દગી બહેતર હૈ.”**

- - - - -: અર્થાત :- - - - -

“શિયાળ ની એક સો વર્ષ ની ઝિન્દગી કરતાં સિંહ ની એક દિવસ ની ઝિન્દગી ઉત્તમ છે.”

ભારત દેશ નો શૈરે બબર (કેસરી સિંહ) જીવન પર્યંત ભારત ના દુશ્મન અંગ્રેજો થી લડતો રહ્યો અને દેશ માટે લડતાં લડતાં પોતાના પ્રાણ ની આહુતિ આપી દઈને શહીદ થઈ ગયો. જેથી જ આજે દરેક ભારતવાસી ગર્વ થી કહે છે, કે **ટીપુ એટલે વીરતા** અને **બહાદુરી એટલે ટીપુ.** હૈદરઅલી અને ટીપુ સુલ્તાન કરતાં મોટો બીજો કોઈ શત્રુ ભારત વર્ષ માં અંગ્રેજો ને મળ્યો નથી. જેથી જ જ્યારે ટીપુ સુલ્તાન રણ મેદાન માં ઝખ્મો થી ચકનાચૂર થઈને તડફડી રહ્યો હતો. અને પ્રાણ દેહ નો ત્યાગ કરવાની અણી ઉપર હતો, ત્યારે ટીપુ ને અંતિમ શ્વાસ લેતો જોઈને અંગ્રેજ સેના નો **જનરલ હેરીસ** આનંદ વિભોર થઈને પોકારી ઉઠ્યો કે :-

**“આજ સે હિન્દુસ્તાન હમારા હૈ”**

ટીપુ સુલ્તાન શહીદ થવાના સમાચાર જ્યારે ઇંગ્લેંડ પહોંચ્યા તો ત્યાં **ખૂશી નો જશન** મનાવવામાં આવ્યો. કેમકે હવે અંગ્રેજી સામ્રાજ્ય નો વિસ્તાર કુદકે અને ભુસકે આગળ ધપવાનો.

ઇતિહાસ ના બિન પક્ષપાતી સંશોધન થી ફક્ત એક જ



www.markazahlesunnat.in

www.markazahlesunnat.in

હકીકત સામે આવશે કે સુલ્તાન ઓરંગઝેબ ના અવસાન થી લઈને ઇ.સ.૧૮૫૭ ના વિપ્લવ (બળવા) સુધીના દોઢ સો (૧૫૦) વર્ષ ના ઇતિહાસ માં **હૈદરઅલી** અને **ટીપુ સુલ્તાન** બે(૨) જ વ્યક્તિઓ એવી હતી, કે જેમણે પોતાના દેશબંધૂઓ ની વિરૂધ્ધ અંગ્રેજો ની સાથે સમાધાન કરવાની કે શરણાગતિ સ્વીકારવાની વાત ને હમેંશા ઠુકરાવી દીધી. જો ટીપુ એ ધાર્યું હોત તો આ ઉપાયે તે પોતાના રાજ્ય નો થોડોક ભાગ સો-બસ્સો વર્ષ માટે બચાવી શક્યો હોત. પણ તે મરી છૂટ્યો અને મરતાં મરતાં પોતાના માથે આ કલંક લાગવા ન દીધું. તેનું મૃત્યુ આદર્શ વીર ને શોભે તેવું હતું. ભારત ની સ્વાધીનતા ના રક્ષકો માં હૈદરઅલી અને ટીપુ સુલ્તાન નું સ્થાન ઘણું ઊચું છે. દુનિયાભર ના સ્વતંત્રતા ના શહીદો માં તેમનું નામ સદા કાળ ઘણા જ આદરની સાથે સ્મરણીય રહેશે.

ટીપુ સુલ્તાન ના મકબરા ઉપર તેઓના સન્ને વફાત એટલે કે મૃત્યુતિથી નું નિર્દેશન કરતાં એક શાઇરે આ શેઅર લખ્યો છે કે:-

**“ચું આં મર્દે મૈદાં નિહાં શુદ ઝ દુનિયા**
**યકે ગુફ્ત તારીખ ‘શમશીર ગુમશુદ”**

**અનુવાદ :-** જ્યારે તે વીર બહાદુર દુનિયા ની દ્રષ્ટિ થી અસ્ત થયો, ત્યારે તેના અસ્ત (મૃત્યુ) થવાની તિથી માટે કોઈએ આ શબ્દો કહ્યા છે કે **શમશીર ગુમ શુદ** એટલે કે તલવાર ગુમ થઈ ગઈ.

**નોટ :-** **“શમશીર ગુમશુદ”** વાક્ય ના શબ્દો ના અક્ષરો ના અંક **૧૭૯૯** થાય છે. ઇ.સ.૧૭૯૯ માં ટીપુ સુલ્તાન ની શહાદત થએલી.

**સૌજન્ય :-** **“ભારત માં અંગ્રેજી રાજ્ય”**, (ગુજરાતી અનુવાદ) લેખક :- પંડિત સુંદરલાલ, **પુસ્તક પહેલું, પેઇજ નં. ૩૩૨ થી ૩૩૪**

# “ટીપુ સુલ્તાન ની વસમી વિદાય પછી અંગ્રેજો બે-ફામ બની છવાઈ ગયા”

ટીપુ સુલ્તાન ની શહાદત અને મૈસૂર સલ્તનત તબાહ કર્યા પછી અંગ્રેજો નો આત્મવિશ્વાસ ઘણો જ વધી ગયો. અંગ્રેજી સામ્રાજ્ય ના ગવર્નર **લોર્ડ કાર્નવોલિસે** દિલ્હી ના મોગલ સમ્રાટ ને ખંડણી આપવાનો સાફ ઇન્કાર કરી દીધો. તેનું મુખ્ય કારણ એ હતું, કે દિલ્હી માં બિરાજીત મોગલ બાદશાહ સંપૂર્ણપણે બળહીન બની ગયો હતો અને અંગ્રેજો અતિ શક્તિશાળી બની ગયા હતા. ખંડણી ન મોકલનાર ઉપર સેના મોકલીને ખંડણી વસૂલ કરી લેવા જેટલી તાકાત બાદશાહ માં રહી નહોતી. **બંગાળ, બિહાર, ઓરિસા** અને હવે **કર્ણાટક** ના પ્રાંતો સ્પષ્ટપણે બાદશાહી તાબા માં થી નિકળી ગયા અને અંગ્રેજો ની સંપૂર્ણ સત્તા અને વર્ચસ્વ ત્યાં સ્થાપિત થઈ ગયું.

હવે અંગ્રેજો એ ભારત ના અન્ય પ્રાંતો ના સમૃધ્ધ અને આબાદ શહેરો ઉપર આક્રમણ, ખટપટ, લૂંટફાટ, હત્યા અને અત્યાચાર માટે કટિબધ્ધ બન્યા અને ભારત ની નિર્દોષ પ્રજા ઉપર **કાળો કેર વરસાવ્યો** અને માનવતા ના મુલ્યો નો **ડાટ વાળી નાખ્યો.**

## ◈ અયોધ્યા અને ફર્રૂખાબાદ :-

તે દિવસો માં અયોધ્યા ની ધનધાન્ય થી ભરપૂર ભૂમિ ને **“હિન્દુસ્તાન કા બગીચા”** નામ આપવામાં આવ્યું હતું. તે વખતે આયોધ્યા માં મુસ્લિમ **નવાબ વઝીરઅલી** ની રિયાસત હતી. ઇ.સ.૧૭૯૯ માં અંગ્રેજો એ ખટપટ, કપટ અને ધૃણાસ્પદ



www.markazahlesunnat.in





નિતી અપનાવીને નવાબ વઝીરઅલી ને બંદીવાન બનાવી **બનારસ** મોકલી આપ્યો અને તેના સ્થાને **સઆદતઅલી** ને નવાબ બનાવી દીધો. થોડાજ સમય પછી અંગ્રેજો એ પોતાના કઠપૂતળી નવાબ સઆદતઅલી પાસે થી **છોંતેર (૭૬) લાખ** ની માંગણી મુકી. જે માંગણી સઆદતઅલી પૂરી ન કરી શકતાં **અયોધ્યા** રાજ્ય નો ફળદ્રુપ જમીનવાળો અર્ધો ભાગ અંગ્રેજો એ કબ્જે કરી લીધો. આ અર્ધા ભાગ ની ઉપજ તે વખતે **એક કરોડ, પાંત્રીસ લાખ રૂપિયા** જેટલી હતી.

અયોધ્યા ના બનાવ ના છ મહિના પછી **ફર્રૂખાબાદ** ના **નવાબ ઇમદાદ હુસૈન** ને પદભ્રષ્ટ કરીને બધી રિયાસત ઉપર અંગ્રેજો એ કબ્જો કરી લીધો અને **હેનરી વેલેસ્લી** ને ત્યાંનો શાસક નિમયો.

## ◈ દક્ષિણ ભારત નું તાંજોર રાજ્ય :-

**તાંજોર** ની સ્થાપના છત્રપતિ શિવાજી ના પિતા **શાહજી** એ સત્તરમી સદી ના મધ્ય માં કરેલી. શાહજી ના મૃત્યુ પછી આ રાજ્ય શિવાજી ના ઓરમાનભાઈ **વ્યંકોજી** ને મળેલું. ત્યારબાદ વારસાગત ગાદીપતિ તરીકે તાંજોર ના રાજા તરીકે **શાહુજી** હતો. તેને પદભ્રષ્ટ કરીને **પ્રતાપસિંહ** ને રાજા તરીકે બેસાડ્યો. પછી પ્રતાપસિંહ ને ઉતારીને ફરી શાહુજી ને ગાદીએ બેસાડ્યો. પ્રતાપસિંહ જો **દેવીકોટા નો કિલ્લો** અને તેની આસપાસ ની જમીન અંગ્રેજો ને સમર્પિત કરી દે, તો ફરી તેને ગાદીએ બેસાડવો. એ શર્તે કરીને બીજી વખત પ્રતાપસિંહ ને તાંજોર ના રાજા તરીકે નિમણુંક આપી. પ્રતાપસિંહ પછી તેનો પુત્ર **તુળજાજી** ગાદીએ બેઠો. તુળજાજી ને કોઈ સંતાન નહોતું એટલે તુળજાજી ના દત્તક પુત્ર **સર્ફોજી** ને રાજા બનાવ્યો. થોડા સમય પછી રાજા સર્ફોજી પાસે થી પૂરૂં તાંજોર

રાજ્ય અંગ્રેજો એ લખાવી લીધું અને સર્ફોજી એ આજીવન અંગ્રેજો ની કંપની ના પેન્શનર તરીકે તાંજોર ના કિલ્લા માં સામાન્ય નાગરિક તરીકે રહેવાનું સ્વીકારી લીધું.

## ◈ સૂરત ના કિલ્લા નો કબ્જો :-

અગાઉ સૂરત ઉપર અંગ્રેજો એ હુમલો કરેલો પણ સુલેહ અને સંધિ થઈ ગએલી. સૂરત ઉપર મુસ્લિમ નવાબો નું શાસન હતું. અંગ્રેજો સાથે સંધિ થયા બાદ ઇ.સ.૧૭૯૯ સુધી કુલ **ચાર(૪) નવાબ શાસકો** સૂરત ઉપર શાસક રહ્યા. ઇ.સ.૧૭૯૯ માં ત્યાર ના નવાબ નું અવસાન થયું. તેને સંતાન માં ફક્ત એક ધાવણો પુત્ર હતો. તે ધાવણો પુત્ર પણ નવાબ ના અવસાન પછી એક મહિના માં મૃત્યુ પામ્યો. બાળક ના કાકા **નસીરૂદ્દીન** ને અંગ્રેજો એ સૂરત ના નવાબ તરીકે ગાદીએ બેસાડ્યો. ગાદી ઉપર ટકી રહેવા તેના પાસે થી સરકારી તિજોરી માં થી અઢળક સંપત્તિ પડાવી. અંતે તા.૧૩-૦૫-૧૮૦૦ માં **લોર્ડ કર્નલ વેલેસ્લી** એ ત્યાર ના કઠપુતળી નવાબ નસીરૂદ્દીન પાસે થી સૂરત લખાવી લીધું. નવાબે કાયમી ધોરણે પોતાનો હક ઉપાડી લીધો અને સૂરત શહેર અંગ્રેજો ના કબ્જા માં આવી ગયું.

## ◈ સમગ્ર મરાઠા સામ્રાજ્ય અને તેની રાજધાની પૂના :-

મરાઠા સામ્રાજ્ય નો સર્વેસર્વા અને વડો પેશ્વા હતો. તે વખતે પેશ્વા ની ગાદી ઉપર **બાજીરાવ** હતો. તેના બે(૨) અંગત સલાહકાર હતા. (૧) **નાના ફડનવીસ** અને (૨) **દૌલતરાવ સિંધિયા.** આ બન્ને સલાહકારો ની દેશદાઝ અને કુનેહ-કુશળતા ના પ્રતાપે મરાઠા સામ્રાજ્ય અંગ્રેજો ને આધિન નહોતો થયો. તા.૧૩-૦૨-૧૮૦૦ ના દિવસે **નાના ફડનવીસ** નું મૃત્યુ થયું. હવે ફક્ત એક જ સલાહકાર દૌલતરાવ સિંધિયા બાકી રહ્યો. પેશ્વા



www.markazahlesunnat.in



બાજીરાવ માં બુધ્ધી કૌશલ્ય અને દીર્ઘ દ્રષ્ટિ પુરતા પ્રમાણ માં નહોતી. જેથી અંગ્રેજો પેશ્વા બાજીરાવ ના પડખે ચડી ગયા અને ધીરે ધીરે સિંધિયા ની સલાહ અવગણવા પ્રત્યે પેશ્વા ને પ્રેરયા. પેશ્વા ની સેના ને **જશવંતસિંહ હોળકર** ની સેના થી લડાવી દીધી. પેશ્વા હારીને પૂના થી ભાગી ગયો. તેની જગ્યાએ **અમૃતરાય** ને પેશ્વા ની ગાદીએ બેસાડ્યો. થોડા સમય પછી ભાગેડુ પેશ્વા બાજીરાવ ને પૂના લઈ આવ્યા અને ફરીથી એટલે કે બીજી વખત તેને પેશ્વા ની ગાદીએ બેસાડ્યો. આ રીતે મરાઠા સામ્રાજ્ય માં રાજકીય ખટપટો અને આંતરિક રાગ દ્વેષ ની અંધાધૂંધી ફેલાવી ને છેવટે મરાઠા સામ્રાજ્ય નું પણ અંગ્રેજો એ ઉઠમણું કરી નાખ્યું.

દૌલતરાવ સિંધિયા અતિ કુશળ અને દીર્ઘદ્રષ્ટા રાજકારણી હતો, પણ ખટપટો અને વિવાદો ના વમળ માં અટવાઈ ને લાચાર બની ગએલો, તેમ છતાં પણ તે પોતાની યથાશક્તિ અંગ્રેજો સામે ઝઝુમ્યો અને બરાબર ની ટક્કર લીધેલી. પણ ઘર ના ભેદી, ગદ્દારો અને નમક હરામો ની અંગ્રેજ ગુલામી ના પાપે સફળતા થી વંચિત રહ્યો. જેમકે :-

◈ પૂના અને ઓરંગાબાદ વચ્ચે **અહમદનગર** નો સિંધિયા નો મજબૂત કિલ્લો આવેલો હતો. તે કિલ્લા ઉપર અંગ્રેજો એ સીસા (Lead) ની ગોળીઓ ના બદલે સોના અને ચાંદી ની ગોળીઓ (Bulets) વરસાવી ને હુમલો કરેલો. તે કિલ્લો એવી વ્યુહાત્મક મજબૂત બાંધણી નો હતો કે તોપ નો મારો ચલાવવાની કોઈ અનુકૂળ જગ્યા ન હતી. અંગ્રેજો એ નમક હરામ અને દેશ ના ગદ્દાર **દેશમુખ રઘુરાવ બાબા** ને રૂા. ૪૦૦૦/- (રૂપિયા ચાર હજાર) ની લાલચ આપી. તેણે હુમલો કરવાનું એક સ્થાન અંગ્રેજો ને બતાવી દીધું. અને તા. ૧૧-૦૮-૧૮૦૩ ના દિવસે અહમદનગર નો કિલ્લો અંગ્રેજો એ જીતી લીધો.

◈ અંગ્રેજ સેનાપતિ **સ્ટીવન્સને** તા.૧૫-૮-૧૮૦૩ ના દિવસે **બુરહાનપૂર** નામ ના ધનસંપન્ન શહેર ઉપર હુમલો કરીને તેનો કબ્જો લઈ લીધો અને ત્યાંના નાગરિકો ને સંપૂર્ણપણે લૂંટીને નિર્ધન અને ખોખરા કરી નાખ્યા.

◈ ત્યારબાદ દૌલતરાવ સિંધિયા ના કબ્જા નો **અસીરગઢ** નો કિલ્લો તા.૨૧-૮-૧૮૦૩ ના દિવસે અને **આરગાંવ** નો કિલ્લો તા.૨૯-૮-૧૮૦૩ ના દિવસે કબ્જે કરીને લૂંટી લીધો.

◈ પ્રખર ઇતિહાસકારક **પંડિત સુંદરલાલ** પોતાના પુસ્તક માં લખે છે કે :-

**"સિંધિયા ના નમક હરામ નોકરોએ જ બુરહાનપૂર તથા અસીરગઢ જીતવાનું અંગ્રેજો નું કામ આટલું સરળ કરી આપ્યું."**

(હવાલો :- **"ભારત માં અંગ્રેજી રાજ્ય"**, પુસ્તક પહેલું, પેઇજ નં. ૪૬૨)

મરાઠા સામ્રાજ્ય ના તાબા હેઠળ ના **ઓરિસા** ના નીચે દર્શાવેલા શહેરો અંગ્રેજો એ જીતી ને નાગરિકો ને લૂંટીને નિરાધાર બનાવી દીધા.

▣ **માણિકપત્તન** અને **જગન્નાથપૂરી** બન્ને શહેરો ઉપર કબ્જો કર્યો.
▣ **કટક** નો મશહૂર કિલ્લો જે **બારાબટ્ટી** ના નામે ઓળખાતો.
▣ **મયૂરભંજ** અને **નીલગિરી** નામના બે(૨) રમણિય શહેરો.
▣ મહત્વ નું વેપારી મથક શહેર **સંબલપૂર** તા.૧૨-૧-૧૮૦૪ ના રોજ લઈ લીધું.
▣ **બુંદેલખંડ** નો પ્રદેશ મરાઠા પેશ્વા ને આધિન હતો. ત્યાંનો **રાજા સમશેર બહાદૂર** પેશ્વા ને ખંડણી ભરતો હતો. બુંદેલખંડ અતિ ફળદ્રુપ અને સમૃદ્ધ પ્રાંત હતો. તે પ્રાંત નો કબ્જો કરી લેવા **કર્નલ પોવેલ** ની સરદારી હેઠળ



www.markazahlesunnat.in



અંગ્રેજ સેના છેક અલ્હાબાદ (યુ.પી.) થી બુંદેલખંડ ઉપર હુમલો કરવા આવી ચઢી. બુંદેલખંડ ના રાજા સમશેર બહાદૂરે અંગ્રેજ સેના ને વળતી લડત આપીને હચમચાવી નાખી. પણ ચાલુ લડાઈએ પોતાના માલિક નો નમક હરામ અને દેશ નો ગદ્દાર **ગોસાઈ હિંમત બહાદૂર** વિશાળ સેના સાથે અંગ્રેજો ની છાવણી માં ચાલ્યો ગયો. રાજા સમશેર બહાદૂર અંગ્રેજો અને હિંમત બહાદૂર ની સંયુક્ત સેના સામે વીરતા અને બહાદૂરી પુર્વક લડ્યો અને ખળભળાવી નાખે તેવી 'ફાઈટ' (લડત) આપી. અંતે રાજા સમશેરે પરાજ્ય વેઠીને **બેતવા નદી** ઓળંગી પોતાનું રાજ્ય છોડી નાસી જવું પડ્યું.

## "યુ.પી. તથા અન્ય પ્રાંત ઉપર અંગ્રેજ નો કબ્જો"

મહારાષ્ટ્ર નું "મરાઠા સામ્રાજ્ય" લશ્કરી સેના ની સંખ્યા, શસ્ત્રો તથા અન્ય સરંજામ ના વ્યવસ્થિત સંચાલન આયોજન અને આક્રમકતા ના કારણે એવું છવાઈ ગયું હતું, કે અફઘાનિસ્તાન ની સરહદ સુધી ના વિસ્તારો ના શાસન ની ધૂરા તેના હાથ માં હતી. મરાઠા સામ્રાજ્ય થી અંગ્રેજો અતિ ભયભીત હતા. જેથી અંગ્રેજો એ પોતાનો મુખ્ય ઉદ્દેશ મરાઠા સામ્રાજ્ય ને ભાંગી નાખવા. લાંચ રૂશ્વત, દગો, ફટકો, નમક હરામી, ગદ્દારી, આંતરિક વિવાદ, કાવાદાવા અને ખટપટો એ બધા દુષણો નો અમર્યાદિત પ્રમાણ માં ઉપયોગ કર્યો અને ભારત ના મહત્વ ના સ્થાનો ઉપર આક્રમણો કરીને કબ્જે કરી લીધા.

## ◈ **કોએલ નો કિલ્લો :-**

ઇ.સ.૧૮૦૩ માં મરાઠા સામ્રાજ્ય નો સર્વેસર્વા **માધોજી સિંધિયા** હતો. ઉત્તર ભારત માં દિલ્હી ના મોગલ સમ્રાટ નું આધિપત્ય ફક્ત નામ નું જ હતું. આ બધા પ્રદેશો નું વાસ્તવિક શાસન સિંધિયા નું હતું. સિંધિયા ના શાસન હેઠળ **કોએલ નો કિલ્લો** હતો. આ કિલ્લા ને ફતેહ કરવા અંગ્રેજ સેનાપતિ **જનરલ લેક** વિશાળ સેના લઈને **કાનપૂર** થી કોએલ પહોંચ્યો અને તા. ૨૮-૮-૧૮૦૩ ના દિવસે કોએલ નો કિલ્લો જીતી લીધો.

## ◈ **અલીગઢ નો કિલ્લો :-**

કોએલ નો સરહદી કિલ્લો જીતી લીધા બાદ અંગ્રેજ સેનાપતિ જનરલ લેકે તા.૪-૯-૧૮૦૩ ના દિવસે **અલીગઢ** નો કિલ્લો જીતી લીધો. અલીગઢ ની રક્ષા માટે સિંધિયા ના સૈનિકો તૈયાર અને સાવધ હતા. તે સૈનિકો ઉપર જનરલ લેકે ધરાઈ ધરાઈ ને સોના અને ચાંદી ની ગોળીઓ બંદુકો થી ચલાવી હતી.

## ◈ **આગ્રા નો કિલ્લો :-**

**આગ્રા** ના કિલ્લા ના રક્ષણ માટે રાખવામાં આવેલી સિંધિયા ની સેના એ જનરલ લેક ની અંગ્રેજ સેના નો જોરદાર મુકાબલો કર્યો. ત્યાં સુધી કે અંગ્રેજ સેના ના પગ ડગમગી ગયા, પણ ચાલુ યુધ્ધે સિંધિયા ની સેના ના અઢી હજાર(૨૫૦૦) સૈનિકો કિલ્લા ની અંદર થી બહાર આવીને જનરલ લેક ની સેના માં ભળી ગયા. દેશ ના ગદ્દારો ના આવા નીચ અને હલકટ આચરણ ના કારણે તા. ૧૭-૧૦-૧૮૦૩ ના રોજ આગ્રા નો કિલ્લો અંગ્રેજો ના કબ્જા માં આવી ગયો.



www.markazahlesunnat.in



ટૂંક માં **●જયપૂર ●ઝાંસી ●ટોંક ●રામપૂર ●ગ્વાલિયર ●હિંગલાસગઢ ●ઉજ્જૈન ●ઇન્દોર ●ભરતપૂર ●દોઆબ ●માળવા ●દીગ ●વરાડ ●રાયગઢ ●સિંહગઢ ●નાગપૂર ●મંદસોર ●સતારા ●બરૈલી ●બદાયૂં ●શાહજહાંપૂર ●અલ્હાબાદ ●જયપૂર ●ટોંક ●સુલ્તાનપુર ●ફૈઝાબાદ ●સીતાપૂર ●લખનૌ ●મેરઠ ●સહારનપુર ●ફિરોઝપુર ●પેશાવર ●જલંધર ●લુધિયાણા** તથા અન્ય અનેક પ્રાંતો અને શહેરો અંગ્રેજો ના કબ્જા માં આવી ગયા.

આ બધા સ્થળો ઉપર અંગ્રેજોએ પોતાની મુખ્ય પોલિસી લાંચ આપી, લશ્કર ના સૈનિકો અને અમલદારો તથા શાસક નવાબ તથા રાજાઓ ના ખાસ અંગત અને મહત્વ ના અધિકારીઓ ને ફોડી નાખીને કપટ, દગા, ગદ્દારી, બેવફાઈ અને નમક હરામી ના કારણે જ કબ્જે કરેલા.

ટૂંક માં ઇ.સ.૧૮૧૫ સુધી માં અંગ્રેજો એ ભારત ના મોટા ભાગ ના પ્રાંતો ઉપર કબ્જો જમાવી લીધો અને સમગ્ર ભારત ઉપર અંગ્રેજો નું શાસન સ્થાપિત થઈ ગયું.

## "૬૦, વર્ષ માં પંદર હજાર અબજ રૂપિયા ભારત થી ઇંગ્લેન્ડ પહોંચી ગયા"

અંગ્રેજો ના દમન નો કોરડો ભારત ની નિર્દોષ અને ગભરૂ પ્રજા ઉપર એવો વીંઝાણો કે ભારત ની પ્રજા આર્થિક ક્ષેત્રે પાયમાલ થઈ ગઈ. વેપાર ધંધા ભાંગી ગયા. સૈકાઓ થી જે વેપાર ધંધો ભારતીયો નો હતો, તે હવે અંગ્રેજો ના હાથ માં ચાલ્યો ગયો. લોકો બેકારી ના ખપ્પર માં એવા હોમાઈ ગયા કે મોટા મોટા શેઠો

અને શાહુકારો અઢળક સંપતિ ગુમાવી દઈને પોતાના અને પરિવાર ના નિર્વાહ માટે સામાન્ય કક્ષા નું મજૂરી આધારિત ધંધો કરવા માટે મજબૂર બની ગયા. અમુક તો પેટ નો ખાડો પુરવા માટે નોકરી કરવા લાગ્યા. ભારત ના વંશ પરંપરાગત ચાલ્યા આવતા ઉદ્યોગો ને એવો મરણતોલ ફટકો મારવામાં આવ્યો કે સમગ્ર દેશ ના અર્થતંત્ર ની કમર તૂટી ગઈ. દા.ત. કાપડ ઉદ્યોગ માં ભારત નું નામ વિશ્વ સ્તરે ટોચ ના સ્થાને હતું. વિશ્વ ના લગભગ દરેક દેશ માં ભારતીય બનાવટ નું સુતરાઉ અને રેશમી કાપડ નિકાસ થતુ હતું. કાપડ ઉદ્યોગ ના ઉત્પાદન ને ઠપ્પ કરી નાખવા માટે અંગ્રેજો એ ભારતીય ઉદ્યોગપતિઓ ઉપર કાયદા અને નિયમો નો સકંજો કસ્યો અને એવા કડક કાયદા અમલ માં મુક્યા કે કાપડ નું ઉત્પાદન સ્થગિત થઈ ગયું. પાવરલુમ ના કારીગરો ને આકરા દંડ, કોરડા મારવા, જેલ માં પુરવા જેવી આકરી સજાઓ કરી બલ્કે અમુક નિશ્રાંત કારીગરો ના હાથ ના અંગુઠા કાપી નાખ્યા જેથી તેઓ કાપડ વણાટ નું કામ ન કરી શકે. ભારત થી વિદેશ કાપડ નિકાસ કરવા ઉપર પ્રતિબંધ લાદી દીધો. અલબત્ત ભારત માં ઉત્પન્ન થતો "રૂ" (Cotton) નિકાસ કરવાની છૂટ આપી અને બધો જ રૂ કાચા માલ તરીકે મફત ના ભાવે લંડન લઈ જતા અને ત્યાંની કાપડ મીલો ભારત ના રૂ થી ધમધમતી અને તે મીલો માં જે કાપડ તૈયાર થતું તે મોંઘા ભાવે લંડન થી ભારત આવતું. એવી જ રીતે ખાંડ ઉદ્યોગ, લોખંડ ઉદ્યોગ, લાકડા નો ઉદ્યોગ વગેરે મુખ્ય ઉદ્યોગો ને અલીગઢી તાળા લાગી ગયા.

પરિણામ સ્વરૂપે ઇ.સ.૧૭૬૦ થી ઇ.સ.૧૮૧૫ સુધીના



www.markazahlesunnat.in

www.markazahlesunnat.in

પંચાવન (૫૫) વર્ષ ના ગાળા દરમિયાન ઇંગ્લેન્ડ ના ઉદ્યોગ ધંધાઓ એ ખૂબ જ ઝપાટાબંધ અને આશ્ચર્યજનક પ્રગતિ કરી. આ સમયગાળા દરમિયાન ભારત ની પ્રજા ને સીધી અને આડકતરી રીતે લૂંટીને **અંગ્રેજો એ પંદર હજાર અબજ રૂપિયા ભારત થી ઇંગ્લેન્ડ મોકલી આપ્યા.** જેની વિસ્તૃત જાણકારી માટે "Prosperous British India" લેખક :- William Digby, C.I.E. પેઇજ નં. 33 નું વાંચન કરો.

દર વર્ષે ઇસ્ટ ઇન્ડિયા કંપની ના નોકરો **૨૫, કરોડ રૂપિયા** પોતાની અંગત મૂડી સ્વરૂપે ભારત માં થી લૂટીને ઇંગ્લેન્ડ મોકલતા. અંગ્રેજો ની ઇસ્ટ ઇન્ડિયા કંપની અને તેના કર્મચારીઓ દ્વારા ભારત માં કરવામાં આવેલી ભયંકર લૂંટ નું ઉદાહરણ વિશ્વસ્તરે મળવું દુર્લભ છે. ભારત માં થી કરેલી લૂંટ ની સંપત્તિ દ્વારા ઇંગ્લેન્ડ માં વેપાર ઉદ્યોગો ની ઉન્નતિ, આર્થિક પ્રગતિ, અદ્યતન શોધો, આધુનિક જીવનશૈલી અને ભૌતિક સુખ સાહેબી નિર્માણ થએલી. વિશ્વના ધનવાન દેશો માં બ્રિટન ની ગણના થવા લાગી. તેના થી ઉલ્ટું ભારત ના પ્રાચીન ઉદ્યોગ ધંધાઓ નાશ પામીને ભૂતકાળ નું સ્મરણ બની ગયા અને **જે દેશ દુનિયા નો સહુ થી વધારે ધનવાન દેશ હતો, તે અંગ્રેજો ની કપટલીલા ઉપર આધારિત શાસન ના કારણે દુનિયા નો સૌથી અધિક નિર્ધન અને ગરીબ દેશ બની ગયો.**

# “ભારત ને આર્થિક કંગાળતા ના ખપ્પર માં ધકેલવાની અંગ્રેજો ની નિતી, કપટલીલા અને અત્યાચારો”

ભારત ના વિવિધ પ્રાંતો ના સમૃધ્ધ, સધ્ધર, સંપન્ન, શક્તિશાળી અને સમર્થ રાજાઓ, નવાબો, સૂબાઓ, વહીવટદારો અને શાસકો ના શાસનો નું નિકંદન કાઢી નાખીને ત્યાં અંગ્રેજી શાસન સ્થાપીને લગભગ સમગ્ર ભારત ઉપર બ્રિટીશ શાસન ની જમાવટ કરી લીધા બાદ અંગ્રેજો એ પોતાનું રોદ્ર સ્વરૂપ દેખાડ્યું અને ભારત ની અભણ, ભોળી, લાગણી શીલ, મહેનતુ, સીધી સાદી, વૈપારી, નોકરિયાત, કારિગર, મજૂર અને પરસેવા ની કમાણી ખાનારી મહેનતુ અને પ્રમાણિક ઉપર દમન નો ભયંકર કોરડો વીંઝીને પ્રજા ને નમાલી, ડરપોક, અશક્ત, કંટાળ, બેકાર, કાયર અને ભયભીત બનાવી દઈને બ્રિટિશ સાશન ની એવી ધાક બેસાડી દીધેલી કે ભારત ની પ્રજા ને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું પણ મહા સમશ્યા રૂપે કઠીન બની ગએલું.

અંગ્રેજો દ્વારા ધાર્મિક, સામાજિક, આર્થિક, શૈક્ષણિક, વ્યાપારિક, વ્યવસાયિક, રાજકીય, વહીવટી અને વાણિજ્ય ક્ષેત્રે અચારવામાં આવતા અન્યાય, ભેદભાવ, ઝુલ્મો-સિતમ, શોષણ, કીનાખોરી, કપટ, પ્રપંચ અને અન્ય રીતે અચારવા માં આવતા અત્યાચારો થી ભારત ની પ્રજા એટલી હદે મજબૂર બની ગઈ હતી કે તેઓની મજબૂરી કાયરતા માં ખપવા લાગી.

નિર્ધનતા, દરિદ્રતા, આર્થિક ભીંસ, બેરોજગારી, બેકારી, જીવન ઝરૂરિયાત ની વસ્તુઓ ની સદંતર ઉણપ, અપોષણ આહાર,



www.markazahlesunnat.in



રોગીષ્ટ, કંગાળ અને સ્વાસ્થય વિહોણા નિર્બળ દેહો, ઉપરાંત અન્ય અણઉકેલ વિવિધ ક્ષેત્ર ની સમશ્યાઓ ના કારણે લોકો જીવવા પૂરતા જ જીવીત હતા. અંગ્રેજો એ ઝુલ્મો-સિતમ ની જે આંધી ફૂંકેલી, તેનું વિસ્તૃત વર્ણન અહીં શક્ય ન હોય, સંક્ષિપ્ત માં આછી-પાતળી રૂપરેખા અત્રે રજૂ કરવામાં આવે છે :-

## ▣ ઇ.સ. ૧૮૧૩ નો ચાર્ટર એક્ટ :-

ભારત ના પ્રાચીન ઉદ્યોગ ધંધાઓ નો નાશ કરીને ઇંગ્લેન્ડ (England) માં બનેલો માલ ભારત ની પ્રજા ઉપર ઠોકી બેસાડવાના દૃષ્ટ આશય થી ઇ.સ.૧૮૧૩ માં ચાર્ટર એક્ટ અમલી બનાવવા માં આવ્યો. આ એક્ટ જ ભારત ની ભયંકર દરિદ્રતા અને અસહાયતા નું કારણ બન્યું.

## ▣ રેશમ ઉદ્યોગ નો વિનાશ :-

બંગાળ માં રેશમ નો ઉદ્યોગ અતિ મહત્વ ના ઉદ્યોગ સ્વરૂપે વિકસિત હતો. દરેક ઘર માં રેશમ ના કારીગરો ઉપલબ્ધ હતા. રેશમ ના કારીગરો યોગ્ય અને વ્યાજબી નફો અને મહેનતાણું લઈને રેશમ નો વેપાર કરતા હતા અને પોતાના પરિવાર નું ભરણ-પોષણ કરતા હતા. તેવા મહેનતૂ અને પ્રમાણિક કારીગરો ના હિત ની પરવાહ કર્યા વિના ઇ.સ.૧૮૨૭ માં અચાનક કારીગરો ને પૂછ્યા વગર રેશમ ની કીંમત માં એટલો બધો ધરખમ ઘટાડો કરી નાખ્યો કે રેશમ ના કારીગરો ને મોટા પ્રમાણ માં ખોટ જવા લાગી અને તેઓની રોજી-રોટી છીનવાઈ ગઈ.

## ▣ કાપડ ઉદ્યોગ ના વણકરો ઉપર અત્યાચારો:-

કાપડ વણનારા કારીગરો ઉપર અસહય કરવેરા નાખવામાં આવ્યા. કર ન ભરનાર કારીગર ને કોરડા મારવા, જેલ માં કૈદ કરવા, મિલ્કત ના વેચાણ કે ગિરવી રાખવાના

કબૂલાત નામા જબરદસ્તી લેવા જેવા અત્યાચારો આચરવામાં આવ્યા. પરિણામે કાપડ વણવાવાળા કારીગરો ની સંખ્યા દિન-પ્રતિ-દિન ઘટતી ગઈ. કારીગરો નિર્ધન અને બેકાર બની ગયા. આવા બેકાર કારીગરો પાસે થી કર ની રકમ ઉઘરાવનારા અંગ્રેજ અમલદારો નિર્દય લૂંટારાઓ ની જેમ સતાવતા હતા. કારીગરો કર ની રકમ ભરપાઈ કરવા પોતાના કુમળી વય ના બાળકો ને નજીવી રકમ લઈને વેંચી નાખતા અથવા પોતાનું ગામ છોડીને નાસી જતા.

## ▣ ભારતીય ઉદ્યોગો ના વિનાશ ની પોલીસી :-

ભારત ના વિવિધ ક્ષેત્ર ના ઉદ્યોગો નો વિનાશ કરીને ઇંગ્લેન્ડ ના વેપાર-ઉદ્યોગો ને પ્રગતિ ના સોપાનો સર કરાવવા માટે બ્રિટિશ પાર્લામેન્ટ (સંસદ) તરફ થી એક સમિતિ ની રચના કરવામાં આવી અને નીચે મુજબ ના નવા કાયદા ઠોકી બેસાડવામાં આવ્યા.

- ⊙ ઇંગ્લેન્ડ માં બનેલા માલ ઉપર નામ માત્ર ની જકાત નાખવી અથવા વગર જકાતે ભારત માં આવવા દેવો જેથી ભારત માં બનેલા માલ કરતાં સસ્તો વેંચી શકાય અને ભારત ના ઉદ્યોગો ને ફટકો મારી શકાય.
- ⊙ ભારત થી ઇંગ્લેન્ડ નિકાસ થતા માલ ઉપર ઇંગ્લેન્ડ માં એટલી બધી ભારે જકાત લેવી કે ઇંગ્લેન્ડ માં ભારત નો માલ ઇંગ્લેન્ડ ના માલ કરતા કોઈ પણ રીતે સસ્તો વેંચી ન શકાય.

આવી ખતરનાક પોલીસી અપનાવીને અંગ્રેજો એ ભારતીય ઉદ્યોગોને મરણતોલ ફટકો મારવાની યોજના અમલી બનાવી.



www.markazahlesunnat.in



## ▣ ભારતીય વસ્તુઓનું ઇંગ્લેન્ડ માં બહિષ્કાર :-

ઇસ્વી સન અઢારમી સદી ના આરંભ કાળ માં ઇંગ્લેન્ડ ના કાપડ ઉદ્યોગપતિઓને ભારત ના કાપડ ની હરિફાઈ માં ઇંગ્લેન્ડ નો કાપડ ઉદ્યોગ ભાંગી પડવાનો ડર પેઠો. જેથી તેઓએ પોતાની રાજકીય વગ નો ઉપયોગ કરીને ઇંગ્લેન્ડ ની પાર્લામેન્ટ દ્વારા ભારત થી આયાત થતા કાપડ માટે કડક માં કડક કાયદા અમલી બનાવ્યા :-

- ⊙ ભારત થી આયાત થતા અમુક બનાવટ ના કાપડ ને પ્રતિબંધિત ઘોષિત કરીને ઇંગ્લેન્ડ આવતું બંધ કરાવ્યું.
- ⊙ અમુક પ્રકાર ના કાપડ ઉપર જબરી આયાત ડ્યૂટી નાખી દેવામાં આવી. જેથી ઇંગ્લેન્ડ ની બજાર માં મોંઘી કીંમતે જ વેંચી શકાય અને તેને કોઈ ખરીદી શકે નહીં.
- ⊙ જો કોઈ અંગ્રેજ સ્ત્રી હિન્દી કાપડ કે પોશાક પહેરતી, તો તેણી પાસે થી દંડ વસુલ કરવામાં આવતો.

## ▣ ભારતીય વસ્તુઓ ઉપર ત્રણ હજાર ટકા જકાતઃ-

ઇ.સ. ૧૮૨૬ થી ઇ.સ. ૧૮૩૨ સુધી માં ભારત થી જાત જાત ના સુતરાઉ, ઉન ના તથા રેશ્મી કાપડ, સોના ચાંદી ની અને કોતરકામ વાળી મૂઠ ની સોટીઓ અને લાકડીઓ, ચીનાઈ માટીના વાસણો, ચામડા અને લાકડા ની ચીજો, શરાબ, અરક, વાર્નિશ કરેલી વસ્તુઓ, કોપરેલ, શીંગો, દોરડા, ચા, અખરોટ, સાદડીઓ, ખાંડ, સાબુ, કાગળ ઇત્યાદી વસ્તુઓ ઇંગલેન્ડ નિકાસ થતી હતી. તેમાંની અમુક વસ્તુઓ ઉપર ૧૦૦% થી ૬૦૦% જેટલી જકાત લેવામાં આવતી અને અમુક વસ્તુઓ ઉપર તો અધધ..... ૩૦૦૦% (ત્રણ હજાર ટકા) જેટલી જકાત પણ લેવાતી.

ટૂંક માં એક બાજુ થી ઇંગ્લેન્ડ માં બનેલા માલ ઉપર ભારત માં વધુ માં વધુ અઢી ટકા જેટલી જ જકાત લેવામાં આવતી અને મોટા ભાગ નો માલ તો વગર જકાતે આવવા દેવામાં આવતો, જ્યારે ભારતીય બનાવટ ના માલ ઉપર ઇંગ્લેન્ડ માં ભારે થી અતિ ભારે જકાત વસુલ કરવામાં આવતી.

વર્ણનીય પોલીસી ના અનૂસંધાને ભારત ના અર્થતંત્ર ની જીવાદોરી સમાન ગણાતા ● કાપડ ઉદ્યોગ ● વહાણો નો ઉદ્યોગ ● લોખંડ ઉદ્યોગ ● કાગળ ઉદ્યોગ ● ખાંડ ઉદ્યોગ તથા મહત્વના અન્ય ઉદ્યોગો ને વિનાશ ની ખીણ માં ધકેલી દેવામાં આવ્યા અને ઇંગ્લેન્ડ ના ઉદ્યોગો ને શિખર ની ટોચે પહોંચાડી દેવામાં આવ્યા. એક દ્રષ્ટાંત પુરતું છે કે ભારત માં ખાંડ નો ઉદ્યોગ પૂર્ણ રીતે વિકસેલો હતો. ભારતીય બનાવટ ની ખાંડ (Suger) હજારો ટન ઇંગ્લેન્ડ અને યુરોપ ના અન્ય બંદરો (Ports) એ ઉતરતી હતી. જ્યારે ખુલ્લા બજાર (Open Market) માં અંગ્રેજ સોદાગરો ભારતીય ખાંડ સામેની હરિફાઈ માં ટકી ન શક્યા, ત્યારે તેમણે જકાત ના ઘાતક ઉપાયો નો આશરો લીધો અને ઇંગ્લેન્ડ ની સરકારે ભારત ની ખાંડ ઉપર એટલી ભારે જકાત નાખી દીધી કે ભારતીય ખાંડ ની આવક જ બંધ થઈ ગઈ. ઉલ્ટાનું ઇંગ્લેન્ડ થી જે ખાવા-પીવા ની વસ્તુઓ ભારત મોકલવા માં આવવા લાગી, તેમાં ૫૫% (પંચાવન ટકા) ખાંડ આવતી.

## "ભારતીય કેળવણી નો વિનાશ"

ભારતના લગભગ પ્રાંતોના શાસનની ધૂરા અને વહીવટ અંગ્રેજોએ હસ્તગત કર્યા બાદ ભારતની પ્રજા નું શિક્ષણ, સંસ્કાર અને સંસ્કૃતિ ક્ષેત્રે વિનાશ કરવાના ષડયંત્રો આરંભી દીધા. પ્રથમ પ્રહારરૂપે ભારતના વેપાર ઉદ્યોગનું પતન કરીને ભારતની પ્રજાને



www.markazahlesunnat.in



બેકાર, કંગાળ અને નિર્ધન બનાવીને એવી વિકટ પરિસ્થિતિ માં ધકેલી દીધી કે પ્રજાને પોતાનું ભૌતિક અસ્તિત્વ ટકાવી રાખવા માટે પણ ફાંફા મારવા પડતા. બે ટંકનું ભોજન સ્વંય તથા પરિવારજનો માટે મેળવવા વલખાં મારવા પડતા. ભારતનું અર્થતંત્ર ભાંગીને ભૂક્કો થઈ ગયું. સમગ્ર પ્રજા બેકારીના ખપ્પરમાં હોમાઈ ગઈ.

બીજા પ્રહારરૂપે ભારતીય કેળવણી નો વિનાશ કરી નાખ્યો. અંગ્રેજોના આગમન પૂર્વે શૈક્ષણિક કેળવણી અને વિદ્યા પ્રચાર ના ક્ષેત્રે ભારત વિશ્વના દેશોમાં આગળ પડતો દેશ ગણાતો. અંગ્રેજોના આગમન પહેલાં કેળવણીનો જેટલો પ્રચાર અને પ્રસાર ભારતમાં હતો, તેટલો યુરોપ ના કોઈ પણ દેશમાં નહોતો. ઉપરાંત, લેખન અને વાંચન ના જાણકારોનું જે પ્રમાણ ભારતમાં હતું, તેટલું પ્રમાણ યુરોપના કોઈ પણ દેશમાં નહોતું. સામાન્ય જન સમાજ ને શિક્ષણ આપવા માટે ચાર(૪) પ્રકારની સંસ્થાઓ ભારતમાં કાર્યરત હતી.

(૧) અસંખ્ય બ્રાહ્મણ આચાર્યો અને શિક્ષકો પોત પોતાના નિવાસ સ્થાને ટ્યુશન કલાસો ચલાવીને વિદ્યાર્થીઓને ભણાવતા.

(૨) અનેક મોટા શહેરોમાં ઉચ્ચ સંસ્કૃત સાહિત્યના અભ્યાસ માટે વિદ્યાપીઠો સ્થાપાયેલી હતી.

(૩) ફારસી, અરબી અને ઉર્દૂના શિક્ષણ માટે ઠેરઠેર મક્તબો અને મદ્રેસાઓ હતા.

(૪) દરેક ગામડામાં બાળકોના પ્રાથમિક શિક્ષણ માટે ઓછામાં ઓછી એક પાઠશાળા હતી. આવી પ્રાથમિક શાળાઓનું સંચાલન અને વહીવટ સ્થાનિક ગ્રામ પંચાયતો હસ્તુક હતું અને શૈક્ષણિક પદ્ધતિ ઘણી જ સરળ, સુંદર અને વ્યવસ્થિત ચાલતી.

ઉપરોક્ત પ્રથમ ત્રણ(૩) પધ્ધતિઓ ભારતીય ધંધા-ઉદ્યોગ ના નાશ અને અંગ્રેજો દ્વારા કરવામાં આવેલ આર્થિક લૂંટ અને શોષણ ના કારણે દેશમાં વ્યાપક બનેલી આર્થિક નિર્ધનતા ના કારણે પડી ભાંગી. ઉપરાંત પ્રાચીન હિન્દુ સમ્રાટો તથા મુસ્લિમ રાજાઓ અને નવાબો દ્વારા શૈક્ષણિક સંસ્થાઓને જે આર્થિક સહાય અને જમીનો મળતી હતી, તે અંગ્રેજોએ એક વ્યવસ્થિત ષડયંત્ર ને અનુલક્ષીને બંધ કરી દીધી.

ચોથી પદ્ધતિ લુપ્ત થવાનું કારણ એ છે કે અંગ્રેજોએ ગ્રામ પંચાયતોનું નાશ કરવાની સાથે સાથે સાથે ગ્રામીય પ્રાથમિક શાળાઓ પણ બંધ કરી દીધી અને તેના વિકલ્પ રૂપે કોઈ નવું કેળવણી નું સાધન ઊભું કર્યું નહીં.

## "શિક્ષણના બહાને ઈસાઈ ધર્મનો પ્રચાર"

ભારતીય પ્રજાને અંગ્રેજી ભાષા તથા અન્ય અનેક ઉચ્ચતર શિક્ષણનું જ્ઞાન પ્રદાન કરવાના બહાને અંગ્રેજોએ ભારતની પ્રજાને ઈસાઈ ધર્મ પ્રત્યે આકર્ષવા અને પ્રેરવા માટે અંગ્રેજી સ્કૂલો અને કોલેજોમાં બાઇબલ અને ઈસાઈ ધર્મનો પ્રચાર શરૂ કર્યો. મુસ્લિમ કે હિંદુ ધર્મને કોઈપણ પ્રકારે મદદ કે ઉત્તેજન આપવાનું બંધ કર્યું. ત્યાં સુધી કે અંગ્રેજોની સરકારી કચેરીઓમાં હિન્દુ અને મુસ્લિમ તહેવારો ની જાહેર રજાઓ પણ બંધ કરી દેવામાં આવી. કોર્ટમાં જુબાની લેતી વખતે સાક્ષીને મુસ્લિમ હોય તો કુરઆન અને હિન્દુ હોય તો ગીતા આપી ને સાચું બોલવા માટે ના જે સોગંદ લેવડાવવામાં આવતા હતા, તે પ્રથા બંધ કરી દેવામાં આવી અને તેનું કારણ હિંદુ કે મુસ્લિમ ના ધર્મ શાસ્ત્રો ને જે મહત્વ આપવામાં આવે છે, તેને ઘટાડી કે નષ્ટ કરી નાખવું.



www.markazahlesunnat.in

www.markazahlesunnat.in

## "લશ્કર માં ઈસાઈ ધર્મ નો પ્રચાર"

અંગ્રેજ કંપની ની ઉપર વર્ણવેલી નીતિ લાંબો સમય ચાલી શકી નહીં. તેમ છતાં કંપની દ્વારા ઈસાઈ ધર્મના પ્રચાર ના પ્રયાસો સતત ચાલુ રહ્યા. ધર્મઘેલા અંગ્રેજ શાસકોએ હવે સામાન્ય જન સમુદાય ના બદલે લશ્કર માં હિન્દુ-મુસ્લિમ સૈનિકો પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કર્યું. લશ્કરમાં સૈનિકોની ધાર્મિક માન્યતાઓની અવગણના કરવામાં આવવા લાગી. વાતવાતમાં સૈનિકોની ધાર્મિક લાગણીઓ અને નિયમોનું ઉલંઘન થવા લાગ્યું. લશ્કરના અંગ્રેજ અમલદારો પોતાના હાથ નીચેના સૈનિકો ને ધર્મ ભ્રષ્ટ કરી, તેઓને ઈસાઈ બનાવવાના કામમાં કાર્યરત બની ગયા.

ધીમે-ધીમે હિંદુ ધર્મ અને ઈસ્લામ ધર્મ ની નિંદા કરવાનું પણ શરૂ કરવામાં આવ્યું. ઈસ્લામના મહાન પયગમ્બર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને હિન્દુ ધર્મના ભગવાન શ્રીરામ ની વિરૂધ્ધ અપમાન જનક વાક્યો ઉચ્ચારીને હિન્દુ અને મુસ્લિમ બન્ને ની ધાર્મિક લાગણીઓ દુભાવવા માં આવવા લાગી.

ત્યારબાદ ઈસાઈ ધર્મ પ્રચારક અંગ્રેજ કર્નલો દ્વારા સેના ના હિન્દુ અને મુસ્લિમ સિપાઈઓને રોકડ સહાય, ઉંચા હોદ્દા ઉપર નું પ્રમોશન તથા અન્ય લાલચો આપીને પોતાના ધર્મ થી વિચલિત અને ભ્રષ્ટ બનાવવાની નિતી અપનાવવામાં આવી. ખુલ્લમખુલ્લા એવી લાલચ આપવામાં આવતી કે જે સિપાઈ પોતાનો ધર્મ તજીને ઈસાઈ બનશે, તેને હવાલદાર તથા ઈસાઈ બનનાર હવાલદાર ને સુબેદાર બનાવવામાં આવશે.

## "ભારતીય ચારિત્ર્ય અને સંસ્કારને ભ્રષ્ટ કરવા શરાબ અને અન્ય મોજશોખ ની બદી નો વ્યાપક ફેલાવો"

ભારતીય સંસ્કૃતિ ની સરળતા અને શુદ્ધિ નો ભંગ કરી ભારતીય પ્રજાનું નૈતિક પતન અધિકાધિક સ્વરૂપે કરવા માટે અંગ્રેજોએ ભારતીય પ્રજાને શરાબ ના રવાડે ચડાવી. ભારતની પ્રજા પોતાની મૂળ સંસ્કૃતિ ને વિસરી જઇને તેને તજી દે અને ચારિત્ર્યના ક્ષેત્રે ભ્રષ્ટ બની જઈને મોજશોખ ની બદી માં ગરકાવ થઈ જાય અને તેઓની દેશદાઝની તીવ્રતા અને અને આઝાદીની લડતની ઉગ્રતા મંદ પડી જઈને મૃતઃપાય સ્થિતીમાં જઈ પડે, તેવી ખંધી અને કપટી ચાલ ના અમલીકરણ સ્વરૂપે ભારતીય પ્રજાને બ્રાંડી, બીયર અને શેમ્પેઈન નામના શરાબનો ચસ્કો લગાડી દીધો.

ભારતીય પ્રજામાં મદ્યપાન ની કુ:ટેવ વ્યાપક સ્વરૂપે પ્રસારિત કરવામાં ભારતીય પ્રજાના ખમીરનું નૈતિક પતન કરી નાખવાની સાથે સાથે અંગ્રેજોને વેપાર ક્ષેત્રે પણ આર્થિક લાભ હતો. યુરોપિયનો ના સંસર્ગથી ભારતવાસીઓમાં મદિરાપાન ની ટેવ, એશઆરામ, તથા મોજશોખની ચીજો ખરીદવાની ટેવ માં ઉત્તરોત્તર વધારો થયો. વિદેશી શરાબની માંગ વધતી ગઈ અને લંડન થી વિદેશી શરાબ અને મોજશોખની વસ્તુઓ વિપુલ પ્રમાણમાં ભારતમાં આયાત થવા લાગી. શરાબના શોખીનોને સમાજના રિવાજો અને ધર્મના નિયમોની વિરુદ્ધ જઈને ઉઘાડે છોડે મદિરાપાન અને અન્ય ચારિત્ર્ય ભ્રષ્ટની બદીમાં ખુલ્લેઆમ આચરણમાં ગરકાવ કરી નાખવાની



www.markazahlesunnat.in



કપટનીતિ અને કટુતા અપનાવીને અંગ્રેજોએ ભારતીય મરદવીરોને કાયર અને નમાલા બનાવી નાખવાનું ષડયંત્ર અમલી બનાવ્યું અને ભારતીય સંસ્કૃતિ નું ઘોર પતન કરી નાખ્યું.

## "વહીવટી શાસન ની કચેરીઓમાં થી દેશી ભાષાઓના સ્થાને અંગ્રેજી ભાષા દાખલ કરવાનો આશય"

ભારત ની કચેરીઓ માં અત્યાર સુધી ફારસી ભાષા તથા અન્ય દેશી ભાષાઓમાં વહીવટ થતુ હતું, અરજ અહેવાલ, ખાતાવહી, ખેડૂતપોથી, જમીનની માપણી ના નકશા તથા વહીવટી બાબતોને લગતું તમામ સાહિત્ય ફારસી ભાષા તથા સ્થાનિક દેશી ભાષામાં થતું હતું. **લૉર્ડ બેન્ટિંક** ના શાસનકાળ માં વહીવટી બાબતોના માધ્યમ સ્વરૂપે ફારસી અને દેશી ભાષાઓ નો જે ઉપયોગ થતો હતો, તેના બદલે અંગ્રેજી ભાષા ઘુસાડી દેવામાં આવી. તેની પાછળનો આશય એ હતો કે અંગ્રેજ વાઇસરોય **લૉર્ડ બેન્ટિંક** ને ખાત્રી હતી કે ભારતવાસીઓ ની ભાષા, પોશાક અને રહેણી-કરણી ની ઢબમાં અંગ્રેજીપણું લાવવાથી તેઓને દેશની સંસ્કૃતિ, દેશપ્રેમ, દેશદાઝ ની ભાવના અને રાષ્ટ્રીયતા ના સંસ્કારો ના ઉત્તમ ગુણોથી દૂર રાખીને વિદેશી સત્તાના પશ્ચિમી સંસ્કારોના દુષણ માં ગરકાવ કરીને માયકાંગલા, નિર્બળ અને કાયર બનાવી દઈને અંગ્રેજી સામ્રાજ્ય ના ઇશારે નાચનારા બનાવવા સરળ રહેશે. જેથી ભારતમાં અંગ્રેજી શિક્ષણ અને ઈસાઈ ધર્મનો વિસ્તૃત, વ્યવસ્થિત અને વિચલિત પ્રચાર અને પ્રસાર કરવામાં **લૉર્ડ બેન્ટિંકે** ખુલ્લમ ખુલ્લા પક્ષપાતી વલણ અપનાવીને ભારતની મૂળભૂત

સંસ્કૃતિ, સંસ્કાર, ધર્મ પ્રત્યેની આસ્થા, દેશપ્રેમ અને વફાદારી ના ઉત્તમ આદર્શોનું નિકંદન કાઢી નાખ્યું અને ભારતમાં વસ્તી ભોળી, અજ્ઞાન, ગભરૂ અને નિષ્કપટ નિખાલસ પ્રજાના દિલોથી રાષ્ટ્રીયત્વ ની ભાવના નો નાશ કરવાનું ષડયંત્ર આચર્યું અને ભારતીયો ઉપર બ્રિટીશ સામ્રાજ્યના અનુશાસન ને વધુ સ્થિર અને મજબૂત બનાવ્યું અને ભારત જેવા મહાન અને સ્વતંત્ર દેશ ની પરાધીનતા ની બેડીઓને વધુ સખત, ચુસ્ત, કડક અને કઠણ બનાવી અને સુખી, સમૃદ્ધ અને સંપન્ન પ્રજાને લાંબા સમયની ગુલામી ની ઝંજીરો માં જકડી રાખવાનો દુરોચાર કર્યો.

## સુખી અને સમૃદ્ધ ભારતીય કુટુંબો ને નિરાધાર અને દરિદ્ધ બનાવવા માટે કરેલા અત્યાચારો અને ઝુલ્મો-સિતમ તથા ધાર્મિક સંસ્થાઓ ની જાગીરો ની જપ્તી.

દુષ્ટ, કપટી અને અત્યાચારી અંગ્રેજો ભારતમાં આવ્યા તે પહેલાં હિન્દુ રાજાઓ અને મુસ્લિમ નવાબો તરફ થી હિન્દુ અને મુસ્લિમ ધાર્મિક સ્થળો અને શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થાઓને હજારો એકર જમીન જાગીરમાં મળેલી. ઉપરાંત વિદ્યા પ્રચાર સંસ્થાઓ અને સાર્વજનિક સંસ્થાઓ ને વિશાળ મિલકતો જાગીરમાં મળેલી. તે બધી જમીનો અને મિલકતો ને **"લા-ખિરાજ"** કહેવામાં આવતું. કેમકે તે મિલ્કતો ઉપર કોઈ જાતનું ટેક્ષ, લેણું, વિઘરોટી કે વેરો નહોતો ભરવો પડતો. આવી જમીનો અને મિલકતો સૈકાઓથી દરેક સંસ્થા ના કબ્જા ભોગવટા અને સંચાલન હેઠળ હતી. તેવી મિલકતો પ્રત્યે તો અંગ્રેજોએ પણ શરૂઆત માં ઉદાર



www.markazahlesunnat.in



નિતિ અપનાવીને કોઈ પણ પ્રકારનો હસ્તક્ષેપ કે અવરોધ ઉભો નહોતો કર્યો પણ સિતમગરોના સરદાર એવા **લોર્ડ વિલિયમ બેન્ટિક** ભારત આવીને સત્તાના સુત્રો સંભાળતાની સાથે જ દરેક જિલ્લાના કલેક્ટર ને આદેશ આપ્યો કે દરેક કલેક્ટર પોતાના વહીવટ હેઠળના જિલ્લામાં આવેલી આવી **"લા-ખિરાજ"** જમીનો અને મિલકતો જપ્ત કરવાનું ઉચિત સમજે તેવી તમામ **"લા-ખિરાજ"** મિલકતો સંસ્થાઓ ઉપરાંત અનેક જૂના અને સમૃદ્ધ ખાનદાનો પાસે પણ જાગીર સ્વરૂપે હતી, તે બધી મિલકતો જપ્ત કરી લેવામાં આવે. પરિણામે અનેક સુખી કુટુંબો બરબાદ થઈ ગયા. જે જમીનો માં ખેતી કરીને પોતાના અને સગાંવ્હાલાઓ ના જીવન નિર્વાહ ની આજીવિકા રળી ખાતા હતાં, તે જમીનો જ અંગ્રેજોએ જપ્ત કરી લેતાં એક સમયના માલેતુજાર અને સમૃદ્ધ કુટુંબના સભ્યોને બે(૨) પણ ટંક ખાવાના પણ સાંસા પડવા લાગ્યા. સુખી સમૃદ્ધ કુટુંબના કુમળા બાળકો પેટનો ખાડો પૂરવા માટે મજૂરી અને સામાન્ય કક્ષાનું કામ અને નોકરી કરવા મજબૂર બન્યા.

જાગીરમાં મળેલી પ્રોપર્ટીની આવક દ્વારા ચાલતી હજારો ની સંખ્યાની પ્રાચિન ધાર્મિક સંસ્થાઓ, શૈક્ષણિક અને સાર્વજનિક સંસ્થાઓ, મંદિરો, દેવળો, મસ્જિદો, દરગાહો વગેરે વિનાશ અને ઉજ્જડતા ના ખપ્પરમાં હોમાઈ ગયા.

લોર્ડ વિલિયમ બેન્ટિક ના અત્યાચારના જુલ્મો-સિતમ ની પરાકાષ્ટતા એટલી હદે પહોંચેલી કે ભારતમાં વસતા અને જમીન-જાગીર ધરાવતા દરેક સુખી અને સમૃદ્ધ કુટુંબને પીંખી નાખ્યા. તેઓની જાયદાદ અને માલ-મિલકતો જપ્ત કરી અને આજીવિકાના સાધનો ઝુંટવી લઈને તેઓને ભુખમરા અને બેકારીના ખપ્પરમાં ધકેલી દીધા. કોઈ જાગીરદાર નું અવસાન થાય અને સંતાનમાં પુત્ર ન હોય બલ્કે પુત્રીઓ હોય, ભાઈ હોય, ભત્રીજાઓ હોય, તેમ છતાં આવા અવસાન પામનાર જાગીરદાર ને અંગ્રેજો **"અપુત્ર**

**મૃત જાગીરદાર"** જાહેર કરીને તેની સઘળી જાયદાદ, જમીન, મિલકત બલ્કે રોકડ સંપતિ પણ જપ્ત કરી લેતા. ફક્ત એકલા મુંબઈ શહેર અને મુંબઈના આસપાસની આવી અનેક જાગીરો જપ્ત કરી લેવામાં આવી હતી, જેમના દત્તક પુત્રો, ભાઈ, ભત્રીજાઓ હયાત હતા.

## પઢ કર દાસ્તાં મુલ્ક કી આપ ક્યૂં રોએ ?

હા, નિઃશંક ! બલ્કે ખાત્રીપૂર્વક ના દાવા સાથે કહુ છૂં કે અહીં સુધી ના ઇતિહાસ ના વાંચનથી દેશપ્રેમ, દેશદાઝ અને માનવતાના મુલ્યોના જતન ના આગ્રહી વાંચક મિત્રોની ચક્ષુઓ અવશ્ય ભીની થઈ ગઈ હશે. બલ્કે **આંખોસે ખૂન કે આંસૂ** ટપકને શુરૂ હો ગએ હોંગે. ભૂતકાળના ઝાલિમ શાસકોને પણ ઝાંખા પાડી દે, તેવા અત્યાચારો અંગ્રેજ સિતમગરોએ ભારતની ભોળી, ગભરૂ અને નિર્દોષ પ્રજા ઉપર કર્યા છે. સૃષ્ટિના સર્જન થી અત્યાર સુધી આ ધરતી ઉપર અનેક "યુગો" આવ્યા. જેમકે પથ્થરયુગ, અંધકારયુગ વગેરે. પણ તે બધાથી ટપી જાય તેવો **"અપરાધ યુગ"** અંગ્રેજ શાસન કાળનો હતો.

શું વાંક હતો ? ભારતની નિર્દોષ અને નિરપરાધ પ્રજાનો. ફક્ત એટલું જ ભારતની મહેમાન નવાઝ પ્રજાએ વિદેશી મહેમાનોને વેપાર-ધંધા માટે આવકાર્યા. તેઓને સત્કાર અને સહકારની ભાવનાથી **"ખુશઆમદીદ"** (ભલેપધાર્યા) કહીને તેઓની આગતા-સ્વાગતા અને પરોણાચાકરી કરીને અતિથિ સન્માન ની કુણી લાગણીઓ સાથે શક્ય એટલો સહકાર આપ્યો. વેપાર-ધંધા માટે



www.markazahlesunnat.in



જ આવેલા દુષ્ટ અને દુરાચારી અંગ્રેજોએ વેપાર-ધંધાની આડમાં શાસન ની ધૂરા હાથમાં લેવી આરંભી. કટુનિતી અને પ્રપંચી ચાલબાજીનો મબલખ ઉપયોગ કરવામાં અતિરેક કર્યો અને સત્તાના ઉચ્ચ સિહાંસને હાઈ જમ્પ કુદકો મારીને ચડી બેઠા. સત્તાના સૂત્રો સંભાળી લીધા બાદ અંગ્રેજોએ ભારત દેશ અને ભારત દેશની પ્રજા સાથે કરેલા અત્યાચારો, અન્યાયો, દુષ્ટાચરણો, ઝુલ્મો-સિતમો, હત્યાઓ, લૂંટફાટો, બાળત્કારો અને ક્રુરતાની જે હારમાળા સર્જી છે, તેનો જોટો વિશ્વના ઇતિહાસમાં ક્યાંય પણ શોધ્યો જડે તેમ નથી. વેપાર-ધંધા અને સુખ-સમૃધ્ધી ની લીલીછમ જાજમ ને ઉખેડીને ફેંકી દીધી અને સુંવાળી ધરતીને કાંટાળી અને પથરીલી બનાવી દીધી.

ભારતના વેપાર-ધંધાનું નિકંદન કાઢી નાખ્યા બાદ ઉદ્યોગોને ઉજ્જડ બનાવી નાખ્યા. વેપારીઓ, કારીગરો અને ઉદ્યોગપતિઓને કારમી બેકારી અને દારૂણ દરિદ્રતાના ખપ્પરમાં હોમી દીધા. શાસકોને ગુલામ બનાવી દીધા. સમૃદ્ધિના શિખર ની ટોચ ઉપર બિરાજેલા સુખી-સંપન્ન પરિવારોને નિર્માલ્ય અને નિર્વંશ બનાવીને આર્થિક કંગાળતાની ઉંડી ખીણમાં ધકેલી દીધા. **બને તેટલું લૂંટીને ઘરભેગું કરી દેવાની** લાલસા, લાલચ, લોભ, ઉત્કંઠા અને તૃષ્ણા ની પરિપૂર્ણતા માટે સંસ્કાર, માનવતા અને નીતિ-નિયમોના મુલ્યોને તિલાંજલિ આપીને નિર્દોષો ઉપર દમન નો કોરડો વીંઝવા માટે દુરાચાર નો અતિરેક અને અતિશયોક્તિ કરવામાં લેશમાત્ર કચાશ રાખી નહીં બલ્કે તેમાં ઉત્તરોત્તર વધારો જ કર્યો.

ભારતના સમૃદ્ધ રાજ્યોના સમૃદ્ધ શહેરો કે જે શહેરોમાં ધંધા-રોજગાર ધીકતા ધમધમતા હતા. તે બધા શહેરો વિનાશ અને પાયમાલીની અગ્નિમાં હોમાઈ ગયા. બેકારીના ખપ્પરમાં હોમાયેલા નિર્દોષોને **દાઝ્યા ઉપર ડામ** દેવાની પદ્ધતિ અપનાવીને

અંગ્રેજ બ્રિટિશરો દ્વારા લાદવામાં આવેલા કાયદા કાનુન ની આંટીઘૂંટીમાં સપડાવીને બેહાલ કરી નાખ્યા. જે શહેરો ઉપર અંગ્રેજો કબ્જો જમાવતા ત્યાં છડેચોક લૂંટફાટ કરતા. વૃદ્ધો અને બાળકો ને જાહેરમાં રહેંસી નાખતા. સ્ત્રીઓ ઉપર જાહેરમાં બળાત્કાર કરતા અને ત્યારબાદ હત્યા કરી નાખતા. લોકોના ઘરોમાં રહેલી માલ-મિલ્કતો, કપડા, ઘરેણા, રોકડ અને અન્ય કિંમતી ચીઝો **પોતાનાં બાપનું માલ હોય** તેમ લૂંટી લેતા. આવી લૂંટફાટ દ્વારા ભેગી કરેલી અઢળક સંપતિ વહાણો ભરી ભરીને ઇંગલેન્ડ મોકલી આપતા અને ઈંગ્લેન્ડ ને સમૃદ્ધ અને ભારતને કંગાળ અને દરિદ્ર બનાવવાનો સિલસિલો સતત દોઢસો(૧૫૦) વર્ષો સુધી ચાલ્યો.

## ભારતના પાડોશી રાષ્ટ્રો ને પણ ઓહિયાં કરી જવાની અંગ્રેજોની નીતિ

અખંડ ભારતના પડોશી રાષ્ટ્રો બર્મા, સિંધ, નેપાળ, અફઘાન વગેરે સરહદ પ્રાંતના રાષ્ટ્રો અને પ્રદેશો ઉપર પણ અંગ્રેજોની નાપાક નજર બગડેલી. સમગ્ર ભારત ઉપર સંપૂર્ણ વર્ચસ્વ અને શાસન સ્થાપિત કર્યા બાદ અંગ્રેજોની ભૂ-પિપાસા એટલે જમીનો કબજે કરવાની લાલચ ની તરસ માં દિન પ્રતિદિન વધારો થતો ગયો. બે(૨) વખત **બર્મા યુદ્ધ,** બે(૨) વખત **અફઘાન યુદ્ધ** ઉપરાંત **સિંધ** અને **નેપાળ** ના યુદ્ધો અંગ્રેજોની ભૂ-પિપાસા ની સાક્ષી પૂરે છે. સ્થળ સંકોચના કારણે તે બધા યુદ્ધોનું વર્ણન ન કરતા ફક્ત **અફઘાન યુદ્ધ** ની ઝાંખી સ્વરૂપે સંક્ષિપ્ત માં અમુક અંશો અત્રે રજુ કરૂં છૂં. તેનું મુખ્ય કારણ એ છે કે અફઘાનિસ્તાન ભારતની ઉત્તર સરહદને અડીને આવેલું મુસ્લિમ રાષ્ટ્ર છે. સમગ્ર



www.markazahlesunnat.in



ભારતમાં અંગ્રેજોએ પોતાનું શાસન ભલે સ્થાપિત કરી લીધેલું. પણ ભારતની સરહદ પ્રાંતના લડાયક અને ખમીરવંતા પઠાણો અંગ્રેજોને દાદ નહોતા આપતાં. ભારતની સરહદને અડીને આવેલા રાષ્ટ્ર અફઘાનિસ્તાન માં વસવાટ કરતા મોટા ભાગના લોકો **"પઠાણ કૌમ"** ના હતા અને ભારતની સરહદ પ્રાંતમાં વસતા લોકો પણ પઠાણો જ હતા. જેથી **કૌમી હમદર્દી** ના કારણે સરહદ ના પઠાણો અને અફઘાન પઠાણો ના ગાઢ સબંધો હતા અને એક બીજાના સુખ-દુખ ના ભાગીદારો હતા. જેથી સરહદ પ્રાંતના ભારતીય પઠાણોને ડરાવવા, ધમકાવવા અને ભયભીત કરવા માટે અંગ્રેજોએ અફઘાનિસ્તાન ઉપર પોતાનો **ડોળો જમાવ્યો.**

અફઘાનિસ્તાન યુદ્ધ ના અમુક અંશો અત્રે પ્રસ્તુત કરવાનો એક બલ્કે મુખ્ય આશય એ પણ છે કે આ પુસ્તક ના પ્રથમ પ્રકરણ ના **પેઇજ નં. ૧૦** ઉપર સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યું છે કે **"આ પુસ્તક માં ફક્ત એવા વફાદારો અને ગદ્દારોનો જ ઉલ્લેખ કરવાનો છે કે જેઓનો સીધો અને સ્પષ્ટ સબંધ મુસ્લિમ સમુદાય સાથે હતો"**

અફઘાન યુદ્ધ ના મહત્વના અંશો રજૂ કર્યા બાદ **"૧૮૫૭ ના વિપ્લવ"** (બળવા) ની સંક્ષિપ્ત છણાવટ કરવામાં આવશે ત્યારબાદ વર્તમાન યુગના આંતકવાદી સંગઠનો જેવા કે ● જૈશે મુહમ્મદી ● લશ્કર-એ-તય્યેબા ● હિઝબુલ મુજાહેદીન ● સિમ્મી ● ઇન્ડીયન મુજાહિદીન ● હરકતુલ અન્સાર ● જમીઅતુલ મુજાહેદીન ● અલ-કાયદા ● હરકતુલ મુજાહેદીન ● હરકતુલ જેહાદે ઇસ્લામી વગેરે કે જેઓ વર્તમાન યુગના ●વહાબી ●નજદી ●દેવબંદી ●એહલે હદીષ ●તબલીબી જમાઅત ●જમાઅતે ઇસ્લામી ની વિચારધારાના સંગઠનો બલ્કે ઉત્પાદિત આંતકવાદી સંગઠનો છે. તેનું વિસ્તારપૂર્વક નું વર્ણન હવે કરવામાં આવશે.

# "અફઘાન યુદ્ધ સંક્ષિપ્ત માં"

- અંગ્રેજોના ગવર્નર જનરલ **લોર્ડ બેન્ટિંક** અને **લોર્ડ ઓકલેન્ડ** ના શાસનકાળમાં અફઘાનિસ્તાન ના બાદશાહ તરીકે **દોસ્ત મુહમ્મદ ખાં** હતો. દોસ્ત મુહમ્મદ ખાં પહેલાનો બાદશાહ **શાહશુજા** ભ્રષ્ટાચાર, લાંચ-રૂશ્વત, અત્યાચાર, અન્યાય અને દુરાચારો ના કૌભાંડોના કારણે પ્રજાની નજર માં અળખામણો અને ભ્રષ્ટ શાસક તરીકે બદનામ થઇને પદભ્રષ્ટ થઈને અફઘાનિસ્તાન થી ફરાર થઇને અંગ્રેજોના શરણે આવેલો અને અંગ્રેજોના આદરણીય મહેમાન તરીકે પંજાબ પ્રાંતના **લુધિયાણા** માં રહેતો હતો.
- શાહશુજા સાથેની વાટાઘાટો, મસ્લતો અને કાવત્રા સ્વરૂપે અંગ્રેજોએ પોતાના બે(૨) દેશી એટલે ભારતીય પ્રતિનિધિઓ (૧) **કાશ્મીરી પંડિત મુન્શી મોહનલાલ** તથા (૨) **મુહમ્મદ અલી** નામના મુસ્લિમ સર્વેયર ને મધ્ય એશિયા અને ખાસ કરીને અફઘાનિસ્તાન માં ભૂમિ સ્થિતી, ભોગોલિક અવલોકન અને મહત્વ ના સ્થાનો ના નકશા બનાવી લાવવા માટે એવું બહાનું આગળ ધરીને મોકલવામાં આવ્યા કે અફઘાન અને બલુચિસ્તાન ના માર્ગે **રશિયા** ભારત ઉપર હુમલો અને ચઢાઈ કરવા માટે જંગી સશસ્ત્ર સેના સાથે આવી રહ્યો છે. રશિયાના લશ્કરી આક્રમણ સામે અંગ્રેજો અને અફઘાનો સાથે મળીને ટક્કર લઇને રશિયાને કારમો પરાજય આપી શકે તેમ છે. જે બાબત અમો અંગ્રેજોના સહકાર ની ઓફર લઈને આવ્યા છીએ. રશિયાના આક્રમણનો ડર તો ફક્ત એક બહાનું હતું. તે બહાને



www.markazahlesunnat.in



અંગ્રેજો અફઘાનિસ્તાન માં પગપસેરો કરવા માંગતા હતા.
- અંગ્રેજો વ્યાપારી મિશન લઈને અફઘાનિસ્તાન ની રાજધાની **કાબુલ** શહેરમાં પ્રવેશ્યા. ભોળા અને નિખાલસ બાદશાહ દોસ્ત મુહમ્મદે અનેરા ઉત્સાહ અને ઉમળકાથી તેઓનું સ્વાગત કર્યું. અંગ્રેજો અને અફઘાનો સાથે મળીને રશિયા સામે લડે, તે મનસૂબો પાર પડ્યો નહીં અને મંત્રણા ભાંગી પડી. કેમકે અફઘાન બાદશાહ દોસ્ત મુહમ્મદે એવી શરત મૂકી કે પંજાબના **મહારાજા રણજીત સિંહે** અફઘાનિસ્તાન નો પુર્વનો થોડોક વિસ્તાર અને ખાસ કરીને **પેશાવર** નો ફળદ્રુપ જિલ્લો બળજબરીથી પોતાના તાબામાં રાખ્યો છે. જો અંગ્રેજોને રશિયાની વિરૂદ્ધ અમારી મદદ જોઈતી હોય, તો પંજાબના મહારાજા રણજીતસિંહે કબ્જે કરેલો પ્રદેશ પરત અપાવી દો.
- બાદશાહ દોસ્ત મુહમ્મદ ની માંગણી વ્યાજબી અને યોગ્ય હતી. પણ અંગ્રેજોએ તો રશિયાનો ડર એક કપટનીતિ હેઠળ જ બતાવેલો. પણ વાસ્તવિકતા એ હતી કે રશિયા સાથે કોઈ યુધ્ધ થવાનું જ ન હતું. અને દોસ્ત મુહમ્મદની માંગણી સ્વીકારી ને અંગ્રેજો મહારાજા રણજીતસિંહ ને છંછેડવા નહોતા માંગતા. એટલે મંત્રણા ભાંગી પડી અને મન માં એક વ્યવસ્થિત ષડયંત્ર ને અનૂસરી **લોર્ડ બર્નસ** ભારત પરત આવ્યો.
- ભારત પરત આવીને લોર્ડ બર્ન્સે તરત જ અફઘાનિસ્તાન ઉપર હુમલો કરવાની તૈયારી આરંભી દીધી. અંગ્રેજો અફઘાન ની સ્વતંત્રતા નષ્ટ કરવાના ફિરાકમાં હતા. તેઓના હાથમાં ચાવીવાળા રમકડા સમાન ભૂતપુર્વ બાદશાહ **શાહશુજા** મૌજૂદ હતો. શાહશુજાને જૂના વેર-ઝેર ના હિસાબ-કિતાબ ચુકતે કરવા હતા અને અંગ્રેજોને અફઘાન

નો કબ્જો લેવો હતો. **ભાઈને કોઈ દેતું નહોતું અને બાઈને કોઈ લેતું નહોતું.** જેવો ઘાટ ઘડાઈ ગયો હતો. અંગ્રેજોની નફ્ફટાઈ, બેવફાઈ, કપટલીલા અને નીચતા ની પરાકાષ્ટતાાનો પુરાવો એ બાબત થી થાય છે કે જ્યારે કાબુલમાં લોર્ડ બર્ન્સ દોસ્તીનો હાથ લંબાવીને સંગઠિત થવાની વાટાઘાટો કરી રહ્યો હતો, ત્યારે અહીં હિમાલય ના પહાડ ઉપર કાવતરાના અખાડા **સિમલા શહેર** માં શાહશુજા ની સાથે અલગ પ્રકારની વાટાઘાટો થઈ રહી હતી અને અફઘાન ની ગાદી ઉપર શાહશુજાને પુનઃ બેસાડવાનું નક્કી કરી લેવામાં આવેલું. શાહશુજાને **લુધિયાણા**ની ધૂળમાંથી ઊંચકીને કઠપૂતળી બનાવીને કાબુલની ગાદી માટે નિયુક્ત કરવાનું કાવતરું ઘડાઈ ચુક્યું હતું અને શાહશુજા અંગ્રેજોના હાથનું રમકડું બની ને સત્તારૂઢ બનવા સહમત પણ થઇ ગએલો.

⊙ અફઘાનિસ્તાન ઉપર ચઢાઈ કરવા અંગ્રેજ સેના મુંબઈથી રવાના થઈને **સિંધ** અને **બલુચિસ્તાન** થઈને કાબુલ પહોંચી તથા ઉત્તર ભારત ખાતેની અંગ્રેજ સેના **પંજાબ** ના રસ્તે **ખૈબરઘાટ** ના રસ્તે કાબુલ પહોંચી. માર્ગમાં સિંધ પ્રાંતના મુસ્લિમ અમીરો, સૂબેદારો અને જમીનદારો કે જેઓ સંસ્કારી ખાનદાન ના અતિ ધનવાન અને માલેતુજાર અમીરો હતા, તેઓનું પુષ્કળ ધન અને મિલકતો લૂંટી લીધા બાદ સિંધના અમીરોને અફઘાનિસ્તાનની ગાદીએ શાહશુજાને સતારૂઢ કરવામાં સહાયતા કરવા માટે વચનબદ્ધ કર્યા અને જેના માટે અંગ્રેજોને આર્થિક અને લશ્કરી મદદ કરવા માટે પણ કટિબદ્ધ અને તૈયાર કર્યા. ઉપરાંત યુદ્ધના વધારાના ખર્ચ પેટે એકવીસ લાખ રૂપિયા



www.markazahlesunnat.in



(રૂા. ૨૧,૦૦,૦૦૦/-) લીધા. તથા વાર્ષિક રૂપિયા ત્રણ લાખ (રૂા. ૩,૦૦,૦૦૦/-) ખંડણી તરીકે દેવાનું ઠરાવ્યું.

⊙ અંગ્રેજ સેનાના કેપ્ટન **ઇસ્ટીવીકે** ઉપરોક્ત કબૂલાત કાબુલના શાંતિપ્રિય અમીરો થી કરાવી અને તેનું દસ્તાવેજી લખાણ તૈયાર કરીને હૈદરાબાદ (સિંધ) ના અમીર સમુદાય ની સભા બોલાવી અને તે સભામાં દસ્તાવેજી લખાણ વાંચી સંભળાવવામાં આવ્યું. ત્યારે પોતાની માતૃભૂમિ પ્રત્યેની સાચી દેશદાઝ ધરાવનાર **સિંધ ના અમીર નૂર મુહમ્મદ ખાને** તેનો વિરોધ કર્યો અને કબૂલાતનામામાં નિર્દેશન કરેલી સમજૂતી પડી ભાંગી. જેથી.....

⊙ સિંધના અમીરોને વશ કરવા ના આશયથી અંગ્રેજી સેનાએ સિંધની પ્રજાને મારકૂટ કરીને લૂંટવાનું શરૂ કર્યું. અંગ્રેજ સેનાની ધાક બેસાડવા અત્યાચારો આચરવામાં અતિરેક કર્યો. નિર્દોષ અને કુમળી વયના બલુચી બાળકોના લાંબા વાળ એકબીજાની સાથે બાંધીને તેમના માથાં બંદૂકની ગોળીથી ઉડાવી દેવામાં આવ્યા.

⊙ અંતે સિંધ (બલુચિસ્તાન) ના અમીરોએ મજબૂર બનીને કબુલાતના દસ્તાવેજી લખાણ ઉપર સહી કરી આપી. સિંધમાં પુષ્કળ લૂંટ તથા કબૂલાતનામા મુજબ યુદ્ધના વધારાના ખર્ચના (રૂા. ૨૧,૦૦,૦૦૦/-) રૂપિયા એકવીસ લાખ લઈને અંગ્રેજી સેના બલુચિસ્તાન થી પ્રયાણ કરી અફઘાનિસ્તાન ની રાજધાની કાબુલ તરફ આગળ વધી.

⊙ અફઘાન પહોંચીને અંગ્રેજોએ ત્યાંના અનેક સરદારો અને પ્રજાને ખોટા વચનો આપી પોતાની તરફેણમાં કરી લીધા. અફઘાન નો કબ્જો લઈ લીધો. શાહશુજાને કાબુલની ગાદીએ બેસાડયો અને અફઘાનના બાદશાહ દોસ્ત મુહમ્મદ ખાનને બંદીવાન બનાવીને ભારત મોકલી દીધો.

⊙ **પ્લાસીના યુદ્ધ (ઇ.સ.૧૭૫૭) પછી અંગ્રેજોએ બંગાળ માં જે નીતિ અપનાવીને કપટબાજી રમેલા, બરાબર તે રમત અહીં પણ રમવા માંગતા હતા. પરિસ્થિતિ સમાન જ નિર્માણ થયેલ. ફક્ત એટલો જ તફાવત હતો કે પાત્રો બદલાઈ ગયા હતા. દોસ્ત મુહમ્મદ ખાન કાબુલ નો સિરાજુદ્દોલા ના પાત્ર સ્વરૂપે હતો અને શાહશુજા કાબુલના મીરજાફર ના રોલમાં હતો. બંગાળના અંગ્રેજ સર મુખ્તાર કલાઇવ નું પાત્ર અફઘાનમાં અંગ્રેજ પ્રતિનીધી મેકનોટન ભજવી રહ્યો હતો.**

## "કાશ્મીરી પંડિત મોહનલાલ મુન્શી ની નિર્લજ્જ, નિષૂદન અને નિષ્ઠુર વૃત્તિઓ અને અંગ્રેજો ની ગુલામીની કલંકિતતા"

**અંગ્રેજ સેનાપતિ મેકનોટન** આણી કંપનીએ પોતાની અસ્લિયત અને મુખ્ય ખાસિયત એટલે કે પ્રપંચ અને કાવતરા થી અફઘાની લોકોમાં કાયમી ધોરણે કુ:સંપ, મનદુ:ખ, મતભેદ, વિવાદ, વિખવાદ અને શત્રુતાના બીજ રોપવાના ના પુષ્કળ પ્રયત્નો કર્યા અને તેમાં **કાશ્મીરી પંડિત મોહનલાલ મુન્શી**એ અગત્યની ભૂમિકા ભજવી. અંગ્રેજ ઇતિહાસકારક Mr. Kaye પોતાના પુસ્તક History of the Afgahan War, વોલ્યુમ નં.૧, પેઇજ નં. ૪૫૯ ઉપર ત્યાં સુધી લખ્યું છે કે :- (ગુજરાતી અનુવાદ)

**"દેશદ્રોહીઓ પેદા કરવાની મુન્શી મોહનલાલ માં અસાધારણ શકિત હતી, જે અફઘાન યુદ્ધ ના અંત સુધી મંદ નહોતી પડી"**



www.markazahlesunnat.in

**લાંચ રૂશ્વત આપીને અફઘાન સરદારોને ફોડવા, તેઓ ની અંદર કુ:સંપ પેદા કરવો, શીયા અને સુન્ની ના ધાર્મિક ઝઘડા કરાવવા, અને જે સરદારો નાણાં થી ખરીદી ન શકાય, તેવા દેશપ્રેમી સરદારોની હત્યા કરાવી નાખવી, જેવા હિચકારા, ધૃણાસ્પદ અને હલકટ કામો પંડિત મોહનલાલ અંજામ આપતો. અંગ્રેજો વિરુદ્ધ બળવો કરી માથું ઉચકનારા દેશપ્રેમી સરદારો ની હત્યા કરવાના વળતર સ્વરૂપે મોહનલાલ ભાડૂતી હત્યારાઓને પ્રત્યેક હત્યાના બદલામાં રૂા. દસ હજાર(૧૦,૦૦૦/-) જેવી માતબર રકમ ચૂકવતો. સૌ પ્રથમ સરદાર અબ્દુલ્લાહ ખાં અને મીર મસ્જિદજી ને ભાડૂતી હત્યારાઓની કટાર ના શિકાર બનાવવામાં આવ્યા.**

## "અંગ્રેજો ની પાશવી પ્રવૃત્તિઓનું નગ્ન નૃત્યુ"

**અંગ્રેજ સેનાના અફઘાનિસ્તાનમાં રોકાણના બે(૨) વર્ષના સમયગાળા દરમિયાન અંગ્રેજ સેનાના સૈનિકોએ અનેક અફઘાની સ્ત્રીઓની ઇઝ્ઝતો લૂંટી. પાશવી બળાત્કારો, નિર્દયતા પૂર્વક શિયળો લૂંટવા, સ્ત્રીઓના સ્તનો (Breast) કાપી નાખવા, જેવા અત્યાચારો કર્યા. કુમળી બાળાઓ, અપરણિત યુવતીઓ, પરણિત મહિલાઓ, વૃદ્ધ અને પ્રોઢ સ્ત્રીઓને પોતાની ભ્રષ્ટ વાસનાની શિકાર બનાવી. અનેક પ્રસિદ્ધ અને આબરૂદાર ઘરાનાઓની મહિલાઓની આબરૂ લૂંટવામાં આવી.**

**અફઘાની પુરૂષો પોતાની સ્ત્રીઓની ઇઝ્ઝતનો બહુ જ ખ્યાલ રાખે છે. જેઓના પરિવારની સ્ત્રીઓની આબરૂ નું છડેચોક લીલામ કરવામાં આવેલું, તેવા પીડિત લોકોએ અંગ્રેજ સેનાના અધિકારીઓ સમક્ષ ફરિયાદો કરી પણ પરિણામ શૂન્ય આવ્યું. ફરિયાદો વ્યર્થ ગઈ. અત્યાચાર પીડિત લોકો શરમ અને ક્ષોભ થી**



www.markazahlesunnat.in

પાણી પાણી થઇ ગયા. અત્યાચારોના નિરાકરણ નો કોઈ ઈલાજ ન હતો. જેથી કાબુલી પઠાણો ને ખાત્રી થઇ ગઈ કે હવે બળ નો ઉપયોગ કર્યા વગર કોઈ ઉપાય નથી. બદલા ની આગ મનમાં ધૂંધવાતી હતી અને પોતાની મનોવ્યથા ની અગ્નિ બદલો લઈને શાંત કરવા ઉતાવળા અને તલપાપડ બનીને.....???

## “અફઘાન દ્વારા અંગ્રેજો ઉપર વળતો પ્રહાર અને સમગ્ર અંગ્રેજ સેનાનું નિકંદન”

અફઘાનના લોકો ભોળા હતા. છળ કપટની ઝાઝી સમજ તેઓમાં ન હતી. અંગ્રેજોની કપટની પ્રપંચી જાળમાં શરૂઆતમાં ફસાઇ ગયા હતા. પણ ટૂંક સમયમાં જ અંગ્રેજોની અસ્લિયત નો કડવો અનુભવ થઇ ગયો. અફઘાનો એ જાણી લીધું કે અંગ્રેજો દગો, કપટ, બેઈમાની, લૂંટ, હત્યા, અત્યાચાર, દુરાચાર અને સ્ત્રીઓની લાજ લૂંટવા સિવાય આપણને કંઈ જ આપી શકે તેમ નથી. રહી રહીને પણ તેઓની આંખો ઉઘડી. જો આ અંગ્રેજ શેતાનો હજુ વધુ સમય અફઘાનમાં રહ્યા, તો ભોળા ભારતીય બંધૂઓની જેમ આપણે પણ દેશની સ્વતંત્રતા અને આઝાદી ગુમાવી દઇશું અને ગુલામીની ઝંજીરોમાં જકડાઈ જઈશું.

અફઘાનો શૂરવીર હતા, બહાદુર હતા, લડવૈયા હતા, સ્વમાની હતા, ખમીરવંતા હતા. જેથી તેઓનું લોહી ઉકળવા લાગ્યું અને બદલો લેવા તલપાપડ બની ગયા અને શરૂ થઈ બદલાની ભાવના ઉપર ગદ્દારો અને અંગ્રેજો ઉપર પ્રહારોની હારમાળા.

### ▣ શાહશુજા નું ખૂન :-

ગદ્દારો અને અંગ્રેજો સાથે બાથ ભીડવા અફઘાનો સંગઠિત થયા. અંગ્રેજોને અફઘાનિસ્તાન થી ખદેડી મૂકવાનો સંકલ્પ કરી



www.markazahlesunnat.in



લીધો. તેઓને એ હકીકતનું પણ ભાન થઇ ચૂક્યું હતું આપણી ઉપર થયેલા અત્યાચારો અને આપત્તિઓ નું મૂળ કારણ શાહશુજા છે. સૌપ્રથમ તેને ટપકાવી દેવો જોઈએ. આની જાણ શાહશુજા ને થઈ ગઈ અને તે અત્યંત ભયભીત બની ગયો. ફરી એકવાર કાબુલથી નાસી જઇ ને ભારત માં અંગ્રેજો નો આશરો લેવાનો મનસૂબો ઘડી કાઢ્યો પણ તે પોતાના મનસૂબામાં ફળિભૂત થાય, તે પહેલાં જ એક અત્યંત દાઝે ભરાએલા કાબુલી યુવાને પોતાની બંદૂકથી શાહશુજાને ચારણી ની જેમ વિંધી નાખ્યો અને અફઘાનિસ્તાન ના મીર જાફર નો કરૂણ અંજામ આવ્યો.

### ▣ અંગ્રેજ રાજદૂત લોર્ડ બર્નસ ની હત્યા :-

શાહશુજા પછી બીજા નંબરે અફઘાનો જેને ખરા અંતરથી ધિક્કારતા હતા, તે અંગ્રેજ રાજદૂત **લોર્ડ બર્નસ** હતો. અફઘાનોને એ વાતનો અતિ ક્રોધ હતો કે અફઘાન બાદશાહ દોસ્ત મુહમ્મદે સ્વંય તથા પ્રજાની સાથે બર્નસ નું ઉમળકા ભર્યું સ્વાગત કર્યું હતું. પણ તેણે વિશ્વાસઘાત કરીને બાદશાહ ને બંદીવાન અને પ્રજાને અત્યાચારનો શિકાર બનાવીને દારૂણ હાલત કરી નાખી છે. ઉશ્કેરાટ અને બદલાની ભાવનાથી થનગનતા અમુક યુવાનોએ બર્નસ ને શોધી કાઢ્યો અને તેના શરીરના કટકેકટકા કરીને વધુ યાતના ભોગવવા નર્ક (જહન્નમ) માં ધકેલી દીધો.

### ▣ અંગ્રેજ એલચી મેકનોટન નો કરૂણ અંજામ :-

ત્રીજા નંબરે અંગ્રેજ એલચી **મેકનોટન** હતો. તેણે બંગાળના અંગ્રેજ હત્યારા **લોર્ડક્લાઇવ** ના નકશેકદમ (પગદંડી) ઉપર ચાલીને અફઘાન ચાઊં કરી જવાના પેંતરા રચ્યા હતા. તેને બદલાતા સમયની ગંદ આવી ગઈ કે આ બંગાળ નથી બલ્કે અફઘાન છે. જેથી તેણે એક ભયંકર કાવત્રું કર્યું. બંદીવાન બનાવીને લઈ

જવાએલ અફઘાન બાદશાહ દોસ્ત મુહમ્મદ ખાન ના દિકરા **અકબર ખાન** નું અફઘાન ની પ્રજા ઉપર જબરૂં વર્ચસ્વ અને પ્રભુત્વ હતું. **મેકનોટને** બાદશાહ ના દિકરા અકબર ખાન નો સંપર્ક કર્યો અને એવી ખાત્રી આપી કે અંગ્રેજો દોસ્ત મુહમ્મદ ખાન ને જેલમુક્ત કરીને ભારત થી અફઘાનિસ્તાન લાવીને ફરી ગાદીએ બેસાડવા માંગે છે. માટે આપણું બંન્નેનું રૂબરૂ મળીને વાટાઘાટો અને સમજૂતી ની મીટીંગ યોજવી અતિ આવશ્યક બલ્કે અનિવાર્ય છે. મીટીંગ નું આયોજન થયું. મેકનોટન અકબરખાન ને મળવા ગયો ત્યારે અમૂક અંગ્રેજ સૈનિકોને ગુપ્ત રીતે પોતાની સાથે લઈ ગયો અને સૈનિકોને આજ્ઞા આપી કે મારો સંકેતિક ઇશારો થતાં જ તમારે ગુપ્ત સ્થળે થી નીકળીને ઐકી સાથે તંબુમાં ઘસી આવવું અને અકબર ખાનનો ખાત્મો બોલાવી દેવો.

અકબરખાન અને મેકનોટન તંબુમાં વાટાઘાટ કરવા ભેગા થયા. થોડીક ચર્ચા થઈ હતી કે એક અફઘાની યુવાન અચાનક દોડતો દોડતો તંબુમાં આવીને અકબર ખાન સમક્ષ હાજર થયો અને ચેતવ્યો કે તમારી સાથે દગો થયો છે. તમને મારી નાખવા મેકનોટને પોતાના અમુક વિશ્વાસુ સૈનિકોને તંબુની બહાર છુપાવીને રાખ્યા છે. તે યુવાનની ચેતવણી થી અકબરખાન ઉભો થઇ ગયો અને ધૃણાની દ્રષ્ટિથી મેકનોટન તરફ જોઈને કંઈક કહ્યું. મેકનોટન પણ ઊભો થઈ ગયો અને પોતાની પિસ્તોલમાંથી અકબર ખાન ઉપર ફાયરિંગ કર્યું પણ અકબર ખાને ગુલાટ મારી ને ઘા ચૂકાવી દીધો. ગોળી ખાલી ગઈ અને અકબર ખાન બાલબાલ બચી ગયો. તરત જ અકબર ખાને વિફરેલા સિંહની જેમ વળતો પ્રહાર કર્યો અને પોતાની રિવોલ્વરમાંથી ગોળી છોડી. ગોળી મેકનોટન ના માથામાં લાગી અને ખોપડીના ફુરચે ફુરચા ઊડી ગયા. મેકનોટન તંબુમાં જ ઢળી પડ્યો અને દેહ નિષ્પ્રાણ થઈ ગયો.



www.markazahlesunnat.in

www.markazahlesunnat.in

## "સોળ હજારની અંગ્રેજ સેના માં થી ફક્ત એક જ સૈનિક જીવતો ભારત પાછો ફર્યો"

અફઘાનિસ્તાન ઉપર આવી પડેલી આપત્તિઓ માટે મુખ્ય નિમિત્ત **શાહશુજા, બર્નસ** અને **મેકનોટન** નો ખાત્મો બોલાવ્યા બાદ અફઘાનની પ્રજામાં એક અનેરા જોશ, જુસ્સા, ઉત્સાહ, વીરતા અને શોર્યનો ઉભરો આવ્યો. સમગ્ર અફઘાન પ્રજા એકત્રિત થઈને અંગ્રેજ સેના ઉપર તૂટી પડી. સમગ્ર પ્રજાના અચાનક આક્રમણથી અંગ્રેજ સૈનિકો બેબાકળા, હક્કાબક્કા, બાવરાં અને બોઘલા બનીને હચમચી ગયા. હતપ્રત અને દિશા વિહોણા બનીને જીવ બચાવવા નાઠા પણ અફઘાન ના દાઝે ભરાયેલા પીડિત અફઘાનો ની તલવારોએ અંગ્રેજ સૈનિકોને ગાજર-મૂળાની જેમ કાપીને ફેંકી દીધા. મોટાભાગના સૈનિકો તો કાબુલની હદમાં જ કપાઈ મૂઆ. જે બચેલા તેમણે સિંધ અને બલુચિસ્તાન ના રસ્તે ભારતની વાટ પકડી પણ માર્ગમાં સિંધ અને બલુચિસ્તાનના લોકો અવરોધ બનીને જુના વેરની વસુલાત માટે રાહ જોઈ રહ્યા હતા. અફઘાન જતી વખતે અંગ્રેજ સેનાએ કરેલી લૂંટફાટ અને ઝુલ્મો સિતમ નો દુરાચાર સિંધ અને બલુચિસ્તાનના લોકોને ગઈકાલના અત્યાચારની જેમ બરાબર યાદ હતો. જેવી અંગ્રેજ સેના પહાડી રસ્તે સખ્ત ઠંડીમાં ઠૂઠવાતી, ઠીંગરાતી અને ગોથાં ખાતી ખાતી પસાર થઈ કે સિંધી અને બલુચી લોકોએ પેટ ભરીને વેરની વસૂલાત કરીને અંગ્રેજ સૈનિકોની રહેંસી, પીસીને ચીરી નાખ્યા. અફઘાનિસ્તાન ફતેહ કરવાના આશયથી જે સોળ હજાર (૧૬,૦૦૦) ની અંગ્રેજ સેના ભારતથી રવાના થયેલી હતી, તેમાંથી ફક્ત એક જ વ્યક્તિ સેના તબીબ **ડોક્ટર બ્રાઇડન** થાકેલો,

હારેલો, ભાંગેલો, ચકનાચૂર બનેલો અને માંદો માંડ માંડ **જલાલાબાદ** ના અંગ્રેજ સેના ના કેમ્પ સુધી જીવતો બલ્કે અધમૂવો પહોંચ્યો. બાકીના સમગ્ર સૈનિકો પોતાના અત્યાચારો અને દુરાચારોના પાપે બલુચી અને અફઘાની લોકોના હાથે કપાઈ મૂવા. અનેક સૈનિકો કાતિલ અને અસહ્ય ઠંડીની શીત લહેરોના થપેડાઓ થી ઠુંઠવાઈને પહાડી વિસ્તાર માં હમેંશા માટે પોઢી ગયા.

પેઇજ નંબર ૧૧૭ થી પેઇજ નં. ૧૨૬ સુધી વર્ણન કરેલા અફઘાન યુદ્ધની પ્રદાન કરેલી માહિતીના હવાલાઓ (References) માટે નિમ્નમાં દર્શાવેલા અંગ્રેજી સંદર્ભ પુસ્તકોથી પુરાવાઓ એકત્રિત કરવામાં આવ્યા છે :-

▣ **હવાલાઓ :-**

(૧) "Kaye's Lives of indian Offices"
લેખકઃ- સરજોન.કે., વોલ્યુમ નં.૨, પેઇજ નં. ૩૩ થી ૩૬

(૨) "History of the war in Afghanistan" લેખકઃ- Kaye., વોલ્યુમ નં.૧, પેઇજ નં. **૧૪૩,૧૪૪,૨૦૨,૪૦૧ અને ૪૫૯**

(૩) "Life of Dost Mohammad Khan"
લેખકઃ- પંડિત મોહનલાલ, પેઇજ નં. ૨૦૮ અને ૨૦૯

**સૌજન્ય :-** "ભારતમાં અંગ્રેજી રાજ્ય, (ગુજરાતી અનુવાદ) મૂળ લેખકઃ- પંડિત સુંદરલાલ અલ્હાબાદી, અનુવાદકઃ- ભાસ્કર રાવ વિદ્રાંસ, પ્રકાશકઃ- ચતુર્ભુજ વિઠલદાસ જસાણી" (M.L.A.) ગોંદિયા (છત્તીસગઢ) પ્રકાશન વર્ષ :- નવેમ્બર- ૧૯૩૮, **પુસ્તક :- બીજું(૨), પેઇજ નં. ૮૧૨ થી પેઇજ નં. ૮૨૭**

**નોટ :-**અફઘાન યુદ્ધનો મુખ્ય નિમિત્ત અને સુત્રધાર **કાશ્મીરી પંડિત મોહનલાલ મુન્શી** અતિ ચાલાક અને હોંશિયાર હતો. કાબુલ માં અંગ્રેજ સેના વિરૂદ્ધ ફાટી નિકળેલા



www.markazahlesunnat.in

www.markazahlesunnat.in

લોક જુવારની તિખાશ અને તમતમાટ જોઇને લોકોના આક્રમણ ના આરંભ પહેલાં જ જીવ બચાવવા પોબારા ભણી ગયો. તે ક્યાં ગયો? અને તેનું શું થયું ? તેનો ઇતિહાસમાં કોઈપણ પ્રકારનો ઉલ્લેખ દ્રષ્ટિગોચર થતો નથી.

## "અંગ્રેજોનું અફઘાન ઉપર બીજું આક્રમણ"

સોળ હજાર (૧૬,૦૦૦) ની અંગ્રેજ સેનાનું નિકંદન અને નખ્ખોદ વાળી નાખનારા અફઘાનો થી ગિન્નાઈ અને છંછેડાઈને લંડન માં બેઠેલા ઉચ્ચ બ્રિટિશ સત્તાધિશોએ અફઘાનોને ખોખરા કરી નાખીને પાઠ ભણાવવાના આશયથી વિશાળ અંગ્રેજ સેનાને ફરી એક વખત અફઘાનિસ્તાન પર આક્રમક હલ્લો બોલાવીને અફઘાનોને પંખી અને રહેંસી નાખવાના આદેશો જારી કર્યા. અફઘાનમાં થએલો કારમો પરાજ્ય અને તે ઘોર પરાજ્યના કારણે થએલી નામોશીનું કલંક અંગ્રેજો ધોઈ નાખવા માંગતા હતા. શરમથી ઝુકી ગયેલું માથું ફરી ઊચકવા માંગતા હતા. જેથી અંગ્રેજ સેનાપતિ **જનરલ પોલાક** ને તે સમયના અધતન શસ્ત્ર સરંજામ થી સજ્જ વિશાળ સેના સાથે અફઘાનિસ્તાન ઉપર ફરી એક વખત હુમલો કરવા મોકલવામાં આવ્યો. અફઘાન નો લોકપ્રિય બાદશાહ **દોસ્તમુહમ્મદ ખાન** હજુ સુધી ભારત ખાતે અંગ્રેજોનો બંદીવાન હતો. દોસ્ત મુહમ્મદ ખાનને હુકમના એક્કા તરીકે પોતાના કબ્જામાં બાન રાખીને અંગ્રેજો ખંધી ચાલ રમવા માંગતા હતા.

અંગ્રેજ સેના ઘણા જ શોર્ય પ્રદર્શનની ધૂમધામ સાથે અફઘાન પહોંચી. રાજધાની કાબુલમાં અંગ્રેજ સેનાએ પહોંચતાની સાથે જ પોત પ્રકાશ્યું. આદતથી મજબુર અને સિતમની ટેવમાં માસ્ટરી ધરાવતા અંગ્રેજ સેનાપતિ **જનરલ પોલાકે** સેનાને આદેશ આપ્યો કે **"કાબુલ ની મુખ્ય બજાર અને બે(૨) સુંદર અને**

**કલાત્મક મસ્જિદો ને આગ ચાંપી દો"**

જનરલ પોલાક ના હુકમનું પાલન કરીને અંગ્રેજ સેનાએ શહેરની બજાર અને બન્ને મસ્જિદોને સળગાવી નાખી. ત્યારબાદ શહેરીજનો ઉપર કાળો કેર વરસાવીને કાબુલ શહેરની પ્રજા ઉપર આડેધડ અને બેફામ અગ્નિ શસ્ત્રો થી ગોળીબાર કરીને અનેક અફઘાનોને ઢાળી દીધા અને પ્રજાના મકાનોમાં પ્રવેશી ઉઘાડી લૂંટફાટ કરી અને અસહ્ય દુરોચાર આચર્યો. અનેક સુશોભિત ઇમારતો જમીનદોસ્ત કરી નાખી.

અંગ્રેજ સેનાના આવા અચાનક પાશ્વી આક્રમણ થી શુરવીર અફઘાનો હેબતાઈને ગભરાઈ જઈને ડરી જવાના બદલે ઉલ્ટાનું શોર્ય ખમીરનું ઉમદા પ્રદર્શન કરીને વળતો પ્રહાર કરીને અંગ્રેજ સેનાને **ધોળા દિવસે તારા દેખાડી દીધા.** અંગ્રેજોએ જ્યારે અફઘાન લોકોના જનૂન, શોર્ય, આક્રમણની તીવ્રતા અને બહાદુરી પુર્વક ની જાંફિસાની નો જલ્વો જોયો, તો એવા હેબતાઈ અને ગભરાઈ ગયા કે તેઓને ઘોર પરાજય નો અહેસાસ થઈ ગયો અને **જાન કે લાલે પડ ગએ** ની પરિસ્થિતિ નિર્માણ થઈ ગઈ.

અંગ્રેજોએ સમાધાન અને યુદ્ધ વિરામનો સંકેત જાહેર કરતા **સફેદ વાવટા** ફરકાવ્યા અને યુદ્ધ થંભી ગયો. મૃત્યુ ડરના ફડફડાટ અને ધ્રાસ્કાથી પ્રભાવિત થઈને, બાયલા અને કાયર બનીને મૈત્રીનો હાથ લંબાવીને નામોશી ભરી સંધિ કરી. બાદશાહ દોસ્ત મુહમ્મદ ના ચિરંજીવ **અકબર ખાને** અને તેના સાથીઓએ આ વખતે અંગ્રેજો પ્રત્યે ઉદારતા બતાવી. સંધિની શરત મુજબ બાદશાહ દોસ્ત મુહમ્મદ અને તેના સાથીઓને જેલમુક્ત કરી હેમખેમ કાબુલ પહોંચાડવામાં આવ્યા. દોસ્ત મુહમ્મદ ખાન ફરી અફઘાનિસ્તાનના તખ્ત ઉપર બેઠો. યુદ્ધ ના બધા અંગ્રેજ કેદીઓને છોડવામાં આવ્યા. જનરલ પોલાક અને બાકીની સેનાને અફઘાનિસ્તાનની



www.markazahlesunnat.in

www.markazahlesunnat.in

સરહદ છોડી દઈને ભારત પરત આવવાની રજા અને પરવાનગી મળી. નામોશી અને કલંકનો એક વધુ ટીકો કપાળે ચોંટાડીને અંગ્રેજ સેના ખાલી હાથે અફઘાન થી પાછી ફરી અને અફઘાનો ના હાથે ભૂંડી હાર ખાઈને **અફઘાનિસ્તાન ની રાષ્ટ્રીય સ્વતંત્રતાનું ચીરહરણ કરવાનો અંગ્રેજોનો પ્રયાસ નિષ્ફળ ગયો.**

## "ક્ષમા યાચના"

અંગ્રેજોનું ભારતમાં વેપારના હેતુસર આગમન થએલું. દીર્ઘ દર્ષ્ટિ વિહોણા શાસકો અને ભોલી પ્રજાને સપને પણ ખ્યાલ નહોતો કે વેપાર માટે આવેલા સફેદ ચામડીવાળા કાળા શૈતાનો દેશના શાસન ની ધૂળા પોતાના હાથમાં લઈ લેશે અને પોતાનું શાસન ટકાવી રાખવા છળ, કપટ, લાંચ-રુશ્વત, ભાંગફોડ પ્રવૃત્તિ, વિવાદ અને વિખવાદો દ્વારા પ્રજામાં કુઃસંપ અને શત્રુતાના બીજ રોપવા, આપસમાં એક ને બીજાથી લડાવવા, કાવતરાં, ખટપટો, ષડયંત્રો, પ્રપંચો, મતભેદો, મનભેદો, દેશદ્રોહ, ગદ્દારી, હરામખોરી તથા અન્ય દુરાચારોનો વ્યાપક સ્વરૂપે ભરડો લઈને ઝુલ્મો-સિતમ, અત્યાચારો, અન્યાયો, બળાત્કારો, હત્યાઓ, લૂંટફાટ, શોષણ વગેરેનો અતિરેક અને ખાસ કરીને લશ્કરી જમાવટ દ્વારા શક્તિ પ્રદર્શન અને બળનો ઉપયોગ કરીને નિર્દોષ પ્રજા ઉપર જે કાળો કેર વરસાવેલ છે, તેનું દષ્ટાંત વિશ્વના ઇતિહાસમાં ક્યાંય પણ શોધ્યો જડે તેમ નથી.

લુચ્ચા, લફંગા, લાલચી, નફ્ફટ, નાલાયક, લુખ્ખા, મવાલી, ચોર, ગુંડા અને ડાકુઓ સત્તાના સિંહાસને ચઢી બેઠા અને **સોનેકી ચિડિયા ભારત કો મટ્ટી કા ચુહા બના દિયા.** દેશને લૂંટી લીધો, ચૂસી લીધો, શોષી લીધો, પ્રજાને કંગાળ, કાયર

બલ્કે બેહાલ બનાવી દીધી. જેનો સમગ્ર ઇતિહાસ આલેખવા માટે દળદાર ડઝનોની સંખ્યામાં ગ્રંથોની આવશ્યક્તા રહે. તેથી અહીં સુધી અંગ્રેજોની ઝુલ્મો-સિતમની દાસ્તાન ઘણીજ સંક્ષિપ્તમાં આલેખી છે. બદલે સંક્ષિપ્તમાં પણ આલેખનનો હક અદા નથી થઈ શક્યો કેમકે અનેક લડાઈઓ અને યુધ્ધોનું વર્ણન સ્થળ સંકોચ અને લખાણની અસાધારણ લંબાઈને મર્યાદિત કરીને **ટૂંકાણનું પણ ટૂંકુ** પરંતુ સચોટ સારાંશ નિદર્શન કરવાનો યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. જેના ફળ અને પરિણામ સ્વરૂપે નીચે દર્શાવેલા મહત્વના પ્રકરણો નો ઉલ્લેખ અનાયાસે અને અનિચ્છાએ તજી દેવા પડ્યા છે. જેનો અત્યંત ઊંડો ખેદ, સંતાપ, દુઃખ અને વિષાદની અનુભૂતિ થાય છે. જે બદલ વાંચક મિત્રો સમક્ષ દિલગીરી વ્યક્ત કરૂં છું.

જે મહત્વના પ્રકરણોનું વર્ણન કરવાનું રહી ગયું છે, તેમાંઃ- ● પહેલો, બીજો અને ત્રીજો મરાઠા યુધ્ધ ● પહેલો અને બીજો શીખ યુધ્ધ ● પાણીપત યુધ્ધ ● બક્સર યુધ્ધ ● સિંધ યુધ્ધ ● નેપાળ યુધ્ધ ● પહેલો અને બીજો બર્મા યુધ્ધ ● પટના યુધ્ધ ઉપરાંત ● કર્ણાટક ● ઓરિસા ● રોહતસ ● પુના ● ગોરખપુર ● હાથરસ ● મુરસાન ● સંબલપૂર ● સતારા વગેરે કિલ્લાઓ ઉપર અંગ્રેજોએ કરેલી ચડાઈ અને કબ્જાનું યોગ્ય સ્વરૂપે વર્ણન કરી શકાયું નથી. વાંચક મિત્રો ઉદર મન ની ભાવનાથી ક્ષમા અર્પે.

ચાલો ! હવે આપણે મહત્વના પ્રકરણો પ્રત્યે આપણું લક્ષ કેન્દ્રિત કરીને આપણી ચર્ચા આગળ વધારીએ.

## "ઈ.સ. ૧૮૫૭ નો વિપ્લવ (બળવો)"

પ્લાસીના યુધ્ધની તિથી **૨૩-૬-૧૭૫૭** છે. બરાબર પૂરા એક સો (૧૦૦) વર્ષો પછી ઈ.સ. **૧૮૫૭નો બળવો** થયો. અંગ્રેજ



www.markazahlesunnat.in



ગવર્નર જનરલ **લોર્ડ ડેલહાઉઝી** (ઈ.સ. ૧૮૪૮ થી ઈ.સ.૧૮૫૬) પછી અંગ્રેજ ગવર્નર જનરલનું પદ **લોર્ડ કેનિંગે** (ઈસ. ૧૮૫૬ થી ઈ.સ. ૧૮૬૨) સંભાળ્યું, લોર્ડ કેનિંગના શાસન કાળ દરમિયાન ની સૌથી મહત્વપૂર્ણ અને અવિસરણીય ઘટના **૧૮૫૭ના વિપ્લવ**ની હતી. જેની પ્રચંડ અને વલોપાતની અગ્નીની જવાળાએ એવા ભયંકર લબકારા મારેલા કે ત્યારે એવું લાગતું હતું કે અંગ્રેજ શાસન બલ્કે અંગ્રેજ જાતિનું અસ્તિત્વ પણ તે દાવાનળની લપેટમાં આવી જઈને ભસ્મીભૂત થઈ જવાની અણી ઉપર છે.

## "ઇન્તેકામે જંગે પ્લાસી (પ્લાસી યુધ્ધનો બદલો)"

**ઈ.સ. ૧૮૫૭ના વિપ્લવ** (બળવા) ની વાસ્તવિક્તા અને મૂળભૂત ઉદ્દેશ સમજવા માટે વાંચક મિત્રોએ લગભગ **એકસો** (૧૦૦) વર્ષ પહેલાંના ઇતિહાસ ઉપર દ્રષ્ટિપાત કરવો પડશે. ઈ.સ. ૧૮૫૭ના બળવાનો મૂળ, પ્રેરણા, હેતુ, પૃથક્કરણ, વિશ્લેષણ, વિવરણ અને સારાંશ ના કારણો એક પ્રકારે જોતાં ઇતિહાસનું પુનરાવર્તન જ છે.

ઈ.સ. ૧૮૫૭ ના બળવાનો પાયો બરાબર એકસો વર્ષ પહેલાં એટલે કે ઈ.સ. ૧૭૫૭ ના પ્લાસી ના યુધ્ધના મેદાન માં જ નંખાયો હતો, કેમકે ઈ.સ. ૧૮૫૭ ના બળવા માં આઝાદીના તરવૈયા, ઈચ્છુક અને લડવૈયાઓને શુરાતન અને શૌર્યનો પાનો ચડાવવા માટે એક સુત્ર વિશેષ સ્વરૂપે લલકારવા માં આવતો હતો અને તે સુત્ર **"આજે અમો પ્લાસીનો બદલો લેવાના છીએં."**

ઈ.સ. ૧૮૫૭ ના મે મહીના ના પ્રારંભિક દિવસોમાં દિલ્હીના હિંદી અખબારોમાં એવી ભવિષ્ય વાણી છપાઈ હતી કે બરાબર પ્લાસીના યુધ્ધની સંવત્સરી (સો વર્ષ) ના દિવસે એટલે કે **"ઈ.સ. ૧૮૫૭ ના જૂન મહિનાની ૨૩મી તારીખે ભારતમાં અંગ્રેજી રાજ્યનો**

**અંત આવશે."** વિપ્લવ માં ભાગ લેનારા સમગ્ર ભારતના આઝાદીના લડવૈયાઓના દિલો-દિમાગ ઉપર આ ભવિષ્યવાણીનો જબરો પ્રભાવ હતો અને તેમાં કોઈ સંદેહ કે શંકા નથી કે આ ભવિષ્યવાણીના કારણે આઝાદીની ઝંખના, હિંમત, દાઝ, લડત, શૌર્ય, બહાદૂરી, ન્યોછાવર ભાવના અને દેશ માટે મરી મિટવાનો જઝ્બો ઉત્તરોત્તર વધયો હતો.

## "બદલાની આગના લબકારા"

ભારત ખાતેના પ્રથમ અંગ્રેજ જનરલ **રોબર્ટ ક્લાઇવ** ના શાસનકાળ દરમિયાન **ઈ.સ. ૧૭૫૭ માં પ્લાસીનું યુધ્ધ** થએલું. તે સમય થી જ અસંખ્ય ભારતીઓ ના મન માં અંગ્રેજો અને અંગ્રેજ રાજ્ય પ્રત્યેનો રોષ, ક્રોધ, ઘૃણા, નફરત અને અસંતોષ દિન પ્રતિદિન વધતો જતો હતો. ઈ.સ. ૧૭૫૭ રોબર્ટ ક્લાઈવ અને ઈ.સ. ૧૮૫૬ લોર્ડ કેનેંગ એ બન્ને અંગ્રેજ ગવર્નરો સુધીના સો (૧૦૦) વર્ષ ના શાસનકાળમાં અંગ્રેજોએ ભારતીય પ્રજા ઉપર જે ઝુલ્મો-સિત્મ કરેલા, તેની સંક્ષિપ્ત માહિતી અને સારાંશ અત્રે રજૂ કરવા માં આવે છે :-

- વેપાર-ધંધાના બહાને ભારત આગમન કરનારા અંગ્રેજોએ ભારતના ઉધોગ, ધંધા અને વેપાર ધંધાનો ખુડદો બોલાવી નાખ્યો. ભારતના અગત્યના ઉધોગો જેમકે ⊙ રેશમ ઉધોગ ⊙ કાપડ ઉધોગ ⊙ વહાણોનો ઉધોગ ⊙ લોખંડ ઉધોગ ⊙ કાગળ ઉધોગ ⊙ ખાંડ ઉધોગને સંપૂર્ણપણે વિનાશના પંથે ધકેલી દીધા.
- લાખો બલ્કે અસંખ્ય કારીગરોને બેકાર બનાવી તેઓની આજીવિકા છીનવી લીધી.



www.markazahlesunnat.in



- કારીગરોને કોરડા મારવા, જેલની સજા અને મિલ્કતની જપ્તી દ્વારા ત્રાસ આપ્યા.
- ઝુલ્મની પરાકાષ્ટા સ્વરૂપે કારીગરોના હાથ ના આંગળા કાપી નાખી અપંગ બનાવ્યા.
- ભારતમાં ઉત્પાદિત વસ્તુઓની નિકાસ બંધી અથવા અસહ્ય કરવેરા ઝીંકવા.
- ભારતીય બનાવટની ચીજો નો ઇંગ્લેન્ડમાં બહિષ્કાર કરાવ્યો.
- ભારતના સંસ્કારી અને સંસ્કૃતિ આધારિત શિક્ષણનો વિનાશ.
- અંગ્રેજી શિક્ષણના બહાને ઈસાઈ ધર્મનો પ્રચાર.
- વહીવટી શાખાઓમાં દેશી ભાષાના ઉપયોગ ઉપર પ્રતિબંધ.
- ભારતીય સંસ્કાર અને ચારિત્રને નષ્ટ કરવા શરાબની બદી વ્યાપક કરાવી.
- બેરોજગારી અને બેકારીના ખપ્પરમાં ભારતીયોને હોમી દઈ, બેકારોને અંગ્રેજ સેના માં ભરતી કરી અને ભારતીય સૈનિકો દ્વારા પોતાના જ દેશબંધુઓ ઉપર અત્યાચારોનો અતિરેક કર્યો.
- સુખી અને સમૃધ્ધ કુટુંબોને બરબાદ કર્યા, શ્રીમંત માંથી દરિદ્ર બનાવ્યા.
- ભારતના રજવાડાઓ, નવાબો, સૂબેદારો અને શાસકો સાથે કરેલી સંધિઓનું પાલન ન કર્યું અને વિશ્વાસઘાત કરીને અસંખ્ય રાજકુળો અને શાસકોને પદભ્રષ્ટ કરીને તેઓના રાજ્યો અને જાગીરો છીનવી લીધી.
- કબ્જે કરવામાં આવેલા રાજ્યોની નિર્દોષ પ્રજાને છડે ચોક અને ધોળા દિવસે લૂંટી, હત્યાઓ અને બળાત્કારોની હારમાળા સર્જી.

- નિઃસહાય બેગમો અને રાણીઓના મહેલોમાં ઘૂસી જઈને તેઓના દાગીના, જવેરાત, આભૂષણો, કિંમતી વસ્ત્રો, રોકડ રકમ અને દૈનિક ઉપયોગની અને જરૂરિયાતની કિંમતી વસ્તુઓ છીનવી લીધી.
- રાજ મર્યાદા અને તેહઝીબનું નિકંદન કાઢી નાંખીને બેગમો અને રાણીઓનું અપમાન, ઇઝ્ઝત લૂંટવી વગેરે દૂષણો આચર્યા.
- ભારતીયો પાસેથી છીનવેલી અને લૂંટેલી અઢળક સંપત્તિ અને રોકડ માલ મત્તા ઇંગ્લેન્ડ મોકલી, ઇંગ્લેન્ડને સમૃધ્ધ અને ભારત ને કંગાળ બનાવવાની પ્રપંચી પ્રવૃત્તિઓ વ્યાપક સ્વરૂપે આદરી.
- અંગ્રેજોએ ભારતમાં કરેલી લૂંટફાટો, આર્થિક શોષણો અને અન્ય પ્રકારે લૂંટેલી અને એકઠી કરેલી સંપત્તિ વહેલામાં વહેલી તકે ભારતથી દરિયાઈ માર્ગે ઇંગ્લેન્ડ ધકેલી દેતા અને ઇંગ્લેન્ડની કંગાળ અને બેહાલ આર્થિક પરિસ્થિતી ને દ્રઢ અને સમૃધ્ધ બનાવી.
- ઈ.સ. ૧૭૫૭ માં નવાબ સિરાજુદ્દોલાનો ખજાનો લૂંટ્યા બાદ સત્તરમી સદીના અંત ભાગ અને અઢારમી સદીના આરંભકાળના ફક્ત સાઈઠ (૬૦) વર્ષોમાં અંગ્રેજો ભારતમાં થી રૂા. ૧૫,૦૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦/- (રૂપીયા પંદર હજાર અબજ) ઉસેડીને લંડન મોકલી આપ્યા. ઈ.સ. ૧૮૦૦ના રૂપિયા પંદર હજાર અબજના આજના હિસાબે કેટલા રૂપિયા થાય ? તેનો ગુણાકાર વાંચક મિત્રો સ્વંય જ કરી લે.
- લાખોની સંખ્યાના દેશના ખેડૂતોની વંશ પરંપરાથી ચાલી આવતી ખેતીની જમીનો જપ્ત કરીને, કિસાનોને ઘરબાર વગરના કરીને ભીખ માંગતા કરી દીધા.



www.markazahlesunnat.in





- અસંખ્ય જમીનદારોની વડીલો દ્વારા વારસામાં મળેલી જમીનો ખાલસા કરી, તેની માલિકી ઈસ્ટ ઇન્ડિયા કંપનીની ઠરાવી દીધી અને જમીનદારોને પાયમાલ કરી નાંખ્યા.

વર્ણનીય ઉપરોક્ત કારણોના કારણે શરૂથી જ એટલે કે **પ્લાસીના યુધ્ધ** ઈ.સ. ૧૭૫૭ થી જ ભારતીય રાજાઓ, નવાબો, જમીદારો, સુબેદારો, ખેડૂતો અને સમગ્ર પ્રજાના દિલોમાં અસંતોષ ની આગ ભભૂક્તી જ હતી.

## "અંગ્રેજો વિરૂધ્ધ ઈ.સ. ૧૮૫૭ પહેલાં પણ બે (૨) બળવા (વિપ્લવ) થએલા"

અંગ્રેજો વિરૂધ્ધ ભારતીય પ્રજામાં અસંતોષ અને નફરતની આગે ઈ.સ. ૧૮૫૭ના બળવા (વિપ્લવ) પહેલાં બે (૨) વખત લબકારા મારેલા. પણ તેમાં ભારત વાસીઓને સફળતા મળેલ નહીં. બન્ને બળવાને અંગ્રેજોએ દબાવીને શાંત કરી દીધા.

### ▣ પહેલો બળવો :-

ઈ.સ. ૧૭૮૦ માં પૂના દરબારના મંત્રી અને પ્રખર દેશદાઝ ધરાવનારા આંજહાની **નાના ફડનવીસ** અને મૈસૂર ના રાજા તથા શાસક અને જીવનના અંતિમ શ્વાસ સુધી અંગ્રેજોની સામે યુધ્ધે ચડીને અંગ્રેજોના દાંત ખાટા કરી નાંખનાર મહાન દેશપ્રેમી **મરહૂમ હૈદર અલી** (ટીપુ સુલ્તાનના પિતા) એ બન્ને એ ભેગા મળીને દિલ્હીના **મોગલ સમ્રાટ**ની સંમતિ, સુચના અને સહકાર મેળવીને તથા અન્ય દેશી રજવાડાને પોતાના પક્ષમાં ભેળવી ને અંગ્રેજ સિતમગરો વિરૂધ્ધ બંડ પોકારીને અંગ્રેજોને ભારતમાંથી હાંકી કાઢવાની ચળવળ કરેલી. પણ બળવો સફળ ન થયો.

## ▣ બીજો બળવો :-

ઈ.સ. ૧૮૦૬ના જુલાઈમાં **વેલોર** (તામીલનાડુ) માં અંગ્રેજો વિરૂધ્ધ બળવો થએલો. વેલોરમાં બંડ થવાનું કારણ એ હતું કે તે સમયના અંગ્રેજ શાસકોમાં ભારતવાસીઓને ઈસાઈ બનાવવાનો ઉત્સાહ વધુ પડતો હતો. શરૂઆતથી જ ઈસાઈ ધર્મ ફેલાવા માટે તે સમયના **મદ્રાસ** (ચેન્નાઈ) નાં ગવર્નર **વલિયિમ બેન્ટિંક** તથા મદ્રાસનો કમાન્ડર-ઈન-ચીફ **જોન કૅડક** એ બન્ને અંગ્રેજોએ ઈસાઈ ધર્મના પ્રચાર અને પ્રસારમાં અનેરા ઉત્સાહથી પ્રચાર પ્રવૃત્તિઓ કરેલી. જેથી જ હજુ સુધી મદ્રાસ પ્રાંત માં ઈસાઈઓની સંખ્ય સૌથી વધુ છે. ઈ.સ. ૧૮૦૬ ના જુલાઈ માં વેલોરની સૌનિક છાવણીના સિપાઈઓ એ બંડ પોકારયું. રાત્રે બે(૨) વાગ્યે એકઠા થઈને પોતાના કમાન્ડિંગ અમલદાર **કર્નલ ફેનકોર** ના મકાન ઉપર હુમલો કરી દીધો અને તેને ગોળી થી ઠાર કરી દીધો. ત્યારબાદ આઝાદીના તરવૈયા લડવૈયાઓ એ અન્ય ઈસાઈ અમલદારો અને ગોરા અંગ્રેજ સિપાઈઓનો ખાત્મો બોલાવવાનું આરંભી દીધું. પરંતુ આખરે આ બંડ શમાવી દેવામાં આવ્યું અને બંડખોરોને કડક સજાઓ કરવામાં આવી.

વેલોર બંડ વખતે મર્હૂમ **ટીપૂ સુલતાન** ના પુત્રો અને પરિવારના લોકો વેલોરના કિલ્લામાં અંગ્રેજોના બંદીવાન હતા. છતાં પણ અંગ્રેજોએ આ બંડમાં તેઓનો હાથ છે. તેવો આરોપ મુકયો અને શિક્ષા સ્વરૂપે તેઓને વેલોરની જેલમાંથી ટ્રાન્સફર કરીને યાતનાઓ ભોગવવા બંગાળ ની પીડાકારી જેલમાં મોકલી દીધા.



www.markazahlesunnat.in



www.markazahlesunnat.in

**"અયોધ્યાના નવાબ વાજીદઅલી શાહ નું રાજ્ય અને બીજા અનેક રાજ્યોને ખાલસા કરવા, એ વિપ્લવ માટે નિમિત્ત બન્યા."**

અંગ્રેજ ગવર્નર જનરલ **લોર્ડ ડેલાઉઝી** (ઈ.સ. ૧૮૪૮ થી ૧૮૫૬) એ અનેક રાજ્યોને ખાલસા કરીને પોતાની **"ભૂ-પિપાસા"** એટલે કે જમીનોની લાલસા અને ઝંખનાની તરસમાં સૌથી મોટો ભૂ-પિપાસ હતો. ભારતના મહત્વના રાજ્યો અને તેની જમીનો કઈ રીતે ખાલસા અને જપ્ત કર્યા તેની સંક્ષિપ્ત છણાવટની એક ઝલક રજૂ છે.

## ▣ ખાલસા નીતિ :-

સૈકાઓથી ભારતમાં એક પ્રથા પ્રચલિત હતી કે જે કોઈ ભારતીય અપુત્ર એટલે જેના વંશ અને વારસ તરીકે કોઈ પુત્ર ન હોય, તેવા દરેક ભારતીયને નજીકના કોઈ સગાં કે અન્ય સબંધી ના પુત્રને દત્તક લેવાનો અધિકાર હોય છે. જો પતિ દત્તક લીધા પહેલાં જ મૃત્યને ભેટે, તો પત્નિને દત્તક લેવાનો અધિકાર હોય છે. પણ અંગ્રેજોએ **લેપ્સની નીતિ** અમલ માં મુકી અને એવો કાયદો ઘડી કાઢ્યો કે જો કોઈ બાદશાહ, રાજા કે નવાબ નિઃસંતાન અવસાન પામે, તો તેની વિધવા પત્નિને દત્તક લેવાનો અધિકાર નથી. ઉપરાંત દત્તક પુત્ર, ભાઈ, ભત્રીજા, કાકા કે અન્ય કોઈ સંબંધીને અવસાન પામનાર રાજા કે બાદશાહની ગાદીનો હકદાર નહીં ગણવામાં આવે. અંગ્રેજોની આ નીતિના કાયદાની ઈ.સ. ૧૮૩૪ થી ઈ.સ. ૧૮૪૮ ના ચૌદ (૧૪) વર્ષના સમય ગાળા માં તેની અમલવારી નહીંવત હતી. પણ ઈ.સ. ૧૮૪૮ માં **લોર્ડ**

**ડેલહાઉઝી** એ તે કાયદાનો બેફામ ઉપયોગ કરીને અનેક રિયાસતો ખાલસા કરી નાખી. જો કે અંગ્રેજોની આ નીતિનો કાયદો ઈ.સ. ૧૮૩૪ માં ઘડવામાં આવેલો પણ ઇ.સ. ૧૮૩૪ થી ઈ.સ. ૧૮૪૮ માં લોર્ડ ડેલહાઉઝીએ સત્તાના સૂત્રો સંભાળતાની સાથે જ "લેપ્સની નીતિ" નો બેફામ બલ્કે દુરૂપયોગ સ્વરૂપે અમલવારી આરંભી અને પોતાની ભૂ પિપાસાનો પુરાવો પૂરો પાડ્યો.

## ▣ સતારા ખાલસા કર્યું. :-

સતારા (મહારાષ્ટ્ર)ના રાજાનું નામ **પ્રતાપ સિંહ** હતું. રાજા પ્રતાપસિંહ નિઃસંતાન અવસાન પામેલ. જેથી રાજાનું મૃત્યુ થતાં લોર્ડ ડેલહાઉઝીએ "રાજા અપુત્ર હોવાનું બહાનું" બતાવીને તથા દત્તક પુત્ર લેવાની પ્રાચીન પ્રથાને ગેરકાયદેસર ઠરાવીને જબરદસ્તી અને હળાહળ અન્યાયથી સતારાનું રાજ્ય ખાલસા કરી નાખ્યું.

## ▣ નાગપુરનું રાજ્ય ખાલસા કરી લૂંટ્યું :-

નાગપુરના અંતિમ રાજા **રાઘોજી ભોંસલે (ત્રીજા)** નું અવસાન ૧૧, ડીસેમ્બર ઈ.સ. ૧૮૫૩ના દિવસે થયો. રાઘોજી ભોંસલે નિઃસંતાન હતો. વિધવા મહારાણીએ **યશવંતરાય** નામના પોતાના એક નજીકના સગાને દત્તક લીધો, પણ લોર્ડ ડેલહાઉઝીએ ૨૮-૧-૧૮૫૪ ના રોજ એક જાહેરનામું પ્રસિધ્ધ કર્યું કે નાગપૂરના રાજ્યનો કોઈ હકદાર ન હોવાથી આખું રાજ્ય ખાલસા કરી બ્રિટિશ કંપનીમાં ભેળવવામાં આવે છે.

લોર્ડ ડેલહાઉઝીની ધનલોલુપતાનો એટલે થી અંત આવ્યો નહીં. ⊙મહેલનો બધો સામાન ⊙હાથી ⊙ઘોડા ⊙ઊંટ ⊙ગાય ⊙બળદ ⊙ કરોડોનું રાણીઓનું ઝવેરાત ⊙દાગીના ⊙ ઘર વપરાશનો સામાન ⊙વાસણો ⊙ પહેરવાનાં કપડાં બલ્કે ત્યાં સુધી કે ⊙મહેલની લાદીઓ પણ ઉખેડીને લઈ ગયા અને બધો સામાન કલકત્તા મોકલી દીધો.



www.markazahlesunnat.in



## ▣ ઝાંસીનું રાજ્ય ખાલસા કર્યું :-

તા. ૨૧-૧૧-૧૮૫૩ ના દિવસે ઝાંસીના સત્તારૂઢ **રાજા ગંગાધર રાવ**નો દેહ વિલય થયો. મૃત્યુ સમયે ગંગાધર રાવની વય (ઉંમર) ઘણીજ નાની હતી. મૃત્યુ વખતે રાજા ગંગાધર રાવે પોતાના કુળના જ અને નજીકના સબંધી **દામોદર રાવ** નામના એક કુમળી વયના બાળકને દત્તક લીધો હતો. પણ અંગ્રેજ ગવર્નર જનરલ લોર્ડ ડેલહાઉઝી એ ૨૭-૨-૧૮૫૪ના રોજ ફેંસલો આપ્યો કે દત્તક પુત્રનો રાજ્ય ઉપર કશો અધિકાર નથી અને આ ફેંસલાના અનુસંધાને તા. ૧૩-૩-૧૮૫૪ના દિવસે જાહેરનામું પ્રસિધ્ધ કરીને જબરદસ્તી ઝાંસીનું રાજ્ય ખાલસા કરી નાખ્યું.

પ્રખર અંગ્રેજ ઇતિહાસકાર **મેજર ઈવાન્સ બેલે** પોતાના પુસ્તક "Empire in india" ના પેજઈ નં. ૨૧૪ પર લખે છે. કેઃ-

**"ઝાંસીની પ્રજા અને રાજકુળ સાથે કરેલા આ ઘોર અન્યાયને પરિણામે ઈ.સ. ૧૮૫૭-૫૮ ના વિપ્લવ માં ઝાંસીની પ્રસિધ્ધ રાણી લક્ષ્મીબાઈએ શસ્ત્રો ધારણ કરીને અદભૂત વીરતાથી અંગ્રેજોનો સમનો કર્યો."**

(ગુજરાતી અનુવાદ :- સૌજન્ય : **"ભારતમાં અંગ્રેજી રાજ્ય"**, પુસ્તક બીજું(૨) લેખક : પંડિત સુંદરલાલ, અનુવાદકઃ- ભાસ્કર રાવ વિદ્વાંસ, **પેઈજ નં. ૯૩૧**)

## ▣ લેપ્સની નીતિ અનૂસાર ખાલસા કરેલા રાજ્યો :-

**લોર્ડ ડેલહાઉઝીએ** અનેક રાજ્યો **"લેપ્સ"**ની નીતિ હેઠળ ખાલસા કરેલા. જેમાં મુખ્યત્વે ⊙ **સંબલપૂર** નો કિલ્લો, આજે સંબલપૂર ઓરિસ્સા રાજ્યમાં છે પણ ઈ.સ. ૧૮૪૯માં મધ્યપ્રદેશમાં હતો. ⊙ **જૈતપુર** નામનું નાનું રાજ્ય બુંદેલખંડમાં આવેલું હતું. તે પણ ઈ.સ. ૧૮૪૯ માં ખાલસા કરવામાં આવ્યું. ⊙ ઈ.સ. ૧૮૫૫

માં **તાંજોર** જે મદ્રાસ (ચેન્નાઈ) થી થોડા અંતરે આવેલું છે. તેને ખાલસા કર્યું ⊙ **મદ્રાસ શહેર** અને તેની આસપાસના વિસ્તારો એક સમયે સંપૂર્ણપણે **કર્ણાટક** ની મુસ્લિમ સલ્તનત હેઠળ હતાં. કર્ણાટકના નવાબ પાસે થી ધાકધમકી, બળજબરી અને પદભ્રષ્ટ કરવાનો ડર બતાવીને અંગ્રેજોએ **મદ્રાસ** અને **કડલોર** લઈ લીધા. ⊙ ઈ.સ. ૧૮૫૫ ના ઓક્ટોબર મહિના માં કર્ણાટકના નવાબ **મુહમ્મદ ગૌષખાન** નું અવસાન થયું. નવાબ સાહેબના ઉત્તરાધિકારી તરીકે **અઝીમ-જાહ** ને નવાબ તરીકે સ્વીકારવાનો અંગ્રેજોએ ઇન્કાર કર્યો અને ભારતના એક અત્યંત પ્રાચીન મુસ્લિમ રાજકુળનો નાશ કરીને **કર્ણાટક** ને ખાલસા કરીને અંગ્રેજો ના રાજ્યમાં ભેળવી દેવામાં આવ્યો.

## "મુસ્લિમ રાજ્યો પચાવી પાડવાનું પ્રપંચ"

હિન્દુ, શીખ, બૌધ્ધ કે મુસ્લિમ કોઈ ધર્મનો ભારતીય રાજા, નવાબ કે હાકિમ લુચ્ચા, ખૂંખાર, શિકારી અને લુટેરા **લોર્ડ ડેલહાઉઝી**ની ઝપટ અને હડફેટમાં આવવાથી બચી શક્યો નહીં.

ડેલહાઉઝી શાસનની ધૂરા સંભાળવા જ્યારે ભારત આવ્યો ત્યારે ભારતમાં બે (૨) મુસ્લિમ રાજ્યો પોતાની આન-બાન-શાનની સાથે હયાતી ધરાવતા હતા. ઉત્તર ભારતમાં **અયોધ્યા** નું રાજ્ય અને દક્ષિણ ભારતમાં નિઝામનું **હૈદરાબાદ** નું રાજ્ય. બન્ને રાજ્યોની આવક અનેક કરોડોની હતી. ભારતના ફળદ્રુપ પ્રદેશ અને અતિ ધનવાન રાજ્ય તરીકે અયોધ્યાની ગણતરી થતી હતી. જ્યારે આંધ્ર પ્રદેશના **હૈદરાબાદ**ની ગણના માલેતુજાર અને સમૃધ્ધ રાજ્યની હતી. ધનની ટંકશાળ રૂપી ધાતુઓની ખાણો **વેરાડ** વિસ્તારમાં હતી.



www.markazahlesunnat.in



## "અયોધ્યા"

ઈ.સ. ૧૮૪૭ માં **નવાબ વાજીદ અલી શાહ** અયોધ્યાની ગાદીએ બેઠો. નવાબ વાજીદઅલી નવયુવાન, ઉત્સાહી, બુધ્ધિશાળી, સમજુ, ચબરાક, હોંશિયાર અને કુશળ વહીવટકર્તા હતો. તેણે પોતાના રાજ્યના વહીવટમાં પ્રજાલક્ષી અને પ્રજાના હિતને અનુલક્ષીને અનેક સુધારા વધારા કર્યા. પ્રજાના શ્રેય, કલ્યાણ, લાભ અને ફાયદાના એટલા બધા સુધારા વધારા કર્યા કે હિન્દુ અને મુસ્લિમ દરેક ધર્મના લોકો તેને પોતાનો શુભચિંતક, હિતેચ્છુ, હિતૈષી, હમદર્દ, ખૈર અંદેશ અને શુભેચ્છક સમજતા હતા.

ઈ.સ. ૧૮૪૮ માં લોર્ડ ડેલહાઉઝીના આગમન અને સત્તારૂઢી થતાં જ ડેલહાઉઝીએ અયોધ્યાનાં રાજકારભારમાં અનુચિત અને અયોગ્ય હસ્તક્ષેપ અને દખલગિરી આરંભી દીધી. અયોધ્યા જેવો ધન વૈભવ તે વખતે કલ્પનાતીત હતો. ફળદ્રુપ વિસ્તાર, કરોડોની આવક અને સોના-ચાંદી અને રોકડ સંપત્તિની રેલમછેલ **ડેલ હાઉઝીની** લાલચૂ નઝરે ચડી ગએલી. જેથી યેનકેન પ્રકારે અયોધ્યાના રાજ્યને હડપ કરી જવાના પેંતરા ચાલુ કર્યા. **નાગપૂર, સતારા કે ઝાંસી**ને ખાલસા કરવા માટે ઉપયોગ કરેલી **"લેપ્સની નીતિ"** અપનાવીને અયોધ્યાને ખાલસા કરવું શક્ય નહોતું, કેમકે **નવાબ વાજીદઅલી** સ્વયં પોતે કોઈનો દત્તકપુત્ર ન હતો, બલ્કે પોતાના પૂર્વાધિકારીનો ઔરસપુત્ર એટલે કે લગ્નગ્રંથિથી જોડાયેલા માં-બાપ થી જન્મેલો પુત્ર હતો અને વારસદાર તરીકે કાયદેસરનો હકદાર હતો. જેથી લેપ્સની નીતિ ના ઓઠા હેઠળ અયોધ્યાના

રાજ્યને ચાંઉ કરી જવું અને પેંતરાબાઝી થી પચાવી પાડવું અશક્ય હતું. અયોધ્યાનું રાજ્ય ઓહિયાં કરી જવાના પ્રલોભન થી પ્રેરાઈને લોર્ડ ડેલહાઉઝીએ છળકપટ, પ્રપંચ, દગલ અને સ્પષ્ટ અનિતી નો આશરો લીધો.

ઈ.સ. ૧૮૫૬ માં કોઈ પણ જાતના કારણ વગર અયોધ્યાને ખાલસા કરીને ઈસ્ટ ઈન્ડિયા કંપનીના રાજ્યમાં જોડી દેવાની જાહેરાત કરી દીધી અને એવું બહાનું બતાવવામાં આવ્યું કે નવાબ વાજીદઅલી માં વહીવટી શક્તિનો અભાવ છે, જેથી વહિવટી કારભાર માં યોગ્ય સુધારો નથી કરતો અને કરી શકવાની લાયકાત, યોગ્યતા કે ક્ષમતા નથી ધરાવતો.

આ ખાલસા જાહેરાતના અનુસંધાને અંગ્રેજ સેનાએ નવાબ સાહેબના વહીવટી કેન્દ્ર શહેર **લખનૌ** નો જબરદસ્તી કબજો લઈ લીધો. નવાબ સાહેબ ના મહેલમાં પ્રવેશી ઘાતકી પણે લૂંટફાટ કરી. ત્યાં સુધી કે બેગમોનો શરીર ઉપર પહેરેલા આભુષણો પણ લૂંટી લીધા, અયોધ્યાના મુસ્લિમ નવાબને તાબે ઘણા હિન્દુ જાગીરદારો અને હિન્દુ તાલુકેદારોની જાગીરો કોઈ પણ જાતના કારણ વગર છીનવી લેવામાં આવી અને તે સમૃધ્ધ હિન્દુ જાગીરદારો અને તાલુકેદારોની આજીવિકા છીનવી લઈને તેઓને ઘેર ઘેર બટકું રોટલો માંગતા અને રખડતા ભટકતા ભિખારી બનાવી દેવામાં આવ્યા.

● અંગ્રેજ ઇતિહાસકાર, Sir John Kaye, પોતાના પુસ્તક "History of the sepoy war", ભાગ-૧, પેઈજ નં. ૧૦૧ માં એ હકીકત નો સ્વીકાર કરતાં લખે છે કે :-

અયોધ્યાના નવાબના હાથ નીચે ના મોટા ભાગના હિન્દુ જાગીરદારો અને તાલુકેદારોની જમીનો છીનવી લઈને તથા તેમનાં



www.markazahlesunnat.in





ગામો જપ્ત કરીને આ પ્રાચીન વંશ પરંપરાના જમીદારોને ઘોર અન્યાય (Cruel Wrong) કરવામાં આવેલો તથા સમગ્ર રીતે અયોધ્યા માં જે જબરદસ્તી અને બરબાદી આચરવા માં આવેલી **તેનું પરિણાં ઈસ. ૧૮૫૭ ના વિપ્લવ માં દેખાયું.**

● વિશ્વસનીય ઇતિહાસકાર **પંડીત સુંદરલાલ અલ્હાબાદી** પોતાના પુસ્તક **"ભારતમાં અંગ્રેજી રાજ્ય"**, ગુજરાતી અનુવાદકઃ- ભાસ્કર રાવ વિદ્રાંસ, **પુસ્તક બીજું (૨) પેઈજ નં. ૯૪૨** ઉપર લખે છે કે :-

**"ઈ.સ. ૧૮૫૭ના વિપ્લવે પૂરી રીતે સાબિત કરી આપ્યું કે વાજીદઅલી શાહ પોતાની હિંદુ તેમજ મુસલમાન પ્રજામાં અત્યંત પ્રિય હતો અને અયોધ્યાના રાજ વહીવટ માં અંગ્રેજોએ કરેલો હસ્તક્ષેપ કોઈ રીતે અયોધ્યા નિવાસીઓને ગમતો ન હોતો."**

## "ઈનામ-કમિશન"

ભારતના રાજાઓ અને નવાબોના મોટા રાજ્યો અને રિયાસતો જપ્ત કર્યા બાદ ભારતની બાકીની નાની મોટી જાગીરોના સર્વે અને નિરીક્ષણ માટે લોર્ડ ડેલહાઉઝીએ એક તપાસ સમિતિની નિમણુંક કરી, જેને **"ઈનામ કમિશન"** નું નામ આપવામાં આવ્યું. આ તપાસ સમિતિએ સમગ્ર ભારતની લગભગ ૩૫,૦૦૦ (પાંત્રીસ હજાર) જેટલી જાગીરોની તપાસ, અવલોકન અને સર્વે કર્યું, દરેક જાગીરના અનુસંધાને પોતાના અભિપ્રાયો અને અહેવાલો તૈયાર કર્યા. "ઈનામ કમિશન" ના સર્વે રિપોર્ટને અનુલક્ષીને સમગ્ર ભારતની આશરે **એકવીસ હજાર (૨૧,૦૦૦)** જાગીરો ખાલસા અને જપ્ત કરીને અંગ્રેજ રાજ્યમાં ભેળવી લેવામાં આવી.

સમગ્ર ભારતમાં અંગ્રેજોની ખાલસા અને જપ્તીની અતિશયોક્તિ અને અન્યાય ઉપર આધારિત "જો-હુકમી" ના અત્યાચારો એ દેશભરની પ્રજાને ખળભળાવી નાખ્યા. અસંતોષનો દારુણ અને ભયાનક લાવા લોકોના મન માં ખદબદવા લાગ્યો. અસંતોષ અને નફરતની અગ્નિની જ્વાળાઓ ધૂંધવાતી હતી. પણ લોકો લાચાર અને મજબૂર હતા. વિષાદ, દુઃખ, ભય, ખોટી ચિંતા, વિલાપ, આક્રંદ, અજંપો અને ખિન્નતાની દર્દભરી અસહ્ય લાગણીની થપાટો ખાઈ રહ્યા હતા. દુઃખ સાગરના ઉછળતા વિકરાળ મોજાઓમાં ફંગોળાતા હતા. વિરોધ કરીને લલકારવું તો એક તરફ રહ્યું બલ્કે અસહ્ય પીડાથી કણસતી વખતે મુખેથી **ચૂં ચાં** કરવાની પણ કોઈના માં હામ નહોતી. કોણ કોને સહારો આપે? દિલાસો આપે ? ચક્ષુઓ થી વહેતા અશ્રુઓ લૂંછે ? સાંત્વન આપે? દમનના કોરડા ખાઈ ખાઈને ઉતરડાઈ ગએલી પીઠ ઉપર કોણ વહાલથી હાથ ફેરવે ?... છોલાઈને લાલચોળ થઈ ગયેલા વાંસાને કોણ પંપાળે ?— ન સહેવાન કે ન કહેવાયની દ્વિધામાં સૌ કોઈ ત્રસ્ત હતા— હવે આપણું, આપણા પરિવાર, આપણા સમાજ, આપણા શહેર, આપણા ધર્મ અને આપણા દેશનું શું થશે?— તેની કોઈને ગમાતમ નહોતી પડતી— સ્વયંનું અસ્તિત્વ કેમ ટકાવી રાખવો ?— તે પણ એક કાયડો હતો— સમસ્યા હતી— પ્રશ્નાર્થ હતો.

દેશની પરિસ્થિતી દિન પ્રતિદિન કથળતી જતી હતી. વિનાશ, બરબાદી, નામશેષ, તબાહી, નેસ્તો-નાબૂદ અને નામો નિશાન પણ મટી જઈને, ભૂસાઈને, નાબૂદ થઈ જવાનો વસવસો સતત બિહામણા સ્વરૂપે દ્રષ્ટિગોચર થતો હતો. દેશ તો તબાહ થઈ રહ્યો હતો, પણ તબાહીના તે ભયાનક પ્રલયમાં પ્રજા એક નામુરાદ તણખલાની જેમ તણાઈ રહી હતી.



www.markazahlesunnat.in

www.markazahlesunnat.in

# "દિલ્હીની મોગલ સમ્રાટ સલ્તનતના વળતા પાણી અને ઘટતું જતું વર્ચસ્વ"

ઈ.સ. ૧૫૨૬ થી દિલ્હી માં મોગલ સમ્રાટો શાસક તરીકે બિરાજમાન હતા. પ્લાસીના યુધ્ધ પછી ઈ.સ. ૧૭૫૮ થી ઈ.સ. ૧૮૦૬ સુધી દિલ્હીના તખ્ત ઉપર મોગલ સમ્રાટ **શાહઆલમ** હતો. શાહઆલમના જીવતા સુધી ભારતના અંગ્રેજો પણ પોતાને દિલ્હી સમ્રાટની પ્રજા ગણતા હતા અને **દિલ્હી દરબાર**ને રીતસર ખંડણી (વાર્ષિક નિશ્ચિત વેરાની રકમ) ભરતા હતા. અંગ્રેજ ગવર્નર જનરલથી માંડીને નાના માં નાનો કોઈ પણ અંગ્રેજ અમલદાર જ્યારે બાદશાહની મુલાકાતે જતો ત્યારે તે અન્ય દરબારીઓની જેમ **કુરનિસ બજાવતો** એટલે કે ઝુકી ને સલામ કરીને અદબ કરતો.

ઈ.સ. ૧૮૦૬ માં મોગલ સમ્રાટ શાહઆલમનું અવસાન થતાં **અકબરશાહ** દિલ્હીના તખ્ત ઉપર બેઠો. દિલ્હીમાં અંગ્રેજ કંપનીના રેસિડન્ટ તરીકે **જ્યોર્જ સીટન** સુધીના બધા જ રેસેડન્ટોએ બાદશાહના અદબની ચુસ્તપણે પરંપરા જાળવી પણ સીટન પછી દિલ્હી ખાતેના અંગ્રેજ કંપનીના રેસિડન્ટ તરીકે **ચાર્લ્સ મેટકાફ** નિમાયો. તેણે લંડન ખાતેના પોતાના આકાઓ (માલિકો/ બોસ) ની આજ્ઞા થી બાદશાહ પ્રત્યે ના આદર અને સન્માનનું વર્તન બદલી નાખ્યું અને બાદશાહ તથા દરબારનું અપમાન થાય, તેવું વર્તન અને હરકતો શરૂ કરી. ત્યારથી દિલ્હીના લોકોમાં અંગ્રેજો પ્રત્યે તિરસ્કાર અને અસંતોષ ફેલાવવાનું એક વિશેષ કારણ બન્યું.

ઈ.સ. ૧૮૩૭ માં **બહાદુરશાહ** (બીજો) એટલે અંતિમ મોગલ

સમ્રાટ **બહાદુરશાહ 'ઝફર'** તખ્ત ઉપર બેઠો ત્યાં સુધી રાબેતા મુજબ આપવામાં આવતી ખંડણીની રકમ અંગ્રેજો દિલ્હી દરબારને નિયમિત ચુકવતા રહ્યા પણ જ્યારે અંગ્રેજ ગવર્નર જનરલ તરીકે **લોર્ડ એલેનબરો** નિયુક્ત થયો, ત્યારે આ ખંડણી સ્વરૂપે આપવામાં આવતી નજરાનાની રકમ આપવાની પ્રથા બંધ કરી દેવામાં આવી. ઉપરાંત ઈદના દિવસે, નવરોજના તહેવારે તથા બાદશાહની વર્ષગાંઠના દિવસે ગવર્નર જનરલ તથા મુખ્ય સેનાપતિ બન્ને બાદશાહના દરબારમાં હાજર થઈ તહેવાર અને જન્મદિવસની શુભેચ્છા પાઠવીને ભેટ સ્વરૂપે રોકડ રકમનું નજરાનું ધરતા હતા. તે પ્રથા પણ સદંતર બંધ કરી દેવામાં આવી. આ ચેષ્ટા પણ અંગ્રેજો પ્રત્યેની નફરત અને અસંતોષનું કારણ બની.

ટૂંકમાં અંગ્રેજો વ્યવસ્થિત પ્લાનીંગ હેઠળ મોગલ સમ્રાટની મહત્વતા, આદર, સન્માન, પ્રતિષ્ઠતા, અદબ, આબરૂ, માન, રૂત્બો, મરતબો અને ઇઝ્ઝતને ઠેસ પહોંચે તેવા તૌહીન, ગુસ્તાખી અને અપમાનજનક વર્તનો ડગલેને પગલે કરવા લાગ્યા. જેના કારણે પણ દિલ્હી વાસીઓના મનમાં અંગ્રેજો પ્રત્યેની નફરત, અસંતોષ, ધિક્કાર અને તિરસ્કારની લાગણી માં ઉમેરો થયો.

## વિપ્લવનું ધાર્મિક કારણ
## ઈસાઈ ધર્મના પ્રચારની અત્યુક્તિ

અંગ્રેજ કંપની ના ગવર્નર જનરલ **લોર્ડ વિલિયમ બેન્ટિક** (ઈ.સ. ૧૮૨૮ થી ૧૮૩૫) જ્યારે ગવર્નર જનરલના હોદ્દા સુધી નહોતો પહોંચ્યો અને ફક્ત ગવર્નર તરીકે **મદ્રાસ** (ચેન્નાઈ) નો પદાધિકારી હતો, ત્યારથી તે પોતાના પ્રાંત અને સેનામાં ઈસાઈ



www.markazahlesunnat.in



ધર્મના પ્રચાર અને પ્રસાર ક્ષેત્રે અતિ ઉત્સાહપૂર્વક કાર્યરત હતો. ગવર્નર જનરલ થયા બાદ તેણે પોતાના હોદ્દાનો ઈસાઈ ધર્મના પ્રચાર માટે વિપુલ પ્રમાણમાં ઉપયોગ કર્યો. તેણે ઈ.સ. ૧૮૩૨માં એક નવો કાયદો પસાર કર્યો કે જે કોઈ ભારતવાસી ધર્માંતર કરીને ઈસાઈ ધર્મ અંગિકાર કરશે, તેનો તેના બાપ-દાદાની સંપત્તિ ઉપર નો વારસા હક નાબૂદ નહીં થાય, અને તેની વડીલોના વારસારૂપે મળેલી જમીન કદી ખાલસા કરવામાં નહીં આવે. લોર્ડ વિલિયમ બેનટિકે ભારતની પ્રજા દ્વારા પાળવા માં આવતા ધર્મો પૈકીના બે(૨) મોટા ધર્મો **(૧) હિન્દુ ધર્મ અને (૨) ઇસ્લામ ધર્મ**ને હાનિ અને નુક્સાન પહોંચાડવા અને તે બન્ને ધર્મો પ્રત્યેની પોતાની દુશ્મની વ્યક્ત કરતી લાગણીનો પડઘો પાડતાં આચરણો અમલ માં મુક્યા. જેમકે :-

- અનેક પ્રાચીન મંદિરો અને મસ્જિદોની સૈકાઓ જૂની જાગીરની જમીનો અને મિલ્કતો જપ્ત કરીને હિન્દુ મુસ્લિમ લોકોની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડી.
- જેલખાના ના નિયમો એવા કરી દેવામાં આવ્યા કે જેલની અંદરનો કેદી જેલખાનામાં પોતાનો ધર્મ પાળી ન શકે. જેલની અંદર નો હિન્દુ કેદી પૂજા પાઠ અને મુસ્લિમ કેદી નમાઝ-ઇબાદત ન કરી શકે.
- હિન્દુઓ માં સૈકાઓથી પ્રચલિત **દત્તક પુત્ર** લેવાની પ્રથાને ગેરકાયદેસર ઠરાવી.
- ઈસાઈ ધર્મના પ્રચાર માટે તે સમય ના લાખો રૂપિયા ખર્ચ કરવા શરૂ કર્યા. ઊંચા પગારો અને દક્ષિણાઓ આપીને વિલાયતથી ઈસાઈ ધર્મના પાદરીઓને બોલાવી ઈસાઈ ધર્મના પ્રચાર કાર્યને વેગવંતુ બનાવ્યું.
- ઈસાઈ ધર્મના પાદરીઓ પોતાના વ્યાખ્યાનો અને પત્રિકાઓ

માં હિન્દુ ધર્મ અને ઇસ્લામ ધર્મની છડેચોક નિંદા કરવા લાગ્યા અને બન્ને ધર્મના આદરણીય પુરૂષો એટલે કે પયગમ્બરો, દેવતાઓ અને ધર્મગુરૂઓ માટે અનુચિત શબ્દો, અપમાનજનક વાક્યો અને અશોભનીય કથનો વાપરવા લાગ્યા.

- વહીવટી કચેરીઓના અંગ્રેજ અમલદારો પોતાના હાથ નીચેના હિંદી કર્મચારીઓ, કારકુનો અને નોકરોને ઈસાઈ ધર્મ અંગિકાર કરી લેવા માટે આદેશાત્મક આગ્રહ કરવા લાગ્યા અને પોતાના પ્રાચીન ધર્મથી વિચલિત થઈને ઈસાઈ બની જનારાને અનેક પ્રલોભનો, લાલચો અને આર્થિક સહાયના પ્રસ્તાવો કરવા લાગ્યા..

## "વિપ્લવની ચળવળનું કેન્દ્ર સ્થળ "બિઠૂર" અને પેશવા રાજા ધૂંધાપંત નાના સાહેબ"

ઉત્તર પ્રદેશના ઓધોગિક શહેર **કાનપૂર**ની સમીપ આવેલા **"બિઠૂર"** નું રાજ્ય ઘણુંજ સમૃધ્ધ હતું. તેના રાજ્વી તરીકે **પેશવા બાજીરાવ** હતો. બિઠૂરને ઈ.સ. ૧૮૧૮ માં કંપનીની જાગીર તરીકે ભેળવી લઈને પેશવા બાજીરાવને વાર્ષિક રૂપિયા આઠ લાખ (૮,૦૦,૦૦૦)નું સાલીચાણું આપવાની અંગ્રેજોએ સંધિ કરેલી. વચન મુજબ અંગ્રેજો પેશવા બાજીરાવને ઈ.સ. ૧૮૧૮ થી નિયમિત વાર્ષિક સાલિયાણું આપતા હતા. આ સાલિયાણું ઈ.સ. ૧૮૧૮ થી ઈસ. ૧૮૫૧ સુધી પેશવા બાજીરાવને આપવામાં આવ્યું. પેશવા બાજીરાવ નિઃસંતાન હતો. જેથી તેણે ઈ.સ. ૧૮૨૭ માં ધૂંધાપાંત **નાના સાહેબ** નામના ત્રણ(૩) વર્ષના બાળકને દત્તક લીધો હતો.

ઈ.સ. ૧૮૫૧ માં પેશવા બાજીરાવ નું મૃત્યું થયું તે વખતે



www.markazahlesunnat.in



દત્તકપુત્ર ધૂંધાપાંત નાના સાહેબની વય સત્તાવીસ (૨૭) વર્ષની હતી. પેશવા બાજીરાવ ઉદાર દિલનો સખી દાતા હતો. બિઠૂરમાં પેશવા ના આશ્રયે લગભગ આઠ હજાર (૮,૦૦૦) સ્ત્રી, પુરૂષ અને બાળકો રહેતા હતા. તેઓનું જમવાનું, રહેવાનું અને જીવન જરૂરિયાતની વસ્તુઓ પૂરી પાડવાની ઝિમ્મેદારી પેશવા બાજીરાવ નિભાવતો હતો. ઈ.સ. ૧૮૫૧ માં પેશવા બાજીરાવ ના મૃત્યુ સાથે જ અંગ્રેજ ગવર્નર જનરલ લોર્ડ ડેલહાઉઝી એ **"લેપ્સ નીતિ"** હેઠળ વાર્ષિક રૂા ૮,૦૦૦ નું સાલિયાણું બંધ કર્યું. ઉપરાંત રૂા. ૬૨,૦૦૦ અગાઉના ચુકવણા પેટે બાકી નિકળતા હતા, તે આપવાનો પણ ઇન્કાર કરી દીધો અને તે માટે એવું બહાનું બતાવ્યું કે રાજા ધૂંધાપાંત નાના સાહેબ પેશવા બાજીરાવનો વંશીય પુત્ર નથી બલ્કે દત્તક પુત્ર છે.

આ અત્યાચારી અમલવારી વિરૂધ્ધ નાના સાહેબે અનેક પત્રો ડેલહાઉઝીને લખ્યા. પણ પરિણામ શુન્ય આવ્યું. જેથી ઉચ્ચ સ્તરે અપીલ કરી દાદ મેળવા નાના સાહેબે પોતાના ખાસ અંગત વિશ્વાસુ અને સલાહકાર **અઝીમુલ્લાહખાન** ને વિલાયત (લંડન) મોકલ્યો. પણ ત્યાં પણ નાના સાહેબને ન્યાય મળ્યો નહીં અને અઝીમુલ્લાહખાન નો ધક્કો ફોગટ ગયો. આ ઘટનાથી નાના સાહેબના મનમાં અંગ્રેજો પ્રત્યે ધ્રુણા અને નફરત ઉત્પન્ન થઈ અને તેણે સ્વયંને તથા પોતાના પ્યારા માદરે વતન, માતૃભૂમિ, મહાન ભારતદેશ ને અંગ્રેજોની ચુંગાલથી મુક્ત કરાવવાનો સંકલ્પ કર્યો અને દેશને અંગ્રેજોના પંજામાંથી છોડાવવાની તદબીરો વિચારવા લાગ્યો.

## "બિઠૂરમાં વિપ્લવની યોજના"

યુરોપ અને એશિયા ના અન્ય દેશોમાં ભ્રમણ કર્યા બાદ **અઝીમુલ્લાહખાન** ભારત પરત આવ્યો. તેણે લંડનમાં અંગ્રેજ માધાંતાઓની નિર્દયતા, નિષ્ઠુરતા, નિર્ભત્સતા, નિર્માલ્યતા,

નિર્લજ્જતા, નિખૂદનતા અને પ્રજાના પ્રશ્નો પ્રત્યે લક્ષ આપવા પ્રત્યેની નિષ્ક્રિયતાની આરંભથી અંત સુધીની દર્દનાક કથની વર્ણન કરીને નાના સાહેબને સલાહ આપી કે અંગ્રેજ સિતમગરો પાસેથી દયા કે સહકારની આશા રાખવી વ્યર્થ છે. હવે સમય પાકી ગયો છે કે ભારતની સ્વમાની પ્રજા અંગ્રેજશાસન સામે બંડ પોકારીને માથું ઉચકે અઝીમુલ્લાહખાનની સલાહને સંપૂર્ણ રીતે અનૂસરીને નાના સાહેબ **"બિઠૂર (કાનપૂર)"** માં બેઠા બેઠા વિપ્લવની યોજનાને આખરી ઓપ આપવાની અઝીમુલ્લાહખાન સાથે ચર્ચા-વિચારણા અને મસ્લતો કરવા લાગ્યો, અઝીમુલ્લાહખાન વિપ્લવનો બીજો મુખ્ય નેતા હતો, ઉપરાંત તે રાજનીતિ નો વિશેષ જાણકાર હતો.

**નોટ :-** બિઠુર (Bithur) ભારત ના નકશામાં કાનપૂર થી 23 K.m. ના અંતરે દર્શાવવામાં આવ્યું છે.

## ▣ વિપ્લવનું સાચું સ્વરૂપ :-

ઈ.સ.૧૮૫૭નો વિપ્લવ ભારતના હિંદુ અને મુસ્લિમ રાજાઓ, નવાબો, સુબેદારો અને સમગ્ર પ્રજાએ એકસંપ કરીને અને ખભે થી ખભા મિલાવીને વિદેશીઓની પરાધીનતા માંથી દેશને આઝાદ કરવા માટે કરેલા મહાન સંગ્રામનો અભિયાન હતો.

અંગ્રેજી સમાચાર પત્ર **"લંડન ટાઇમ્સ"** નો ભારત ખાતેનો પ્રતિનિધી **"સર વિલિયમ હાવર્ડ રસલ"** વિપ્લવ વખતે ભારતમાં હાજર હતો. ૧૮૫૭ના બળવા ના સબંધમાં પોતાના પુસ્તકમાં લખે છે કે :-

**"તે એક એવું યુદ્ધ હતું જેમાં લોકો ધર્મને નામે અને પોતાની કોમને નામે બદલો લેવા તથા પોતાની આશાઓ પૂરી કરવા તત્પર થયા હતા. આ યુધ્ધમાં આખા રાષ્ટ્રે પોતાની ઉપરની વિદેશી ધૂંસરીને ફગાવી દઈને તેની જગ્યાએ દેશી રાજાઓની પૂર્ણ સત્તા અને દેશી ધર્મોના પૂરા અધિકારને ફરી વાર સ્થાપવાનો**



www.markazahlesunnat.in



**સંકલ્પ કર્યો હતો."** (અંગ્રેજી ફકરાનું ગુજરાતી અનુવાદ)

હવાલો :- "My Diary in india in the Year 1858-59"
લેખક :- Sir William Howard Russel, પેઇજ નં. ૧૬૪

સૌજન્ય :- **"ભારતમાં અંગ્રેજી રાજ્ય"** મૂળ લેખક : પંડિત સુંદરલાલ અલ્હાબાદી, ગુજરાતી અનુવાદકર્તા :- ભાસ્કર રાવ વિદ્રાંસ, **પુસ્તક બીજું (૨), પેઇજ નં. ૯૬૪**

વિપ્લવની યોજના કરનારાઓનો મુખ્ય વિચાર એવો હતો કે ભારતના બધા હિંદુ અને મુસ્લિમો **વૃધ્ધ બાદશાહ બહાદુરશાહ** ના ઝંડા હેઠળ એકત્રિત થઈને અંગ્રેજોને ભારતમાંથી ખદેડી મુકે અને ફરી દિલ્હીના બાદશાહના "પરચમ" (ઝંડા) નીચે આઝાદ દેશ ભારતના સ્વતંત્ર સુશાસન નો નવેસરથી પ્રબંધ કરે. દિલ્હીના બાદશાહ બહાદુર શાહ **"ઝફર"** નો બનાવેલો **"લીલો અને સોનેરી ઝંડો"** આખા વિપ્લવ દરમિયાન વિપ્લવકારીઓ નો **"રાષ્ટ્રીય ઝંડો"** હતો. જેના માટે બે(૨) બાબતો ની અતિ મહત્વની આવશ્યક્તા હતી.

(સંદર્ભ :- **"ભારતમાં અંગ્રેજી રાજ્ય", પુસ્તક બીજું(૨), પેઇજ નં. ૯૮૩**

- **પ્રથમ :-** આ કાર્ય માટે વિશાળ છતાં ગુપ્ત સંગઠન અનિવાર્ય છે. ગુપ્તતા એટલી ચોક્કસ અને ખાત્રીપૂર્વકની હોય કે વિપ્લવના દાવાનળની કોઈ પણ ભારતીય અંગ્રેજ જાસૂસ કે ખબરીને તેની ગંધ પણ ન આવે.
- **બીજો :-** સંગઠન થઈ ગયા પછી સમસ્ત ભારતમાં ઐકી સાથે એકજ દિવસે અને એકજ સમયે અંગ્રેજો વિરૂધ્ધ વિદ્રોહનો વાવટો ફરકાવવા માં આવે.

# "વિપ્લવનું ગુપ્ત સંગઠન અને તૈયારી"

રાજા ધૂંધાપંત નાના સાહેબ અને અઝીમુલ્લાહખાનની યોજના મુજબ ઈ.સ. ૧૮૫૭ ના વિપ્લવ માટે ના ગુપ્ત સંગઠનનો

પાચો **બિઠૂર** માં નાખવામાં આવ્યો. સંગઠન અતિ વિશાળ હોવા છતાં એટલું તો સુંદર, સંપૂર્ણ, સુવ્યવસ્થિત અને આયોજન પૂર્વકનું હતું કે અંગ્રેજો જેવી સદા જાગૃત, ચાલાક, ચબરાક, લુચ્ચા, મુત્સદ્દી, હોંશિયાર, ચપળ, ચંચલ અને ચતુર કૌમ થી આબાદ રીતે અને સંપૂર્ણપણે અનેક મહિનાઓ સુધી ગુપ્ત રાખવામાં આવ્યું. ઈ.સ. ૧૮૫૬ પહેલાંજ એટલે ઈ.સ. ૧૮૫૭ના વિપ્લવ (બળવા) ના લગભગ બે (૨) વર્ષ પહેલાંજ **"નાના - અઝીમ- કંપની"** એ "બિઠૂર" માં બેઠા બેઠા સમસ્ત ભારતમાં ચારે દિશા અને ખૂણે ખૂણે પોતાના ગુપ્ત દૂતો તેમજ પ્રચારકો મોકલવાનું શરૂ કરી દીધુ હતું. આ વિપ્લવના આયોજનના અભિયાન અનુસંધાને અઝીમુલ્લાહ એ તૈયાર કરી આપેલા લખાણના મુસદ્દા ઉપર આધારિત પોતાના નામે નાના સાહેબે દેશી રજવાડાઓને ગુપ્ત પત્રો લખ્યા અને એ હકીકત જણાવી હતી કે અંગ્રેજોએ ભારતની રિયાસતો ગળી જઈ, માલ મિલ્કતો લૂંટીને તથા ભારતના વેપાર ધંધા ભાંગી નાખીને ભારતને બરબાદી ના ખપ્પરમાં ધકેલીને તથા આર્થિક શોષણ કરીને સમગ્ર ભારતને ફક્ત પરાધીન જ નહીં બલ્કે કંગાળ અને દરિદ્ર બનાવી નાખ્યું છે. માટે જાગો અને સંગઠિત બનીને અત્યાચારી ચંગેઝ અંગ્રેજોને દેશ નિકાલ કરીને આપણા પ્યારા માદરે વતનને ગુલામી ની ઝંજીરોથી આઝાદ કરીને આપણા કપાળે લાગેલો "ગુલામી" નો કલંક અને બટ્ટો ભૂંસી નાખીને સ્વતંત્રતાના ચંદન દ્વારા ઊજળું, શુધ્ધ, સ્વચ્છ, સુઘડ અને ચકચકતું બનાવી આપણી ગુમાવેલી આબરૂ અને પ્રતિષ્ઠા પાછી મેળવવા કમર કસો અને જીવનના અંતિમ શ્વાસ સુધી ભારતની આઝાદી માટેનો દ્રઢ સંકલ્પ બળવંત બનાવવાની ચળવળમાં અમને સાથ આપો. માતૃભૂમિને વિદેશીઓના સકંજામાંથી મુક્ત કરવા માટે ઉઠો અને દ્રઢ વિશ્વાસ રાખો કે **આખરે ફતેહ આપણી જ છે.**



www.markazahlesunnat.in



પ્રાણ પ્યારા રાષ્ટ્રને વિદેશી રાક્ષસોની ચુંગાલમાંથી મુક્ત કરાવવાની ચળવળની યોજનાને સફળ બનાવવા માટે દિલ્હીનો લાલ કિલ્લો ચળવળના સંચાલન અને દિશા સૂચનનું વડું મથક બનાવવું ઉત્તમ હતું. કેમ કે દિલ્હીના બાદશાહ **બહાદુર શાહ ઝફર, બેગમ ઝીનત મહલ** અને તેમના સલાહકારોએ દેશની આઝાદી માટે આરંભેલા **નાના સાહેબ** ના આંદોલનને સંપૂર્ણ સાથ અને સહકાર આપવાનો નિશ્ચય કરી લીધો હતો.

## "વિપ્લવ માટે સોગંધ ઉપર બધા કટિબદ્ધ"

અયોધ્યા ના નવાબ **વાજિદ અલી શાહ** અને તેની અતિ હોંશિયાર, બહાદુર અને છલોછલ દેશદાઝ મનમાં રાખનારી અને અંગ્રેજોને પાઠ ભણાવવાના ઓરતા અને અરમાન ધરાવનાર નવાબ વાજિદ અલી શાહ ની પુનિત પત્નિ **બેગમ હઝરત મહલ** અને તેના અતિ ચબરાક વજીર **અલી નકી ખાં** એ વિપ્લવને ખુલ્લો અને સંપૂર્ણ ટેકો જાહેર કર્યો.

બેગમ હઝરત મહલ અને વજીર અલી નકી ખાં ની ગણના વિપ્લવના મુખ્ય પ્રવર્તકોમાં થાય છે. વજીર અલી નકીખાં એ **કલકત્તા**માં રહીને હિન્દુ સાધુ અને મુસલમાન ફકીર ના વેશ માં પોતાના અનેક ગુપ્ત દૂતો ઉભા કર્યા. આ દૂતો સાધુ અને ફકીર ના વેશ માં ઉત્તર ભારતની બધી દેશી અંગ્રેજ ફોજોમાં મોકલવાનું શરૂ કર્યું. ઉપરાંત દેશી અંગ્રેજ ફોજના ભારતીય અમલદારો સાથે ગુપ્ત પત્રવ્યવહાર પણ આરંભી દીધો. બેગમ હઝરત મહલે અયોધ્યા અને આસપાસના વિસ્તારના બધા જમીનદારો અને પ્રજાજનોને રાષ્ટ્રીય વિપ્લવ માટે તૈયાર કર્યા. ઇતિહાસકારો લખે છે :-

**"વઝીર અલી નકીખાં ના નિમંત્રણને માન આપીને હજારો**

**હિન્દુ સિપાઈઓ તથા તેમના અમલદારો હાથમાં "ગંગાજળ" લઈને અને હજારો મુસ્લિમ સિપાઈઓએ હાથમાં "કુરઆન" લઈને રાષ્ટ્રીય સંગ્રામમાં ભાગ લેવાના તથા અંગ્રેજોને દેશથી બહાર ખદેડી મુકવાના કસમ** (સોગંદ) **ખાધા."**

**હવાલો :- "ભારતમાં અંગ્રેજી રાજ્ય"** (ગુજરાતી અનુવાદ) લેખક:- પંડિત સુંદરલાલ, **પુસ્તક બીજું(૨), પેજ નંબર ૯૬૮.**

આ વિશાળ સંગઠન માટે નાણાનું ફંડ અને ભંડોળની પણ ઉણપ, ખેંચ કે તાણ ન પડી. કેમકે હજારો જમીનદારો અને શાહુકારોએ પોતાની તિજોરીઓ, નાણાની થેલીઓ અને અલમારીઓ (કબાટો) માં નાણા ઉસેડી ઉસેડીને ખાલી કરી નાખી અને બધુ જ રાષ્ટ્રીય નેતાઓ ના ચરણોમાં ધરી દીધું.

વિપ્લવનો પ્રચાર એટલો ગુપ્ત, વ્યવસ્થિત અને વિસ્તૃત હતો કે **બરાકપુર** થી **પેશાવર** અને **લખનૌ** થી **સતારા** સુધી હજારો રાષ્ટ્રીય ફકીરો અને સાધૂ સન્યાસીઓ ગામડે ગામડે અને લશ્કરની દરેક છાવણી અને પલટન ઘૂમીને સ્વાધીનતા ના સંગ્રામ નો ગુપ્ત બહોળો પ્રચાર કરવા લાગ્યા. હજારો **મોલ્વીઓ** અને **પંડિતો** ઠેક ઠેકાણે પોતાના વ્યાખનો અને તકરીરો (પ્રવચનો) પછી ભારતની આઝાદી ના સંગ્રામના આંદોલનની સફળતા માટે પ્રાર્થનાઓ અને દુઆઓ કરવા લાગ્યા.

## ▣ વિપ્લવ ના કેન્દ્રો, ગુપ્તતા અને પ્રચાર :-

આરંભમાં વિપ્લવના આંદોલન ના મુખ્ય કેન્દ્રોની સંખ્યા પાંચ હતી. ⊙**દિલ્હી** ⊙**બિઠૂર** ⊙**લખનૌ** ⊙**કલકત્તા** અને ⊙**સતારા.** જે શીઘ્રતા, સત્વરતા અને ઝડપથી સમગ્ર ભારત અને મુખ્યત્વે ઉત્તર ભારતમાં વિપ્લવનો જે પ્રચાર અને આયોજન કરવામાં આવેલું, તે વાસ્તવમાં દાદને પાત્ર છે. ખૂબી અને આશ્ચર્યજનક વાત તો એ



www.markazahlesunnat.in



હતી કે આ વિપ્લવની આરંભથી અંત સુધીની યોજના અને તૈયારીની અંગ્રેજોને બિલકુલ ખબર ન પડી.

ધીરે-ધીરે વિપ્લવના સંગઠનોની સંખ્યા વધવા લાગી. આ સંગઠન કેન્દ્રો અરસ-પરસ ગુપ્ત પત્રવ્યવહાર ચલાવતા. પત્રવહેવાર કરવા માટે ગુપ્ત લિપીઓ પણ તૈયાર કરવામાં આવેલી, જેથી જો કોઈ પત્ર અંગ્રેજોના હાથે પકડાય, તો પત્રની વિગત ની ગુપ્તતા જળવાઈ રહે. ઠેર ઠેર વિપ્લવ અંગેની જાહેરાતો થવા લાગી. લોકોને ધર્મ અને દેશ માટે મરી ફિટવાનું અને શહીદ થઈ જવાનું આહવાન આપવામાં આવી રહ્યું હતું. અંગ્રેજ લૂંટારાઓને ભારતમાંથી ખદેડી મૂકવા માટે લલકારીને ઉત્તેજિત કરવામાં આવી રહ્યા હતા. આ પ્રકારની એક જાહેરાત ઇ.સ. ૧૮૫૭ ની શરૂઆતમાં મદ્રાસ શહેરમાં પેમ્પલેટો (ચોપાનિયા) દ્વારા કરવામાં આવેલી. ઠેરઠેર સભાઓ ભરાવવા લાગી, જેમાં હજારોની સંખ્યામાં મેદની ઉમટી પડતી. સભામાં પ્રખર વક્તાઓ દેશદાઝની લાગણી અને અંગ્રેજોના અત્યાચારો ની દારૂણ કથની વર્ણન કરીને લોકોને વિપ્લવ માટે ઉશ્કેરતા હતા.

## ▣ નાના સાહેબ અને અઝીમુલ્લાહખાં પ્રચાર પ્રવાસે:-

વિપ્લવ માટે ગુપ્ત સંગઠનો ના અનેક કેન્દ્રોને એક તાંતણે બાંધવા માટે તથા વિપ્લવના સુઆયોજન ની કામગિરી અને વ્યવસ્થિત લડતના અભિયાન ની હાકલ કરવા માટે **નાના સાહેબ** અને **અઝીમુલ્લાહ ખાને** "તીર્થયાત્રા" ના બહાને વિપ્લવના મુખ્ય કેન્દ્ર **"બિઠૂર"** (Bithur) થી પ્રસ્થાન કર્યું. તેઓની આ યાત્રામાં નાના સાહેબ નો ભાઈ **"બાલા સાહેબ"** પણ સંગાથે હતો. પ્રથમ તેઓ દિલ્હી પહોંચ્યા. લાલ કિલ્લાના **"દીવાને ખાસ"** માં એક ગુપ્ત મીટીંગ ગોઠવવામાં આવી. જેમાં આ ત્રણેય ક્રાંતિકારી વીરો

ઉપરાંત **બાદશાહ બહાદુર શાહ "ઝફર", બેગમ ઝીનત મહલ** અને દિલ્હીના મુખ્ય મુખ્ય હિન્દુ અને મુસ્લિમ નેતાઓ હાજર હતા. વિપ્લવની સફળતા માટેની અનેક ચર્ચા-વિચારણા અને મંત્રણાઓ કર્યા બાદ આ ત્રિપુટી **અંબાલા** (પંજાબ) પહોંચી. ત્યાંથી અનેક સ્થળોએ ગુપ્ત મુલાકાત કરીને **૧૮/૦૪/૧૮૫૭** ના દિવસે નાના સાહેબ પોતાના સાથીઓ સાથે લખનૌ પહોંચ્યો. અંબાલા થી લખનૌ સુધીના પ્રવાસ માં માર્ગમાં જ્યાં જ્યાં પણ અંગ્રેજોની લશ્કરી છાવણીઓ આવતી, તેના ભારતીય સૈનિકોની અચૂક મુલાકાત કરતા અને બળવા માટે તૈયાર કરતા હતા.

## ▣ વિપ્લવનો પ્રખર પ્રચારક મોલ્વી અહમદ શાહ :-

બિઠૂર થી નાના સાહેબ અને અઝીમુલ્લાહખાંને શરૂ કરેલી વિપ્લવની ચળવળમાં જોડાવવા માટે સામાન્ય જનતાને જોડાવવાના કાર્ય કરનારાઓમાં **ફૈઝાબાદ** ના જમીનદાર **મોલ્વી અહમદ શાહ** નું નામ મોખરે આવે છે. તેજાબી વકતા અને વક્તૃત્વ શૈલીની અનોખી છટાના કારણે મોલ્વી અહમદ શાહ નું વ્યાખન સાંભળવા લખનૌ અને આગ્રામાં હજારોની મેદની એકઠી થતી. મોલ્વી અહમદ શાહ ના ભાષણમાં સો (૧૦૦) વર્ષની પરાધીનતા અને અંગ્રેજોના ઝુલ્મો-સિતમ ની કથની સાંભળી ને શ્રોતાજનો પૈકીના હજારોની સંખ્યાના હિન્દુ અને મુસલમાનો સ્વાધીનતા ના સંગ્રામ માં જીવનનો જુગાર ખેલી ને પોતાનું સર્વત્ર ન્યોછાવર કરી દેવાના શપથ લઈને જ ઉઠતા હતા.

## ▣ અંતે વિદ્રોહનો વાવટો ફરકાવવાની તારીખ નક્કી કરવામાં આવી :-

સ્વાધીનતા અને સ્વતંત્રતા પ્રાપ્ત કરી લેવાની તીવ્ર ઝંખના ભારતના લોકોમાં અતિ બળવંત બની ચૂકી હતી. ગુપ્ત અને વ્યવસ્થિત પ્રચારના કારણે સમગ્ર દેશમાં અંગ્રેજો વિરુદ્ધ બળવાની



www.markazahlesunnat.in



અગ્નિ એકી સાથે પ્રગટાવવાનું નિશ્ચિત થયું અને તે દિવસે આખા ભારતમાં વિદ્રોહણનું રણશિંગું ફૂકવાનું નક્કી કરવામાં આવ્યું અને તેના માટે **તા. ૩૧-૫-૧૮૫૭ - રવીવાર** નો દિવસ નક્કી કરવામાં આવ્યો.

વિદ્રોહમાં અંગ્રેજ લશ્કર ના ભારતીય સૈનિકોએ પણ સાચી દેશદાઝ સાથે જોડાવવાનું નક્કી કર્યું. અંગ્રેજ સેનાની વિવિધ પલ્ટનોના ભારતીય સિપાઇઓ રાત્રે પોતાની ગુપ્ત સભાઓ ભરતા હતા અને ભાષણ કરનાર વક્તાના ચહેરા ઉપર બુરખો રાખવામાં આવતો હતો. ઉપરાંત અંગ્રેજ સેનાના ભારતી સૈનિકો પત્ર વ્યવહાર દ્વારા એક-બીજાને સંગઠિત, ઉત્સુક અને ઉત્તેજિત કરતા હતા. પત્રોમાં એવું લખતા હતા કે **"ભાઈઓ ! આપણે જાતે જ વિદેશીઓની તલવારોથી આપણા દેશબંધૂઓ ના ગળા કાપીએ છીએ. હવે જાગૃત થાઓ ! સફળતા નિશ્ચિત છે ! આખરી ફતેહ આપણી છે"**

વિપ્લવ ની તારીખ ૩૧-૫-૧૮૫૭ રવિવારનો દિવસ નક્કી કર્યાની જાણ વિપ્લવના આંદોલન ના સંગઠનો ના કેન્દ્ર ના મુખ્ય નેતાઓને અને સેનાની દરેક પલટનોના ભારતીય અમલદારોથી ફક્ત ત્રણ(૩)-ત્રણ(૩) અમલદારોને જ કરવામાં આવેલી. બાકીના લોકો નું કામ નેતાઓની આજ્ઞાનું પાલન કરવાનું હતું. બિલ્કુલ વ્યવસ્થિત અને અતિ ગુપ્તતાની સાથે દાદ ને પાત્ર સુઃઆયોજન થયેલું. બધા ક્રાંતિવીરો અને આઝાદીના લડવૈયા આતુરતાથી વિપ્લવ ની **તારીખ ૩૧-૫-૧૮૫૭ - રવીવાર** ના દિવસ ની આતુરતા, ઉત્સુકતા અને અધીરાઈ થી પ્રતિક્ષા કરવા લાગ્યા.

**હવાલો :- "ભારતમાં અંગ્રેજી રાજ્ય"** (ગુજરાતી અનુવાદ)
લેખકઃ- પંડિત સુંદરલાલ, **પુસ્તક બીજું(૨),**
**પેઇજ નં. ૯૬૯ થી ૯૭૨**

## પણ ............................. શું ?

*ખુદા ને જે મંજૂર હોય છે, તે થઈને જ રહે છે.*

- ◈ શું વિપ્લવ નિર્ધારિત તારીખ અને દિવસે આરંભાયો ?
- ◈ શું ૩૧-૫-૧૮૫૭-રવિવારના દિવસે સમગ્ર ભારતના લોકોએ બળવા અને વિદ્રોહનો ઍકી સાથે વાવટો ફરકાવ્યો ?
- ◈ શું સ્વાધીનતાની ચળવળ ચલાવનારા આંદોલનકારો પોતાના મનસૂબામાં સફળ થયા ?
- ◈ ભારતમાંથી ઝાલીમ અંગ્રેજોને ખદેડી મૂકવાના વિપ્લવમાં ભારતના લોકોને સફળતા મળી ?
- ◈ સ્વતંત્રતા સંગ્રામીઓનું આઝાદી નું સપનું સાકાર થયું ?
- ◈ ભારતની પ્રજાનો રોષ, નફરત, ક્રોધ, ધિક્કાર અને આક્રોશ નો ધગધગતો પરચો જોઈને અંગ્રેજો ભારત માં થી નાસી ગયા ?
- ◈ માતૃભૂમિ પ્રત્યેના પ્રેમરસ થી તરબતર સ્વતંત્રતાના મુજાહિદો ભારતને ગુલામીની ઝંજીરો થી મુક્ત કરવામાં સફળ થયા?
- ◈ ભારતના લલાટે લાગેલો ગુલામીનો ડાઘ ભૂંસાઈ ગયો?

**ઉપરોક્ત બધા પ્રશ્નોનો ફક્ત એક જ ઉત્તર છે.**

**નહીં..... નહીં..... નહીં..... અને નહીં.**

**કેમ ? શા માટે ? શું થયું ?**

કેમ ? શા માટે ? અને શું થયું ? ની વિસ્તૃત અને વિગતવાર જાણકારી માટે ઇતિહાસનાં સેંકડો પૃષ્ઠો ફેંદવા પડશે. વાંચક મિત્રો ને સઘળી જાણકારી વિશ્વસનીય અને આધારભૂત પુસ્તકોના હવાલાઓ દ્વારા પૂરી પાડવાની યથાશક્તિ કોશિશ કરીશ. પણ અત્યારે તો ફક્ત એક પંક્તિમાં ઉપરોક્ત બધા પ્રશ્નો નો ઉત્તર પ્રસ્તૃત કરવાની અનુજ્ઞા ચાહુ છું અને તે એ છે કે :-

**"દો-ચાર કદમ જબ મંઝિલ થી ※ ખુદ હમને ઠોકર ખાઈ હૈ"**



www.markazahlesunnat.in



## ▣ બની-બનાવેલી બાજી બગડી ગઈ :-

**હોશ વિના ના જોશે** ખેલ બગાડી નાખ્યો. ઉતાવળે લીધેલા પગલા નું પરિણામ નઠારું આવ્યું. સંજોગ ની ગંભીરતા પારખવા માં થાપ ખાઈ જઈને ધીરજ અને સયંમ વિહોણા નિર્ણયના કારણે કર્યા-કરાવ્યા ઉપર પાણી ફરી વળ્યું. જેમકે :-

- ◈ કોઈપણ ક્રાંતિ, આંદોલન, ચળવળ, બળવો, હડતાલ કે વિપ્લવ ને સફળ બનાવવા માટે મહત્વની તથા અનિવાર્ય શરત એ છે કે ક્રાંતિ કે વિપ્લવ નિયત્ત કરેલા સમયે જ શરૂ થાય. અગાઉથી આયોજન કરીને નક્કી કરેલા સમય પહેલાં ખોટી ઉતાવળ અને ખોટા ઉત્સાહ ના આવેશ થી પ્રેરાઈ જઈને અને મુખ્ય નેતાઓની સમંતિ અને આદેશ વગર ખાબકવું નિષ્ફળતા નોતરવા સમાન છે.
- ◈ વિપ્લવ રાષ્ટ્ર સ્તરે ઍકી સાથે નિર્ધારિત સમય અને દિવસે કરવાનું આયોજન થયેલું અને તેના માટેની **તારીખ ૩૧,મી મે-૧૮૫૭, રવિવાર** નો દિવસ નક્કી કરવામાં આવેલો. પણ અતિ ઉશ્કેરાટના આવેશમાં નક્કી કરેલા દિવસ કરતાં **એકવીસ (૨૧) દિવસ વહેલો એટલે કે તારીખ ૧૦-૫- ૧૮૫૭ ના દિવસે જ વિપ્લવ આરંભી દેવામાં આવ્યું.**
- ◈ વિપ્લવકારીઓ ના અતિ ઉશ્કેરાટ અને ક્રોધના આવેશ માટે મુખ્ય બે(૨) બાબતો નિમિત્ત બની.

**પ્રથમ :-** અંગ્રેજ કંપનીએ પોતાની સેનાના સૈનિકોને આપવામાં આવતી રાઇફલો માટે નવી જાતની કારતૂસો પ્રચલિત કરી હતી. આ પહેલાંની કારતૂસો હાથ વડે તોડવી પડતી હતી પણ હવે ની નવી કારતૂસો ને દાંત વડે તોડવી પડતી હતી. આ નવી કારતૂસો ની બંને બાજુએ જાણી બૂઝીને **ગાય તથા સુવ્વરની ચરબી લગાડવામાં આવતી હતી.** આ કારતૂસો બનાવવાનું કારખાનું **બરાકપૂર** ની નજીક એક સ્થળે

ખોલવામાં આવ્યું હતું. અંગ્રેજ સેનાના ભારતીય સિપાઇઓએ શરૂ શરૂમાં નવી કારતૂસોને દાંત વડે તોડવાનું સ્વીકારી લીધેલું. પણ બરાકપુર ના કારખાનામાં કામ કરતા કામદારો પાસે થી આ બાબત ની માહિતી જાણવા મળી. ગાયની ચરબી અને સુવ્વરની ચરબી હિન્દુ અને મુસ્લિમોના ધર્મમાં નિષિદ્ધ અને સખ્ત મનાઈ ગણવામાં આવી છે. જેથી અંગ્રેજ સેનાના હિન્દુ અને મુસ્લિમ સિપાઇઓ માં એવી લાગણી પ્રબળ બની કે આ રીતે અંગ્રેજો આપણો ધર્મ ભ્રષ્ટ કરીને આપણી ધાર્મિક લાગણી દુભાવવા માંગે છે. જેથી તેઓને આઘાતનો આંચકો લાગ્યો. આ નવી ચરબીવાળી કારતૂસો ની ઘટના સૌપ્રથમ કલકત્તા પાસેના **ડમડમ** વિસ્તારની અંગ્રેજ સેનાની છાવણી માં બનેલી.

ત્યારબાદ **બરાકપૂર** ના કારખાનામાં ઉત્પાદિત કારતૂસો ની વાત ટૂંક સમયમાં જ વાયુવેગે સમગ્ર ભારતના હિન્દી સિપાઇઓના કાને પહોંચી ગઈ. હિન્દુ અને મુસ્લિમ બન્ને ધર્મના સિપાઇઓ આવેશ અને ઉશ્કેરાટમાં આવી ગયા અને વિરોધ સ્વરૂપે બદલો લેવા માટે તલપાપડ બની ગયા. પણ વિપ્લવની ચળવળના નેતાઓએ તેઓને **૩૧-૫-૧૮૫૭** સુધી સંયમ અને ધીરજ રાખવાનું સમજાવીને શાંત રહેવા સમજાવ્યા.

અંગ્રેજોની ભારતીય સેનામાં અંગ્રેજો વિરુદ્ધ ના અસંતોષનો જે દારૂગોળો ભંડારેલો હતો, તેમાં ચરબીવાળા કારતૂસના મામલાએ ચિનગારી નું કામ કર્યું અને વિપ્લવ માટે નક્કી કરેલા તા. ૩૧-૫ ૧૮૮૫૭ પહેલાં જ વિપ્લવ શરૂ થવા માટેનું મુખ્ય કારણ બની ગયું.

## બીજું - મંગલ પાંડે ને ફાંસી :-

ઇ.સ.૧૮૫૭ ના ફેબ્રુઆરી મહિનામાં અંગ્રેજ સેનાની **૧૯, નંબર ની પલટન** ના ભારતીય સિપાઇઓને ચરબીવાળા નવા કારતૂસો ઉપયોગ કરવા માટે આપવામાં આવ્યા. બધા જ સિપાઈઓએ આ



www.markazahlesunnat.in



કારતૂસો વાપરવાની સ્પષ્ટ "ના" સંભળાવી દીધી. તે વખતે સમગ્ર બંગાળમાં રહેલી અંગ્રેજ સેનામાં બધી જ પલટનો ભારતીય સિપાઇઓની હતી. એક પણ ગોરી એટલે કે સફેદ ચામડી વાળા અંગ્રેજોની એક પણ પલટન બંગાળમાં નહોતી. અંગ્રેજોએ **"બર્મા"** થી તાત્કાલિક એક ગોરી પલટન બોલાવીને **૧૯, નંબરની પલટન** ના સિપાઇઓના હથિયારો છીનવી લેવાનો અને ૧૯, નંબરની પલટન ના તમામ સિપાઈઓને ડિસમીસ કરી દઈ ને છુટા કરી દેવાનો મનસૂબો ઘડી કાઢ્યો. સિપાઈઓએ જાણ્યું કે ગોરી પલટન "બર્મા" થી આવતાની સાથે જ આપણને પાણીચું આપી દેવામાં આવશે, તો અમૂક ઉગ્ર સ્વભાવના સિપાઈઓએ એવો વિચાર કર્યો કે ચૂપચાપ હત્યારો છોડી દઈને બરતરફ થઈ જવું તેના કરતાં વિપ્લવ ની જ શરૂઆત કરી દેવી જોઈએં. પલટન ના હિન્દી અમલદારોએ તેઓને **૩૧-૫-૧૮૫૭** સુધી રાહ જોવાની સલાહ આપી. પણ તેઓ માન્યા નહીં.

૨૯-૩-૧૮૫૭ એટલે વિપ્લવ માટે નક્કી કરેલા દિવસ ના લગભગ બે(૨) મહિના પહેલા ૧૯, નંબરની પલટન ને કવાયત માટે મેદાનમાં બોલાવવામાં આવી. પલટન જેવી મેદાનમાં આવી ત્યારે **મંગલ પાંડે** નામનો દાઝે ભરાએલો નવયુવાન સૈનિક અચાનક પોતાની ભરેલી બંદૂક સાથે કૂદી પડયો અને આવેશ ભર્યા સ્વરે જોરજોરથી અન્ય સૈનિકોને અંગ્રેજો વિરુદ્ધ ધર્મયુદ્ધ આરંભી દેવા માટે લલકારવા લાગ્યો. એક અંગ્રેજ અમલદાર **સાર્જન્ટ મેજર હુસને** તરત સિપાઈઓને હુકમ આપ્યો કે મંગલપાંડે ને ગિરફતાર કરી લો, પણ પલટન ના એક પણ સિપાઈએ તેના હુકમનું પાલન કર્યું નહીં. મંગલ પાંડેએ પોતાની બંદૂક થી ફાયરિંગ કર્યું અને અંગ્રેજ સાર્જન્ટ ત્યાંજ ઢળી પડ્યો.

આ જોઈને **લેફ્ટન્ટ બઘ** નામનો અંગ્રેજ અમલદાર ઘોડા ઉપર બેસીને મંગલપાંડે તરફ ધસી આવ્યો. હજુ તેનો ઘોડો થોડો દૂર હતો, ત્યાં તો મંગલ પાંડેએ બીજી ગોળી છોડી અને તેને ભોંય ભેગો કરી દીધો. બે(૨) ગોળી છોડવાના કારણે મંગલ પાંડે ની બંદૂક ખાલી થઈ ગઈ એટલે તે પોતાની બંદૂક ને ફરી લોડ કરવા લાગ્યો. એટલી

વારમાં તો ત્રીજો અમલદાર **કર્નલ વ્હીલર** આવ્યો અને મંગલ પાંડેને ગિરફતાર કરવાનો હુકમ આપ્યો પણ સિપાઈઓએ આદેશ માન્યો નહીં. એટલે કર્નલ વ્હીલર ગભરાઇને **અંગ્રેજ ગવર્નર જનરલ** પાસે દોડી આવ્યો. જનરલે થોડાક ગોરા સિપાહીઓની સાથે **જનરલ હિયરસ** ને પાંડેને પકડી લેવા મોકલ્યો. ગોરા સિપાઇઓની ટૂકડી ને પોતાની તરફ આવતી જોઇને **મંગલ પાંડે** એ સ્વંય પોતાની જ છાતીમાં ગોળી ધરબી દીધી. જેથી તે ઘાયલ થઇને ઢળી પડયો અને તેની ધરપકડ કરી લેવામાં આવી.

મંગલ પાંડેને કોર્ટ માર્શલ કરીને ફાંસીની સજા ફટકારવામાં આવી. તા. ૮-૪-૧૮૫૭ નો દિવસ નક્કી કરવામાં આવ્યો પણ **બરાકપૂર** માં મંગલ પાંડેને ફાંસી આપવા માટે એક પણ "ફાંસિઓ" મળ્યો નહીં. જેથી કલકત્તાથી અર્જન્ટ ચાર(૪) ફાંસિગરોને બોલાવવા પડ્યા. અંતે **તારીખ ૮, એપ્રિલ - ઇ.સ.૧૮૫૭** ના દિવસે મંગલ પાંડે ને ફાંસી ના માચડે લટકાવી દેવામાં આવ્યો.

## "વિપ્લવનો જ્વાળામુખી ફાટી નીકળ્યો અને વિપ્લવનો આરંભ"

મંગલ પાંડે ની શોર્યગાથા અને ફાંસીની સજા ના સમાચાર વીજળીવેગે દેશભરની અંગ્રેજ સેનાના ભારતીય સિપાઇઓ ના કાન સુધી પહોંચી ગયા. પોતાના સૈનિક બંધૂ સાથે કરવામાં આવેલા અન્યાય અને અત્યાચાર ના પ્રત્યાઘાત રૂપે સૈનિકો વહેલામાં વહેલી તકે વિપ્લવ આરંભી દેવા બહાવરા બનીને થનગનવા લાગ્યા. પણ વિપ્લવના આયોજક નેતાઓ અને હિન્દી સિપાઈઓના અમલદારો તેઓને **એપ્રિલની ૩૧, મી તારીખ** (૩૧-૫-૧૮૫૭) સુધી ધીરજ અને સયંમ માં રહેવા માટે સમજાવીને અંકુશમાં રાખવાના પ્રયત્નો કરતા હતા.

**પણ..........**

**સિપાઈઓની ધીરજનો પ્યાલો છલકાઈ ગયો.** બહુ જ ટૂંકા



www.markazahlesunnat.in



ગાળામાં બે(૨) દારૂણ અને ભયાનક ઘટનાઓ બની ગઈ.

## ઘટના નં. ૧
## "ભારતીય સુબેદારને ફાંસીના માંચડે"

મંગલ પાંડેને ફાંસી આપ્યા પછી અંગ્રેજ સેનાના અંગ્રેજ અમલદારોને એવી માહિતી પ્રાપ્ત થઈ કે **૧૯, નંબર** અને **૩૪, નંબર** ની દેશી પલ્ટનો માં વિપ્લવની ગુપ્ત મંત્રણાઓ ચાલે છે. તરત જ બંને પલટનો ના સિપાઈઓ પાસેથી હથિયારો પડાવી લઈને તેઓને વિખેરી નાખવામાં આવ્યા. ઉપરાંત, **૩૪, નંબરની પલટન** ના સુબેદાર ને ત્યાં ગુપ્ત સભાઓ યોજાતી હતી. તે માહિતી ના આધારે હિન્દી સુબેદાર ને અપરાધી ઠરાવીને તેને ફાંસીએ લટકાવી દેવામાં આવ્યો. અંગ્રેજ સેનાના ભારતીય સૈનિકો પોતાના આદરણીય સુબેદારને આપવામાં આવેલી ફાંસી ના કારણે અત્યંત રોષે ભરાયા પણ વિપ્લવ ના સંચાલકોની આજ્ઞાને અનૂસરીને ૩૧, મી મે, પહેલાં વિદ્રોહ આરંભી દેવાની કોઈ તૈયારી કે હિલચાલ આદરી નહીં. પણ સુબેદારને આપવામાં આવેલી ફાંસી ના સમાચાર ઉત્તર ભારતમાં બહુ જ ઝડપથી પ્રસરી ગયા.

અંગ્રેજ સેનાના હિન્દી સિપાઇઓ થી હવે જીરવાતું નહોતું. વિપ્લવનો ૩૧, મે નો દિવસ બહુ જ દૂર લાગતો હતો. જેથી વિપ્લવ શરૂ કરતાં પહેલાં પ્રાથમિક પરિક્ષણ (ટ્રાય) રૂપે અને તેના પ્રત્યાઘાતો જાણવા માટે એવું નક્કી કરવામાં આવ્યું કે દરેક સ્થળે અંગ્રેજોના રહેણાંક બંગલાઓ અને સેનાની બરાકોને આગ લગાડી દેવી. ઇ.સ. ૧૮૫૭ ના **એપ્રિલ માસ** દરમિયાન **લખનૌ, મેરઠ, અંબાલા** વગેરે સ્થળોએ અનેક અંગ્રેજોના મકાનોમાં આગ ચાંપી દેવામાં આવી. અંગ્રેજ અમલદારો આવી આકસ્મિક ઘટનાઓ થી ખળભળી ઊઠયા અને અપરાધીઓને શોધી કાઢવા આકાશ- પાતાળ એક કરી નાખ્યા પણ સ્થાનિક પોલીસો પણ વિપ્લવકારીઓ સાથે ભળેલા હતા. જેથી કોઇનો પત્તો લાગ્યો લાગ્યો નહીં.

## ઘટના નં. ૨
## "મેરઠ ની લશ્કરી છાવણી ની ઘટના"
## "ચરબીવાળા કારતૂસના ઉપયોગ નો ઇન્કાર કરનારા સિપાઇઓને અન્યાય, શિક્ષા અને અમાનુષી વર્તન"

ઇ.સ. ૧૮૫૭ નો મે, મહિનો શરૂ થયો. ઇ.સ. ૧૮૫૭ ના મે, મહિનાની છઠ્ઠી, તારીખે અંગ્રેજ સેનાના ગોરા અમલદારોએ ભારતીય સિપાઈઓ ની પરિક્ષા કરવાના આશયથી નેવું(૯૦) હિન્દી ઘોડે સવાર સિપાઇઓની એક ટુકડીને નવા ચરબીવાળા કારતૂસો વાપરવા માટે આપ્યા. નેવું(૯૦) માં થી પંચાસી(૮૫) સવારોએ કારતૂસનો ઉપયોગ કરવાનો સ્પષ્ટ ઇન્કાર કર્યો. જેથી તે ૮૫, સિપાઈઓને **"કોર્ટ માર્શલ"** કરવામાં આવ્યા અને હુકમ ભંગના અપરાધ બદલ દરેકને દસ-દસ વર્ષની સજા ફટકારવામાં આવી. તા. ૯-૫-૧૮૫૭ ના દિવસે તે ૮૫, અપરાધી સિપાઇઓને કવાયત ના મેદાનમાં પ્રદર્શન સ્વરૂપે લાવવામાં આવ્યા. તે બધાની સામે અંગ્રેજ સેના અને તોપખાનું હતું. આ દ્રશ્ય જોવા માટે છાવણીના બાકીના હિન્દી સિપાઈઓને પણ મેદાનમાં હાજર થવાનું કહેવામાં આવેલું. આ અપરાધી ૮૫, સિપાઈઓનો પોશાક (યુનિફોર્મ) કવાયત ના મેદાનમાં જાહેરમાં ઉતારી લેવામાં આવ્યો અને તેઓના હાથ-પગમાં લોખંડની બેડીઓ જકડી લેવામાં આવી. ત્યારબાદ તે બધા અપરાધી સિપાઈઓને બંદીવાન બનાવીને જેલમાં મોકલી દેવામાં આવ્યા. અંગ્રેજો દ્વારા પોતાના સિપાઇ બંધૂઓ સાથે કરવામાં આવેલા અન્યાય અને અત્યાચારના અતિરેકથી બાકીના બધા હિન્દી સિપાઈઓનો ક્રોધ ભભૂકી ઊઠયો અને આ ક્ષણે જ અંગ્રેજ જાલિમો સામે હથિયાર ઉપાડીને વિપ્લવનો આરંભ કરવા અધીરા બની ગયા પણ હજી તેઓને ત્રણ(૩) અઠવાડિયા સુધી શાંત રહેવાનું હતું. ક્રોધનો કડવો ઘૂંટડો પી જઈને તેઓ પોત પોતાની બેરાકોમાં પરત આવ્યા.

આ ઘટના સવાર માં બનેલી. સાંજના સમયે **અંગ્રેજ સેના ની મેરઠ છાવણી ના હિન્દી સિપાઇઓ** શહેરમાં ગયા. શહેર માં ભ્રમણ કરતી વખતે દરેક સ્થળે શહેરની સ્ત્રીઓએ તેઓને મહેણાં માર્યા કે



www.markazahlesunnat.in





**"તમારા ભાઈઓ જેલખાના માં છે અને તમો અહીં બજારમાં માખીઓ મારો છો ? ધિક્કાર છે તમારા જીવતરને."**

અત્યાર સુધી સિપાઇઓએ ધીરજ જાળવી રાખી હતી, પણ મેરઠની સ્ત્રીઓના મહેણાંઓ ના શબ્દો તેઓને હાડોહાડ લાગી ગયા. વ્યાકુળતા, મહેણાનો ક્ષોભ, ઉશ્કેરાટ નો આવેશ અને હવે તો કંઇક કરી છુટવું જોઈએ ની મિશ્ર લાગણીનો મન ઉપર એટલો આઘાત લાગ્યો કે તેઓને પોતાનું જીવનતર વ્યર્થ અને ધરતી ઉપર નો ખોટો બોજ ભાસવા લાગ્યું. રાતે જ દરેક બેરાકમાં ગુપ્ત સભાઓ ભરાઈ અને **"૩૧, મી તારીખ સુધી ચુપકીદી ધારણ કરીને શાંત બેસી રહેવું હવે અશક્ય છે"** એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. બે-ત્રણ દિવસ સુધી છાવણીઓમાં અજંપો, ખિન્નતા અને વિલાપની ઉત્કંપતાએ તેઓને અતિશય આતુર અને ઉત્સુક બનાવી નાખ્યા. ભિન્ન પ્રકારના મંતવ્યો, અભિપ્રાયો, ઉત્તેજના, ઉશ્કેરાટ, તત્પરતા, અનુશીલતા અને ઉત્સુકતાએ અંતિમ નિર્ણય ઉપર લાવી દીધા. ૯, મે ની રાત્રે જ **ભાથાના અંતિમ બાણ** નો પડઘો અને પ્રતીક પૂરો પાડતો અંતિમ નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો કે **આવતી કાલે જ વિપ્લવ આરંભી દેવો.** ૯ મી, મે ની રાત્રે જ ઝંઝાવાતી સિપાઈઓએ દિલ્હીના નેતાઓને જાણ કરી દીધી કે અમો કાલે અથવા પરમ દિવસે દિલ્હી આવી પહોંચશું. તૈયાર રહેજો.

**સૌજન્ય :-**(૧) **"ભારતમાં અંગ્રેજી રાજ્ય"**, (ગુજરાતી અનુવાદ) લેખકઃ- પંડિત સુંદરલાલ અલ્હાબાદી, અનુવાદકઃ- ભાસ્કર વિદ્વાંસ, **પુસ્તક બીજું(૨), પેઇજ નં. ૯૭૯** અને **પેઇજ નં. ૯૮૦**

(૨) **"બરતાનવી મઝાલિમ કી કહાની"**, (ઉર્દુ) લેખકઃ- અબ્દુલ હકીમ ખાન "અખ્તર" શાહજહાંપૂરી, પ્રકાશક :- ફરીદ બુક સ્ટોલ. ઉર્દુ બજાર, લાહોર(પાકિસ્તાન) **પેઇજ નં. ૮૦**

**તા. ૩૧-૫-૧૮૫૭ - રવીવાર ના બદલે એકવીસ(૨૧) દિવસ વહેલો એટલે કે તા. ૧૦-૫-૧૮૫૭ - રવીવારના દિવસે મેરઠની લશ્કરી છાવણી ના હિન્દી સિપાઈઓએ વિપ્લવ નો આરંભ કરી દીધો અને સમગ્ર ભારતમાં વિપ્લવ શરૂ થઈ ગયો.**

# ઈ.સ. ૧૮૫૭ નો વિપ્લવ

તા. ૧૦-૫-૧૮૫૭ ના રોજ મેરઠ છાવણીથી અચાનક શરૂ થઈ ગએલા વિદ્રોહની ખબર **લાકડીયા-તાર** ની શીધ્રતા થી સમગ્ર દેશમાં ફેલાઈ ગઈ અને સમગ્ર ભારતમાં અંગ્રેજ શાસન વિરુદ્ધ હુલ્લડો ફાટી નિકળ્યા. જેની વિસ્તૃત માહિતી અહીં આલેખવાથી પુસ્તક અમર્યાદિત લખાણ ના કારણે દળદાર બની જવાની ભીતિ છે. જેથી ઇ.સ.૧૮૫૭ ના વિપ્લવ અને વિપ્લવની નિષ્ફળતા, વિપ્લવ શાંત પડ્યા પછી ફરી અંગ્રેજોનું પુનઃ સત્તારૂઢ થવું અને વિપ્લવ પછી પુઃન અંગ્રેજી શાસન સ્થાપિત થયા બાદ અંગ્રેજોએ બદલાની આગમાં બળવામાં ભાગ લેનારા અને ભાગ ન લેનારા નિર્દોષો ઉપર પણ અમાનુષી ઝુલ્મો-સિતમ ગુજારીને અત્યાચારનો જે અતિરેક કરેલ છે. તેનું દ્રષ્ટાંત વિશ્વના ઇતિહાસમાં ક્યાંય શોધ્યો જડે તેમ નથી. ઉપરાંત ઇ.સ. ૧૨૦૬ **સુલ્તાન કુત્બુદીન ઐબક** થી લઈને ઇ.સ. ૧૮૫૮ સુધી અંતિમ મોગલ સમ્રાટ **બહાદુર શાહ "ઝફર"** સુધીના લગભગ **સાડા છસ્સો(૬૫૦) વર્ષ સુધી ભારત ઉપરના મુસ્લિમ શાસકો** ના શાસન દરમિયાન ભારતમાં વસતા મુસ્લિમ સંપ્રદાયના અનુયાયીઓ ની આર્થિક, રાજકીય, સામાજિક, અને અન્ય ક્ષેત્રની પ્રગતિના કારણે સન્માનજનક સ્થિતિનું વર્ણન અને અંગ્રેજોનું શાસન સ્થાપિત થયા બાદ અંગ્રેજોની કટુનિતિ, ખટપટ, લાંચ રૂશ્વત અને મોહમાયા ની માયાજાળ માં આવી જઈને પોતાના જ પોતાના જ ઉપકારક, શાસક, અન્નદાતા અને માયાળુ રાજા-મહારાજા, નવાબો, જમીનદારો અને અન્ય સત્તાધિશો વિરુદ્ધ **ગદ્દારી અને બેવફાઈ કરનારા** મુસ્લિમ જન-સમુદાય પૈકીના નફ્ફટ, નપાવટ, નાલાયક, નીચ, હલકટ, અસામાજિક, ભ્રષ્ટ, લાલચુ, નમક હરામ, ગદ્દાર અને દેશ દેશદ્રોહીઓ ની હરકતો, આચરણો અને પ્રવૃત્તિઓની વિસ્તૃત છણાવટ એ વિષય ઉપર પણ ઘણું લખવાનું છે. જેથી આ પુસ્તકને અહીં જ પૂર્ણ કરી દઉં છું. અને બાકી રહી જનારા મુખ્ય બે(૨) વિષયો માટે બે(૨) અલગ-અલગ કિતાબોમાં વિસ્તૃત છણાવટ આલેખવાનું નિર્ધાર કર્યું છે.



www.markazahlesunnat.in





(૧)

**ઇ.સ. ૧૮૫૭ નો બળવો**

**અને**

**બળવો શાંત થયા પછી અંગ્રેજ અત્યાચારોની**

**દાસ્તાને ઝુલ્મો-સિતમ**

(૨)

**વહાવી દેવબંધી વર્ગની દેશ પ્રત્યેની**

**ગદ્દારી અને**

**સૂફી પંથી બરેલ્વી વર્ગની**

**વફાદારી**

ઉપરોક્ત બન્ને કિતાબોમાં વાંચક વર્ગે કદી ન વાંચી હોય કે કદી ન સાંભળી હોય, તેવી સચોટ માહિતી આધારભૂત હવાલાઓ દ્વારા એવી દિગ્મૂઢ સરળ શૈલીમાં વર્ણન કરવામાં આવશે કે વાંચકો આશ્ચર્ય અને વિસ્મયની મિશ્ર લાગણીથી છક થઈ જઈને વાંચન રસના સમુદ્રમાં એવા ગરકાવ થઈ જશે કે પુસ્તકનું અંતિમ પૃષ્ઠ ક્યારે આવી ગયું ? તેની ખબર નહીં પડે.

ઉપરોક્ત બન્ને પુસ્તકો અત્યારે વાંચી રહેલા પુસ્તકની પુરવણી અને પૂરક પુરવાર થશે અને ભારતના ઇતિહાસ ની અંગ્રેજ શાસનના આરંભથી અંત સુધી સંપૂર્ણ તો નહીં પણ સવિસ્તર અને સવિસ્મય જાણકારી પ્રદાન કરવાનો સવિશેષ રોલ તો અવશ્ય અદા કરશે. અપેક્ષા છે કે વાંચક મિત્રો મુજ સેવકનાં યથાશક્તિ ભગીરથ અને કર્મિષ્ઠ આલંકારિક આલેખનને સ્વીકૃતિ, પ્રમોદ અને પ્રતીતિ પ્રતિઘોષ દ્વારા વધાવીને ઉત્સાહના પ્રેરક બળ દ્વારા ઉત્તેજન આપવાની સખાવત દાખવશે.

તા. ૨૭-૨-૨૦૧૯<br>બુધવાર<br>પોરબંદર.

એજ અભિલાષા<br>ખૈર અંદેશ - (શુભચિંતક)<br>(લેખક)